દૈનિક
# મુંબઈ સમાચાર
R.N.I. No. 1563/1957 ★
મુંબઈથી પ્રસિદ્ધ થતું ■ સ્થાપનાઃ ૧ જુલાઈ ૧૮૨૨ ■ પુસ્તકઃ ૨૦૩ ■ Volume 67 ■ Issue 70 ■ વિક્રમ સંવત ૨૦૮૦
■ ફાગણ સુદ - ૧૩ ■ મુંબઈ ■ MUMBAI SAMACHAR ■ www.bombaysamachar.com ■ 22 March 2024, Friday ■ REGD.No. MCS/058/2024-26
શુક્રવાર, ૨૨ માર્ચ ૨૦૨૪ (૧૨ પાનાં) કિંમત ₹ ૧૦.૦૦ | મેટિની પૂર્તિ ૫ ૬ ૭ ૮ | LIKE & FOLLOW: /Mumbaisamachar4u

# અંતે અરવિંદ કેજરીવાલની ધરપકડ

magic mirror
SILVER ART JEWELLERY
Our Retail Outlet
miss universe
Lakhamshi Napoo Road,
Opp. Matunga Central Railway Station,
Matunga(Central), Mumbai-400019.
+91-9769581851, +91-8291009205.

કાર્તિ ચિદમ્બરમે લાંચ લીધી હતીઃ ઈડી ૨

નવી દિલ્હીઃ દિલ્હીના મુખ્ય પ્રધાન અરવિંદ કેજરીવાલને એક્સાઈઝ પૉલિસી સાથે સંકળાયેલા મનીલૉન્ડરિંગ કેસને મામલે ઈડી દ્વારા કરવામાં આવનારી કાર્યવાહી સામે રક્ષણ આપવાનું દિલ્હી હાઈ કોર્ટે ગુરુવારે નકારી કાઢ્યું હતું. એન્ફૉર્સમેન્ટ ડિરેક્ટરેટ (ઇડી)ની ટીમ ગુરુવારે રાતે કેજરીવાલના ઘેર પહોંચી હતી અને તેમની સઘન પૂછપરછ હાથ ધરી હતી. બાદમાં તેમની ધરપકડ કરાઈ હતી.

ન્યાયાધીશ સુરેશકુમાર કૈત અને મનોજ જૈનની બનેલી ખંડપીઠે ઈડીના કાર્યવાહી સામે રક્ષણ માગતી 'આપ'ના નેતા અરવિંદ કેજરીવાલની અરજીની સુનાવણી બાવીસ એપ્રિલે કરવાનું મુકરર કર્યું હતું.

કેસને મામલે પાઠવવામાં આવેલા સમન્સને પડકારતી કેજરીવાલની મુખ્ય અરજીની સુનાવણી પણ એ જ દિવસે એટલે કે બાવીસ એપ્રિલે કરવામાં આવશે.

અમે બંને પક્ષની દલીલ સાંભળી છે અને હાલને તબક્કે કેજરીવાલને કોઈ પણ પ્રકારનું રક્ષણ આપવાની અમારી તૈયારી નથી એમ જણાવી ખંડપીઠે કહ્યું હતું કે પ્રતિવાદીને આ મામલે તેની પ્રતિક્રિયા આપવાની છૂટ હશે.

વચગાળાની રાહત આપવાની માગણી કરતું ફૉર્મ પૂછપરછ કરવા માટે હાજર થવા ઈડી દ્વારા પાઠવવામાં આવેલા સમન્સને પડકારતી કેજરીવાલની અરજીનો જ હિસ્સો છે.

ઈડીએ કેજરીવાલને નવમું સમન્સ પાઠવી ગુરુવારે તેમની સમક્ષ હાજર થવા જણાવ્યું હતું.

સુનાવણી દરમિયાન કેજરીવાલના

(જુઓ પાનું ૨) ▶▶

# સરકારના 'વિકસિત ભારત' મેસેજ પર પ્રતિબંધ

નવી દિલ્હીઃ સરકારની સિદ્ધિઓ દર્શાવવા 'વિકસિત ભારત સંપર્ક' હેઠળ વૉટ્સએપ પર મોટાપાયે મોકલવામાં આવતા મેસેજ તાત્કાલિક અસરથી રોકી દેવાનો ચૂંટણીપંચે ગુરુવારે કેન્દ્ર સરકારને આદેશ આપ્યો હતો.

આ મામલે પંચને ફરિયાદ મળ્યા બાદ મિનિસ્ટ્રી ઑફ ઈલેક્ટ્રોનિક્સ ઍન્ડ ઈન્ફોર્મેશન ટૅક્નોલૉજીના સેક્રેટરીને ઉપરોક્ત આદેશ આપવામાં આવ્યો હતો.

લોકસભાની ચૂંટણીમાં તમામ પક્ષને સમાન તક મળે તેની ખાતરી કરવા ચૂંટણીપંચ દ્વારા લેવામાં આવેલા શ્રેણીબદ્ધ પગલાંમાં આ નિર્ણયનો સમાવેશ થતો હોવાનું ચૂંટણીપંચે કહ્યું હતું.

સરકારની સિદ્ધિઓને વર્ણવતા વૉટ્સએપ પર મોટાપાયે મોકલવામાં આવતા મેસેજ તાત્કાલિક અસરથી રોકી દેવાની ખાતરી કરતો અહેવાલ તૈયાર કરી પંચને સુપરત કરવાનો મિનિસ્ટ્રીને આદેશ આપવામાં આવ્યો હતો.

મિનિસ્ટ્રીએ પંચને માહિતી આપતા જણાવ્યું હતું કે લોકસભાની ચૂંટણીનું સમયપત્રક જાહેર કરવામાં આવ્યાને પગલે આચારસંહિતા લાગુ થયા અગાઉ જ વડા પ્રધાનના પત્ર સાથેનો મેસેજ મોકલી આપવામાં આવ્યો હતો. સિસ્ટમની

(જુઓ પાનું ૨) ▶▶

ANTARA
GOLD & DIAMONDS
DADAR | BORIVALI | GOREGAON
TODAY'S GOLD RATE
₹ 60,660/-
PER 10 GRAMS OF 22KT BIS HALLMARKED JEWELLERY
DIAMOND JEWELLERY
VVS-VS F-G QUALITY
CERTIFIED NATURAL DIAMONDS
DADAR 022 4041 5565 | BORIVALI 022 6811 5565
OPEN ON ALL DAYS

# રાજકીય પક્ષોના 'ગુપ્ત દાન'નો પટારો ખૂલ્યો

**ચૂંટણીલક્ષી બૉન્ડની બધી માહિતી સુપરત કરાઈ અને વૅબસાઈટ પર મુકાઈ : સુપ્રીમ કોર્ટમાં એસબીઆઈની એફિડેવિટ**

નવી દિલ્હીઃ ભારતીય સ્ટેટ બૅન્કે ચૂંટણીલક્ષી બૉન્ડસની બધી માહિતી ચૂંટણી પંચને સુપરત કરતા રાજકીય પક્ષોને મળેલા 'ગુપ્ત દાન'નો પટારો ખૂલ્યો છે. ચૂંટણી પંચે આ બધી વિગત એટલે કે રાજકીય પક્ષોના નામ, ખાતાં ક્રમાંક, બૉન્ડ્સના સિરિયલ નંબર, બ્રાન્ચ કોડ, રકમ, તારીખ વગેરે માહિતી પોતાની વૅબસાઇટ પર અપલોડ કરી છે.

નવી મુંબઈના ધીરુભાઈ અંબાણી નોલેજ સિટીમાં રજિસ્ટર્ડ ઍડ્રેસ ધરાવતી અને રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝ સાથે સંકળાયેલી હોવાનું મનાતી ઓછી જાણીતી કંપની ક્વિક સપ્લાય ચેઈન પ્રા. લિ.એ ભાજપને રૂ. ૩૮૫ કરોડ અને શિવ સેનાને પચીસ કરોડ રૂપિયા આપ્યા હોવાનું ચૂંટણી પંચ દ્વારા ગુરુવારે વૅબસાઇટ પર અપલૉડ કરવામાં આવેલા આંકડાઓમાં દર્શાવવામાં આવ્યું હતું. ચૂંટણીલક્ષી બૉન્ડ મારફતે રાજકીય પક્ષોને સૌથી વધુ દાનની રકમ આપવામાં ત્રીજા ક્રમાંકે રહેલી ક્વિક સપ્લાય ચેઈન પ્રા. લિ.એ વર્ષ વર્ષ ૨૦૨૧-૨૨ અને વર્ષ ૨૦૨૩-૨૪ દરમિયાન રૂ. ૪૧૦ કરોડના ઈલેક્ટોરલ બૉન્ડ ખરીદ્યા હતા, જેમાંથી રૂપિયા પચીસ કરોડ (શિવ સેના)ને બાદ કરતા બાકીની તમામ રકમ એટલે કે રૂ. ૩૮૫ કરોડ ભાજપને આપી હતી. વર્ષ ૨૦૨૨માં આ કંપનીએ પચીસ કરોડ રૂપિયા શિવ સેનાને આપ્યા હતા. રિલાયન્સ સાથે સંકળાયેલી હોવાનું મનાતી અન્ય એક કંપની હનીવેલ પ્રોપર્ટીઝ પ્રા. લિ.એ ૮ એપ્રિલ ૨૦૨૧ના રૂ. ૩૦ કરોડના બૉન્ડ ખરીદ્યા હતા અને એ તમામ બૉન્ડ ભાજપને આપી દીધા હતા.

દ્રમુકને સૌથી વધુ દાન આપનારી ફ્યુચર ગેમિંગે ભાજપને ઓછામાં ઓછા રૂપિયા પચાસ કરોડ, વાયએસઆર કૉંગ્રેસને રૂ. ૧૫૦ કરોડ અને તૃણમૂલ કૉંગ્રેસને રૂ. ૪૭ કરોડ આપ્યા હોવાનું એસબીઆઈના આંકડાઓનું પૃથક્કરણ કરતાં જણાઈ આવ્યું હતું. સ્ટેટ બૅન્ક ઓફ ઈન્ડિયાએ ચૂંટણી પંચને ઈલેક્ટોરલ બોન્ડ સંબંધિત તમામ માહિતી સોંપી દીધી છે. એસબીઆઇએ સુપ્રીમ કોર્ટમાં

(જુઓ પાનું ૨) ▶▶

# સોનામાં આગઝરતી તેજી

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ અમેરિકી ફેડરલ રિઝર્વે ગઈકાલે નીતિવિષયક બેઠકના અંતે વર્ષ ૨૦૨૪માં ત્રણ વખત વ્યાજદરમાં કાપ મૂકવાનો પુનરોચ્ચાર કરતાં વિશ્વ બજારમાં ડૉલર ઈન્ડેક્સમાં નરમાઈનું વલણ રહેતા ન્યૂ યોર્ક ખાતે સોનાના ભાવ વધીને એક તબક્કે ઔંસદીઠ ૨૨૨૨.૩૯ ડૉલરની વિક્રમ સપાટીએથી પાછા ફરતા, તેમ જ આજે પણ લંડન ખાતે ભાવમાં સુધારો આગળ ધપતા આજે સ્થાનિક ઝવેરી બજારમાં પણ સોનામાં આગઝરતી તેજી

(જુઓ પાનું ૨) ▶▶

# ચૂંટણી કમિશનરોની નિમણૂક સ્ટે મૂકવાનો સુપ્રીમ કોર્ટનો ઈનકાર

નવી દિલ્હીઃ સુપ્રીમ કોર્ટે નવા ચૂંટણી કમિશનરો અને ચૂંટણી કમિશન એક્ટ ૨૦૨૩ હેઠળ ચૂંટણી કમિશનરોની નિમણૂક પર સ્ટે મુકવાની માગ કરતી અરજીઓને ફગાવી દીધી હતી. આ અરજી કૉંગ્રેસ કાર્યકર્તા જયા ઠાકુરે દાખલ કરી હતી. ૧૨ જાન્યુઆરીએ આ અરજી પર સુનાવણી કરતી વખતે બેન્ચે કેન્દ્ર સરકારને નોટિસ પાઠવીને જવાબ માગ્યો હતો.કોર્ટે પોતાના નિર્ણયમાં કહ્યું હતું કે આ તબક્કે નિમણૂકો પર પ્રતિબંધ લગાવવાથી લોકસભાની ચૂંટણી પર અસર થશે અને તેનાથી અવ્યવસ્થા પણ સર્જાશે.

વિરોધ પક્ષોએ કહ્યું હતું કે સરકાર બંધારણીય બેન્ચના આદેશ વિરુદ્ધ બિલ લાવીને સુપ્રીમ કોર્ટને નબળી બનાવી રહી છે. અગાઉ, સુપ્રીમ કોર્ટે માર્ચ ૨૦૨૩માં એક આદેશમાં કહ્યું હતું કે ચૂંટણી કમિશનરોની નિમણૂક વડા પ્રધાન, ભારતના મુખ્ય

(જુઓ પાનું ૨) ▶▶

# ફેક્ટ ચેક યુનિટ સામે સુપ્રીમ કોર્ટનો સ્ટે

નવી દિલ્હીઃ સરકાર અંગેના બનાવટી સમાચારને ઓળખી કાઢવા પ્રેસ ઈન્ફોર્મેશન બ્યૂરો (પીઆઈબી) હેઠળ ફેક્ટ ચેક યુનિટ (એફસીયુ) સ્થાપવા બહાર પાડવામાં આવેલા જાહેરનામા પર સુપ્રીમ કોર્ટે ગુરુવારે સ્ટે આપતા કેન્દ્ર સરકારને આઘાતજનક આંચકો લાગ્યો હતો.

સેન્સરશિપ માટે તેનો ઉપયોગ કરવામાં આવે એવી શક્યતા હોવાની સિવિલ સોસાયટી ગ્રૂપ અને પ્રસારમાધ્યમે દર્શાવેલી ચિંતા વચ્ચે ઈન્ફોર્મેશન ટેક્નોલૉજી રૂલ્સ ૨૦૨૧ અંતર્ગત મિનિસ્ટ્રી ઑફ ઈલેક્ટ્રોનિક્સ ઍન્ડ આઈટી દ્વારા ૨૦ માર્ચે ફેક્ટ

(જુઓ પાનું ૨) ▶▶

# અમરનાથ યાત્રા ૨૯ જૂનથી

સુરેશ એસ. ડુગ્ગર

જમ્મુ : આ વખતની અમરનાથ યાત્રામાં આશરે દસ લાખ લોકોને આમંત્રણ પાઠવામાં આવ્યું છે. આ વખતે યાત્રા બાવન દિવસ જ ચાલશે. આની તુલનામાં ગયા વર્ષે યાત્રા ૬૨ દિવસો અને ૨૦૧૮માં ૪૬ દિવસ ચાલી હતી. આ વખતે પણ અમરનાથ યાત્રા ૨૯ જૂને શરૂ થશે અને યાત્રાળુઓએ તંદુરસ્ત હોવું જરૂરી છે. મેડિકલ ફિટનેસ અને મેડિકલ સર્ટિફિકેટ વિના કોઈ પણ આ યાત્રામાં સામેલ થઈ શકશે નહીં. આ વખતે બન્ને રૂટ પર યાત્રીની સંખ્યા પર કોઈ અંકુશો મુકાયા નથી. અમરનાથ યાત્રા માટે રજિસ્ટ્રેશન ૧૫ એપ્રિલે શરૂ કરાશે. યાત્રીઓને કઈ રીતે અને કેટલી ટુકડીઓમાં મોકલવા એનો પ્લાન પણ તૈયાર છે. યાત્રા ૨૯ જૂનથી શરૂ થઈને ૧૯ ઓગસ્ટ સુધી ચાલશે. સૂત્રોના જણાવ્યા અનુસાર યાત્રાની

(જુઓ પાનું ૨) ▶▶

પ્રીમીયમ પેકેજ
ચારધામ
લેહ-લદાખ
કાશ્મીર
ગુજરાતી, કાઠીયાવાડી, પંજાબી, મુંબઈ ફાસ્ટ ફુડ, પ્યોર વેજ. રસોડું.
Hazel Tours
khar (w). Since 2003
PANKAJ CHHEDA
9869559938

# પતંજલિએ માફી માગી

નવી દિલ્હીઃ ગેરમાર્ગે દોરતી જાહેરખબરો મામલે પતંજલિ આયુર્વેદે માફી માગી લીધી હતી. પતંજલિ આયુર્વેદના એમડી આચાર્ય બાલકૃષ્ણએ સુપ્રીમ કોર્ટમાં એફિડેવિટ દાખલ કરી બિનશરતી માફી માંગી હતી. એફિડેવિટમાં આચાર્ય બાલકૃષ્ણએ કહ્યું હતું કે તેઓ ખાતરી કરશે કે ભવિષ્યમાં આવી જાહેરાતો આપવામાં ના આવે. તેમણે એમ પણ કહ્યું કે તેમનો હેતુ માત્ર દેશના

(જુઓ પાનું ૨) ▶▶

# મહારાષ્ટ્રમાં ભૂકંપ

નવી દિલ્હીઃ મહારાષ્ટ્રના હિંગોલીમાં વહેલી સવારે ૪.૫ અને ૩.૬ની તીવ્રતાના ભૂકંપના બે આંચકા અને અરુણાચલ પ્રદેશના પશ્ચિમ કામેંગની પણ ૩.૭ની તીવ્રતાનો ભૂકંપ અનુભવાયો હતો. ભૂકંપના આંચકાથી સમગ્ર ધરતી ધણધણી ઊઠી હતી અને લોકો ડરના કારણે ઘરોમાંથી બહાર દોડી આવ્યા હતાં.


(જુઓ પાનું ૨) ▶▶

# ટાટા કેમિકલ્સને કરોડો રૂપિયાનો દંડ

નવી દિલ્હી : ઈન્કમ ટેક્સ ડિપાર્ટમેન્ટે વ્યાજ નામંજૂર કરવા સંબંધિત ઉલ્લંઘન કરવા બદલ ટાટા કેમિકલ્સને ૧૦૩.૬૩ કરોડ રૂપિયાનો દંડ લાદ્યો છે. ગુરૂવારે નિયામકમાં ફરજિયાત જાણ કરતાં ટાટા કેમિકલ્સે કહ્યું

(જુઓ પાનું ૨) ▶▶

# અંક પ્રગટ થઈ ચૂક્યો છે




# આઈપીએલનો આજથી આરંભ

ચેન્નઈઃ ઇન્ડિયન પ્રીમિયર લીગ (આઇપીએલ)ની ૧૭મી સીઝનનો આજે ચેન્નઈ સુપર કિંગ્સ (સીએસકે) અને રૉયલ ચૅલેન્જર્સ બૅન્ગલોર (આરસીબી) વચ્ચેની મૅચથી આરંભ થઈ રહ્યો છે.

ચેન્નઈના એમએ ચિદમ્બરમ સ્ટેડિયમમાં રાતે ૮.૦૦ વાગ્યે શરૂ થનારો આ પહેલો જ મુકાબલો રોમાંચક રહેવાની પાકી સંભાવના છે. ચેન્નઈની ટીમ મુંબઈની જેમ સૌથી વધુ પાંચ વખત ટાઇટલ જીતી છે, જ્યારે બૅન્ગલોરની ટીમના નસીબમાં

(જુઓ પાનું ૨) ▶▶

# ગુજરાતમાં કાળઝાળ ગરમી

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાતના વાતાવરણમાં ગુરુવારે અચાનક પલટો આવ્યો હતો. રાજ્યમાં વાદળ છાયા વાતાવરણ અને ગરમી વચ્ચે હવામાન વિભાગે રાજ્યના કેટલાક વિસ્તારોમાં હળવા વરસાદની આગાહી કરી છે.

હવામાન વિભાગના જણાવ્યા અનુસાર રાજ્યના દાહોદ, પંચમહાલ, છોટાઉદેપુર, કચ્છ અને મહીસાગરમાં હળવા વરસાદની આગાહી છે. ગીર સોમનાથ, દીવ અને પોરબંદરમાં હીટવેવની

(જુઓ પાનું ૨) ▶▶

VIETNAM
11 DAYS
SA PA - HA LONG BAY CRUISE -
HANOI - DANANG - HOI AN - HO CHI MINH

DEP DATES | 13th APR | 27th APR | 04th MAY | 07th MAY | 11th MAY | 14th MAY | 21st MAY | 25th MAY | 28th MAY | 08th JUN | 20th JUN
PACKAGE INCLUSIONS
› Glass Bridge, Fansipan Mountain, Fanicular Ride, VinWonders, Basket Boat Bana Hill, Cu Chi Tunnel અને Golden Bridge નો અદભુત અનુભવ.
› Halong Bay Cruise પર રાત્રી મુકામ નો અવિસ્મરણીય અનુભવ.
› રીટર્ન ઈકોનોમી ક્લાસ એરફેર.
› આપણા પોતાના જ રાજસ્થાની મહારાજ - શુદ્ધ શાકાહારી / જૈન જમણ.
› ગુજરાતી, હિન્દી અને ઇંગલિશ જાણતા ટૂર મેનેજર ની સેવા.
› વીઝા, એન્ટ્રન્સ ફી સહિત તમામ ખર્ચ ટૂર કોસ્ટ માં જ સામેલ.
SHAH HOLIDAYS
203, Man Excellenza, 2nd Floor, Opp. Pawan Hans, S. V. Road, Vile Parle (W), Mum-56.
07506679945, 09004994449, 09324064281 (022) 26103073, 74

મુંબઈ સમાચાર

LIKE & FOLLOW: /Mumbaisamachar4u

## એક્સ્ટ્રા અફેર

ભરત ભારદ્વાજ
feedback@bombaysamachar.com

# મુસેવાલા વિવાદ, નેતાઓએ કાગનો વાઘ કર્યો

**કૉંગ્રેસના** નેતા અને પંજાબી ગાયક સિધ્ધુ મુસેવાલાની ૨૦૨૨માં પંજાબના માનસામાં હત્યા થઈ ત્યારે જેવી હોહા મચેલી એવી જ હોહા મુસેવાલાનાં માતા ચરણ કૌરે બાળકને જન્મ આપતાં મચી છે. મુસેવાલાની માતા ચરણ કૌરે ૧૭ માર્ચે આઈવીએફ ટેકનિક દ્વારા બાળકને જન્મ આપ્યો ત્યારે મુસેવાલાના ચાહકો અને સમર્થકોએ તેની ઉજવણી કરી હતી. આ ઉજવણી પૂરી થાય એ પહેલાં તો કેન્દ્રીય આરોગ્ય મંત્રાલયે પંજાબ સરકારને પત્ર લખીને નવજાત બાળકના જન્મ અંગે રિપોર્ટ માગતા વિવાદ થઈ ગયો છે. રાજકારણીઓ પણ આ વિવાદમાં કૂદતાં એક નવજાત બાળકના જન્મનો મુદ્દો રાષ્ટ્રીય સ્તરે ગાજવા માંડ્યો છે.

કોઈને સવાલ થશે કે, ચરણ કૌરે બાળકને જન્મ આપ્યો તેમાં કેન્દ્રીય આરોગ્ય મંત્રાલયને શું લેવાદેવા અને શાનો વિવાદ? આ સવાલનો જવાબ આસિસ્ટેડ રિપ્રોડક્ટિવ ટેક્નોલોજી એક્ટમાં છે. આસિસ્ટેડ રિપ્રોડક્ટિવ ટેક્નોલોજી એક્ટ હેઠળ ઈન વિટ્રો ફર્ટિલાઇઝેશન (IVF) ટેકનિક દ્વારા બાળક પેદા કરવા માટે, મહિલાની ઉંમર ૨૧ થી ૫૦ વર્ષની વચ્ચે હોવી જોઈએ પણ મુસેવાલાની માતા ચરણ કૌર ૫૮ વર્ષનાં છે.

ચરણ કૌર ૫૦ વર્ષ કરતાં વધારેની ઉંમરે આઈવીએફ ટેકનિક દ્વારા ગર્ભવતી થયાં અને બાળકને જન્મ આપ્યો તેથી તેમણે આસિસ્ટેડ રિપ્રોડક્ટિવ ટેક્નોલોજી એક્ટનો ભંગ કર્યો છે.. કેન્દ્ર સરકારે આસિસ્ટેડ રિપ્રોડક્ટિવ ટેક્નોલોજી એક્ટના ઉલ્લંઘન અંગે તપાસ કર્યા પછી આ કાયદાનો ભંગ કર્યો હોવાનું જણાય તો કાર્યવાહી કરવાનો આદેશ આપ્યો છે.

કેન્દ્રીય આરોગ્ય મંત્રાલયે પંજાબ સરકારને પત્ર લખીને તપાસ કરવા કહ્યું એ કાનૂની પ્રક્રિયા છે. તેમાં કશું ખોટું નથી પણ મુસેવાલાના પિતા બલકૌર સિંહે સોશિયલ મીડિયા પર વીડિયો અપલોડ કરીને પોતાને પરેશાન કરાઈ રહ્યા છે એવા આક્ષેપ કર્યા તેમાં આ મુદ્દો મોટો બની ગયો છે. બલકૌર સિંહે આક્ષેપ મૂક્યો છે કે, નવજાત બાળકના કાયદાકીય દસ્તાવેજો રજૂ કરવા અંગે વહીવટીતંત્ર તેમને સતત પરેશાન કરી રહ્યું છે. મુખ્ય પ્રધાન ભગવંત માન પોતાને જેલમાં મોકલવા માગે છે એવો આક્ષેપ પણ તેમણે કર્યો છે.

અત્યારે લોકસભાની ચૂંટણીનો માહોલ છે અને મુસેવાલા પંજાબમાં લોકપ્રિય હતો તેથી તેના નામે પબ્લિસિટી ચરી ખાવા રાજકારણીઓ કૂદી પડતાં બલકૌર સિંહના આક્ષેપોનો મુદ્દો મોટો બની ગયો છે. કૉંગ્રેસના પ્રદેશ પ્રમુખ અમરિંદર સિંહ રાજા વાડિંગે આક્ષેપ કર્યો છે કે, ભગવંત માન કદાચ એકમાત્ર એવા પંજાબી છે જેમણે હજુ સુધી બલકૌર સિંહને તેમના નવજાત પુત્રના જન્મ પર અભિનંદન આપ્યા નથી. કૉંગ્રેસના ધારાસભ્ય પ્રતાપ સિંહ બાજવાએ ભગવંત માન સરકારના નિવેદનને બેશરમીની હદ ગણાવીને કહ્યું છે કે, સમગ્ર પંજાબ અને દુનિયાભરના લોકો બાળકના જન્મની ઉજવણી કરી રહ્યા છે ત્યારે ભગવંત માન સરકાર પરિવારને પરેશાન કરી રહી છે એ નીચતાની પરાકાષ્ઠા છે. મજાની વાત એ છે કે, ભાજપે પણ ભગવંત માન સરકાર મુસેવાલાના પરિવાર પાસે બાળકના જન્મ અંગે દસ્તાવેજો માગીને સાવ નીચતા પર ઉતરી છે એવો આક્ષેપ કર્યો છે.

ભારતમાં રાજકારણીઓ કોઈ પણ મુદ્દાનો કઈ રીતે કાગનો વાઘ કરી શકે છે તેનું આ ઘટના ઉદાહરણ છે. બલકૌર સિંહ રાજકારણી નથી પણ મુસેવાલા કૉંગ્રેસનો નેતા બની ગયેલો તેથી બલકૌર સિંહ કૉંગ્રેસના નેતાઓના સંપર્કમાં હશે જ. આ કારણે બલકૌર સિંહે વીડિયો મેસેજ મૂકીને પોતાને પરેશાન કરાય છે એવો આક્ષેપ કર્યો એ કૉંગ્રેસના નેતાના ભેજાની પેદાશ હોવાની પૂરી શક્યતા છે.

બલકૌર આ નેતાઓની વાતોમાં આવી ગયા પણ વાસ્તવમાં આ ઘટના બહુ સામાન્ય છે અને મુસેવાલાના પરિવાર પાસે કાયદાના ભંગ બદલ જવાબ માગવામાં આવે તેમાં કશું ખોટું નથી. ભારતમાં આઈવીએફ ટેક્નોલોજી દ્વારા ગર્ભ ધારણ કરવાને લગતો આસિસ્ટેડ રિપ્રોડક્ટિવ ટેક્નોલોજી (રેગ્યુલેશન) એક્ટ (ART) ૨૦૨૧માં લાગુ કરવામાં આવ્યો છે.

આ કાયદા અનુસાર, દેશમાં ૫૦ વર્ષથી વધુ ઉંમરની કોઈ પણ મહિલા આઈવીએફ ટેકનિક દ્વારા ગર્ભ ધારણ કરી શકતી નથી. આ કાયદાના ચુસ્ત અમલ માટે કેન્દ્રીય આરોગ્ય મંત્રાલયે રાષ્ટ્રીય સ્તરની રેગ્યુલેટરી ઓથોરિટીની રચના કરી છે. તેના તાબા હેઠળ તમામ રાજ્યોમાં પણ રેગ્યુલેટરી ઓથોરિટીઝની રચના કરવામાં આવી છે. આ ઓથોરિટી એઆરટી એક્ટને લગતા તમામ કેસો પર નજર રાખે છે. આઈવીએફ ટેક્નોલોજી દ્વારા ગર્ભ ધારણ કરવામાં મદદ કરતી તમામ હૉસ્પિટલોએ આ રેગ્યુલેટરી ઓથોરિટીમાં રજિસ્ટ્રેશન કરાવવું પડે છે અને પોતાની મદદથી ગર્ભ ધારણ કરનારી મહિલાઓની તમામ વિગતો રેગ્યુલેટરી ઓથોરિટીને આપવી પડે છે. તેના આધારે કાયદાનો ભંગ થયો હોય તો રેગ્યુલેટરી ઓથોરિટી તપાસ કરાવીને પગલાં ભરી શકે છે.

ચરણ કૌરના કિસ્સામાં હૉસ્પિટલે આપેલી માહિતીના આધારે રેગ્યુલેટરી ઓથોરિટીએ તપાસનો આદેશ આપ્યો હોઈ શકે છે. હૉસ્પિટલે વિગતો છૂપાવી હોય તો પણ આ કાયદાને જાણનાર તમામ લોકોને કાયદાનો ભંગ થયો હોવાની ખબર પડે એવી હાલત છે. મીડિયાએ મુસેવાલાનાં માતાની ઉંમર ૫૮ વર્ષ હોવા છતાં આઈવીએફના આધારે માતા બન્યાં એવું ગાઈ વગાડીને કહ્યું પછી રેગ્યુલેટરી ઓથોરિટીએ સક્રિય થવું જ પડે એવી હાલત થઈ ગઈ. ઓથોરિટી કશું ના કરે ને કાલે કોઈ કોર્ટમાં કેસ કરી દે તો ઓથોરિટીના અધિકારીઓને બૂચ વાગી જાય તેથી તેમણે નોટિસ આપવી જ પડે તેમ હતી.

આ કેસમાં કોઈ પણ વ્યક્તિ કોર્ટમાં જઈને વાંધો લઈ શકે તેમ છે. મુસેવાલાનું સાચું નામ શુભદીપ હતું. સિદ્ધુ મુસેવાલાના પિતા બલકૌર સિંહ અને માતા ચરણ કૌરે પોતાના નવજાત બાળકનું નામ પણ શુભદીપ રાખ્યું છે. શુભદીપ મુસેવાલાએ ૨૦૨૨માં કૉંગ્રેસની ટિકિટ પર પંજાબ વિધાનસભાની માનસા બેઠક પરથી ચૂંટણી લડી ત્યારે માતા ચરણ કૌરે કવરિંગ ઉમેદવાર તરીકે એફિડેવિટ કરી હતી. આ એફિડેવિટમાં ચરણ કૌરે પોતાની ઉંમર ૫૬ વર્ષ દર્શાવી હતી તેથી અત્યારે તેમની ઉંમર ૫૮ વર્ષ છે. આ એફિડેવિટના આધારે કોઈ કોર્ટમાં અરજી કરી નાંખે તો જવાબ આપવો ભારે પડી જાય.

સિધ્ધુ પોતાનાં માતાપિતાનું એક જ સંતાન હતો તેથી તેના મોતથી તેનાં માતા-પિતાને લાગેલા આઘાતની કલ્પના કરી શકાય. આ આઘાતને ભરવા બલકૌરસિંહ અને કરણ કૌર ફરી માતા-પિતા બન્યાં. તેમની લાગણી સમજી શકાય એવી છે. એ માટે તેમનાથી અજાણતાં કાયદાનો ભંગ થયો તો તેના માટે કાયદાકીય પ્રક્રિયા થાય તો તેના માટે તેમણે તૈયાર પણ રહેવું જોઈએ. ■

## આજનું પંચાંગ

પંડિત જિતેન હરિહર મહેસાણાવાળા

(ઉત્તરાયણ સૌર વસંતઋતુ), શુક્રવાર, તા. ૨૨-૩-૨૦૨૪પ્રદોષ

- ભારતીય દિનાંક ૨, માહે ચૈત્ર, શકે ૧૯૪૬
- વિક્રમ સંવત ૨૦૮૦, શા. શકે ૧૯૪૫, ફાગણ સુદ-૧૩
- જૈન વીર સંવત ૨૫૫૦, માહે ફાગણ, તિથિ સુદ-૧૩
- પારસી શહેનશાહી રોજ ૧૦મો આવા, માહે ૮મો આવાં, સને ૧૩૯૩
- પારસી કદમી રોજ ૧૦મો આવા, માહે ૯મો આદર, સને ૧૩૯૩
- પારસી ફસલી રોજ ૨જો બેહમન, માહે ૧લો ફરવરદીન, સને ૧૩૯૩
- મુસ્લિમ રોજ ૧૧મો, માહે ૯મો રમજાન, સને ૧૪૪૫
- મીસરી રોજ ૧૩મો, માહે ૯મો રમજાન, સને ૧૪૪૫
- નક્ષત્ર મઘા મધ્યરાત્રિ પછી ક. ૨૮-૨૭ સુધી, પછી પૂર્વાફાલ્ગુની.
- ચંદ્ર સિંહમાં
- ચંદ્ર રાશિ નામાક્ષરઃ સિંહ (મ, ટ)
- સૂર્યોદયઃ મુંબઈ ક. ૦૬ મિ. ૪૨, અમદાવાદ ક. ૦૬ મિ. ૪૩, સ્ટા.ટા.,
- સૂર્યાસ્તઃ મુંબઈ ક. ૧૮ મિ. ૪૮, અમદાવાદ ક. ૧૮ મિ. ૫૦, સ્ટા. ટા.
- -: મુંબઈ સમુદ્રમાં ભરતી ઓટ :-
- ભરતી : સવારે ક.૧૦-૦૩, રાત્રે ક. ૨૨-૪૫
- ઓટઃ બપોરે ક. ૧૫-૫૭, મધ્યરાત્રિ પછી ક. ૦૪-૫૪ (તા. ૨૧)
- વ્રત પર્વાદિઃ વિક્રમ સંવત ૨૦૮૦, 'રાક્ષસ' નામ સંવત્સર પ્રારંભ, શાલિવાહન શક સંવત ૧૯૪૫, 'શોભન' નામ સંવત્સર, ફાગણ શુક્લ - ત્રયોદશી. પ્રદોષ, ત્રયોદશી વૃદ્ધિતિથિ છે.
- શુભાશુભ દિનશુદ્ધિઃ શુભ કાર્ય વર્જ્ય છે.

મુહૂર્ત વિશેષઃ શ્રી ગણેશ, શ્રી વિષ્ણુ-લક્ષ્મી, શ્રી સૂર્યનારાયણ ભગવાનનું પૂજન, મઘા જન્મ નક્ષત્ર શાંતિ પૂજા, સર્વ શાંતિ પૂજા, પિતૃ પૂજન, વડનું પૂજન, બી વાવવું, નિત્ય થતાં સ્થાવર મિલકતનાં લેવડ દેવડનાં કામકાજ. પ્રદોષ વ્રત ઉપવાસ, શિવ પાર્વતી પૂજા, જપ-નામદ્ભક્તિ -ભજન -રાત્રિ જાગરણ, શિવ કથા વાંચન.

- આચમનઃ ચંદ્ર-મંગળ પ્રતિયુતિ કજિયાખોર.
- ખગોળ જ્યોતિષઃ ચંદ્ર-મંગળ પ્રતિયુતિ.
- ગ્રહગોચરઃ સૂર્ય-મીન, મંગળ-કુંભ, બુધ-મીન, ગુરુ-મેષ, શુક્ર-કુંભ, શનિ-કુંભ, રાહુ-મીન, કેતુ-કન્યા, હર્ષલ-મેષ, નેપ્ચૂન-મીન, પ્લુટો-મકર. ■

પહેલા પાનાનું ચાલુ

### રાજકીય પક્ષોના

એફિડેવિટ દાખલ કરીને આ જાણકારી આપી હતી. એફિડેવિટમાં એસબીઆઇએ કહ્યું કે ચૂંટણી પંચને સિરિયલ નંબર સાથે ઈલેક્ટોરલ બોન્ડની તમામ વિગતો સોંપી છે, જે દાતાઓ અને બોન્ડને રોકડ કરાવનાર પક્ષકારો સાથે મેચ કરવામાં મદદ કરશે. એવી અપેક્ષા છે કે ટૂંક સમયમાં ચૂંટણી પંચ તેની સત્તાવાર વેબસાઇટ પર તેની માહિતી જાહેર કરશે. એફિડેવિટમાં એસબીઆઇએ કહ્યું હતું કે ચૂંટણી બોન્ડ સાથે સંબંધિત તમામ વિગતો ચૂંટણી પંચને સોંપી દેવામાં આવી છે. કોઈ માહિતી છૂપાવવામાં આવી નથી. એસબીઆઇના ચેરમેન દિનેશ કુમાર ખારાએ સુપ્રીમ કોર્ટમાં એફિડેવિટ દાખલ કરીને કહ્યું હતું કે કોર્ટના આદેશ મુજબ અમે નિર્ધારિત સમય પહેલા ચૂંટણી પંચને ચૂંટણી બોન્ડ સાથે સંબંધિત તમામ વિગતો આપી દીધી છે. આ વખતે આપવામાં આવેલી માહિતીમાં બોન્ડનો આલ્ફા ન્યૂમેરિક નંબર એટલે કે યુનિક નંબર, બોન્ડની કિંમત, ખરીદનારનું નામ, પેમેન્ટ મેળવનાર પાર્ટીનું નામ, પાર્ટીના બૅન્ક એકાઉન્ટ નંબરના છેલ્લા ચાર અંક, કિંમત અને રિડીમ કરેલ નંબરનો સમાવેશ થાય છે. તેમણે આગળ કહ્યું કે સાયબર સુરક્ષાને ધ્યાનમાં રાખીને રાજકીય પક્ષનો સંપૂર્ણ બૅન્ક એકાઉન્ટ નંબર, પાર્ટી અને બોન્ડ ખરીદનારાઓની કેવાયસી જાણકારી આપવામાં આવી નથી.

એસબીઆઇએ કહ્યું હતું કે જો કે, રાજકીય પક્ષોની ઓળખ માટે કેવાયસી જરૂરી નથી. એસબીઆઇના ચેરમેને કહ્યું કે કોર્ટના નિર્દેશો મુજબ ચૂંટણી પંચને ઈલેક્ટોરલ બોન્ડના નંબર સહિતની તમામ વિગતો આપવામાં આવી છે. સુપ્રીમ કોર્ટના આદેશ અનુસાર અમે ૨૧ માર્ચ સુધીમાં ઈલેક્ટોરલ બોન્ડ સંબંધિત તમામ માહિતી ઉપલબ્ધ કરાવી દીધી છે.

૧૮ માર્ચે એસબીઆઇને ઈલેક્ટોરલ બોન્ડ કેસમાં સુપ્રીમ કોર્ટની ટીકાનો સામનો કરવો પડ્યો હતો. ચીફ જસ્ટિસ ઓફ ઇન્ડિયાએ સવાલ કર્યો હતો કે એસબીઆઇએ કોર્ટના આદેશ છતાં તમામ માહિતી કેમ જાહેર કરી નથી. તેમણે એ પણ નિર્દેશ આપ્યો કે અમને ચૂંટણી બોન્ડ વિશેની તમામ માહિતી જોઈએ છે.

ભારત રાષ્ટ્ર સમિતિ (બીઆરએસ)ને કુલ ૧,૩૨૨ કરોડ રૂપિયાના ૨,૧૮૮ ઈલેક્ટોરલ બોન્ડ મળ્યા હતા અને આ પક્ષે ૧૧ ઑક્ટોબર, ૨૦૧૮થી ૩૦ સપ્ટેમ્બર, ૨૦૨૩ સુધીના સમયગાળાના ચાર દિવસે બોન્ડને વટાવ્યા હતા. બીઆરએસએ ચૂંટણી પંચને સુપરત કરેલી માહિતી પ્રમાણે પક્ષે ૧૩ જુલાઈ, ૨૦૨૩એ ૨૧૮ કરોડ રૂપિયા, ૧૨ એપ્રિલ, ૨૦૨૨એ ૨૬૮ કરોડ રૂપિયા, આઠ ઑક્ટોબર, ૨૦૨૧એ ૮૫ કરોડ અને ૧૧ એપ્રિલ ૨૦૨૨એ ૯૦ કરોડ રૂપિયા એમ કુલ ૬૬૧ કરોડ રૂપિયાના બોન્ડ મળ્યા હતા. બીઆરએસએ ૧૪ નવેમ્બર, ૨૦૨૩એ ચૂંટણી પંચના સંદેશાના પ્રતિસાદરૂપે આ માહિતી આપી હતી. (એજન્સી) ■

### સરકારના

મર્યાદાને કારણે અમુક પત્રની ડિલિવરી મોડી પડી હોય એવું શક્ય છે, એમ મિનિસ્ટ્રીએ પંચને જણાવ્યું હતું. લોકસભાની ચૂંટણીની જાહેરાત થઈ ગઈ છે ને આચારસંહિતા લાગુ પડી ગઈ હોવા છતાં સરકારની સિદ્ધિઓનું વર્ણન કરતા મેસેજ લોકોને મોબાઈલ પર મોકલવામાં આવી રહ્યા હોવાની અનેક ફરિયાદો પંચને મળી હતી. આ બાબત આચારસંહિતાનો ભંગ કરતી હોવાનો આક્ષેપ કૉંગ્રેસ અને ટીએમસી સહિતના વિપક્ષે કર્યો હતો અને પગલાં લેવાની માગણી કરી હતી. (એજન્સી) ■

### ટાટા કેમિકલ્સને

હતું કે એને નેશનલ ફેસલેસ અસેસમેન્ટ સેન્ટરનો હુકમ મળ્યો છે જેમાં આવકવેરા ધારાના ૩૬(૧) સેક્શન હેઠળ વ્યાજ નામંજૂર થતાં ધારાના ૨૭૦એ સેક્શન હેઠળ ૧૦૩.૬૩ કરોડ રૂપિયાનો દંડ કરાયો છે. અમે આની સામે નેશનલ ફેસલેસ અપીલ સેન્ટરમાં અપીલ કરીશું. (એજન્સી) ■

### કેજરીવાલને

વકીલે ગુરુવારે હાજર થવાનું જણાવતું સમન્સ મોકુફ રાખવાની માગણી કરી હતી. ઈડી વતી ઉપસ્થિત રહેલા વધારાના સોલિસિટર એસ. વી. રાજુએ કહ્યું હતું કે સમય વીતી ગયો છે. કેજરીવાલ હાજર નથી થઈ રહ્યા. સમન્સને ગેરકાયદે લેખાવી કેજરીવાલ ઈડી સમક્ષ હાજર થવાનું સતત ટાળતા રહ્યા છે. કેસને મામલે 'આપ'ના નેતા મનિષ સિસોદિયા ને સંજયસિંહ જેલમાં છે.

ઈડી દ્વારા દાખલ કરવામાં આવેલા આરોપનામામાં કેજરીવાલના નામનો અનેક વખત ઉલ્લેખ કરવામાં આવ્યો છે. ઈડીએ આક્ષેપ કર્યો હતો કે એક્સાઈઝ પૉલિસી ઘડી કાઢવામાં અન્ય આરોપીઓ કેજરીવાલના સંપર્કમાં હતા. આ પૉલિસીને કારણે આરોપીઓને વધારાનો લાભ થયો હતો અને એ માટે તેમને 'આપ'ને કટકી આપી હતી. (એજન્સી) ■

### ચૂંટણી કમિશનરોની

ન્યાયાધીશ અને વિપક્ષના નેતાની સલાહ પર રાષ્ટ્રપતિ દ્વારા કરવામાં આવે. ન્યાયમૂર્તિ સંજીવ ખન્ના અને જસ્ટિસ દીપાંકર દત્તાની બેન્ચે જણાવ્યું હતું કે તે મુખ્ય ચૂંટણી કમિશનર અને અન્ય ચૂંટણી કમિશનરો (નિમણૂક, સેવાની શરતો અને કાર્યાલયની શરતો) અધિનિયમ, ૨૦૨૩ની માન્યતાને પડકારતી મુખ્ય અરજીઓ પર ધ્યાન આપશે. સુપ્રીમ કોર્ટે કહ્યું કે તે ચૂંટાયેલા ચૂંટણી કમિશનરોની યોગ્યતા પર સવાલ નથી ઉઠાવી રહી પરંતુ તે પ્રક્રિયા પર સવાલ ઉઠાવી રહી છે જેના હેઠળ પસંદગી કરવામાં આવી હતી. બેન્ચે નવા કાયદાને પડકારતા અરજદારોને કહ્યું હતું કે અમે અત્યારે કાયદા પર પ્રતિબંધ લગાવી શકીએ નહીં. તેનાથી અરાજકતા અને અનિશ્ચિતતાની સ્થિતિ સર્જાશે. અમે વચગાળાના આદેશથી પણ તેના પર સ્ટે મુકી શકતા નથી. નવા ચૂંટણી કમિશનરો સામે કોઈ આરોપ નથી. સુપ્રીમ કોર્ટે કહ્યું કે એવું ન કહી શકાય કે ચૂંટણી પંચ કાર્યપાલિકાની આધીન છે. દેશમાં ઘણા સારા ચૂંટણી કમિશનર રહ્યા છે.

સુનાવણી દરમિયાન બેન્ચે બે નવા ચૂંટણી કમિશનરની નિમણૂક માટે અપનાવવામાં આવેલી પ્રક્રિયા પર કેન્દ્રને સવાલ કર્યા હતા. કોર્ટે પસંદગી સમિતિને વધુ સમય આપવા જણાવ્યું હતું. બેન્ચે કહ્યું કે ચૂંટણી કમિશનરોની નિમણૂક માટે રચાયેલી સમિતિને પૂરતો સમય મળવો જોઈતો હતો. કોર્ટે કહ્યું કે તેની બંધારણીય બેન્ચના ૨૦૨૩ના ચુકાદામાં ક્યાંય એવું નથી કહ્યું કે ચૂંટણી કમિશનરની નિમણૂક કરતી પસંદગી સમિતિમાં ન્યાયતંત્રમાંથી એક સભ્ય હોવો જોઈએ. નોંધનીય છે કે અગાઉ નિવૃત્ત આઇએએસ અધિકારીઓ જ્ઞાનેશ કુમાર અને સુખબીર સિંહ સંધુને તાજેતરમાં ચૂંટણી કમિશનર તરીકે નિયુક્ત કરવામાં આવ્યા હતા. ■

### ફેક્ટ ચેક યુનિટ

ચેક યુનિટ નૉટિફાય કરવામાં આવ્યું હતું. ડિજિટલ મીડિયા પર કેન્દ્ર સરકાર અંગેના ખોટા અને બનાવટી સમાચાર શોધી કાઢવા સુધારેલા આઈટી રૂલ્સ અંતર્ગત એફસીયુ સ્થાપવા પર વચગાળાનો સ્ટે આપવાનું નકારતા બૉમ્બે હાઈ કોર્ટના ૧૧ માર્ચના ચુકાદાને મુખ્ય ન્યાયાધીશ ડી. વાય. ચંદ્રચૂડની વડપણ હેઠળની ખંડપીઠે નકારી કાઢ્યો હતો. વચગાળાની રાહત આપતી અરજી નકારી કાઢવામાં આવ્યા બાદ ૨૦ માર્ચ ૨૦૨૪ના જાહેરનામા પર સ્ટે આપવો જોઈએ એવો અમારો મત છે, એમ ખંડપીઠે કહ્યું હતું. (એજન્સી) ■

### મહારાષ્ટ્રમા ભૂકંપ

મહારાષ્ટ્રના જાલના ક્ષેત્રના વીડિયો ફૂટેજમાં આસપાસની વસ્તુઓને ૧૦ સેકન્ડ સુધી હચમચાવી દેતા ઉચ્ચ તીવ્રતાના આંચકા જોવા મળે છે. મહારાષ્ટ્રના હિંગોલીમાં સવારે ૬.૦૮ વાગ્યે અને ૬.૧૯ વાગ્યે પ્રદેશના રહેવાસીઓએ ભૂકંપનાં આંચકા અનુભવ્યા હતા. બુધવારે ભારતના ઉત્તર-પૂર્વીય ક્ષેત્રમાં ધરતીકંપની પ્રવૃત્તિને કારણે સવારે ૫.૧૩ વાગ્યે અરુણાચલ પ્રદેશના પૂર્વ કામેંગમાં રિક્ટર સ્કેલ પર ૩.૨ની તીવ્રતાનો ભૂકંપ આવ્યો. નેશનલ સેન્ટર ફૉર સિસ્મોલોજીએ અહેવાલ અનુસાર ભૂકંપનું કેન્દ્ર હિંગોલી માં ૧૦ કિમીની ઊંડાઈ એ હતું. ■

### અમરનાથ યાત્રા

પૂર્વે ૨૨ જૂને જ્યેષ્ઠ પૂર્ણિમાએ પ્રથમ પૂજન કરાશે. શ્રદ્ધાળુઓ માટે એપ્રિલમાં આખા દેશની વિવિધ બૅન્ક શાખાઓમાં યાત્રીઓને એડવાન્સમાં રજિસ્ટ્રેશન કરાવાની સુવિધા મળશે. લેફ, ગવર્નરે યાત્રા દરમિયાન કોઈ પણ કુદરતી આપદા આવે તો એનો સામનો કરવાનો પ્રબંધ કરવાના નિર્દેશ આપ્યા છે.

અમરનાથ યાત્રા પર જનારા શ્રદ્ધાળુઓની બીમારીને લીધે દર વર્ષે વધતા મોતને ધ્યાનમાં રાખીને યાત્રાનું સંકલન કરતા શ્રાઈન બોર્ડે નિર્ણય લીધો છે કે યાત્રાનું રજિસ્ટ્રેશન કરાવતી વખતે શ્રદ્ધાળુઓએ મેડિકલ સર્ટિફિકેટ આપવું પડશે. સત્તાવાર પ્રવક્તાએ કહ્યું હતું કે અમરનાથના શ્રાઈન બોર્ડની ઉચ્ચ સ્તરીય બેઠકમાં આ નિર્ણય લેવાયો છે. આ બેઠકના અધ્યક્ષસ્થાને મનોજ સિંહા હતા. બેઠકમાં હૃદયરોગથી મરનારા શ્રદ્ધાળુઓ અંગે ચર્ચા કરાઈ હતી. હૃદયની બીમારીને લીધે મરણ પામનારા શ્રદ્ધાળુઓની વધતી સંખ્યા અંગે ચિંતા વ્યક્ત કરાઈ હતી. બોર્ડે નક્કી કર્યું હતું કે યાત્રાના રજિસ્ટ્રેશન વખતે શ્રદ્ધાળુઓએ રજિસ્ટર્ડ તબીબનું મેડિકલ ફિટનેસનું પ્રમાણપત્ર રજૂ કરવું પડશે.

દેશમાં રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોમાં પંજાબ નેશનલ બૅન્ક, જમ્મુ અને કાશ્મીર બૅન્ક, યસ બૅન્કની શાખાઓમાં રજિસ્ટ્રેશન કરાવી શકાશે. રજિસ્ટ્રેશન ૧૫ એપ્રિલથી શરૂ થશે અને દરરોજ ૨૦,૦૦૦ લોકોનું રજિસ્ટ્રેશન કરાશે.

બોર્ડની બેઠકમાં એ નિર્દેશ કરાયો છે કે યાત્રા માટે શ્રદ્ધાળુનું રજિસ્ટ્રેશન સમયસર કરવામાં આવે. આથી રજિસ્ટ્રેશન ૧૫ એપ્રિલથી શરૂ થશે. યાત્રા પર આવનારા બધા શ્રદ્ધાળુઓને એક્સિડન્ટ વીમો વિનામૂલ્યે દેવાશે. આ નિર્ણય પણ બેઠકમાં લેવાયો હતો. હિમવર્ષા અટક્યા બાદ સુરક્ષાદળો અને પ્રસાશનને સલામતીની વ્યવસ્થા કરવાનું કહેવામાં આવશે. ૨૦૧૨ની યાત્રામાં ૧૨૮ શ્રદ્ધાળુનું મરણ થયું હતું.

આ વખતે યાત્રા જનાર શ્રદ્ધાળુની મેડિકલ ફિટનેસ ટેસ્ટ થશે અને ત્યાર બાદ તેને બોર્ડ તરફથી મફત વીમો દેવાશે. યાત્રાના કેમ્પો માટે કેમ્પનો પ્લાન કરાયો છે. લંગરની વ્યવસ્થા પણ કરાઈ છે. યાત્રામાં ૧૩ વર્ષથી નાના અને ૭૫ વર્ષથી મોટા લોકોને જવાની પરવાનગી નથી. ■

### સોનામાં

જોવા મળી હતી અને ભાવ ૧૦ ગ્રામદીઠ રૂ. ૧૨૨૦થી ૧૨૨૫ ઉછળીને રૂ. ૬૬,૦૦૦ની સપાટી કુદાવી ગયા હતા. તેમ જ ચાંદીમાં પણ સટ્ટાકીય આકર્ષણે ભાવ કિલોદીઠ રૂ. ૧૧૫૯ની તેજી સાથે રૂ. ૭૫,૦૦૦ની સપાટી પાર કરી ગયા હતા. ■

### ગુજરાતમાં

શક્યતા છે. ગુજરાતમાં અરબ સાગરથી ભેજ આવતા કેટલાક વિસ્તારોમાં હળવો વરસાદ આવશે. ગુજરાતની ધરતી હાલ આગ ઓકી રહી છે. રાજકોટ સહિત સૌરાષ્ટ્રમાં બે દિવસ હિટવેવની આગાહી છે. ગુરુવારે રાજકોટમાં ૩૮ ડિગ્રી તાપમાન સાથે સર્વોચ્ચ તાપમાન નોંધાયું હતું. બપોરના સમયે બહાર ન નીકળવા લોકોને આરોગ્ય વિભાગ દ્વારા અપીલ કરાઈ છે. બુધવારે ૪૦ ડિગ્રી કરતાં વધુ તાપમાન સાથે રાજ્યમાં સૌથી વધુ ગરમ શહેર રાજકોટ બન્યું હતું. જ્યારે અમદાવાદમાં મહત્તમ તાપમાન ૩૮.૩ ડિગ્રી અને ગાંધીનગરમાં મહત્તમ તાપમાન ૩૭ ડિગ્રી નોંધાયું હતું.

બીજી બાજુ હવામાન નિષ્ણાત અંબાલાલ પટેલે કરા સાથે કમોસમી વરસાદ થવાની પણ આગાહી કરી છે. હવામાન નિષ્ણાત અંબાલાલ પટેલે પણ આગાહી કરી છે. રાજ્યના કેટલાક ભાગોમાં તા. ૨૬ માર્ચ સુધી વાદળછાયું વાતાવરણ રહી શકે છે અને પશ્ચિમી સૌરાષ્ટ્રના દરિયા કિનારાના ભાગોમાં પવન વધુ રહેશે. કચ્છના ભાગોમાં પવન વધુ રહે અને વાદળ રહેવાની શક્યતા છે. આ દરમિયાન દરિયાકિનારાના કેટલાક ભાગોમાં પણ પવન સાથે ક્યાંક ક્યાંક હળવો વરસાદ પડી શકે. ■

### પતંજલિએ

નાગરિકોને આયુર્વેદિક ઉત્પાદનોનો ઉપયોગ કરીને સ્વસ્થ જીવન જીવવા માટે પ્રેરણા આપવાનો છે. સુપ્રીમ કોર્ટે અવમાનનાની નોટિસનો જવાબ ન આપવા બદલ બાબા રામદેવ અને આચાર્ય બાલકૃષ્ણને બે એપ્રિલે કોર્ટમાં રૂબરૂ હાજર રહેવા કહ્યું હતું. સુપ્રીમ કોર્ટની બેન્ચે પતંજલિ અને આચાર્ય બાલકૃષ્ણને કોર્ટની નોટિસનો જવાબ ન આપવા સામે સખત વાંધો વ્યક્ત કર્યો હતો અને નોટિસ જાહેર કરીને પૂછ્યું હતું કે શા માટે તેમની સામે અવમાનનાની કાર્યવાહી શરૂ ન કરવી જોઈએ. હવે પતંજલિ અને આચાર્ય બાલકૃષ્ણએ એફિડેવિટ દાખલ કરીને માફી માંગી લીધી છે.

એફિડેવિટમાં આચાર્ય બાલકૃષ્ણએ કહ્યું કે તેઓ અપમાનજનક વાક્યો ધરાવતી કંપનીની જાહેરાત બદલ દુઃખ વ્યક્ત કરે છે. કંપની અને આચાર્ય બાલકૃષ્ણે કહ્યું છે કે તેઓ આવી ભૂલ ફરીથી નહીં કરે. પતંજલિ આયુર્વેદ અને તેના એમડી આચાર્ય બાલકૃષ્ણએ ભ્રામક દવાઓની જાહેરખબરો કરવા બદલ સુપ્રીમ કોર્ટમાં બિનશરતી માફી માગી છે. આચાર્ય બાલકૃષ્ણે કહ્યું કે કંપનીના મીડિયા વિભાગને સુપ્રીમ કોર્ટના આદેશની જાણ નહોતી. આચાર્યએ કહ્યું કે તેમનો ઉદ્દેશ્ય પતંજલિ ઉત્પાદનોનો ઉપયોગ કરીને નાગરિકોને સ્વસ્થ જીવન જીવવા માટે પ્રોત્સાહિત કરવાનો છે.

અવમાનની નોટિસનો જવાબ ન આપવા બદલ બાબા રામદેવ અને આચાર્ય બાલકૃષ્ણ બંનેને બે એપ્રિલ, ૨૦૨૪ના રોજ કોર્ટમાં રૂબરૂ હાજર થવાનો નિર્દેશ આપવામાં આવ્યો હતો. આઇએમએની અરજી પર સુનાવણી દરમિયાન સુપ્રીમ કોર્ટે આ આદેશ આપ્યો હતો. આ અરજીમાં બાબા રામદેવ પર કોવિડ રસીકરણ અભિયાન અને આધુનિક દવાઓ વિરુદ્ધ અભિયાન ચલાવવાનો આરોપ મુકવામાં આવ્યો હતો. નોંધનીય છે કે પતંજલિ દ્વારા જાહેર કરવામાં આવેલી જાહેરખબરોમાં બીપી, શુગર, અસ્થમા અને ઘણી બીમારીઓને સંપૂર્ણ રીતે મટાડવાનો દાવો કરવામાં આવ્યો હતો. ■

### આઈપીએલનો

હજી સુધી એક પણ ટ્રોફી નથી આવી. જોકે મહિલાઓની આરસીબી ટીમ તાજેતરમાં ડબ્લ્યૂપીએલમાં ચૅમ્પિયન બની એને પગલે હવે ફૅફ ડુ પ્લેસીના સુકાનમાં પુરુષોની આરસીબી ટીમ પણ પહેલું ટાઇટલ જીતવા કોઈ કસર બાકી નહીં રાખે. ચેન્નઈની ટીમમાં કૅપ્ટન્સી બદલાઈ ગઈ હોવાથી હવે આ ટીમ માટે આ આઇપીએલ મોટી કસોટી બની રહેશે. ચેન્નઈની ટીમની કૅપ્ટન્સીની બાબતમાં ૪૨ વર્ષના એમએસ ધોનીના શાસનનો અંત આવી ગયો છે અને તેણે ૨૭ વર્ષના ઓપનર ઋતુરાજ ગાયકવાડને કૅપ્ટન્સી સોંપી દીધી છે. ચેન્નઈની ટીમને ઓપનર ડેવૉન કૉન્વેની ગેરહાજરીમાં ઑલરાઉન્ડર રાચિન રવીન્દ્ર પર મોટો આધાર છે. ૨૦૨૩ની આઇપીએલમાં કૉન્વે ૬૭૨ રન સાથે ત્રીજા નંબર પર હતો. જોકે ડેરિલ મિચલ પણ ટીમને ખૂબ ઉપયોગી થશે અને અનુભવી અજિંક્ય રહાણેના પર્ફોર્મન્સ પણ ટીમને મદદરૂપ થશે.

ચેન્નઈની પિચ પર સ્પિન બોલરો વધુ સફળ થઈ શકે, પણ એ ઉપરાંત ઑલરાઉન્ડરોમાંથી પણ કોઈ ખેલાડી પોતાની ટીમને જિતાડી શકે. રવીન્દ્ર જાડેજા, મિચલ સૅન્ટનર, મોઇન અલી, રાચિન, માહીશ થીકશાના શુક્રવારે બૅન્ગલોરની ટીમને અને પછી અન્ય ટીમોને મુસીબતમાં મૂકી શકશે. પેસ બોલિંગમાં મથીશા થિકશાના શરૂઆતની અમુક મૅચો નહીં રમે, પણ દીપક ચાહર અને શાર્દુલ ઠાકુર બાજી ચેન્નઈના હાથમાં લાવી શકે.

૨૦૨૩ની આઇપીએલમાં સેકન્ડ-બેસ્ટ ૭૩૦ રન બનાવનાર ફૅફ ડુ પ્લેસીના સુકાનમાં બૅન્ગલોરની ટીમને પહેલી જ મૅચથી વિરાટ કોહલીની ફટકાબાજીનો લાભ મળશે. કોહલી બે મહિનાના લાંબા બ્રેક પછી પાછો રમવા આવ્યો છે. ૨૦૨૩ની આઇપીએલમાં કોહલીના ૬૩૯ રન ચોથા ક્રમે હતા. તેઓ બન્ને ઓપનિંગમાં રમશે ત્યાર બાદ કૅમેરન ગ્રીન અને ગ્લેન મૅક્સવેલ તેમ જ રજત પાટીદારની ઇનિંગ્સ ચેન્નઈની ટીમને મુસીબતમાંથી ઉગારી શકશે.

બૅન્ગલોર પાસે પેસ બોલિંગમાં મોહમ્મદ સિરાજ તેમ જ લૉકી ફર્ગ્યુસન, અલ્ઝારી જોસેફ, આકાશ દીપ અને રીસ ટૉપ્લી છે. જોકે એમાંનો એકેય બોલર ડેથ-ઓવર્સમાં ખાતરીપણે અસરદાર પર્ફોર્મ કરી શકે એવો નથી એટલે આ ટીમ ખાસ કરીને બૅટિંગ પર જ નિર્ભર રહેશે.

બૅન્ગલોરના ફ્રૅન્ચાઇઝીએ વનિન્દુ હસરંગાને છૂટો કરી દીધો હોવાથી સ્પિન-બોલિંગની બાબતમાં આ ટીમ થોડી નબળી કહી શકાય. તેમણે મૅક્સવેલ તેમ જ કર્ણ શર્મા, હિમાંશુ શર્મા, મયંક ડાગર પર મદાર રાખવો પડશે. ■

## કાર્તિ ચિદમ્બરમે લાંચ લીધી હતીઃ ઇડી

નવી દિલ્હીઃ એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ (ઇડી) એ ગુરુવારે આરોપ લગાવ્યો હતો કે કૉંગ્રેસના સાંસદ કાર્તિ ચિદમ્બરમે એક કંપનીના ચીની કર્મચારીઓને ફરીથી વિઝા અપાવવાના સંબંધમાં કેન્દ્રીય ગૃહ મંત્રાલય પાસે મંજૂરી માટે નજીકના સહયોગીના માધ્યમથી ૫૦ લાખ રૂપિયાની લાંચ લીધી હતી. આ કંપની પંજાબમાં પાવર પ્લાન્ટ સ્થાપિત કરી રહી હતી. ઇડીએ દાવો કર્યો હતો કે લાંચની આ રકમ ટ્રાજેક્શન મારફતે એક કંપનીમાં રોકાણ કરવામાં આવી હતી જ્યાં કાર્તિ ચિદમ્બરમ ડિરેક્ટર હતા અને તેમનું નિયંત્રણ હતું. કાર્તિ ચિદમ્બરમ (૫૨) તમિલનાડુની શિવગંગા બેઠક પરથી લોકસભાના સભ્ય છે. આ કેસમાં એજન્સીએ અનેક વખત તેમનું નિવેદન નોંધ્યું છે.

કેન્દ્રિય તપાસ એજન્સીએ કાર્તિ ચિદમ્બરમ, તેમના દ્વારા પ્રમોટ કરાયેલી કંપની એડવાન્ટેજ સ્ટ્રેટેજિક કન્સલ્ટિંગ પ્રાઈવેટ લિમિટેડ, તેમના કથિત નજીકના સહયોગી અને એકાઉન્ટન્ટ એસ. ભાસ્કરરમન, તલવંડી સાબો પાવર લિમિટેડ અને અન્યો વિરુદ્ધ દાખલ કરવામાં આવેલી ચાર્જશીટમાં આ આરોપો લગાવ્યા હતા. ચીની કામદારો તલવંડી સાબો પાવર લિમિટેડમાં તૈનાત હતા.

દિલ્હીમાં પ્રિવેન્શન ઓફ મની લોન્ડરિંગ એક્ટ હેઠળની વિશેષ અદાલતે ૧૯ માર્ચે ફરિયાદી પક્ષની ફરિયાદની નોંધ લીધી હતી. કોર્ટે કાર્તિ ચિદમ્બરમ સહિત ચાર્જશીટમાં નામ આપવામાં આવેલા તમામ આરોપીઓને ૧૫ એપ્રિલે હાજર થવાનો નિર્દેશ આપ્યો છે. અન્ય આરોપીઓમાં પદ્મ દુગર, વિકાસ મખરિયા, મંસૂર સિદ્દીકી અને દુગર હાઉસિંગ લિમિટેડનો સમાવેશ થાય છે.

ઇડીએ જણાવ્યું હતું કે તપાસમાં ખુલાસો થયો હતો કે ''કાર્તિ ચિદમ્બર પંજાબના મનસામાં પાવર પ્રોજેક્ટ સ્થાપિત કરી રહેલી તલવંડી સાબો પાવર લિમિટેડ નામની કંપની દ્વારા ચીની નાગરિકોના વિઝાના ફરીથી ઉપયોગ માટે મંજૂરી મેળવવા માટે પોતાના નજીકના સહયોગી એસ.ભાસ્કરરમનના માધ્યમથી ૫૦ લાખની લાંચ લીધી હતી.

એક નિવેદનમાં ઇડીએ કહ્યું કે 'કંપનીના અધિકારીઓએ ગૃહ મંત્રાલય પાસેથી વિઝાના ફરીથી ઉપયોગની મંજૂરી મેળવવા માટે કાર્તિ ચિદમ્બરમનો સંપર્ક કર્યો હતો, જ્યાં તેમના પિતા (વરિષ્ઠ કૉંગ્રેસ નેતા પી. ચિદમ્બરમ) ગૃહ પ્રધાન હતા. ઇડીએ દાવો કર્યો હતો કે રોકાણ કરાયેલ ૫૦ લાખ રૂપિયાનું મૂલ્ય સમયાંતરે વધીને ૧.૫૯ કરોડ રૂપિયા થયું છે. આ મામલાને પાયાવિહોણા ગણાવતા કાર્તિએ કહ્યું હતું કે '૨૫૦ શું, એક પણ ચીની નાગરિકને વિઝા પ્રક્રિયામાં મદદ કરી નથી. ■

# વરિષ્ઠ નાગરિકોના કાયદાનો દુરુપયોગ ન થવો જોઈએ: હાઇ કોર્ટ

## પુત્રવધૂને ઘરમાંથી કાઢી નાખવાનો ટ્રિબ્યૂનલનો આદેશ રદ

મુંબઈ: વૃદ્ધ સાસુ-સસરાની મનશાંતિ માટે પુત્રવધુને ઘરમાંથી બહાર કાઢી શકાય નહીં એવું કહી વરિષ્ઠ નાગરિકોને પુત્રવધુને ઘરમાંથી બહાર કાઢવાના ટ્રિબ્યુનલ કાયદાને પણ મુંબઈ હાઇ કોર્ટે રદ કર્યો હતો. અદાલતે કહ્યું હતું કે નિશ્ચિતપણે વરિષ્ઠ નાગરિકોને પોતાના ઘરમાં શાંતિથી રહેવાનો અધિકાર છે, પણ વરિષ્ઠ નાગરિકોની કાળજી અને સલામતી માટે બનાવવામાં આવેલા કાયદાનો ઉપયોગ મહિલાઓ માટે બનાવવામાં આવેલા ઘરેલું હિંસા નિવારણ અધિનિયમ હેઠળ કાયદા માટે જોખમી હોય શકે છે, એવો આદેશ પણ અદાલતે આપ્યો હતો.

૨૯ વર્ષ પહેલા એક મહિલાના લગ્ન થયા હતા. તે તેના પતિ અને સાસુ-સસરા સાથે રહેતી હતી, પણ તેમના પરિવાર વચ્ચેના મતભેદને લીધે સાસુ-સસરાએ પુત્રવધુને ઘરમાંથી બહાર કરવામાં આવે એવી અરજી અદાલત સમક્ષ કરી હતી. ત્યારબાદ ટ્રિબ્યુનલ પુત્રવધુને પતિની સાથે સાસુ-સસરાનું ઘર છોડવાનો આદેશ આપ્યો હતો. પરંતુ આ આદેશ બાદ પણ છ મહિના સુધી મહિલા અને તેના પતિને બીજું ઘર ન મળતા સાસુ-સસરાએ મહિલાને ઘરની બહાર કાઢી મૂકી હતી.

આ કેસની સુનાવણીમાં અદાલતે કહ્યું હતું કે ટ્રિબ્યુનલ કાયદા હેઠળ જો પતિ પાસે બીજા ઘરની વ્યવસ્થા હોય તો જ પુત્રવધુને ઘરની બહાર કાઢવાનો હક્ક સાસુ-સસરાને છે, અને જો પતિ-પત્ની ઘર શોધવામાં અસફળ રહે છે તો તેમને ઘરમાંથી બહાર કાઢવાનો હક્ક નથી. સાસુ-સસરા અને પુત્ર વધુ વચ્ચે અનેક વિવાદ થતાં હોય છે, જેના નિવારણ માટે એક સંતુલન કાયદો બનાવવો જરૂરી છે, એવો પણ આદેશ અદાલતે બહાર પાડ્યો હતો. ■




**નવરોઝ મુબારક:** પારસી નવરોઝ નિમિત્તે માટુંગા ખાતે આવેલી અગિયારીમાં પારસી લોકોએ એકબીજાને શુભેચ્છા આપી હતી. (અમય ખરાડે)

# શાહપુર નજીક આઠ 'પોલીસે' કુરિયર કંપનીની વૅનમાંથી ૫.૪૦ કરોડ રોકડ લૂંટી

થાણે: બોગસ પોલીસ અધિકારીઓએ તપાસને બહાને શાહપુર નજીક કુરિયર કંપનીની વૅનને રોકી અંદાજે ૫.૪૦ કરોડ રૂપિયાની લૂંટ ચલાવી હોવાની ઘટના પ્રકાશમાં આવી હતી. શાહપુર પોલીસના જણાવ્યા મુજબ ઘટના ૧૫ માર્ચના મળસકે ૫.૩૦ વાગ્યાની આસપાસ બની હતી. જોકે આ અંગે ૧૭ માર્ચે પોલીસ ફરિયાદ નોંધાવાઈ હતી. પોલીસે આઠ અજાણ્યા શખસ વિરુદ્ધ ગુનો નોંધી તપાસ હાથ ધરી હતી.

પોલીસ ફરિયાદ અનુસાર જળગાંવમાં રહેતો ફરિયાદી સંતોષ થોરાત (૪૪) મુંબઈના વેપારીઓ સુધી પહોંચાડવાની રકમ જળગાંવના વેપારીઓ પાસેથી જમા કરી કુરિયર કંપનીને આપતો હતો. ૧૪ માર્ચની સાંજે રૂપિયા ભરેલાં પૅકેટ બે ગૂણીમાં ભરીને કુરિયર કંપનીમાં જમા કરાવવામાં આવી હતી. બાદમાં પિકઅપ વૅનથી તે કુરિયર કંપનીની નાશિક અને પછી ધુળેની ઑફિસમાં ગયો હતો. ત્યાંનાં પણ પાર્સલ વૅનમાં રાખી થોરાત કુરિયર કંપનીના કર્મચારીઓ સાથે મુંબઈ આવવા રવાના થયો હતો.

ફરિયાદમાં જણાવાયું હતું કે વૅન મુંબઈ-આગ્રા રોડ પર શાહપુર નજીકના આટગાંવ પાસે પહોંચી ત્યારે એક ઈનોવા કારે તેમની વૅનને આંતરી હતી. ઈનોવા કારમાં આઠ જણ હાજર હતા. પોલીસ તરીકેની ઓળખ આપી આરોપીઓએ કુરિયર કંપનીની વૅનની તપાસ કરી હતી. વૅનમાંનો સામાન બહાર કાઢ્યા પછી રોકડ ભરેલી ગૂણી આરોપીઓએ તેમની ઈનોવા કારમાં મૂકી હતી. થોરાતને કારમાં બેસાડી થોડે અંતરે લઈ ગયા પછી રસ્તા પર ઉતારી મૂકવામાં આવ્યો હતો. આ અંગે મુંબઈના વેપારીને જાણ કર્યા પછી થોરાત એલ. ટી. માર્ગ પોલીસ સ્ટેશને ગયો હતો. ગુનો શાહપુરની હદમાં બન્યો હોવાથી કેસ શાહપુર પોલીસ સ્ટેશનમાં નોંધવામાં આવ્યો હતો. બન્ને ગૂણીમાં ૫.૪૦ કરોડ રૂપિયા હોવાનું ફરિયાદમાં જણાવાયું હતું. ■

**'આનંદ ચા શિધા' પર આચારસંહિતાની કાતર**

# હવે ચૂંટણી પછી નાગરિકોને મળશે મફત રાશનનો લાભ

થાણે: મહારાષ્ટ્ર સરકાર દ્વારા સમાજના આર્થિક રીતે નબળા અને સામાન્ય નાગરિકોને તહેવાર અને ઉત્સવ દરમિયાન સસ્તા ભાવે રેશન આપવામાં આવે છે. જોકે હવે લોકસભા ચૂંટણીની જાહેરાત થતાં મહારાષ્ટ્ર સરકારની આ યોજનાને બે મહિના માટે બંધ કરવામાં આવી છે. આ સાથે સરકાર દ્વારા મફતમાં રેશન, થેલી અને સાડી આપવાની યોજનાને પણ ચૂંટણી સમાપ્ત થયા સુધી સ્થગિત કરવામાં આવી છે.

મુખ્ય પ્રધાન એકનાથ શિંદેની સરકાર મારફત છેલ્લા દોઢ વર્ષથી તહેવારો દરમિયાન ૧૦૦ રૂપિયામાં નાગરિકોને એક કિલો ખાંડ, અડધો કિલો રવો, મેદો, એક કિલો તેલ, ચણાની દાળ વગેરે રેશનની વહેંચણી કરવામાં આવતી હતી. આગામી બે મહિનામાં હોળી અને ગુઢીપાડવા જેવા તહેવારોમા આ યોજના બંધ કરવામાં આવતા નાગરિકોમાં નારાજગી છે.

ચૂંટણી પંચ દ્વારા લોકસભા ચૂંટણીને લઈને દેશભરમાં આચારસંહિતા લાગુ કરવામાં આવી છે, જેથી સાત જૂન સુધી સરકારની દરેક મફત રેશન યોજનાને બંધ રાખવાનો આદેશ ચૂંટણી પંચે જાહેર કર્યો હતો. એક અધિકારીએ કહ્યું હતું કે ચૂંટણી પંચના આદેશ સુધી આ યોજનાને બંધ રાખવામાં આવશે અને કોઈપણ રેશન દુકાન પર આ આદેશનો ઉલ્લંઘન નહીં થાય તે માટે દરેક વિસ્તાર પર નજર રાખવામાં આવશે. ■

# 'હોળી' માટે વૃક્ષો તોડવા પર પ્રતિબંધ, દંડાત્મક કાર્યવાહી થશે

મુંબઈ: રવિવારે એટલે કે ૨૪ માર્ચ, ૨૦૨૪ના દિવસે હોળીના ઉત્સવની ઉજવણી થશે એ પાર્શ્વભૂમિ પર નાગરિકોને કોઈપણ પ્રકારના વૃક્ષ તોડવા નહીં એવી તાકીદ કરવામાં આવી છે. અનધિકૃત રીતે ઝાડ તોડી પાડવામાં આવ્યા હોવાની પ્રવૃત્તિ ધ્યાનમાં આવશે તો એ અંગે પોલીસમાં ફરિયાદ દાખલ કરવામાં આવશે. એ સિવાય 'હોળી'ના દિવસોમાં વૃક્ષનું તોડકામ કર્યું હોવાનું ધ્યાનમાં આવ્યું હોય તો સતર્ક નાગરિકોએ પોલીસ સ્ટેશનને જાણકારી આપવી અથવા મહાનગરપાલિકાના ૧૯૧૬ ટોલ ફ્રી નંબર પર સંપર્ક કરવો એવી રજૂઆત મુંબઈ મહાનગરપાલિકાના ઉદ્યાન અધિક્ષક તેમજ વૃક્ષ પ્રાધિકરણના સભ્ય સચિવ શ્રી જીતેન્દ્ર પરદેશીએ પ્રશાસન વતી કરી છે. 'મહારાષ્ટ્ર (નાગરી ક્ષેત્ર) વૃક્ષ સંરક્ષણ અને સંવર્ધન અધિનિયમ, ૧૯૭૫' અંતર્ગત કલમ ૨૧ અનુસાર વૃક્ષ પ્રાધિકરણની પૂર્વ પરવાનગી વિના કોઈપણ વૃક્ષ કાપવા / કાપવામાં નિમિત્ત બનવું એ અપરાધ છે. અનધિકૃત વૃક્ષ કાપવાના પ્રત્યેક ગુના માટે સંબંધિત વ્યક્તિને ઓછામાં ઓછા એક હજારથી પાંચ હજાર રૂપિયા સુધીનો દંડ ફટકારવાની જોગવાઈ છે. એમાં એક અઠવાડિયાથી એક વર્ષ સુધીની જેલની સજા પણ થઈ શકે છે. ■

# ડોમ્બિવલીના ડે કૅર સેન્ટરમાં બાળકો સાથે ક્રૂર વર્તન: ત્રણ સામે ગુનો

મુંબઈ: ડોમ્બિવલીના ડે કેર સેન્ટરમાં બાળકો સાથે ક્રૂર વર્તન કરવામાં આવતું હોવાની ફરિયાદ બાદ પોલીસે સેન્ટર ચલાવતા દંપતી સહિત ત્રણ જણ સામે ગુનો નોંધ્યો હતો. આ સેન્ટરમાં ત્રણ વર્ષની બાળકીને ઊંધી લટકાવી ફટકારવામાં આવી હોવાનો વીડિયો વાયરલ થતાં વાલીઓએ પોલીસનો સંપર્ક સાધ્યો હતો.

ડોમ્બવલી પૂર્વમાં ફડકે રોડ પરની એક ઈમારતમાં આવેલા હેપી કિડ્સ ડે કૅર સેન્ટરના ગણેશ પ્રભુણે અને આરતી પ્રભુણે સહિત મહિલા કર્મચારી રાધા નાખરે વિરુદ્ધ રામનગર પોલીસે ગુનો નોંધ્યો હતો. વીડિયોને આધારે પોલીસ વધુ તપાસ કરી રહી છે.

પોલીસ ફરિયાદ અનુસાર નોકરિયાત વાલીઓ પોતાનાં સંતાનોની સારી રીતે સંભાળ રાખવાને ઇરાદે ડે કૅર સેન્ટરમાં રાખે છે. આ માટે વાલીઓ પાસેથી મહિને સાડાઆઠ હજાર રૂપિયાનો ચાર્જ લેવામાં આવે છે. બાળકોને શિસ્ત શીખવવાને બહાને તેમની સાથે ક્રૂરતા કરવામાં આવતી હોવાની ફરિયાદો થઈ હતી.

કહેવાય છે કે તાજેતરમાં એક મહિલા સેન્ટરમાં નોકરીએ લાગી હતી. તેણે બાળકો સાથેના વર્તન અંગે વિરોધ પણ કર્યો હતો. જોકે પ્રભુણે દંપતીએ મહિલાની વાત કાને ધરી નહોતી. બાળકો સાથેના આવા વર્તનથી નિરાશ મહિલા કર્મચારીએ મોબાઈલ ફોનથી વીડિયો શૂટિંગ કરી લીધું હતું. આ વીડિયો બાદમાં વાયરલ થયો હતો.

વીડિયોમાં ત્રણ વર્ષની બાળકીને ઊંધી લટકાવી તેની મારપીટ કરવામાં આવતી હોવાનું નજરે પડે છે. આ પ્રકરણે ભારતીય દંડ સંહિતાની કલમ ૩૨૪ હેઠળ ગુનો નોંધવામાં આવ્યો હોવાનું પોલીસનું કહેવું છે. ■

# નીટ પીજી પરીક્ષાના સમયપત્રકમાં ફેરફાર; પરીક્ષા ૨૩ જૂનના રોજ

મુંબઈ: નેશનલ કમિશન ઑફ મેડિકલ સાયન્સે નીટ પીજી ૨૦૨૪ પરીક્ષાના સમયપત્રકમાં ફેરફાર કર્યો છે. સુધારેલા સમયપત્રક અનુસાર, નીટ પીજી પરીક્ષા ૨૩ જૂને લેવામાં આવશે. જૂના સમયપત્રક મુજબ પરીક્ષા સાત જુલાઈએ યોજાવાની હતી. આ પરીક્ષાનું પરિણામ ૧૫મી જુલાઈના રોજ જાહેર કરવામાં આવશે.

પોસ્ટ ગ્રેજ્યુએટ મેડિકલ એજ્યુકેશન બોર્ડ, નેશનલ કમિશન ઑફ મેડિકલ સાયન્સ, મેડિકલ એડવાઇઝરી કમિટી, ડિરેક્ટોરેટ જનરલ ઑફ હેલ્થ સાયન્સ અને નેશનલ બોર્ડ ઑફ એક્ઝામિનેશન ફોર મેડિકલ સાયન્સ દ્વારા યોજાયેલી બેઠકમાં આ નિર્ણય લેવામાં આવ્યો હતો. નવા સમયપત્રક મુજબ, નીટ પીજી ૨૦૨૪ પ્રવેશ માટે કાઉન્સેલિંગ રાઉન્ડ પાંચ ઑગસ્ટથી ૧૫ ઑક્ટોબર દરમિયાન હાથ ધરવામાં આવશે. પાત્રતા માટેની કટ ઓફ ડેટ ૧૫મી ઑગસ્ટ ૨૦૨૪ હશે. નવું શૈક્ષણિક સત્ર ૧૬ સપ્ટેમ્બરથી શરૂ થશે. તેમજ કોલેજમાં પ્રવેશ માટેની છેલ્લી તારીખ ૨૧મી ઑક્ટોબર છે. ■

# બોડી મસાજર એડલ્ટ સેક્સ ટોય નથી, તેથી ઈમ્પોર્ટ પર પ્રતિબંધ નહીં: હાઈ કોર્ટ

મુંબઈ: હાઈ કોર્ટે બુધવારે જણાવ્યું હતું કે બોડી મસાજરને પુખ્ત વયના સેક્સ ટોય તરીકે વર્ગીકૃત કરી શકાતું નથી અને તેથી તેને આયાત માટે પ્રતિબંધિત વસ્તુઓની સૂચિમાં સમાવી શકાય નહીં અને કસ્ટમ વિભાગ દ્વારા બોડી મસાજરને જપ્ત કરવાના આદેશને રદ કર્યો હતો. કસ્ટમ્સ કમિશનરે એવો દાવો કર્યો હતો કે બોડી મસાજરનો ઉપયોગ પુખ્ત વયના સેક્સ ટોય તરીકે થઈ શકે છે અને આવી વસ્તુઓ આયાત કરવા માટે પ્રતિબંધિત છે.

હાઈ કોર્ટે જણાવ્યું હતું કે બોડી મસાજરનો ઉપયોગ પુખ્ત વયના સેક્સ ટોય તરીકે થઈ શકે છે તે સ્પષ્ટપણે કસ્ટમ્સ કમિશનરની કલ્પના છે . તેણે સેન્ટ્રલ એક્સાઇઝ એન્ડ સર્વિસ ટેક્સ એપેલેટ ટ્રિબ્યુનલ દ્વારા પસાર કરાયેલા મે ૨૦૨૩ના આદેશને પડકારતી કસ્ટમ્સ કમિશનર દ્વારા દાખલ કરવામાં આવેલી અરજીને ફગાવી દીધી હતી, જેમાં બોડી મસાજરને જપ્ત કરવાનો કસ્ટમ વિભાગનો આદેશ હતો. નિર્ણાયક અધિકારી તરીકે કસ્ટમ્સ કમિશનરે એપ્રિલ ૨૦૨૨માં બોડી મસાજર કન્સાઇનમેન્ટને કસ્ટમ ક્લિયરન્સ આપવાનો એમ કહીને ઇનકાર કર્યો હતો કે તે સેક્સ ટોય છે અને તેથી જાન્યુઆરી ૧૯૬૪ માં જારી કરાયેલ કસ્ટમ્સ સૂચના મુજબ આયાત કરવા માટે પ્રતિબંધિત છે.(પીટીઆઈ) ■

# વસઈના ઈન્ડસ્ટ્રિયલ વિસ્તારમાં ભીષણ આગ: ઔદ્યોગિક કચરાને કારણે આગની શક્યતા

વસઇ:વસઇ પૂર્વના નવઘર ઈન્ડસ્ટ્રીયલ એસ્ટેટમાં આવેલી એક પ્લાસ્ટિક કંપનીમાં ગુરુવારે સવારે સાડા અગિયાર વાગ્યાની આસપાસ આગ ફાટી નીકળી હતી. જો કે આગમાં કોઈ જાનહાનિ થઈ ન હતી, પરંતુ કંપનીનો માલ બળી જતા માલનું મોટું નુકસાન થયું હતું.

નવઘર ઔદ્યોગિક વસાહતમાં ગીતા ઇન્ડસ્ટ્રીયલ એસ્ટેટમાં છાપરિયા ઇન્ડસ્ટ્રીઝ બોક્સ ઉત્પાદક છે. ગુરુવારે સવારે સાડા અગિયાર વાગ્યાની આસપાસ તેમાં આગ ફાટી નીકળી હતી. ત્યારબાદ આગ બાજુના શૈલેષ ઈન્ડસ્ટ્રીયલ એસ્ટેટમાં રમકડાં અને એલ્યુમિનિયમ કોલેપ્સીબલ ટ્યુબ, મલ્ટિલેયર લેમિનેટેડ ટ્યુબનું ઉત્પાદન કરતી ફેકટરીમાં ફેલાઈ હતી. આગની જાણ થતાં જ નજીકના નવઘર ફાયર સ્ટેશનના ફાયર કર્મીઓ અને આચોલે મુખ્ય ફાયર સ્ટેશન અને સનસિટીના સબ સ્ટેશનમાંથી પાંચ પાણીના ટેન્કર અને પાંચ ફાયર ટ્રકો સાથે ઘટના સ્થળે પહોંચ્યા હતા. સનસિટી ફાયર સ્ટેશનના વડા વિશાલ શિર્કેએ જણાવ્યું હતું કે, આગ એક કલાકમાં કાબૂમાં આવી હતી.

આ ઔદ્યોગિક વસાહત રાજાવલી ખાડીના કિનારે આવેલી છે અને કંપનીનો ઔદ્યોગિક કચરો અહીં ડમ્પ કરવામાં આવે છે. બુધવારે પણ આ કચરાપેટીમાં આગ લાગવાની ઘટના બની હતી. આગ સંપૂર્ણ રીતે કાબુમાં ન આવી હોવાથી આગ પ્રસરી અને છાપરીયા ઇન્ડસ્ટ્રીઝમાં લાગી હોવાનું અનુમાન લગાવવામાં આવી રહ્યું છે. ■

# કાલબાદેવીના આંગડિયાની કારને આંતરી ૫.૫૦ કરોડની રોકડ લૂંટનારા ત્રણ પકડાયા

મુંબઈ: કાલબાદેવીના આંગડિયાની કારને વિરાર ટોલ નાકા નજીક આંતરી ૫.૫૦ કરોડ રૂપિયા લૂંટવાના કેસમાં માંડવી પોલીસે ત્રણ જણને ગુજરાતમાંથી પકડી પાડ્યા હતા. આ કેસનો માસ્ટરમાઈન્ડ ફરાર હોવાથી રોકડ અંગેની માહિતી કારના ડ્રાઈવરે જ પૂરી પાડી હોવાની શંકા પોલીસે વ્યક્ત કરી હતી.

સૂત્રોના જણાવ્યા મુજબ ઘટના સોમવારની રાતે નવ વાગ્યાની આસપાસ વિરાર ટોલ નાકા નજીક બની હતી. કાલબાદેવીમાં આંગડિયાનું કામ કરતા અને ગુજરાતમાં રહેતા શ્રવણ શંકર ઠાકુર (૨૪), અક્ષય ઠાકુર અને ડ્રાઈવર બાબુ સ્વામી કારમાં ગુજરાત તરફ જવા નીકળ્યા હતા. ઠાકુરની કારને આરોપીઓની કારે આંતરી હતી.

કારમાંથી ઊતરેલા પાંચ આરોપીએ પોતાની ઓળખ પોલીસ તરીકે આપી આઈ કાર્ડ પણ બતાવ્યાં હતાં. પછી તપાસને બહાને અક્ષય અને સ્વામીને પોતાની કારમાં બેસાડી આરોપીઓએ રોકડ ભરેલી બૅગ સાથે લીધી હતી, જ્યારે શ્રવણને તેમની જ કારમાં બેસી રહેવાનું કહેવામાં આવ્યું હતું. થોડે અંતરે ગયા પછી સ્વામી અને અક્ષયને રસ્તા પર ઉતારી આરોપી રોકડ સાથે ફરાર થઈ ગયા હતા.

આ પ્રકરણે માંડવી પોલીસે ગુનો નોંધ્યો હતો, જેની સમાંતર તપાસ ક્રાઈમ બ્રાન્ચ કરી રહી છે. પોલીસને શંકા છે કે ડ્રાઈવર સ્વામીએ જ આરોપીઓને રોકડ અંગેની માહિતી પૂરી પાડી હશે.

દક્ષિણ મુંબઈથી જ ઠાકુરની કારનો આરોપીઓએ પીછો કર્યો હશે. લૂંટનું કાવતરું અને યોજનાબદ્ધ લૂંટ ચલાવનારા માસ્ટરમાઈન્ડની પોલીસ શોધ ચલાવી રહી છે. પકડાયેલા ત્રણ આરોપીની પોલીસ વધુ પૂછપરછ કરી રહી છે. પોલીસે ડ્રાઈવર સ્વામીને પણ પૂછપરછ માટે તાબામાં લીધો હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું. ■


**દુ:ખદ અવસાન પ્રાર્થનાસભા**



**સ્વ. અશ્વિનભાઈ રસીકભાઈ મીઠાણી**
**સ્વ.તા.૧૯/૦૩/૨૦૨૪, મંગળવાર**

સુદાન નિવાસી હાલ રાજકોટ વાસંતીબેન રસિકભાઈ ભાણજી મીઠાણીના સુપુત્ર શ્રી અશ્વિનભાઈ ના આત્મ શ્રયાર્થે (ઉ.વ.૬૭) તે **જસ્મીનાબેનના** પતિ, કુનાલ - ઝીનલ - ઝરના ના પિતા, તેમજ પ્રિતેશ રજનીકાંત દેસાઈ અને આરતીના સસરા તે રાજેશભાઈ, શૈલેષભાઈ, સાધના વિપુલ દોશીના ભાઈ તેમજ સોનલબેન - અલ્કાબેનના જેઠ, વિરાંશ અને સાઈશા ના દાદા અને નીવ ના નાના, નેહા-વિરાજ, નીતી સંજીત, તન્વી નીલ ના પપ્પાજી, સુમતીભાઈ અમૃતલાલ કામદારના જમાઈ અને દિનેશભાઈ લવજીભાઈ ગજેરા ના વેવાઈ નું તા. ૧૯/૦૩/૨૦૨૪, મંગળવારના રોજ દુ:ખદ અવસાન થયેલ છે. પ્રભુ તેમના આત્માને શાંતિ અર્પે એજ પ્રાર્થના.

**પ્રાર્થનાસભા :** તા. ૨૮/૦૩/૨૦૨૪, ગુરૂવારે સવારે ૧૦:૩૦ થી ૧૨:૩૦ કલાકે
**સ્થળ :** જનકલ્યાણ હોલ, જનકલ્યાણ સોસાયટી, એસ્ટ્રોન ચોકની બાજુમાં, રાજકોટ ખાતે રાખેલ છે.

**મીઠાણી પરિવારના જય જીનેન્દ્ર**


# પશ્ચિમ રેલવેમાં એસ્કેલેટર્સ દિવસમાં પાંચ વાર બંધ પડે છે

## કુલી દ્વારા લાલ બટન દબાવવામાં આવતો હોવાના દાવો

મુંબઈ: લાખો પ્રવાસીઓને રાહત આપવાના આશય સાથે પશ્ચિમ રેલવેના વિવિધ સ્ટેશનો પર બાંધવામાં આવેલા દરેકે દરેક એસ્કેલેટર્સ દિવસ દરમિયાન કમ સે કમ પાંચ વાર બંધ પડી જતા હોવાની ચોંકાવનારી માહિતી મળી છે. ૨૦૨૩ની ઉપલબ્ધ માહિતી અનુસાર ચર્ચગેટ અને વિરાર વચ્ચેના સ્ટેશનો પર ૧૦૬ એસ્કેલેટર્સ છે અને વર્ષ દરમિયાન આ એસ્કેલેટર્સ ૧.૯૩ લાખ વખત બંધ પડ્યા છે. મધ્ય રેલવેમાં સીએસએમટી – કલ્યાણ / પનવેલ માર્ગ પર ૧૦૧ એસ્કેલેટર્સ છે પણ અહીં એ બંધ પડી જાય એની કોઈ નોંધ નથી રાખવામાં આવતી. જ્યારે પણ એસ્કેલેટર્સ બંધ પડે એ પછી તેને ફરી શરૂ કરતા અડધોથી પોણો કલાક લાગે છે. આ એસ્કેલેટર્સ બંધ પડવાનું એક કારણ જાણવા મળ્યું છે કે સ્ટેશન પર માલ સામાન ઉંચકતા મજૂરો જ ક્યારેક લાલ રંગનું બટન દાબી દે છે જેથી એસ્કેલેટર્સ બંધ પડી જાય અને પ્રવાસીઓ માલસામાનની હેરફેર માટે તેમની મદદ લે. જે સ્ટેશન પર બહારગામની ટ્રેન આવતી હોય કે રવાના થતી હોય ત્યાં આવું જોવા મળ્યું છે.

પશ્ચિમ રેલવે પ્રત્યેક એસ્કેલેટર્સની જાળવણી પાછળ દર વર્ષે ૧.૮૫ લાખ રૂપિયા ખર્ચે છે. ૧૦૬ એસ્કેલેટર્સ માટે એક વર્ષનો જાળવણી ખર્ચ થાય ૧.૯૬ કરોડ રૂપિયા. મધ્ય રેલવેમાં પ્રત્યેક એસ્કેલેટર્સની જાળવણીનો વાર્ષિક ખર્ચ ૨.૯૭ લાખ રૂપિયા છે અને ૧૦૧ એસ્કેલેટર્સ માટે આ ખર્ચનો આંકડો થાય છે ૨.૯૯ કરોડ રૂપિયા. ■

**ગોખલે અને બરફીવાલા પુલ કનેક્ટરની સમસ્યા**

# ફ્લાય ઓવર સ્લેબને એલિવેટેડ કરવાની પદ્ધતિનો વીજેટીઆઈનો પ્રસ્તાવ

મુંબઈ: વીરમાતા જીજાબાઈ ટેક્નોલોજિકલ ઈન્સ્ટિટ્યૂટએ બુધવારે ગોખલે બ્રિજ અને બરફીવાલા ફ્લાયઓવર વચ્ચેની ઊંચાઈની અસમાનતાના ઉકેલ તરીકે બીએમસીને અહેવાલ સુપરત કર્યો હતો. સંસ્થાએ જણાવ્યું હતું કે ફ્લાયઓવરને તોડી પાડવાને બદલે, તેના સ્લેબને ગોખલે બ્રિજ સાથે ગોઠવવા માટે, જેક અને વિશિષ્ટ એન્જિનિયરિંગ તકનીકનો ઉપયોગ કરીને વધારી શકાય છે.

અંધેરી પૂર્વ-પશ્ચિમ કનેક્ટર તરીકે ચાવીરૂપ બરફીવાલા ફ્લાયઓવર, જુહુથી ગોખલે બ્રિજ માટે એક મહત્ત્વપૂર્ણ કનેક્ટર છે પરંતુ બે પુલ વચ્ચે ૨.૮ મીટરની ઊંચાઈના તફાવતને કારણે હદ બહાર જાહેર કરવામાં આવ્યો હતો. વિવાદ થયા પછી, બીએમસી એ સમસ્યાના ઉકેલ માટે વિજેટીઆઈની નિમણૂક કરી હતી .

એક નાગરિક અધિકારીએ પુષ્ટિ કરી હતી કે વિજેટીઆઈ રિપોર્ટમાં બરફીવાલા ફ્લાયઓવર સારી સ્થિતિમાં હોવાનું કહેવામાં આવ્યું છે અને તેને તોડવો જોઈએ નહીં. વિજેટીઆઈ એ ફ્લાયઓવર સ્લેબને એલિવેટ કરવાની એક પદ્ધતિનો પ્રસ્તાવ મૂક્યો છે, જેકનો ઉપયોગ કરીને તેને ગોખલે બ્રિજ સાથે ગોઠવી શકાય છે. સ્તંભો નીચેથી એક પેડેસ્ટલ દ્વારા ઊભા કરવામાં આવશે. એકવાર પૂર્ણ થયા બાદ ડામર રોડનું કામ શરૂ થશે.

આ પ્રોજેક્ટ માટે અંદાજિત સમયમર્યાદા વર્ક ઓર્ડર જારી થયાના ત્રણ મહિનાની છે, અને તેનો અંદાજિત ખર્ચ ₹૩ કરોડનો હશે. આ ઉપક્રમ માટે અત્યંત વિશિષ્ટ નિપુણતાની જરૂર છે. સ્લેબ ઉપાડવાનો અગાઉનો અનુભવ ધરાવતી પાંચ એજન્સીઓને આ માટે ભલામણ કરવામાં આવી છે.

નાગરિક અધિકારીએ જણાવ્યું હતું કે ગોખલે બ્રિજના ખુલ્લા થવાથી મુસાફરોને ઘણો ફાયદો થયો છે. એકવાર બરફીવાલા ફ્લાયઓવરને સુધારી દેવામાં આવ્યા પછી, લોખંડવાલા અને અંધેરી પશ્ચિમના મુસાફરોને એસવી રોડ ક્રોસ કરવાની જરૂર રહેશે નહીં. તેના બદલે ફ્લાયઓવરનો ઉપયોગ કરી શકે છે, જેથી મુસાફરીનો સમય બચશે. ■

# 'વિલફુલ ડિફોલ્ટર' જાહેર કરતી વખતે વાજબી આદેશો આપવા: હાઇ કોર્ટ

મુંબઈ: બોમ્બે હાઈકોર્ટે કહ્યું હતું કે બૅન્કો અને નાણાકીય સંસ્થાઓએ ભારતીય રિઝર્વ બૅન્કના માસ્ટર સર્ક્યુલર હેઠળ કોઈ અસ્તિત્વ ધરાવનાર કંપની અથવા વ્યક્તિને 'વિલફુલ ડિફોલ્ટર' જાહેર કરતા પહેલા વાજબી આદેશો પસાર કરવા જોઈએ.

જસ્ટિસ બી પી. કોલાબાવાલા અને સોમશેખર સુંદરેસનની ડિવિઝન બેન્ચે ચોથી માર્ચે પોતાના આદેશમાં નોંધ્યું હતું કે વિલફુલ ડિફોલ્ટર્સને નાણાકીય ક્ષેત્રે ઍક્સેસથી બહિષ્કૃત કરવામાં આવે છે અને તેથી, આરબીઆઈ પરિપત્ર હેઠળ બૅન્કોએ સાવધાની સાથે વિવેકબુદ્ધિનો ઉપયોગ કરવો જોઈએ. બેન્ચ આઇએલ એન્ડ એફએસ ફાયનાન્સિયલ સર્વિસિસ લિમિટેડના ભૂતપૂર્વ સંયુક્ત મેનેજિંગ ડિરેક્ટર મિલિંદ પટેલ દ્વારા દાખલ કરવામાં આવેલી અરજી પર સુનાવણી કરી રહી હતી, જેમાં ૨૦૧૫ના આરબીઆઈ દ્વારા જારી કરવામાં આવેલ માસ્ટર સર્ક્યુલર હેઠળ ફર્મ અને તેના પ્રમોટર્સને જાણીજોઈને ડિફોલ્ટર્સ જાહેર કરવાના ફેબ્રુઆરી ૨૦૨૩ માં યુનિયન બેન્ક ઑફ ઈન્ડિયા દ્વારા પસાર કરવામાં આવેલા આદેશને પડકારવામાં આવ્યો હતો. આરબીઆઈના પરિપત્રમાં બૅન્કો/નાણાકીય સંસ્થાઓને વિલફુલ ડિફોલ્ટર્સનો ડેટા ત્રિમાસિક ધોરણે સબમિટ કરવા માટે કહેવામાં આવ્યું છે, જે સિક્યોરિટીઝ એન્ડ એક્સચેન્જ બોર્ડ ઓફ ઈન્ડિયા (સેબી)ને પણ જણાવવામાં આવે છે.(પીટીઆઇ) ■


**૧૭ મી પુણ્યતિથિ**



**શ્રીમતી મમતા પારસ ગુન્દેચા**
**૧૬.૧૨.૧૯૫૯ - ૨૨.૦૩.૨૦૦૭**

આપણે જેને પ્રેમ કરીએ છીએ તેઓ જતા નથી,
દરરોજ આપણી સાથે રહે છે.
જીવનની પ્રેમાળ સ્મૃતિમાં જે ક્યારેય ભૂલાય નહીં.

પારસ
પૂનમ જતીન
દીપક રુચિકા
તથા ગુન્દેચા પરિવાર

GUNDECHA
DEVELOPING MILESTONES SINCE 1966

LIKE & FOLLOW: /Mumbaisamachar4u

# અટલ સેતુ પરથી સમુદ્રમાં ઝંપલાવનારી ડૉ. કિંજલ શાહની ચોથા દિવસે પણ ભાળ ન મળી

મુંબઈઃ દક્ષિણ મુંબઈને નવી મુંબઈથી જોડતા દરિયાઇ પુલ અટલ સેતુ પરથી સમુદ્રમાં ઝંપલાવનારી દાદરની મહિલા ડોક્ટર કિંજલ શાહની પોલીસ દ્વારા ગુરુવારે પણ શોધ ચલાવાઇ હતી, પણ સાંજ સુધી તેની કોઇ ભાળ મળી નહોતી. ભોઇવાડા પોલીસ સ્ટેશનના સિનિયર ઇન્સ્પેક્ટર સુભાષ બોરાટેએ જણાવ્યું હતું કે કિંજલ શાહની સોમવાર બપોરથી શોધ ચલાવવામાં આવી રહી છે. ગુરુવારે પણ સર્ચ ઓપરેશન હાથ ધરાયું હતું, પણ તેનો કોઇ પત્તો લાગ્યો નહોતો. પોલીસના જણાવ્યા અનુસાર મહિલાને શોધવા માટે કોસ્ટલ સિક્યુરિટી ડિપાર્ટમેન્ટની સ્પીડ બોટ, માછીમારોની બોટ તેમ જ ખાનગી કંપનીની બોટનો ઉપયોગ કરવામાં આવી રહ્યો છે. દરમિયાન માછીમારોના સંગઠનોનો ઘટનાની જાણ કરાઇ છે અને જો દરિયામાં કે કિનારે કોઇ મૃતદેહ મળે તો તાત્કાલિક જાણ કરવાનું કહેવામાં આવ્યું છે.

ઉલ્લેખનીય છે કે દાદર વિસ્તારમાં નવીન આશા બિલ્ડિંગમાં રહેતી ડૉ. કિંજલ શાહ સોમવારે કામ અર્થે બહાર જઇ રહ્યાનું પિતાને કહીંને ઘરેથી નીકળી હતી. શિંદેવાડી ખાતેથી ટેક્સી પકડીને કિંજલ બપોરે અટલ સેતુ પર ગઇ હતી, જ્યાં ડ્રાઇવરને તેણે ટેક્સી થોભાવવાનું કહ્યું હતું. ડ્રાઇવરે પ્રથમ ટેક્સી થોભાવી નહોતી. જોકે બાદમાં તેણે ટેક્સી રોકતાં કિંજલ બહાર આવી હતી અને થોડે દૂર ગયા બાદ તેણે સમુદ્રમાં ઝંપલાવી દીધું હતું.

# ઈડલી-સાંભારમાંથી ગરોળી નીકળી, ૩૦ વિદ્યાર્થીને ક્લિનિકમાં ખસેડવામાં આવ્યાં

મુંબઈઃ ધારાવીની ખાનગી સ્કૂલમાં મધ્યાહન ભોજનમાં ગરોળી નીકળતા સ્કૂલ પ્રશાસન હરકતમાં આવ્યું હતું. બાળકોને પીરસવામાં આવેલી ઈડલી-સાંભારમાંથી ગરોળી હોવાનું ધ્યાનમાં એક બાળકને આવ્યું હતું. ઈડલી-સાંભાર ખાધા પછી લગભગ ૩૦ વિદ્યાર્થીને સાયનની ખાનગી ક્લિનિકમાં ખસેડવામાં આવ્યા હતા. શાહુ નગર પોલીસના જણાવ્યાનુસાર બપોરનું ભોજન શાળા દ્વારા નહીં પણ પડોશમાં આવેલી હોટેલ દ્વારા પૂરું પાડવામાં આવ્યું હતું. જે મા-બાપ પોતાના બાળકોને બ્રેકફાસ્ટ કે લન્ચ પૂરું પાડી શકતા નથી તેઓ જેપી હોટેલ સાથે ટાય-અપ કરી લે છે, જે રોજે રોજ શાળાના બાળકોને લન્ચ પૂરું પાડે છે. તેઓ મોટા ભાગે તેમને ઈડલી, સાંભારની સાથે અન્ય સાઉથ ઈન્ડિયન ફૂડ પણ પૂરું પાડે છે. બુધવારે જ્યારે બાળકોને ફૂડ આપતા હતા ત્યારે એક બાળકે જોયું કે તેના સાંભારમાં ગરોળી તરી રહી હતી.

આ લોકોએ ઈડલી-સાંભાર ખાધા પછી વિદ્યાર્થીઓ ઉલટી કરવા લાગ્યા હતા. આ તમામ વિદ્યાર્થીઓ પાંચમાં અને છઠ્ઠા ધોરણમાં અભ્યાસ કરતા હતા. સ્ટાન્ડર્ડ ઓપરેટિંગ પ્રોસિજર (એસઓપી)ના પગલે ખોરાકમાં ઝેરની તપાસ માટે બાળકોને તુરંત નજીકની ક્લિનિકમાં લઈ જવામાં આવ્યા હતા.

હૉસ્પિટલ પ્રશાસનને જણાવ્યું હતું કે કોઈ પણ બાળકમાં ફૂડ પોઈઝનિંગ થવાની જાણ નથી થઈ. ઝોન-૫ ડીસીપી તેજસ્વી સાતપુતેએ કહ્યું હતું કે એફડીએ દ્વારા તપાસ માટે ફૂડ સેમ્પલ એકત્ર કરવામાં આવ્યા છે અને એક વાર રિપાર્ટ આવ્યા પછી અમે આગળની કાર્યવાહી કરીશું.

# પરિણીતા પર બળાત્કાર ગુજારીને ₹ પાંચ લાખ પડાવ્યાઃ યુવક સામે ગુનો

થાણેઃ પરિણીતા પર વારંવાર બળાત્કાર ગુજારવા અને તેની પાસેથી રૂ. પાંચ લાખ પડાવવા બદલ યુવક સામે ગુનો દાખલ કરવામાં આવ્યો હતો.

રબાળે પોલીસ સ્ટેશનના અધિકારીએ જણાવ્યું હતું કે ૨૦૨૧માં પરિણીતાને ઘેનયુક્ત ઠંડુંપીણું પીવડાવી આરોપીએ તેના પર બળાત્કાર ગુજાર્યો હતો. એ સમયે આરોપીએ પરિણીતાના અશ્લીલ વીડિયો ઉતારી લીધા હતા.

બાદમાં આરોપીએ એ વીડિયો સોશિયલ મીડિયા પર વાયરલ કરવાની ધમકી આપીને પરિણીતા સાથે અનેકવાર દુષ્કર્મ આચર્યું હતું. ઉપરાંત આરોપીએ તેની પાસેથી રૂ. પાંચ લાખ પણ પડાવ્યા હતા, એમ ફરિયાદમાં જણાવ્યું હતું.

પોલીસે આ ફરિયાદને આધારે આરોપી વિરુદ્ધ ગુનો દાખલ કર્યો હતો. જોકે આરોપીની હજી સુધી ધરપકડ કરવામાં આવી નથી, એમ અધિકારીએ કહ્યું હતું.

### ટૂંક સમયમાં માયાનગરીમાં દેશનો સૌથી લાંબો દરિયાઇ પુલ

# વિરાર - વર્સોવા પુલને પાલઘર સુધી લંબાવાશે

મુંબઈઃ બંને તરફ વિશાળ દરિયો અને તેના પરથી પસાર થતી કાર એ પણ ૧૦-૨૦ કિમી નહીં , પરંતુ ૪૩ કિમીનો આ રોમાંચક નજારો. ટૂંક સમયમાં માયાનગરીમાં આ માયાવી ફ્લાયઓવર બનાવવામાં આવશે. તેની એક છેડેથી ઉપનગરીયવાસીઓ થોડી મિનિટોમાં મુંબઈમાં પ્રવેશ કરશે. લગભગ અઢી કલાકનું અંતર માત્ર ૩૦ મિનિટમાં કાપવામાં આવશે. મુંબઈમાં અત્યાર સુધીનો આ સૌથી મહત્ત્વકાંક્ષી પ્રોજેક્ટ છે. તે ટૂંક સમયમાં શરૂ થશે. પ્રોજેક્ટના અડધા ભાગની મંજૂરી રાજ્ય સરકારે આપી દીધી છે. મુંબઈમાં વર્સોવાથી વિરારના ૪૩ કિમીના અંતરને ફ્લાયઓવર દ્વારા જોડવામાં આવશે. આ પ્રોજેક્ટ આગળ પાલઘર સુધી વિસ્તારવાની યોજના છે. આ ફ્લાયઓવર દેશનો સૌથી લાંબો દરિયાઈ પુલ હશે. આ ફ્લાયઓવર આઠ લેનનો હશે અને ખર્ચ અંદાજે ૬૪ હજાર કરોડ રૂપિયા થવાની શક્યતા છે. ચારકોપ, મીરા-ભાયંદર અને વસઈ જેવા મુખ્ય ઉપનગરોને આ દરિયાઈ માર્ગથી જોડવામાં આવશે. આ ફ્લાયઓવર દરિયામાં એક કિલોમીટર અંદર હશે. આ પ્રોજેક્ટ ક્યારે પૂરો થશે તેની સમયમર્યાદા હજુ જાહેર કરવામાં આવી નથી. પરંતુ આગામી છ થી સાત વર્ષમાં આ ફ્લાયઓવર ટ્રાફિક માટે ખુલ્લો મુકવામાં આવે તેવી શક્યતા છે.

## હિન્દુ મરણ

**વિશા સોરઠીયા વણિક**

મોટા કાલાવડવાલા હાલ મુંબઇ સ્વ. લક્ષ્મીચંદ જમનાદાસના સુપુત્ર હસમુખભાઇ (ઉં. વ. ૮૧) તા. ૨૦-૩-૨૪ના શ્રીજીચરણ પામેલ છે. મૃદુલાબેનના પતિ. આદીત, હેતલના પિતા. નેહા, સંજીવના સસરા. અવીરાજના દાદા. જહાનવી, કુશના નાના. પ્રવીણભાઇ, કિશોરભાઇ, ભગવાનદાસભાઇ, હરકીશનભાઇ તથા ઉષાબેનના ભાઇ. લૌકિક પ્રથા બંધ છે.

**ઘોઘારી મોઢ વણિક**

મૂળ વતન પાળિયાદ, હાલ અંધેરી નિવાસી સૌ. કલ્પનાબેન (ઉં.વ. ૭૨) તા. ૨૧-૬-૨૪ના રોજ અક્ષરનિવાસી થયા છે. તે રમેશભાઈના ધર્મપત્ની. અ. નિ. જસુમતી કેશવલાલ વડોદરીયાના પુત્રવધૂ. સ્વ. નલીનીબેન પ્રકાશભાઈ, હેમા મુકેશભાઈ, હિતેષી તરૂણભાઈ, મીનાબેન પંકજભાઈના ભાભી. સેજલ બીરેન કરાણી અને રીના વિરલ શાહના માતુશ્રી. માહિર, આયુષ, જીઆનાના નાની. પિયર પક્ષે સ્વ. ભાનુબેન ચંદુલાલના પુત્રી. દીના શૈલેષના બહેન. પ્રાર્થનાસભા તા. ૨૩-૩-૨૪ના રાખેલ છે. સ્થળઃ અમૃત બાગ, બજાજ રોડ, વિલેપાર્લા વેસ્ટ. સમયઃ ૫ થી ૭.

**કચ્છી લોહાણા**

રમેશચંદ્ર કાકુભાઈ સોમૈયા (ઉં.વ. ૮૨) કચ્છ ગામ લખપત હાલ મુલુન્ડ (મુંબઈ) નિવાસી તા. ૨૧-૩-૨૪ના રામશરણ પામેલ છે. તે અરૂણાબેનના પતિ. સ્વ. દેમાબાઈ કાકુભાઈ સોમૈયાના જયેષ્ઠ પુત્ર. સ્વ. લક્ષ્મીબેન લીલાધર કોટક (ખાવડાવાળા)ના નાના જમાઈ. સ્વ. પ્રફુલાબેન રમેશચંદ્ર પલણના બનેવી. સ્વ. પુષ્પાબેન જેઠાલાલ ચંદે, સ્વ. રસિક તથા મનસુખભાઈના ભાઈ. પલ્લવી તથા મિતેષના પિતા. પ્રાર્થનાસભા રાખેલ નથી તથા લૌકિક વ્યવહાર બંધ છે.

**દશા સોરઠિયા વણિક**

કાંકચ નિવાસી હાલ સાંતાક્રુઝ સ્વ. લીલાવતી પ્રેમચંદ શાહના સુપુત્ર ભાનુરાય શાહ તા. ૨૦-૩-૨૪ના શ્રીજીચરણ પામ્યા છે. તે સ્વ. કલાવતીના પતિ. સ્વ. જમનાદાસભાઇ, સ્વ. પ્રવીણભાઇ, સ્વ.પ્રભાબેન, સ્વ. રમાબેન તથા અ. સૌ. હસુબેન ધીરેન પારેખના ભાઇ. તે ધર્મેશ, અનીલ, પ્રજ્ઞા, દીપા મીતેશ કુરાણીના પિતા. તે મીના, તેજલના સસરા. સ્વ. ચંદુભાઇ ભગવાનજી વિભાકર તથા બીપીન ભગવાનજી વિભાકરના બનેવી. લૌકિક વ્યવહાર બંધ છે.

**સિહોર સંપ્રદાય ઔદિચ્ય અગિયારસે બ્રાહ્મણ**

મોરચંદ નિવાસી હાલ થાણા ગં. સ્વ. મધુકાંતાબેન ભૂપતરાય વ્યાસના પુત્ર વિજયભાઇ (ઉં. વ. ૫૦) તે હીનાબેનના પતિ. પ્રિયા, દિશા, શુભના પિતાશ્રી. તે નલીનભાઇ, હિતેશભાઇ, જયેશભાઇના ભાઇ. તે ગં. સ્વ. પ્રવીણાબેન ગજાનંદભાઇ દેસાઇના જમાઇ. તથા નિરંજનભાઇ તથા ડિમ્પલબેન શૈલેષકુમાર ભટ્ટના બનેવી. બુધવાર તા. ૨૦-૩-૨૪ના કૈલાસવાસી થયેલ છે. સર્વપક્ષીય પ્રાર્થનાસભા શનિવાર, તા. ૨૩-૩-૨૪ના સાંજે ૪થી ૬.ઠે. જીવરાજ ભાણજી હોલ, અશોકનગર, મેહુલ ટોકીઝની બાજુમાં, મુલુંડ પશ્ચિમ.

**હાલાઇ લોહાણા**

મૂળ ગામ ગરેજ હાલ કાંદિવલી નીવાસી સ્વ. નર્મદાબેન રૂઘાણી (ઉં. વ. ૮૯) તા. ૨૧-૩-૨૪ના શ્રીજીચરણ પામ્યા છે. તે ભાણજી ઓધવજી રૂઘાણીના ધર્મપત્ની. સ્વ. કરસનદાસ પ્રેમજી મીઠીયાના દીકરી. સ્વ. મીનાબેન રમેશકુમાર મસરાણી, હેમાબેન જીતેન્દ્રકુમાર વિઠલાણી, સ્વ. કિશોરભાઇ અને વિનોદભાઇ તથા જયશ્રી કીરીટકુમાર ઠકરારના માતા. ગં. સ્વ. જ્યોતિબેન કિશોર રૂઘાણી, પ્રીતીબેન વિનોદ રૂઘાણીના સાસુજી. પ્રાર્થનાસભા વર્ધમાન સ્થાનકવાસી જૈન શ્રાવક સંઘ, પારેખ લેન કોર્નર હાલાઇ લોહાણા મહાજનવાડીની સામે, ચોથે માળે, કાંદિવલી (વેસ્ટ), શુક્રવારે, તા. ૨૨-૩-૨૪ના સાંજેઃ ૪થી ૬. લૌકિક વ્યવહાર બંધ છે.

**હાલાઇ લોહાણા**

વીણાબેન અનારકટ (ઉં. વ. ૯૫) તે સ્વ. કનૈયાલાલ નારણદાસ અનારકટ (બચુભાઇ)ના ધર્મપત્ની. તે સ્વ. રાજેશ્રી સુરેશભાઇ ઠક્કરના માતુશ્રી. તે સ્વ. મનુભાઇ મોનજી ગઢિયાની પુત્રી. તે સ્વ. મણિબેન નારણદાસ અનારકટના પુત્રવધૂ. તે રમાબેન, હંસાબેન, સ્વ. અમૃતલાલભાઇ, તે સ્વ. મહેન્દ્રભાઇ, અરવિંદભાઇ, સ્વ. મહેશભાઇ, અનિલભાઇના બેન. તે દિવ્યેશ તથા સ્વ. હેમંતના નાનીમા. સોમવાર, તા. ૧૮-૩-૨૪ના શ્રીજીચરણ પામ્યા છે. લૌકિક વ્યવહાર બંધ છે.

**ઘોઘારી દશા શ્રીમાળી વણિક**

તળાજા નિવાસી હાલ દહિસર દાણી ઇન્દ્રવદન મહેતા (ઉં.વ. ૮૧) તે ગં.સ્વ. કુંદનબેન રમણીકલાલ મહેતાના પુત્ર. રેખાબેનના પતિ. અર્ચના નિમેષ, વૈશાલી અમિતના સસરા. દિલીપભાઈ, અશોકભાઈ, પૂર્ણિમા પ્રદ્યુમ્ન વડિયા, સ્વ. પલ્લવી લલિતભાઈ પટેલના ભાઈ. તે સાસરાપક્ષે પેટલાદ નિવાસી હાલ વિલેપાર્લા દિનેશભાઇ, સ્વ. પંકજભાઈ નટવરલાલ શાહ તથા આશાબેન મુકેશભાઈ વસાણીના બનેવી. તે ૨૦/૩/૨૪ના શ્રીજીશરણ પામેલ છે. પ્રાર્થનાસભા તથા લૌકિક વ્યવહાર બંધ છે.

**દેસાઈ જ્ઞાતિ**

પાલનપુર નિવાસી હાલ મલાડ દેવકરણ ધનાભાઈ દેસાઈ (ઉં.વ. ૬૯) તે ૧૩/૩/૨૪ના રામશરણ પામેલ છે. તે શાંતાબેનના પતિ. રોહન, દર્શના, મનીષાના પિતા. અલ્પા, ધ્રુવ પરીખ તથા પાર્થ નથવાનીના સસરા. નાગજીભાઈ તથા બીજલભાઈના ભાઈ. સાસરાપક્ષે પાલનપુરવાળા સ્વ. લાડુબેન દેવાભાઇ દેસાઈના જમાઈ. પ્રાર્થનાસભા ૨૩/૩/૨૪ના ૫ થી ૭. વર્ધમાન સ્થા જૈન સંઘ, પહેલે માળે, પારેખ ગલ્લી કોર્નર, લોહાણા મહાજનવાડી સામે, એસ.વી.રોડ, કાંદિવલી વેસ્ટ.

**મોઢ વણિક**

સુરત નિવાસી હાલ બોરીવલી શિરીષ બરફીવાલા (ઉં.વ. ૭૮) તે ૧૯/૩/૨૪ના શ્રીજીશરણ પામેલ છે. તે ઉષાબેનના પતિ. નીરવ તથા મેહુલના પિતા. પૂનમના સસરા. રિવા ફિબીના દાદા. પ્રાર્થનાસભા ૨૨/૩/૨૪ના ૪ થી ૬. વર્ધમાન સ્થા જૈન સંઘ, ડાયમંડ ટોકીઝની સામે, એલ.ટી. રોડ, બોરીવલી વેસ્ટ.

**મેઘવાળ**

ગામ આયાવેજ ૧, હાલ તુલસીવાડી મુંબઈ સ્વ. વિશ્રામ કમાભાઈ વણોલ (ઉં.વ. ૬૮) મંગળવાર, તા. ૧૯-૩-૨૪ના અવસાન પામ્યા છે. તે સ્વ. જાનાબાઈ અને કમાભાઈના પુત્ર અને સ્વ. નાનુબેનના પતિ. સ્વ. નિલેશભાઈ, સ્વ. પ્રિતીબેનના પિતાજી. સ્વ. કરસનભાઇ, સ્વ. પ્રવિણભાઈના ભાઈ. વિનોદભાઈના કાકા. તેમનું બારમું શનિવાર તા. ૨૩-૩-૨૪. ૧૦ કલાકે તેમના નિવાસસ્થાન : ૧૮૦૭ એ૧ના વેલફેર હોલમાં, સામંતભાઈ રાઠોડ માર્ગ, તુલસીવાડી, મું. ૩૪.

**કચ્છી લોહાણા**

કચ્છ ગામ કોઠારા હાલે માધાપર તે લીલાવતીબેન ધારશી રૂપારેલનાં સુપુત્ર તુલસીદાસ (ઉં.વ. ૬૭) તે હેમાબેનના પતિ. તે સીતાબેન વેલજી ગણાત્રા કચ્છ ગામ તેરા વાલાના જમાઈ. સ્વ. નરસીભાઈ, સ્વ. કાનજીભાઈ, કેશવજીભાઇ, કુંવરજીભાઇ, સ્વ. આશાબેનના ભાઈ. શ્રદ્ધા નિલેશભાઈ, અંકુરના પિતાશ્રી. પ્રજ્ઞાબેનના સસરા તા. ૨૦-૩-૨૪ના કચ્છ મધ્યે રામશરણ પામેલ છે. પ્રાર્થનાસભા મુંબઇ મધ્યે રાખેલ નથી.

**શીહોર સંપ્રદાય ઔદિચ્ય બ્રાહ્મણ**

બળવંતરાય ભાનુશંકર દવે, તે શ્રીમતિ જ્યોતિ દવેનાં પતિ. દર્શન - સાગરનાં પિતા. સ્વાતિ - છાયાનાં સસરા. જાગ્રવી - મહિકા - દક્ષનાં દાદાજી, તા. ૨૦/૦૩/'૨૪, સ્વર્ગસ્થ થયા છે. પ્રાર્થનાસભા તા. ૨૩/૩/૨૪, શનિવારે ૪.૦૦ થી ૬.૦૦. વિલે પાર્લે મેડિકલ અસોસિયેશન હૉલ, ગ્રાઉન્ડ ફ્લોર, જનાર્દન રામજી મ્હાત્રે માર્ગ, ચંદન સિનેમાની પાછળ, સાંઈનાથ નગર, જે.વી. પી. ડી. સ્કીમ, જુહુ, મુંબઈ-૪૦૦૦૪૯.

**લોહાણા**

કુમારી ચરુલતા કલ્યાણદાસ કાનાણી (ઉં.વ. ૫૮), તે સ્વ. નલીનીબેન કલ્યાણદાસ રામદાસ કાનાણીના સુપુત્રી. તે શૈલેષભાઈ અને હરનિષભાઈના બેન. તે સ્વ. લક્ષ્મીદાસ રામદાસ કાનાણી તથા ગં.સ્વ. લીલાબેન સુરેશભાઈ કાપડિયા તથા શ્રી પદ્મસેન રામદાસ કાનાણીના ભત્રીજી તથા સ્વ. મહેન્દ્રભાઈ ભગવાનદાસ ઠક્કર (વડોદરાવાળા)ના પૌત્રી તા. ૧૬-૩-૨૪ના શ્રીજીચરણ પામેલ છે. લૌકિક વ્યવહાર બંધ છે.

## પારસી મરણ

પીરોજાબેન ભિખાજી તવડીયા તે મરહુમો દાનામાય તથા ભિખાજીના દીકરી. તે મરહુમો ફીરોઝ ને હિરાના બહેન. તે મહારૂખ ફિરોઝ તવડીયાના નણંદ. તે ફરઝાદના ફઇ. ને ફરઝીનના ફઇ-સાસુ. તે બોમી, કેરસી ફીરદોશ, આસીસ ને જેસમીનના કઝીન (ઉં. વ. ૮૩) રે. ઠે. બી-૧૧, સ્મૃતિકુંજ સોસાયટી, જી.ઇ.બી.ની સામે, સ્ટેશન રોડ, બીલીમોરા-૩૯૬૩૨૧. ઉઠમણાંની ક્રિયાઃ શનિવાર તા. ૨૩-૩-૨૪ના રોજ બપોરે ૩.૪૫ કલાકે અંધેરી પટેલ અગિયારી.

તેહમી ફિરોઝ પુનીવાલા તે મરહુમ ફિરોઝ કૈખશરૂ પૂનીવાલાના ખાવીંદ. તે મરહુમો નાજામાય ને ધનજીશા દુબાશના દિકરી. તે ફીરદોશ ને હુફરીશ નાગપોરવાળાના માતાજી. તે આસીશના સાસુ. તે જાલ, મહેરુ તથા મરહુમો નરગીશ, દીનુ, મની ને રૂસીના બહેન. તે પરીનાઝ, યઝદ ને નાશાના બપાવા. તે આદીલ ના મમાવા. (ઉં. વ. ૮૬) રે. ઠે. ૭૮૦ કરાની મેનશન, જામે જમશેદ રોડ, પારસી કોલોની, દાદર (ઇ), મુંબઇ-૪૦૦૦૧૪. ઉઠમણાંની ક્રિયા : શનિવાર તા. ૨૩-૩-૨૪ના રોજ બપોરે ૩. ૪૫ કલાકે, રૂસ્તમ ફરામની અગિયારી દાદર.

## જૈન મરણ

**પોરબંદર લોકાગચ્છ જૈન**

હાલ ચેંબુર પૂર્ણિમા નયન શેઠના (ઉં. વ. ૭૧) બુધવાર, તા. ૨૦-૩-૨૪ના અરિહંતશરણ થયેલ છે. તે સ્વ. હિરામણી, સ્વ. હિરાલાલના પુત્રવધૂ. મધુકર તથા તનમન વિનોદચંદ્ર ઢાંકીના ભાભી. સ્વ. કુમારના માતા. મયુરાના સાસુ. તથા માંગરોળ નિવાસી સ્વ. કાનજી ચત્રભુજ શાહની દીકરી. પ્રાર્થના શુક્રવાર તા. ૨૨-૩-૨૪ના ૪થી ૬. ઠે. ફાઇન આર્ટસ ઓડીટોરિયમ, ચેમ્બુર મોનોરેલ સ્ટેશન પાસે,આર. સી. માર્ગ, ચેમ્બુર, મુંબઇ-૪૦૦૦૭૧.

**ઘોઘારી વિશા શ્રીમાળી સમાજ જૈન**

અગિયાળીવાળા હાલ ઘાટકોપર રમીલાબેન કનૈયાલાલ લાલંચદ શાહના પુત્ર. વિમલ શાહ (ઉં. વ. ૪૯) તા. ૨૦-૩-૨૪ના બુધવારના અરિહંતશરણ પામેલ છે. ચાંદનીના પતિ. આયુષના પપ્પા, હિરેન નિલેશ પરેશ પ્રિતીના ભાઇ. હર્ષાબેન કિશોરચંદ્ર પ્રભુદાસ મકવાણા (મોરબી હાલ ઘાટકોપર)ના જમાઇ. ભાવેશ, જય, નમ્રતા, નીતુ અંકિતા નિખિલકુમારના બનેવી. સાદડી શુક્રવાર તા. ૨૨-૩-૨૪ના ૩થી ૫, ઠે. જીરાવાલા પાર્શ્વનાથ જૈન દેરાસર, દેરાસર લેન,ઘાટકોપર-પૂર્વ.

**ઘોઘારી વિશા શ્રીમાળી જૈન**

ભંડારીયા (કામળીયા) નિવાસી હાલ કોલકતા રાજેશભાઈ મહેતા તે સ્વ. જયાબેન તથા જયંતિલાલ જાદવજી મહેતાના પુત્ર. મીનાબેનના પતિ. શાલીન-જુલી, મેઘના-રચીતના પિતા. રેખાબેન મહેન્દ્રકુમાર, ભરત-નિશા, જતીન-જીગીશાના ભાઈ. ચારૂબેન ઔચાલાલના જમાઈ. બુધવાર, તા. ૨૦-૩-૨૪ના અરિહંતશરણ પામેલ છે. પ્રાર્થનાસભા તા. ૨૩-૩-૨૪ના સવારના ૯ થી ૧૦.૩૦. સ્થળઃ તેરાપંથ ભવન, પદપુકુર લેન, કોલકતા.

**સોરઠ વિશા શ્રીમાળી જૈન**

જેતપુર નિવાસી હાલ ગોરેગામ સ્વ. મનહરલાલ રતિલાલ રાઘવજી દોશીના જેષ્ઠપુત્ર ભાવિન (ઉં.વ. ૫૨) તે જિજ્ઞાના પતિ. જેનીષા તથા શુભમના પિતા. બીરેનના મોટાભાઈ. સ્વ. રંજનબેન, ભાનુબેન, સુશીલાબેન, મીનાબેન, જાગૃતિબેન, મુકેશભાઈ, ઇન્દિરાબેનના ભત્રીજા. શ્વસુરપક્ષે ભાણવડ નિવાસી હાલ હૈદરાબાદ વિનોદરાય મોતીચંદ મહેતાના જમાઈ. તે ૧૯/૩/૨૪ના અરિહંત શરણ પામેલ છે. લૌકિક વ્યવહાર બંધ છે. ૫૨, જવાહર નગર, રોડ નં ૬, ગોરેગાવ વેસ્ટ.

**ઝાલા. વિશા. શ્રી સ્થા જૈન**

ધ્રાંગધ્રા નિવાસી હાલ કાંદિવલી સ્વ. કંચનબેન તથા સ્વ. હિંમતલાલ છોટાલાલ શાહ (માથકિયા)ના સુપુત્ર દિલીપભાઈ (ઉં.વ. ૭૬) તે સ્વ. વિલાસબેનના પતિ. મેહુલ, વિવેક, નીપા કેતનકુમાર, ઝીલ અમિતકુમારના પિતા. દિપાલી તથા ઝીનલના સસરા. વિક્રમભાઈ, સ્વ. હંસાબેન પૂનમચંદના ભાઈ. શ્વસુરપક્ષે સ્વ. ઝવેરીબેન તથા સ્વ. ખીમચંદ ભાઈચંદ બારભાયાના જમાઈ, તા. ૨૧/૩/૨૪ના અરિહંતશરણ પામેલ છે. પ્રાર્થનાસભા ૨૨/૩/૨૪ના ૪ થી ૫.૩૦. શ્રી વર્ધમાન સ્થા જૈન સંઘ, પાંચમે માળે, પારેખ લેન કોર્નર, એસ. વી રોડ, કાંદિવલી વેસ્ટ. લૌકિક વ્યવહાર બંધ છે.

**કચ્છી વિશા ઓશવાળ જૈન**

મોટી ઉનડોઠ (હૈદ્રાબાદ/વિજયવાડા)ના ચંચલબેન માવજી ગાલા (ઉં.વ. ૯૪), તા. ૧૮-૩-૨૪ના અવસાન પામેલ છે. રતનબેન શીવજી મણશીના પુત્રવધૂ. માવજી શીવજીના ધર્મપત્ની. ચંદ્રકાંત, વિપીન, અશોક, પ્રવિણ, નેમચંદ, પ્રભા, પ્રેમીલા, મંજુલાના માતુશ્રી. ચાંગડાઈ માતુશ્રી આસબાઈ વીરજી ટોકરશી નાગડાની સુપુત્રી. રતનશી, મુરજી, ધનજી, મુલબાઈ જેઠા ભોજરાજ, તેજબાઈ વલ્લભજીના બેન. ચક્ષુદાન કરેલ છે. પ્રાર્થના રાખેલ નથી. નિ. પ્રવિણ માવજી ગાલા : ૪-બી, કનક દુર્ગાભવન, ૩-૪-૨૫૫, કાચીગુડા, હૈદ્રાબાદ - ૫૦૦૦૨૭.

પ્રાગપુરના રમણીકલાલ નાગજી દેઢિયા (ઉં.વ. ૭૭) તા. ૨૦-૩-૨૪ના અવસાન પામેલ છે. સોનબાઈ નાગજીના પુત્ર. લીલાવંતીબેનના પતિ. મનીષ, હીનાના પિતા. વાલજી, મગનલાલ, જયંત, છોટાલાલ/કૌશિક, દેવકાંબેન, મંજુલાબેનના ભાઈ. મકાંબાઈ મોરારજી લાપસીયાના જમાઈ. પ્રાર્થના રાખેલ નથી. નિ : સી/ઓ હીના વિરેન કોન્ટ્રેક્ટર, ૫૦૨, અરિહંત હાઉસ, સેંટ ઝેવીયર્સ સ્ટ્રીટ, પરેલ, મું-૧૨.

ડેપાના મિનાક્ષી (મીના) મારૂ (ઉં.વ. ૬૫) તા. ૨૦/૩/૨૪ના અવસાન પામેલ છે. માતુશ્રી નાનબાઇ ધનજી રવજીના પુત્રવધૂ. બિપિનના પત્ની. પાયલ, નેહાના માતુશ્રી. પાલઘરના માતુશ્રી લીલાવતી હરજીવન ગણાત્રા/ માતુશ્રી રૂક્ષ્મણી મોતીલાલ છેડાની પુત્રી. પ્રાર્થના રાખેલ નથી. ઠે. બિપિન મારૂ, ૨૮/૩૦૪, ન્યુ મોર્ડન, દહાણુકરવાડી, ગોખલે રોડ, કાંદિવલી (વે.).

રાયણના અમૃતલાલ નાનજી (બાબુભાઈ) ગડા (ઉં.વ. ૬૮) તા. ૨૦-૦૩-૨૪ના અવસાન પામેલ છે. માતુશ્રી કેશરબેન નાનજીના પુત્ર. ઈંદિરાના પતિ. હેમલ, તન્વી, સાગરના પિતા. વાસંતી, પુષ્પા, સ્વ. ભૂપેન્દ્ર, રાજેશના ભાઇ. મેરાઉના માતુશ્રી લીલબાઇ મગનલાલ જીવરાજના જમાઇ. પ્રા. શ્રી.વ. સ્થા. જૈન શ્રા. સં. સં. કરસન લધુ નીસર હોલ, દાદર (વે), ટા. ૨ થી ૩.૩૦ નિ. અમૃતલાલ ગડા, ૬૦૨, શરણમ રેસીડેન્સી, ચરઈ, થાણા-૬૦૧.

ટુંડાના પ્રભાબેન શીવજી મોરારજી ગોગરી (ઉં.વ. ૭૪) તા. ૨૦-૩-૨૪ના અવસાન પામલે છે. માતુશ્રી મણીબેન મોરારજીના પુત્રવધૂ. શીવજીભાઇના ધર્મપત્ની. શૈલેષ, કિરણ, નિલેશ, મયુરના માતુશ્રી. ચુનડીના માતુશ્રી લક્ષ્મીબેન ખીમજી કાનજી ગંગરના સુપુત્રી. હરખચંદભાઇ, નેમચંદભાઇ, જયંતિભાઇ, વિનોદભાઇ, કીર્તિ (રવી)ના બેન. પ્રાર્થનાઃ યોગી સભાગૃહ, દાદર (ઇ.) ટા. ૩ થી ૪.૩૦ નિ. શીવજી શાહ, ૨૦૨, ગોપાલ સદન, જામે જમશદ રોડ, માટુંગા-૪૦૦૦૧૯.

**વિશા સોરઠીયા વણિક**

મોટા કાલાવડવાલા હાલે મુંબઇ સ્વ. લક્ષ્મીચંદ જમનાદાસના સુપુત્ર હસમુખભાઈ (ઉં.વ. ૮૧) તા. ૨૦/૩/૨૪ના શ્રીજીચરણ પામેલ છે. મૃદુલાબેનના પતિ. આદિત્ય, હેતલના પિતા. નેહા, સંજીવના સસરા. અવીરાજ, જહાનવી, કુશના દાદા-નાના. પ્રવીણભાઈ, કિશોરભાઈ, ભગવાનદાસભાઈ, હરકિશનભાઈ અને ઉષાબેનના ભાઈ. લૌકિક પ્રથા બંધ છે. ગુલમર્ગ, નેપિયનશી રોડ, મુંબઈ ૪૦૦૦૦૬.

## છેલ્લા પાનાનું ચાલુ

### વડા પ્રધાનને

ત્યારબાદ મુખ્ય પ્રધાન એકનાથ શિંદે ગુરુવારે વિપક્ષ ઉપર વરસ્યા હતા. તેમણે ઉદ્ધવ ઠાકરેની શિવસેના ઉપર નિશાન તાકતા કહ્યું હતું કે વડા પ્રધાનને ઔરંગઝેબ કહેવા તે દેશદ્રોહ ગણાય. હાલમાં ઉદ્ધવ ઠાકરેની શિવસેનાના રાજ્યસભા સાંસદ સંજય રાઉતે કહ્યું હતું કે ઔરંગઝેબનો જન્મ નરેન્દ્ર મોદીના નજીકમાં જ થયો હતો એટલે તેમના વિચારો પણ ઔરંગઝેબ જેવા જ છે. રાઉતના આ નિવેદનથી મોટો રાજકીય હોબાળો મચ્યો હતો અને સત્તાધારી પક્ષ દ્વારા તેમના નિવેદનને વખોડવામાં આવ્યું હતું.

**સાળાને ઇડીની નોટીસ મળી તો કોણ દિલ્હી દોડ્યું?:** ઉદ્ધવ ઠાકરે જૂથ દ્વારા વારંવાર એકનાથ શિંદેને 'દિલ્હીશ્વર' સામે માથું ઝૂકવવું પડતું હોવાની ટીકા કરવામાં આવતી હોય છે. તેનો જવાબ આપતા શિંદેએ કહ્યું હતું કે જ્યારે સાળાને ઇડીની નોટીસ મળી ત્યારે કોણ દિલ્હી ભાગ્યું હતું? પોતાના કુટુંબ ઉપર સંકટ આવતા અહીં ત્યાં દોડનારા ક્યારેય પોતાના કાર્યકર્તાઓ માટે નથી દોડ્યા.

**હવે રાજાનો દીકરો રાજા નહીં બનેઃ શિંદેઃ** બાળાસાહેબ અને ઉદ્ધવ ઠાકરેની સરખામણી કરતા શિંદેએ કહ્યું હતું કે બાળાસાહેબ પોતાના સહકારીઓને પોતાના મિત્ર સમજતા હતા, પરંતુ ઉદ્ધવ ઠાકરે પોતાના સહકારીઓ સાથે ઘરનોકર જેવું વર્તન કરતા. પણ હવેથી આ સહન કરવામાં નહીં આવે. હવે રાજાનો દીકરો રાજા નહીં બને, અબ જો કામ કરેગા વહીં રાજા બનેગા, એવા શબ્દોમાં શિંદેએ ઉદ્ધવ ઠાકરેની ટીકા કરી હતી.

**બાળાસાહેબનું સપનું મોદીએ પૂરું કર્યુંઃ** હિંદુત્ત્વના મુદ્દે ઉદ્ધવ ઉપર ટીકા કરતા શિંદેએ કહ્યું હતું કે શિવતીર્થ ઉપર ઉદ્ધવને બોલવા માટે ફક્ત પાંચ મિનિટ આપવામાં આવી અને તેમાં તેમણે બાળાસાહેબના નામનો ઉલ્લેખ ન કર્યો. બાળાસાહેબનું કાશ્મીરમાંથી ૩૭૦ કલમ હટાવવાનું સપનું વડા પ્રધાન મોદીએ પૂરું કર્યું અને તેમનું સપનું પૂરું કરનારાને તમે ઔરંગઝેબ કહો છો. ઔરંગઝેબે પોતાના પિતાને ન છોડ્યા, પોતાના ભાઇને ન છોડ્યો અને તેના જેવી વૃત્તિ કોણ ધરાવે છે તે બધા જ જાણે છે, એવી ટીકા શિંદેએ કરી હતી.

### મનસેની 'વાઈલ્ડ કાર્ડ'

હોવાનું દૃશ્ય છે. કારણ કે બુધવારે મોડી રાતે ફડણવીસ રાજ ઠાકરેને તેમના નિવાસસ્થાને મળ્યા હતા અને ચોવીસ કલાકમાં ડ રાજ ઠાકરેએ ફડણવીસ સાથે બીજી બેઠક યોજી હતી અને આ વખતે બેઠકમાં મુખ્ય પ્રધાન એકનાથ શિંદે પણ સામેલ હતા. ગુરુવારે મુંબઈમાં એક ફાઇવ સ્ટાર હોટેલમાં બપોરના સમયે રાજ ઠાકરે, શિંદે અને ફડણવીસ વચ્ચે એક બેઠક યોજાઇ હતી. આ બેઠક અઢી કલાક સુધી ચાલુ હતી. આ બેઠક બાદ ફડણવીસે પણ રાજ ઠાકરે સાથે સકારાત્મક ચર્ચા ચાલી રહી હોવાનું જણાવી એક પ્રકાર મનસેના મહાયુતિમાં સામેલ થવા અંગે સંકેત આપ્યો હતો. જોકે, હજી સુધી આ અંગેનું રહસ્ય અકબંધ રાખવામાં આવ્યું છે અને કોઇપણ ફોડ પાડવામાં આવ્યો નથી. આ પૂર્વે બુધવારે મોડી રાતે પણ ફડણવીસ અને રાજ એકબીજાને મળ્યા હતા.

મહારાષ્ટ્રમાં પણ ૪૫ બેઠકો જીતવાના લક્ષ્ય માટે ભાજપ અને સાથી પક્ષો એડી ચોટીનું જોર લગાવી રહી હોવાનું અને લક્ષ્યથી કોઇ બાંધછોડ કરવા જરાય તૈયાર ન હોય તેવું લાગે છે. પોતાના ખેમામાં આવવા માગતા એકસરખી વિચારધારા ધરાવતા બધા જ પક્ષનું ખુલ્લા હાથે સ્વાગત કરવા પણ તૈયાર હોય તેમ જણાય છે.

**અમિત શાહને પણ મળવા ગયા હતા રાજઃ** મહાયુતિના નેતા અને રાજ એક બાદ એક તાબડતોડ બેઠકો યોજી રહ્યા છે. જોકે, રાજની સૌથી વધુ મહત્ત્વની બેઠક દિલ્હીમાં થઇ હતી. હાલમાં જ તેઓ દિલ્હીમાં જઇને ભાજપના કેન્દ્રીય નેતૃત્વને મળ્યા હતા અને કેન્દ્રીય ગૃહ પ્રધાન અમિત શાહ સાથે પણ તેમણે વિસ્તારપૂર્વક ચર્ચા કરી હતી. બંને હસતાં મોંએ હાથ મિલાવતા હોય તેવી તસવીરો પણ સમાચારોમાં છવાઇ હતી.

**મહાયુતિની ટ્રેનમાં જોડાશે મનસેનું એન્જિનઃ** પહેલાથી જ મુખ્ય પક્ષથી છૂટા પડેલા બે પક્ષ એકનાથ શિંદેની શિવસેના, અજિત પવારની એનસીપી ભાજપ સાથે ગઠબંધનમાં છે. એવામાં હવે શિવસેનાથી છૂટા પડી પોતાનો પક્ષ મહારાષ્ટ્ર નવનિર્માણ સેના(મનસે) સ્થાપનારા રાજ ઠાકરે પણ મહાયુતિની વાટે છે. એટલે કે મુખ્ય પક્ષથી છૂટો પડેલો ત્રીજો રાજકીય પક્ષ મહાયુતિમાં સામેલ થવા જઇ રહ્યો છે, તે નોંધનીય બાબત છે.

**મહાયુતિના નેતાઓએ લાલ જાજમ રાખી તૈયારઃ** સત્તાવાર રીતે મનસે હજી મહાયુતિમાં સામેલ નથી થઇ તેની પહેલા જ મહાયુતિના નેતાઓએ રાજ ઠાકરેના સ્વાગતમાં નિવેદનો આપવાના શરૂ કરી દીધા છે.

*સુધીર મુનગંટીવારઃ મહારાષ્ટ્ર નવનિર્માણ સેના જ મહાયુતિમાં સામેલ થશે તો મહાયુતિની તાકાત ચોક્કસ વધશે.

* પ્રવીણ દરેકરઃ રાજ ઠાકરે જો મહાયુતિ સાથે હાથ મિલાવે તો જનતાને પણ તે ચોક્કસ ગમશે. તે બાળાસાહેબની હિંદુત્ત્વની વિચારધારા લઇને ચાલે છે.

*ઉદય સામંતઃ રાજ ઠાકરે અને તેમના પક્ષ મનસેનું મહાયુતિમાં હંમેશા સ્વાગત રહેશે.

*રામદાસ કદમઃ ઘડિયાળ, કમળ એન્જિન આ બધા જ ચિન્હો મહાયુતિના જ માનો.

### દિવંગત પિતાની

પિતાનું નિધન થયું ત્યારે ફરિયાદી ૧૫ વર્ષની હતી. નોકરી પર હતા ત્યારે પિતાના પગારમાંથી પ્રોવિડન્ટ ફન્ડની રકમ કપાતી હતી. પીએફમાં નોમિની તરીકે ફરિયાદીનું નામ હોવાથી તે ૧૮ વર્ષની થયા પછી રકમ મળી શકે એમ હતી.

છૂટાછેડા લઈને માતા અલગ રહેતી હોવાથી પિતાના નિધન પછી નાના ભાઈ અને દાદીની જવાબદારી યુવતીના માથે આવી પડી હતી. યુવતી ૧૮ વર્ષની થઈ ત્યારે પિતાની પીએફની રકમ મેળવવા માટે તેણે બાન્દ્રાની ઈપીએફની ઑફિસમાં અરજી કરી હતી. કોઈક કારણસર યુવતીને પીએફની રકમ મળી નહોતી.

ફેબ્રુઆરી, ૨૦૨૩માં ઈપીએફના અધિકારીએ યુવતીને જાણ કરી હતી કે તેના પિતાની ફાઈલ સંબંધિત કંપનીના મૅનેજર 'સુશાંત સર' પાસે ક્લિયરિંગ માટે મોકલવામાં આવી છે. યુવતીએ સુશાંત સરનો ફોન પર સંપર્ક સાધતાં તેણે ફાઈલ ક્લિયર કરવા માટે જાતીય તરફેણની માગણી કરતો એસએમએસ મોકલાવ્યો હતો. તે સમયે યુવતીએ મેસેજને ગંભીરતાથી લીધો નહોતો. જોકે ફરી વાત પીએફ અંગે વાત કરતાં મૅનેજરે ફરી અશ્લીલ મેસેજ મોકલાવ્યો હતો. આખરે યુવતીએ બુધવારે ખેરવાડી પોલીસનો સંપર્ક સાધતાં પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી હતી.

### શિંદે શિવસેના અસ્વસ્થ

વિધાનસભા મતદારસંઘમાં મનસેને એક લાખ ૭૦ હજાર મત મળ્યા હતા. આ વખતની ચૂંટણીમાં એ મત મહા યુતિનું પલડું ભારે કરશે કે કેમ એની ઉત્સુકતા અનેક લોકોને હશે. ગઈ વિધાનસભાની ચૂંટણીમાં રાજ્યમાં મનસેનો એક જ ઉમેદવાર (કલ્યાણ ગ્રામીણમાંથી રાજુ પાટીલ) ચૂંટાઈને આવ્યો હતો. આ મતદાર સંઘમાંથી વિધાનસભા ચૂંટણી લડવા શિવસેનાના અનેક લોકો ઉત્સુક છે. હવે મહાયુતિમાં મનસેના આગમનથી એ બધા અસ્વસ્થ થઈ ગયા છે. રમેશ મ્હાત્રે, રાજેશ મોરે, રમાકાંત મઢવી, મહેશ પાટીલ, દીપેશ મ્હાત્રે, રાજેશ કદમ સહિત અનેક લોકો કલ્યાણ ગ્રામીણમાંથી ચૂંટણી લડવાનો મનસૂબો ધરાવે છે. તેમણે મતદાર સંઘમાં કામ પણ શરુ કરી દીધા છે. જોકે, મનસેના પ્રવેશથી તેમની આકાંક્ષા પર પાણી ફરી વળશે એવું કહેવાય છે.

### કૉંગ્રેસની ત્રીજી યાદી

કરવામાં આવ્યા હતા. તેમાં બે મુખ્ય નામો શાહુ શહાજી છત્રપતિ અને ભૂતપૂર્વ કેન્દ્રીય ગૃહ પ્રધાન સુશિલકુમાર શિંદેના પુત્રી પ્રણિતી શિંદે હતા. શાહુ શહાજી છત્રપતિને કોલ્હાપુરથી તો પ્રણિતી શિંદેને સોલાપુરથી ઉમેદવારી આપવામાં આવી હતી. મહારાષ્ટ્રમાં કૉંગ્રેસે પોતાના સાત ઉમેદવારો જાહેર કર્યા હતા, જેમાં નંદુરબારથી એડ્વોકેટ ગોવાલ કે. પડવી, અમરાવતીથી બળવંત વાનખેડે, નાંદેડથી વસંતરાવ બળવંતરાવ ચવ્હાણ, પુણેથી રવિન્દ્ર ધંગેકરને ઉમેદવાર તરીકે ઊભા રાખવામાં આવ્યા છે. આ સિવાય લાતુરથી શિવાજીરાવ કલગે, સોલાપુરથી પ્રણિતી શિંદેને લોકસભાની ચૂંટણીના ઉમેદવાર તરીકે ઊભા રાખવામાં આવ્યા છે. આ ઉપરાંત છત્રપતિ શાહુ શહાજીને કોલ્હાપુરથી ઉમેદવારી આપવામાં આવી છે.

### શરદ પવારના પક્ષે

ઉમેદવારો જાહેર કર્યા છે ત્યારે મહાવિકાસ આઘાડીએ પણ ચુનંદા ઉમેદવારોની જાહેરાત કરી છે. પહેલા તબક્કાની ચૂંટણી માટે ઉમેદવારી નોંધાવવાની શરૂઆત થઇ ગઇ છે ત્યારે બેઠકોની વહેંચણી માટે હજી મહાવિકાસ આઘાડીને કેટલો સમય લાગશે તે જોવું રહ્યું. આ ઉપરાંત હજી સુધી મહાવિકાસ આઘાડીના ત્રણેય મુખ્ય પક્ષો કૉંગ્રેસ, શરદ પવારની એનસીપી અને ઉદ્ધવ ઠાકરેની શિવસેના વચ્ચે બેઠકો માટે ખેંચતાણ ચાલી રહી હોવાની પણ ચર્ચા છે.

અધુરામાં પૂરું હવે શરદ પવારની એનસીપીએ ઉત્તર-પૂર્વ મુંબઈની બેઠક ઉપર પણ ડોળો નાંખ્યો છે. આ બેઠક ઉપરથી પોતાનો ઉમેદવાર લડે એ માટે પ્રયાસો શરૂ કરી દીધા છે. શરદ પવાર જૂથના પદાધિકારીઓ આ મામલે વાતચીત કરવા માટે શરદ પવારને પણ મળ્યા હતા. ઉત્તર-પૂર્વ મુંબઈમાં પાર્ટીનો દબદબો સારો હોવાનું એનસીપીના પદાધિકારીઓએ શરદ પવારને આ મુલાકાત દરમિયાન કહ્યું હોવાનું જાણવા મળ્યું છે. આ ઉપરાંત મુંબઈમાં પોતાના પક્ષનું વર્ચસ્વ રાખવા માટે આ બેઠક ઉપરથી લડવું જરૂરી હોવાનું પણ પદાધિકારીઓએ શરદ પવારને જણાવ્યું હતું. શરદ પવારે પણ મહાવિકાસ આઘાડીની બેઠક દરમિયાન આ મુદ્દો ઉઠાવશે, તેવું આશ્વાસન પોતાના પક્ષના કાર્યકરોને આપ્યું હતું.

### ગુજરાતના ઉમેદવારો

જામનગરમાં જેપી મારવિયા, અમરેલીમાં જેનીબેન ઠુંમર, આણંદમાં અમિતભાઈ ચાવડા, ખેડામાં કાળુસિંહ ડાભી, પંચમહાલમાં ગુલાબસિંહ ચૌહાણ, દાહોદમાં પ્રભાબેન તાવિયાડ, છોટાઉદેપુરમાં સુખરામભાઈ રાઠવા અને સુરતમાં નીલેશભાઈ કુંભાણીને ટિકિટ આપી છે.

### પૂનમ મહાજન પણ

છે. જોકે, આગામી દિવસોમાં વધારાની યાદી જાહેર થાય ત્યારે વધુ સાંસદો પોતાની બેઠક ગુમાવશે તેવી પૂરી શક્યતા હોવાનું જાણવા મળ્યું છે.

મુંબઈમાં ભાજપે એક સાંસદની ટિકીટ કાપી છે ત્યારે ભાજપના મુંબઈ ખાતેના વધુ એક સાંસદને પણ ટિકીટ નકારવામાં આવે તેવી જાણકારી સૂત્રો પાસેથી મળી છે. ઉત્તર-મધ્ય મુંબઈના ભાજપના સાંસદ તેમ જ ભાજપના દિવંગત નેતા પ્રમોદ મહાજનના પુત્રી પૂનમ મહાજનને આ વખતે ઉમેદવારી નહીં આપવામાં આવે, તેમ જાણવા મળ્યું છે. **પંકજા મુંડેના બીજા બહેન પણ ઉમેદવારી ગુમાવશેઃ** ભાજપે જેને બીડ બેઠક ઉપરથી ઉમેદવારી આપી છે તેવા પંકજા મુંડેના બીજા બહેનનું પણ પત્તુ કપાશે. હાલ બીડ ખાતેથી પંકજા મુંડેના બહેન પ્રીતમ મુંડે સાંસદ છે.

| મરણ ખબર માટેની સૂચના | મૃત્યુનોંધ સાંજે ૭-૩૦ સુધી જ સ્વીકારવામાં આવશે | (૧) મરનારનું નામ (૨) તારીખ (૩) ઉંમર (૪) કયાં ગુજરી ગયા છે એ જગ્યા (૫) માતાનું નામ (૬) પિતાનું નામ (૭) ગમે તે ત્રણ સગાઈ (૮) પ્રાર્થનાસભા સ્થળ, તારીખ, સમય. મૃત્યુનોંધ આપનારે ઉપર જણાવ્યા મુજબની વિગતો જ પોતાના લેટરહેડ પર લખીને આપવાની રહેશે. સગાઈરૂપે લખાયેલાં વધારાના નામોની કાપકૂપ થાય તો એ માટે કોઈ સંવાદને સ્થાન રહેશે નહીં. (૫૦ શબ્દથી વધારે નહીં). - વ્યવસ્થાપક |
|---|---|---|

# મેટિની

## મૂંડાવીને માલ અને માન મેળવવામાં સફળ રહેવાની કાબેલિયત અભિનેતામાં છે અને પહેલી જ ફિલ્મથી ગ્લેમરની ચકાચોંધ રોશની નહીં પણ અભિનયના અજવાળા એની પ્રાથમિકતા રહી છે



# આયુષ્માન ‘જોખમી’ ખુરાના

કવર સ્ટોરી

હેમા શાસ્ત્રી

જોખમ એટલે નુકસાન, ધોકો જેવા નકારાત્મક અર્થની સાથે એક સકારાત્મક અર્થ છે સાહસ અને જોખમ ખેડવું એટલે સાહસ કરવું એ અર્થ પણ કદાચ સાહસ કરીને સામેલ કરવામાં આવ્યો હશે. હિન્દી ફિલ્મ ઈન્ડસ્ટ્રીમાં મૂંગી ફિલ્મોનું સામ્રાજ્ય હતું એ સમયમાં સાહસિક સ્વભાવના અરદેશર ઈરાનીએ જોખમ લઈ ‘આલમ આરા’ નામનું બોલપટ બનાવવાનું સાહસ કર્યું. તેમના પાસા સવળા પડ્યા અને હિન્દી ફિલ્મ મનોરંજનનું વ્યાપક માધ્યમ બની ગઈ. ગુલામ હૈદર નામના સંગીતકારે હિન્દી ફિલ્મમાં પંજાબી લોકસંગીતના શણગાર ગણાતા ઢોલને સ્થાન આપવાનું અને ‘પાતળા અવાજ’નું કારણ આપી લતા મંગેશકરને રિજેક્ટ કરનારા ફિલ્મિસ્તાનના નિર્ણય સામે લતા મંગેશકરને તક આપવાનું એ બે જોખમ લીધાં જેનાં ફળ આપણે વર્ષોથી ખાતા આવ્યા છીએ. એક્શન ફિલ્મોનો દબદબો હતો એ સમયમાં ‘ચાંદની’ ફિલ્મ બનાવવાનું જોખમ યશ ચોપડાએ લીધું. હીરો થઈને ફિલ્મમાં એક હિરોઈનની હત્યા કરવાનું જોખમ શાહરુખ ખાને ‘બાજીગર’માં લીધું અને એનો લાભ એને અંગત રીતે થયો અને આપણને એક કાબેલ કલાકાર મળ્યો. જોખમનાં આવાં અનેક ઉદાહરણો ફિલ્મ ઈતિહાસના ચોપડે નોંધાયા છે. ૨૦૧૨માં ‘વિકી ડોનર’થી હિન્દી ફિલ્મ ઈન્ડસ્ટ્રીમાં એન્ટ્રી લેનાર આયુષ્માન ખુરાના એકવીસમી સદીનો ‘જોખમી’ એક્ટર તરીકે પંકાયો છે. મૂંડાવવું એટલે છેતરાઈ જવું એમ શબ્દકોશ કહે છે પણ આયુષ્માન ‘મૂંડાઈ’ને (‘બાલા’ ફિલ્મમાં માથે ટકો ધરાવનાર બાલમુકુંદ ‘બાલા’ શુક્લા) લાભ મેળવનાર કલાકાર છે. ૧૨ વર્ષની નાનકડી કારકિર્દીમાં આયુષ્માનએ એકથી વધુ વાર જોખમ ઉઠાવ્યા છે અને ‘ઈકબાલ’ ફિલ્મના ગીતની ‘આશાએં ખિલે દિલ કી, ઉમ્મીદેં હંસે દિલ કી, અબ મુશ્કિલ નહીં કુછ ભી, નહીં કુછ ભી’ પંક્તિને સાર્થક સાબિત કરી છે.

વિવિધ રિયાલિટી શોમાં પોતાનો કસબ દેખાડી સારી સફળતા મેળવનાર આયુષ્માન ખુરાનાએ ‘વિકી ડોનર’ (૨૦૧૨)થી હિન્દી ફિલ્મ ઈન્ડસ્ટ્રીમાં પદાર્પણ કર્યું. સ્પર્મ ડોનેશન અને વંધ્યતા જેવા મુદ્દાને કેન્દ્રમાં રાખી તૈયાર કરવામાં આવેલી આ ફિલ્મમાં ટિપિકલ ગ્લેમરને નામે મીંડું હતું. જોકે, ફિલ્મનો વિષય, એની ટ્રીટમેન્ટ અને ખાસ તો આયુષ્માન ખુરાનાના અભિનયને ફિલ્મ રસિકોએ વધાવી લીધો. યે લંબી રેસ કા ઘોડા હૈ એવું વિવેચકોએ કહી દીધું. ફિલ્મને નેશનલ એવોર્ડ પણ મળ્યા. મહત્ત્વની વાત એ પણ હતી કે અભિનયની આવડતની સાથે સાથે આયુષ્માન કેળવાયેલો કુશળ ગાયક પણ છે. નિર્માતા માટે ટુ - ઈન વનનું પેકેજ એ તો ફાયદા હી ફાયદા જ`વું કહેવાય. પહેલી જ ફિલ્મમાં ‘હટ કે’ રોલ કર્યા પછી ફિલ્મ હટી ન ગઈ, પણ હિટ થઈ એટલે આયુષ્માન ‘કન્ટેન્ટ ફિલ્મ’ (એવી ફિલ્મો જેમાં કલાકારો કરતાં કથાનું પલડું ભારે હોય અને જેમાંથી સમાજને કોઈ પોઝિટિવ મેસેજ મળતો હોય) કરવાને પ્રાધાન્ય આપ્યું છે. ‘દમ લગા કે હૈસા’, ‘બધાઈ હો’, ‘શુભ મંગલ સાવધાન’, ‘બાલા’, ‘આર્ટિકલ ૧૫’ વગેરે એના ઉદાહરણો છે. ‘અંધાધુન’માં તો તેણે દર્શકોને રીતસરનો પોઝિટિવ ઝટકો જ આપ્યો હતો.

પ્રવાહની સાથે નહીં પણ અલગ વહેણમાં તરવાના પોતાના પ્રવાસ વિશે આયુષ્માન પસંદ કરેલા વિકલ્પ અંગે એકદમ સ્પષ્ટ છે. તે જણાવે છે કે ‘એક અભિનેતા તરીકે મેં કાયમ એવો માર્ગ પસંદ કર્યો છે જે રસ્તે બહુ ઓછા લોકો આગળ વધ્યા હોય અને જેમાં જોખમનું તત્ત્વ રહેલું હોય. ઈરાદાપૂર્વક હું આવું શું કામ કરતો હોઈશ એની અનેક લોકોને નવાઈ લાગી હશે, પણ જોખમ લીધા વિના મળેલી સફળતાનો આનંદ વિશેષ નથી હોતો. સમાજમાં જે પ્રતિબંધિત કે વર્જિત હોય કે જે વાત ખુલીને કરવામાં નાનપ કે શરમનો અનુભવ થતો હોય એવી અલાયદી કથા પડદા પર રજૂ કરવાનું જોખમ લેવાનું મને કાયમ ગમ્યું છે. મારું માનવું છે કે જિંદગી એટલે લીધેલાં જોખમોનો સરવાળો અને આજની તારીખમાં કદાચ હું સૌથી વધુ જોખમ લઈ કામ કરતો હિન્દી ફિલ્મોનો અભિનેતા છું. મેં અલગ અલગ વિષયની ફિલ્મો કરવાને પ્રાધાન્ય આપ્યું છે જેને ભાગ્યે જ સ્પર્શવામાં આવ્યા હોય. ’વિકી ડોનર’માં સ્પર્મ ડોનેશનનો મુદ્દો હતો, ‘શુભ મંગલ સાવધાન’માં નપુંસકતા કેન્દ્રમાં હતી જ્યારે ‘બાલા’ એવી ફિલ્મ હતી જેમાં ત્રીસેક વર્ષના પુરુષો ટકલા થવાની સમસ્યા પર ફોકસ કરવામાં આવ્યું હતું.’

આયુષ્માનનું નસીબ એટલું સારું છે કે તેણે એવા દોરમાં અભિનયનો આરંભ કર્યો છે જ્યારે ફિલ્મમેકરો અલાયદા વિષયો પર ફિલ્મ બનાવવા તલપાપડ છે. જોખમ લેવા માગે છે અને આ જોખમી ફિલ્મોની સફળતાની ટકાવારી પણ ઉત્સાહ વધારનારી છે.

આયુષ્યમાનની છેલ્લી કેટલીક ફિલ્મો એ જોખમ લેવા તત્પર હોવાની સાબિતી આપે છે. ‘ડોક્ટર જી’માં તેણે ગાયનેકોલોજીસ્ટનો રોલ કર્યો, ‘એક્શન હીરો’માં એક્શન અભિનેતા તરીકે કમાલ દેખાડી જ્યારે ‘ડ્રિમ ગર્લ ૨’માં પ્રેયસીને મેળવવા પૂજા નામની છોકરીનો અવતાર ધારણ કર્યો. આનંદની વાત એ છે કે આયુષ્યમાન પસંદ કરેલા ’જોખમી રસ્તા’ પર જ આગળ વધવા માગે છે. આ વર્ષે વિવિધ શૈલીની ફિલ્મો કરવા ધારે છે એવો ઈરાદો તેણે સ્પષ્ટ કરી દીધો છે. ‘મારી ફિલ્મોના વિષયોમાં વૈવિધ્ય તો રહેશે જ,’ આયુષ્યમાન દ્રઢતાપૂર્વક જણાવે છે, ‘પરિવાર સાથે થિયેટરમાં ગયેલા દર્શકને રસપ્રદ વિષય ધરાવતી ફિલ્મ જોવાથી આનંદ મળે એવી મારી કોશિશ રહેશે.’ સારી વાત છે. ‘એનિમલ’, ‘જવાન’ ભલે બને અને ભલે ચાલે પણ આયુષ્માન શૈલીની ફિલ્મો પણ બનતી રહે એમાં દર્શકનું હિત જળવાયું છે એટલું ચોક્કસ. ■

ફોકસ

મનીષા પી. શાહ

## આવે છે, આવે છે અશ્વત્થામા આવે છે



હનુમાન, રાજા મહાબલિ, વેદ વ્યાસ, વિભિષણ, ગુરુ કૃપાચાર્ય, પરશુરામ અને અશ્વત્થામા. હિન્દુ ધર્મ પ્રમાણે આ સાત વ્યક્તિત્વ અજર અમર છે. આમની અને એમની સાથે સંકળાયેલી વાત કે વાર્તા માત્ર રસપ્રદ નહિ પણ એકદમ આશ્ચર્યજનક અને રોમાંચક છે. એમાં વાર્તાના એક-એક રસ ઠાંસી ઠાંસીને ભરેલા છે. આમ છતાં હિન્દી સિનેમાએ આમાંથી કોઈ એક પાત્ર પર યાદગાર ફિલ્મ બનાવ્યાનું જાણમાં નથી.

છેલ્લાં ચાર-પાંચ વર્ષમાં અશ્વત્થામા પર ફિલ્મ સર્જકોનું ધ્યાન ગયું છે. ‘બાહુબલી’ના પ્રભાવ અને કોરોના કાળના લોકડાઉનમાં લોકપ્રિય થયેલી સાઉથની ડબ ફિલ્મોએ બમ્બૈયા મસાલા ફિલ્મોની ફોર્મ્યુલાને આઈ.સી.યુ.માં ધકેલી દીધી છે. હવે ભવ્યતા - ભવ્યતાના ચિત્કાર સાથે નિર્માતા, દિગ્દર્શકો અને ડુપ્લીકેટ થકી મહાન બનતા હીરોને લેવાની નજર આપણા ધર્મગ્રંથોના પાત્ર પર પડી છે.

તાજેતરમાં દખ્ખણની ‘હનુ-માન’ની સફળતાએ સૌને અચંબિત કરી દીધા. આ સાથે ગુરુ દ્રોણના શાપિત પુત્ર અશ્વત્થામા પર ફિલ્મ બનાવાની જાહેરાત થઈ છે. આમાં શાહિદ કપૂર ટાઈટલ રોલમાં ચમકશે. આ ફિલ્મ હિન્દી સહિતની પાંચ ભાષામાં રિલિઝ થશે.

બોલીવૂડની એક ગભરામણ આ પ્રોજેક્ટમાં ય ઊડીને આંખે વળગે છે. હવે સૌને સફળતા માટે સાઉથના સ્ટાર્સ કે દિગ્દર્શકની જરૂર પડે છે. આખા બોલીવૂડમાં કોઈ કાબેલ ન હોય એમ અશ્વત્થામા -ધ સાગા કન્ટીન્યુસ’નું દિગ્દર્શન પણ દખ્ખણી સચિન બી. રવિને સોંપાયું છે.

આ આખા પ્રોજેક્ટમાં અશ્વત્થામા બાદ આશા જગાવે છે આ દિગ્દર્શકનું નામ. આ ફિલ્મ સર્જક તરીકેનો સચિન રવિનો નાનકડો પ્રવાસ ખૂબ રસપ્રદ છે. મૂળભૂત પણે એન્જિનિયર થયેલો સચિન હાલ દિગ્દર્શક,





પટકથા - લેખક, સંકલનકાર, કલરીસ્ટ અને વીએફએક્સ આર્ટિસ્ટ તરીકે કન્નડ સિનેમાનું જાણીતું અને મોટું નામ છે. એન્જિનિયરિંગના છેલ્લા વર્ષમાં એટલે કે ૨૦૧૩માં એક ફિલ્મનું એડિટિંગ કર્યું. ત્યાર બાદ કન્નડ સિનેમાના મોટા સર્જકો સાથે સંકલનકાર તરીકે જોડાયા. ૨૦૧૯માં સાઉથના મોટા સ્ટાર રક્ષિત શેટ્ટી ‘અવને શ્રીમન્નારાયણ’નું સફળ દિગ્દર્શન કર્યું. આ ફિલ્મમાં પ્રાચીન ખજાના પાછળની હત્યાનો કેસ ઉકેલતા પોલીસ અફસરની કથા - માવજત પ્રેક્ષકોને ખૂબ ગમી ગઈ હતી. રૂા. ૨૦-૨૪ કરોડમાં બનેલી આ કન્નડ ફિલ્મે રૂા. ૮૦ કરોડની કમાણી કરી હતી. આ તમિલ કે તેલુગુ નહિ પણ કન્નડ ફિલ્મ હોવાથી કમાણી ઘણી સારી ગણાય. હિન્દીમાં ધ એડવેન્ચર ઑફ શ્રીમન્નારાયણના નામે ડબ થયેલી ફિલ્મ જોઈ શકાશે.

સવાલ એ છે કે અશ્વત્થામા ફિલ્મમાં હવે શું? નિર્માતા - દિગ્દર્શકના દાવા મુજબ આમાં અતીતને વર્તમાન સાથે જોડાશે. સાદા શબ્દોમાં કહીએ તો વિશ્વ સંકટમાં હશે અને અમર અશ્વત્થામા એને બચાવવા માટે અનન્ય સાહસ બતાવશે. બરાબર, પણ એ કેવી રીતે બતાવાય છે એના પર બધો આધાર છે. ગેટઅપ, માહોલ, એક્શન, વિએફએક્સ અને બેકગ્રાઉન્ડ મ્યુઝિક સહિતનું બધું એ-વન હોવું

(જુઓ પાનું ૬) ▸▸



## સાત્વિકમ્ શિવમ્

અરવિંદ વેકરિયા

## મૂળ વગરના વૃક્ષ ને વિશ્વાસ વગરના વ્યવહાર વધુ સમય ટકતા નથી....

ફાર્બસ હોલથી બધા છુટા પડ્યા. રાજેન્દ્રને ફોન કરી શુક્ર-શનિનાં ગ્રાન્ડ રિહર્સલ વિશે જાણ કરી દીધી. એણે બે દિવસની રજા લઈ લેવાનું પણ અમને કહી દીધું. ખરી મહેનત આવતી કાલથી શરૂ થવાની હતી. ‘હિન્દુજા થિયેટર’ અને નાટકનો જીવ એવા જે.અબ્બાસ, થોડું વહેલા-મોડું પણ જો થઈ જાય તો વાંધો લેવાના નહોતા એની ખાતરી હતી. પૂરો વિશ્વાસ હતો. બાકી મૂળ વગરના વૃક્ષ અને વિશ્વાસ વગરના વ્યવહાર વધુ સમય ટકતા નથી. ખાસ લાભની વાત એ હતી કે શુક્રવારે આગળ-પાછળ કોઈ કાર્યક્રમ ‘હિન્દુજા’માં નહોતા અને ‘હિન્દુજા’નો ‘રખેવાળ’ રામજી નામનો ‘માણસ’ એકદમ મદદરૂપ થાય એવો હતો. ( એ હવે હયાત નથી.)

હા,શનિવારે સવારે હિન્દુજા’ માં એક કોઈ મિટિંગ હતી એટલે અમને થિયેટર બપોર પછી મળેલું. રાતના સમયે બધા મદદરૂપ થાય એવા હતા એ પ્લસ બાબત હતી. ઝટ સવાર પડે અને તીર કમાનથી છૂટે એવી ચટપટીમાં રાત્રે ઊંઘ જ ન આવી. જાતજાતના- ભાતભાતના વિચાર આવતા રહ્યા. ઊંઘનું પણ ગજબનું ગણિત હોય છે. અમુક રાતે તમને ઊંઘ આવતી નથી અને અમુક રાતે તમે સુવા નથી માગતા. વેદના અને આનંદ વચ્ચે આ ફેર છે. મારે વેદના નહોતી, પણ એક ઉત્તેજના હતી- આનંદ હતો મનમાં....જી.આર. સરસ અને હું ઈચ્છું એ રીતે જ પૂરું થાય. બધા રમુજી વિચારો મગજમાં આવ્યા કરતા હતા. થયું, જો આ રિવાઈવલ પણ ફેલ ગયું તો ‘હું ક્યાયનોય નહિ રહું’ તરત રમૂજે દસ્તક દીધી :

જે લોકો ક્યાયનાંય નથી રહેતા એ છેવટે રહે છે ક્યા?’ રિવાઈવલ કરવું હું પહેલા ‘પાપ’ સમજતો હતો, પ્રેક્ષકો માટે અન્યાય કરું છું એવું લાગતું હતું- ક્યાંક પાપનો ઘડો ફૂટી જશે... પછી વિચાર આવ્યો કે ‘પાપ બધા ઘડામાં કેમ ભરે છે? પાપ ઠંડા રહેતા હશે?!’

આવા ગાંડા-ઘેલા વિચારોમાં પડખા ઘસતો રહ્યો. ત્યાં પાછા કિશોર દવેના વિચારો આવ્યા. મન મનાવ્યું કે દિલ પર પથ્થર રાખીને કામ પૂરું કરી લઈશ. ત્યાં મને કહ્યું કે’ ‘આ દિલ ઉપર રાખવાનો પથ્થર ક્યા અને કેટલામાં મળતો હશે?’ લાગે છે કે જયંત ગાંધીના જોક્સ નાટકમાં તો ઉતાર્યા પણ એની આડ-અસર મારા મગજમાં થઈ લાગે છે. સવારે પાંચ વાગે ઊઠી ગયો. સેવામાં મારે ત્યારે પણ ચાલીસેક મિનીટ તો થતી જ હતી. આજે તો મારે મારું કામ નિર્વિઘ્ને પાર પડે એટલે ભગવાનને વધુ મસ્કા મારવાના હતા. આ વિચાર સાથે જ કૃષ્ણએ ગીતામા કહેલું યાદ આવ્યું કે, મારા પર ભરોસો રાખ’ પણ એવું નથી કહ્યું કે ‘મારે ભરોસે બેસી રહે’. કારણ કે વૃત્તિ શ્રેષ્ઠ હોય તો પ્રવૃત્તિ પણ શ્રેષ્ઠ જ નીવડે એટલે મારી રોજિંદી સેવા પતાવી, નાસ્તો કરી હું ૭.૩૦ વાગે નીકળી ગયો. ‘હિન્દુજા’ પહોંચ્યો ત્યારે સેટ-ડિઝાઈનર ફલી મિસ્ત્રી સેટ લગાડાવી રહ્યા હતા. સેટમાં વધુ કઈ નહિ..સાદો

બોક્ષ-સેટ જ હતો. જે મારું ઘર... જેમાં એક બાલ્કની હતી, જેમાંથી ચોરની ભૂમિકા કરતો ભરત જોશી ( ભ.જો.) આવવાનો હતો.

થોડીવારમાં તો સેટ લાગી ગયો. ‘હિન્દુજા’ થિયેટરની લાઈટ સંભાળતો પાલાંડે અને અમારો નાટકનો લાઈટ-મેન શૈલેશ (જે પ્રવીણ

ભોંસલે સાથે હતો- હવે શૈલેશ પણ હયાત નથી.) બંને લાઈટ સેટ કરવામાં લાગી ગયા. ભ.જો. બધી સ્ટેજ પ્રોપર્ટી ગોઠવવામાં પડ્યો.

ધીમે-ધીમે બધા આવી ગયા. તુષારભાઈ પણ આવી ગયા. ભટ્ટ સાહેબ નહોતા આવ્યા. તુષારભાઈએ એમને ફોન કર્યો તો એમણે

કહ્યું કે તમે પહેલું એક રિહર્સલ પતાવો, ફરી લાઈટ-મ્યુઝિક સાથે થશે ત્યાં સુધીમાં હું જોઈન્ટ થઇ જઈશ. સોહીલનો ઇન્સ્પેક્ટરનો

ડ્રેસ ટ્રાય કરાવી લીધો. ‘કે.કે.ટેલર્સ’નાં ફિટિંગમાં આમ પણ જોવા જેવું કે ભૂલ કાઢવા જેવું ન હોય. એટલી વારમાં તો રાજેન્દ્ર શુકલ પણ આવી ગયો. રજની સાલિયને તુષારભાઈએ લાવેલો કોલગર્લનો ડ્રેસ પહેરીને મારી એપ્રુવલ પણ લઇ લીધી. બધું લગભગ સેટ થઇ ગયું હતું. રાજેશ મહેતાએ સ્પુલ-મશીન સાથે સાઉન્ડ ચેક કરી લીધું. એ વખતે મ્યુઝિક સ્પુલ-મશીન પર

વગાડવામાં આવતું. હવે તો ઘણી આધુનિક સુવિધાઓ મળી રહી છે. રાજેશ મહેતા એક્ટિંગ કરતા હતા એટલે મ્યુઝિક એમનો

દીકરો જયેશ મહેતા અથવા દીકરી દીપ્તિ ઓપરેટ કરતી.

અમે બધાએ સેટ પર ભેગા મળી પૂજા કરી, જે આજે પણ એટલી જ આસ્થા સાથે થાય છે. બસ ! બધા કલાકારોને શુભેચ્છા

આપી. કિશોર દવે તો મને ગળે મળ્યા. મેં તુષારભાઈ અને રાજેન્દ્રને ખાસ જોવા કહ્યું અને પેડ અને પેન આપી થતી ભૂલોની

નોંધ લેવાનું પણ કહ્યું.

રિહર્સલ શરૂ થયા. રાજેન્દ્રને સમયની નોંધ લેવાનું પણ કહ્યું. કારણ કે એવું નક્કી કરેલું કે નાટક મધ્યાંતર સાથે અઢી કલાકથી વધવું ન જોઈએ. રિહર્સલ પ્રોસેસ બરાબર થાય અને નાટક સારું જાય તો લોકપ્રિયતાની અપેક્ષા તો થાય જ ને ! લોકપ્રિયતા આમંત્રણ વિના આવે છે અને રજા લીધા વિના વિદાય લે છે. ‘છાનું છમકલું’ જયારે કરેલું ત્યારે પણ અપેક્ષા તો આ જ હતી પણ લોકપ્રિયતાએ રજા લીધા વિના વિદાય લીધેલી. હવે રિ રિવાઈવલમા માટે આશા રાખી શકું, ‘હીટ’ જ જશે એમ છાતી ઠોકીને ન કહી શકું. પ્રેક્ષકો

અમારી ‘વાત’ ઝીલીને સારો પ્રતિસાદ આપે તો ભયો-ભયો.!

રિહર્સલ તો શરૂ થઇ ગયા. સંવાદો લગભગ બધાને યાદ જ હતા. પહેલો અંક શરૂ કરતાં પહેલા આખા નાટકની લાઈટ અને

મ્યુઝિકની ‘કયું’ કરી લીધી, જેથી કલાકારોને સુગમતા રહે. બાકી કલાકારો તો એ જ હતા અને મ્યુઝિક પણ એ જ હતું. સોહિલ

અને રજનીને ખાસ કહેવાનું હતું એ કહી દીધું. મ્યુઝિકમાં ખાલી શરૂઆતનું એનાઉન્સમેન્ટ, બીજા અને ત્રીજા અંકનું

એનાઉન્સમેન્ટ એટલું જ નવું હતું એ કામ રાજેશ મહેતાએ સુપેરે પાર પાડી દીધેલું.

પહેલો અંક શરૂ કર્યો. લગભગ ૫૫ મિનિટ ચાલ્યો. એ રાજેન્દ્રએ કહ્યું. બે-ચાર નાની ભૂલો પર પણ અમારું ધ્યાન દોર્યું. પછી

બીજો અંક પણ ચા-પાણીના બ્રેક પછી શરુ કરી દીધો. બીજા અંકના પહેલા સીનનાં ડ્રોપ વખતે એક ગુંડો ચાકુ લઈને દરવાજામાં

દાખલ થાય છે...અને સીન ‘ફેઈડ-આઉટ’... એ પાત્ર મારા મગજમાંથી નીકળી જ ગયેલું. લાઈટ ઓપરેટર હતો એક, રતન એનું

નામ ( ઘાટકોપરમા એ ‘ભાઈ’ તરીકે ઓળખાય છે હવે, એવું સાંભળ્યું છે.) એ રતન એટલે છ ફૂટની હાઈટ અને કસાએલું બોડી.


રાજેન્દ્રએ એને કહી દીધું. હાશ, બધું ગોઠવાય ગયું. બીજો અંક પણ સડસડાટ પૂરો થઇ ગયો. એ પછી ત્રીજો અંક પણ પૂરો થયો.

આ બધામાં સમય ઘણો વીતી ગયો હતો. ભટ્ટ સાહેબને ફોન કરી બીજા દિવસે આવવા કહી દીધું. બીજા દિવસે લાઈટ, મ્યુઝિક

અને ડ્રેસ સાથે ‘શો’ ની જેમ જ જી.આર. કરવાના હતા. બધાને બીજા દિવસનો સમય જણાવી, રજા આપી.

***

*બાથ ભરી ભેટ્યા થકી, કરીએ નહિ વિશ્વાસ.*
*ફોફળ લઇ બાથમાં, સુડી કરે વિનાશ.* ■



**ડબલ રિચાર્જ**

મોજાં કાયમ ધોઈને પહેરવા..કામયાબી કદમ ચૂમવા આવે ત્યારે એ બે-ભાન ન થઇ જાય...

# ફન વર્લ્ડ

‘મુંબઈ સમાચાર’ના ફન વર્લ્ડમાં તમને રસપ્રદ માહિતી મળશે અને સાથે મજા પણ આવશે. પ્રત્યેક કોયડાના સાચા જવાબ આપનારા વાચકોનાં જ નામ અહીં પ્રગટ કરવામાં આવશે.

વાચકોએ તેમના જવાબ ઈ-મેઇલથી શનિવારે સાંજે ૬:૦૦ સુધી મોકલવાના રહેશે. ત્યાર પછી મોકલેલા જવાબ સ્વીકારાશે નહીં. વાચકોએ જવાબ funworld1822@gmail.com પર મોકલવાના રહેશે.

## ભાષા વૈભવ...

હિન્દી - ગુજરાતી જોડી જમાવો

| A | B |
|---|---|
| लफ्ज | સૂરજ |
| ऐतबार | ચંદ્ર |
| तन्हाई | ભરોસો |
| मेहताब | શબ્દ |
| आफताब | એકલતા |

## ઓળખાણ પડી?



ટ્રેજેડી ક્વીન તરીકે ખ્યાતિ મેળવનારી અભિનેત્રી મીના કુમારીની કઈ ફિલ્મનું આ દ્રશ્ય છે જેમાં તેણે ખુશખુશાલ ભૂમિકા ભજવી હતી?

અ) કોહિનૂર બ) ફૂટપાથ ક) યહૂદી ડ) આઝાદ

## ગયા વખતનો ઉકેલ

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ સ | ૨ મા | ૩ ન | ૪ ધ | ર્મા | | ૫ સ | મા | ૬ ધા | ૭ ન |
| ૮ ચ | પ | રા | સી | | ૯ તા | ગ | | ૧૦ ર | ગ |
| રા | | ધ | | ૧૧ બો | ર | ડી | | ૧૨ દા | ર |
| ૧૩ ચ | ૧૪ ક | મ | ૧૫ ક | | ણ | | ૧૬ નિ | ર | વ |
| ૧૭ ર | મ | | ચ | | ૧૮ હા | જ | ર | | ધૂ |
| | ૧૯ ક | સૂ | ર | ૨૦ વા | ર | | ૨૧ વ | ખ | |
| ૨૨ ત | મા | | ૨૩ પ | ડ | | ૨૪ વ્યા | ધિ | | ૨૫ ખ |
| થા | | ૨૬ ચિ | ટ્ટી | | ૨૭ લા | જ | | ૨૮ શ્વા | સ |
| ગ | | ક | | ૨૯ પા | લ | ખો | | | ખ |
| ૩૦ ત | ર | ણો | પા | ય | | ૩૧ ર | ડ | મ | સ |

## શબ્દલાલિત્ય

સતીશ વ્યાસ

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | | ૩ | | | ૪ | ૫ | ૬ | ૭ |
| ૮ | | | | | ૯ | | ૧૦ | | |
| ૧૧ | | ૧૨ | | ૧૩ | | | | | |
| | | ૧૪ | ૧૫ | | ૧૬ | ૧૭ | | | |
| | ૧૮ | | | ૧૮-અ | | | | ૧૯ | |
| ૨૦ | | | ૨૧ | | | | | ૨૨ | ૨૩ |
| | | | | | ૨૪ | | ૨૫ | | |
| | | ૨૬ | | | | | ૨૭ | | |
| | ૨૮ | | | | ૨૯ | | | | |
| ૩૦ | | | | | | | ૩૧ | | |

### આડી ચાવી

૧. તાત્કાલિક (૫)
૪. આપણા દેશની રાજ્ય વ્યવસ્થા (૪)
૮. પગલું (૨)
૧૦. છાશમાંથી મળે (૩)
૧૧. ગોળો, વિધવાનો પુત્ર (૩)
૧૩. સર્જન કરનાર, ઇશ્વર (૨)
૧૪. પવિત્ર (૨)
૧૬. નોકર (૩)
૧૮. અસર કરે એવું (૬)
૨૦. વીજળી (૨)
૨૧. સાહિત્ય, સંગીત, શિલ્પ, મિત્ર વગેરે (૨)
૨૨. ---કલાકારોને તક મળવી જોઇએ (૨)
૨૪. માખણ- અંગ્રેજીમં (૩)
૨૬. બે દેશ વચ્ચેની સીમા (૪)
૨૭. અચાનક, ઓચિંતુ, ઉતાવળે (૩)
૨૮. સીમા (૨)
૨૯. નકામું, કારણ વગર (૩)
૩૦. તાજું, ઊનું ઊનું (૬)
૩૧. એકધારું (૩)

### ઊભી ચાવી

૧. તાડનું ફળ (૪)
૨. હાથનું મૂળ (૩)
૩. તર, મલાઇ, મિજાજ (૨)
૫. કુટુંબમાં એક જણ --- જોઇએ (૪)
૬. ડાળી, ઇજજત, આબરું (૨)
૭. હલકાઇ, લાંછન (૪)
૯. દુરાચાર, પાપ, ભ્રષ્ટ વર્તન (૪)
૧૨. --- માંથી કપડું બને (૩)
૧૫. ત્રેવડ, જરૂરી ખર્ચ જ કરવું (૫)
૧૭. કલેશ, રડારોળ, બૂમરાણ (૪)
૧૮. બકરો (૨)
૧૮-અ. શ્યામવર્ણી, દુર્ભાગ્ય, નઠારાલેખ (૨)
૧૯. પીવું તે (૨)
૨૦. વિગતવાર, વિસ્તારવાળું (૩)
૨૩. વારસામાં મળેલું (૫)
૨૪. લાંછન લાગવું તે (૪)
૨૫. સાર, સત્ત્વ (૪)
૨૬. યુવાનના મોતથી --- પહોંચે (૩)
૨૮. દરેક, ભગવાન શિવ (૨)

## ગુજરાત મોરી મોરી રે

ગુજરાતી ચલચિત્રના ઇતિહાસમાં ‘જોગીદાસ ખુમાણ’ ફિલ્મ ત્રણ વખત (૧૯૪૮, ૧૯૬૨ અને ૧૯૭૫) બની હતી. ત્રણેય ફિલ્મમાં અભિનય કરનારા કલાકારનું નામ જણાવો.

અ) અરવિંદ ત્રિવેદી બ) અરવિંદ રાઠોડ ક) અરવિંદ પંડ્યા ડ) નરેશ કનોડિયા

## જાણવા જેવું

‘માય નેમ ઈઝ બોન્ડ, જેમ્સ બોન્ડ’ ડાયલોગ જેની એક અગત્યની ઓળખ છે એ કાલ્પનિક કથાના બ્રિટિશ જાસૂસ જેમ્સ બોન્ડ સિરીઝની ૨૫ ફિલ્મમાં છ એક્ટર બોન્ડના રોલમાં જોવા મળ્યા છે. શોં કોનરીએ છ, રોજર મૂરે સાત, પિયર્સ બ્રોસનને પાંચ, ટિમોથી ડાલ્ટને બે, જ્યોર્જ લેઝનબીએ એક અને ડેનિયલ ક્રેગે પાંચ બોન્ડ ફિલ્મ કરી છે.

## સુડોકુ-૫૦૪૬

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૬ | ૯ | ૫ | | | ૧ | | | |
| ૩ | | | | | ૯ | | ૮ | ૭ |
| ૨ | | | | ૩ | ૫ | | | |
| ૧ | | ૭ | | | | | ૪ | |
| ૫ | | | | | | | | ૮ |
| | ૬ | | | | | ૭ | | ૧ |
| | | | ૩ | ૨ | | | | ૯ |
| ૯ | ૮ | | ૧ | | | | | ૨ |
| | | | ૫ | | | ૮ | ૧ | ૪ |

અહીં એક ચોરસ આપ્યું છે જેમાં નવ બોકસ છે અને દરેકમાં નવ ખાનાં છે. ૧) દરેક બોક્સમાં એકથી નવ સુધીનો આંક આવવો જોઈએ. ૨) દરેક આડી અને ઊભી હરોળમાં આંક આવવો જોઈએ. અહીં પણ કોઈ આંક રહી ન જવો જોઈએ.

### સુડોકુ-૫૦૪૫

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૬ | ૪ | ૨ | ૮ | ૧ | ૫ | ૯ | ૩ | ૭ |
| ૯ | ૧ | ૮ | ૭ | ૩ | ૨ | ૫ | ૬ | ૪ |
| ૫ | ૭ | ૩ | ૬ | ૪ | ૯ | ૨ | ૧ | ૮ |
| ૩ | ૨ | ૧ | ૫ | ૮ | ૪ | ૬ | ૭ | ૯ |
| ૮ | ૫ | ૬ | ૯ | ૨ | ૭ | ૩ | ૪ | ૧ |
| ૭ | ૯ | ૪ | ૧ | ૬ | ૩ | ૮ | ૫ | ૨ |
| ૪ | ૮ | ૯ | ૩ | ૫ | ૧ | ૭ | ૨ | ૬ |
| ૨ | ૩ | ૭ | ૪ | ૯ | ૬ | ૧ | ૮ | ૫ |
| ૧ | ૬ | ૫ | ૨ | ૭ | ૮ | ૪ | ૯ | ૩ |

## ચતુર આપો જવાબ

માથું ખંજવાળો

સાયરાબાનુ સાથેની ફિલ્મ આરોગ્યની સમસ્યાને લીધે અટકી પડી હોવાને કારણે ગુજરાતી નાટક ‘ધુમ્મસ’ જોઈને યશ ચોપડાએ કઈ હિન્દી ફિલ્મ બનાવી હતી?

અ) દાગ બ) ઈત્તફાક ક) લમ્હે ડ) ચાંદની

## નોંધી રાખો

માણસ એ હદે મતલબી થઈ ગયો છે કે દિલની જગ્યાએ કેલ્ક્યુલેટર હોય ત્યારે હાથ મિલાવતી વખતે હિસાબ કરી નાખે કે એનાથી તેને કેટલો ફાયદો થશે.

## માઈન્ડ ગેમ

આરકે ફિલ્મ્સના બેનર હેઠળ ઘણી ફિલ્મોનું નિર્માણ થયું હતું. એમાંથી કઈ ફિલ્મમાં પૃથ્વીરાજ કપૂર, રાજ કપૂર અને રણધીર કપૂર સાથે કામ કર્યું હતું એ જણાવો.

અ) આવારા બ) જાગતે રહો ક) કલ આજ ઔર કલ ડ) શ્રી ૪૨૦

## ગયા શુક્રવારના જવાબ

ભાષા વૈભવ

| A | B |
|---|---|
| गवाक्ष | ઝરૂખો |
| गवास | કસાઈ |
| गश्त | પહેરો |
| गवारा | સ્વીકાર્ય |
| गमक | સુગંધ |

ઓળખાણ પડી?
Clint Eastwood

માઈન્ડ ગેમ
મોતીલાલ

ગુજરાત મોરી મોરી રે
લાખો ફુલાણી

ચતુર આપો જવાબ
માથું ખંજવાળો
પ્રહાર

## ફનવર્લ્ડમાં ઉમળકાભેર ભાગ લઈ સાચા જવાબ આપનારા વાચકોનાં નામ અહીં આપ્યાં છે. અભિનંદન.

(૧) સુભાષ મોમયા (૨) કિશોરકુમાર જીવણદાસ વેદ (૩) મિલરાજ કપૂર (૪) ધીરેન ઉદેશી (૫) શ્રદ્ધા આશર (૬) તાહેર ઔરંગાબાદવાલા (૭) શીરીન ઔરંગાબાદવાલા (૮) અબદુલ્લા એફ. મુનીમ (૯) ડો. પ્રકાશ કટકિયા (૧૦) ભારતી પ્રકાશ કટકિયા (૧૧) પુષ્પા પટેલ (૧૨) વિભા મહેશ્વરી (૧૩) જયોતી ખાંડવાલા (૧૪) મહેન્દ્ર લોઢાવિયા (૧૫) મીનળ કાપડિયા (૧૬) લજીતા ખોના (૧૭) મનીષા શેઠ (૧૮) ફાલ્ગુની શેઠ (૧૯) નિખીલ બંગાળી (૨૦) અમીષી બંગાળી (૨૧) હર્ષા મહેતા (૨૨) વર્ષા સૂર્યકાંત શ્રોફ (૨૩) કલ્પના આશર (૨૪) રજનીકાંત પટવા (૨૫) સુનીતા પટવા (૨૬) મહેશ દોશી (૨૭) ભાવના કર્વે (૨૮) સુરેખા દેસાઈ (૨૯) વિણા સંપટ (૩૦) નિતા દેસાઈ (૩૧) દેવેન્દ્ર સંપટ (૩૨) અંજુ ટોલીયા (૩૩) અલકા વાણી (૩૪) શિલ્પા શ્રોફ (૩૫) દિલીપ પરીખ (૩૬) ગિરીશ બાબુભાઈ મિસ્ત્રી (૩૭) જગદીશ ઠક્કર (૩૮) પુષ્પા ખોના (૩૯) સુભાષ મોમાયા (૪૦) અરવિંદ કામદાર (૪૧) જ્યોત્સના ગાંધી (૪૨) ઈનાક્ષી દલાલ (૪૩) હિના દલાલ (૪૪) રમેશ દલાલ (૪૫) મહેશ સંઘવી (૪૬)નિતીન જે. બજરીયા (૪૭) જયવંત પદમશી ચિખલ (૪૮) રશિક જુથાણી (ટોરન્ટો-કેનેડા) ૪૯) નયના મિસ્ત્રી

## ફોકસ (પાંચમા પાનાનું ચાલુ)

જોઈએ. બાકી, આખી ઈન્ડસ્ટ્રીને ડર છે એમ ‘આદિપુરુષ’ જેવો ફિયાસ્કો થતાં વાર ન લાગે.

અશ્વત્થામા કેવા લાગતા હતા એ આપણે કોઈ જાણતા નથી. પણ શું શાહિદ કપૂર સ્વીકાર્ય બનશે? અગાઉ ‘ઉડી - ધ સર્જિકલ સ્ટ્રાઈક’ના દિગ્દર્શક અશ્વિની ધીરે વિક્કી કૌશલને લઈને ‘ધ ઈમોર્ટલ અશ્વત્થામા’ બનાવાવની જાહેરાત કરી હતી. આના પર થોડું ઘણું કામ પણ થયું હતું. પરંતુ ધીમે-ધીમે સમજાયું કે આ ફિલ્મ માટે વીએફએક્સનો તોતિંગ ખર્ચ થશે, જે પાછો લાવવો મુશ્કેલ છે. ગોસિપિંગ તો એવું ય થયું હતું કે આટલી મોટી ફિલ્મનો ભાર ઉપાડવાનું વિક્કીનું ગજુ નહિ. અંતે એ ફિલ્મ અભેરાઈ પર ચડાવી દેવાઈ.

ભૂતકાળમાં ઘણી સફળ ફિલ્મો આપી ચુકેલા વાસુ ભગનાની અને તેમની પૂજા ફિલ્મ્સ અન્ય સહ-નિર્માઓએ ‘અશ્વત્થામા ધ સાગા કન્ટીન્યુસ’ બનાવવાનું બીડું ઝડપ્યું છે. નિશાન ખૂબ ઊંચું તાકયું છે એમાં જરાય શંકા નહિ.

અશ્વત્થામા તો અમર હતા ને રહેશે પણ જો ફિલ્મ ઊણી ઊતરી તો પૌરાણિક અમરવીરને શું કહેશું? અસ્વસ્થ થામા.

અત્યારે તો અશ્વત્થામા, સચિન બી. રવિ અને શાહિદ કપૂર (એજ ક્રમમાં)ની ત્રિપુટી પ્રતીક્ષા કરવા જેવી આશા જન્માવે જ છે. જીવતા રહેવાના અને દર્દ ભોગવતા રહેવાના શ્રાપને લીધે અમર થયેલા અશ્વત્થામાને બોલીવૂડ શાતાદાયી સ્પર્શ આપે એવી અપેક્ષા રાખીએ. ■

## પ્રાસંગિક (સાતમા પાનાનું ચાલુ)

જો તમે તમારાં સંતાનો પછી તે છોકરો હોય કે છોકરી, તેની પ્રતિભા જુઓ અને પછી તેમનું સંપૂર્ણરૂપે સમર્થન કરો. તેઓ જરૂર સારું પ્રદર્શન કરશે.

મહિલાઓ ઉપર સ્પોર્ટ્સની ફિલ્મોમાં વધારો જરૂર થયો છે, પરંતુ છતાં ભારતમાં મહિલા ખેલાડીઓ ઉપર એટલી ફિલ્મો નથી બનતી જેટલી મહિલાઓને સંબંધિત અન્ય વિષયો ઉપર બને છે. તેનું મોટું કારણ એ છે કે વધુ પડતા કલાકારોમાં એથ્લેટીક બ્લડનો અભાવ છે અને તેની અછત ત્યારે જ પૂરી થઇ શકે જ્યારે એક્ટર ટ્રેનિંગ પાછળ વર્ષો સુધી પસીનો પાડે. જેથી સ્પોર્ટ્સ ઉપર ફિલ્મો બનાવવાની મૂળ જરૂરિયાતો પૂરી થઇ શકે. આર બાલ્કિ ‘ઘૂમર’ ફક્ત એટલા માટે બનાવી શક્યા કારણ કે સિયામી ખેર મહારાષ્ટ્રની મહિલા ક્રિકેટ ટીમમાં એક ફાસ્ટ બોલર રહી ચૂકી હતી. બાલ્કિએ જણાવ્યા અનુસાર વધુ પડતી સ્પોર્ટ્સની ફિલ્મો એટલા માટે બનાવટી લાગે છે કારણ કે તે ભાવનાત્મક પાસાઓ ઉપર વધુ મદાર રાખતી હોય છે. બાલ્કિ ‘ઘૂમર’ને મહિલા સ્પોર્ટ્સ ફિલ્મના રૂપમાં નથી જોતા, પરંતુ એક સ્પોર્ટ્સ ફિલ્મ તરીકે જોવે છે. જેમાં ચરિત્ર પડકારો ઉપર વિજય મેળવવાનો પ્રયાસ કરે છે. તેલુગુની પહેલી મહિલા સ્પોર્ટ્સ ફિલ્મ ‘અશ્વિની’માં અશ્વિની નાચપ્પા, પૂર્વ ભારતીય એથ્લિટે પોતે જ પોતાની ભૂમિકા ભજવી છે.

‘ચક દે ઇન્ડિયા’ની રિલીઝ ઉપર એક આંતરરાષ્ટ્રીય અખબારે ટીપ્પણી કરી હતી કે ફિલ્મનું કેન્દ્ર બિંદુ ભારતમાં સેક્સિઝમ ઉપર છે. ત્યારબાદની ફિલ્મોમાં ભારતીય રમતોમાં લિંગના મુદ્દાને સંબોધિત કરવાનો પ્રયાસ કરવામાં આવ્યો હતો. ‘મેરી કોમ’માં જ્યારે યુવા મેરી બોક્સિંગના ગ્લોવ્સ તેના પિતાને દેખાડે છે ત્યારે તે કહે છે કે આ છોકરીઓના રમવાનું રમકડું નથી. તારું નાક કે મોં તૂટી ગયું તો તારી સાથે લગ્ન કોણ કરશે? ‘દંગલ’માં પિતાના સમર્થન છતાં સમાજ છોકરીઓ કુશ્તી કરે તેની વિરુદ્ધ હોવાનું દર્શાવવામાં આવ્યું હતું. ટૂંકમાં એમ કે મહિલાઓ ઉપર બનેલી બધી જ સ્પોર્ટ્સની ફિલ્મોમાં સેક્સિઝમ અને ભેદભાવને દેખાડવામાં આવ્યો છે અને પછી તે પસંદગીકારોએ કર્યો હોય કે કુટુંબ કે પછી પાડોશીઓએ. આ મુદ્દાને મહિલાઓની ફિલ્મોમાં સૌથી વધુ દર્શાવવામાં આવ્યો છે. ■

## સોપારી (સાતમા પાનાનું ચાલુ)

અત્યારે બાકીના કામ પતે.’

‘આ... ખા... પાં... ચ... લા... ખ...?’ જગલાના મોં આંખો પહોળાં થઈ ગયાં.

‘ત્યારે શું બસો - પાંચસોનું કામ છે આ? આમાંથી અરધા તો, પોલીસ લઈ જશે. પછી મારી પાસે શું રહેશે? અને આ કંઈ બકાલુ ખરીદવાનું કે ખેતરમાંથી રખડતું ઢોર હાંકી કાઢવાનું નથી. સ...મજ્યા?’ ઈમુ કરડાકીથી બોલ્યો, ‘ઝટ કરો. મને મોડું થાય છે.’

જગલો ઊભો થયો, લથડતા પગે જઈ, સ્કૂટરની ડેકીમાંથી પૈસા લઈ આવ્યો. ઈમુ સામે મુકયા. ‘બે... એ.. એ.. લા....ખ’ ... જગલો આગળ બોલી ના શકયો.

‘ઓ...કે! કશો વાંધો નહીં. બાકીના કામ પતે ઓ...કે...!’ ઈમુ બોલ્યો.

આ વાતને ખાસ્સા દસેક દિવસ થઈ ગયા. પણ મારી હાલત કફોડી હતી. બાકીના પૈસા માટે ઈમુએ મારી અને જગલા સામે જોઈ કહ્યું હતું. ‘બાકીના પૈસા જલદી મોકલજો. ઢીલ થશે તો પોલીસને જાણ કરીશ.’ એનો બોલવાનો ઢંગ અને અવાજની સખ્તાઈથી હું હલી ગયો હતો અન જગલાભાઈ તો બિન્ધાસ્ત ચાલ્યા ગયા હતા.

પણ હવે ધીમે ધીમે મને આ પ્રસંગની ગંભીરતા સમજાતી હતી. ‘જગલો કામ પત્યા પછી સમયસર પૈસા નહીં આપે તો ઈમલો જગલા સાથે મારુંય નામ પોલીસમાં આપશે?’ મન પર આ વિચાર સવાર થયા પછી મારી હાલત અસ્વસ્થ થઈ ગઈ. ખાવાપીવામાંથી રુચિ મરી ગઈ. સરખી ઊંઘ પણ લઈ શકતો નહીં. નોકરીમાં પણ મન લાગતું ન હતું. એમાંય અધિકારીના ઠપકાનો ભોગ બનવું પડ્યું. પોલીસ મારું ઘર પૂછતી આવી હોય એવા ભણકારા થવા લાગ્યા. એક દિવસ ઊંઘવાના પ્રયત્નમાં આંખ બંધ કરી, બંધ આંખ સામે ઈમુ સાથે પોલીસ જોઈ, પોલીસે મને ગળચીમાંથી પકડયો. હાથકડી પહેરાવી થાપા પર બે-ચાર દંડા ઝાપટયા ‘ઓ.. બા..પા!’ ગળામાંથી ચીસ નીકળી ગઈ. પત્ની હાંફળી-હાંફળી આવી મને ઢંઢોળવા લાગી. ‘શું થયું, શું થાય છે તમને?’ ‘ક... કંઈ... નહીં’ ચકળવકળ આંખે પત્ની સામે જોઈ તરડાયેલા અવાજે હું બોલ્યો.

પણ એ પછી મારી સ્થિતિ વધારે ખરાબ થઈ ગઈ. ડગલે પગલે હું ભયના ઓથારમાં રહેવા લાગ્યો. દરરોજ સવારમાં જગલો મને રસ્તામાં મળતો એ પણ હવે મળતો બંધ થઈ ગયો હતો. ‘શું થયું હશે. એણે બાકીના પૈસા ઈમુને આપી દીધા હશે? ઈમુએ શેઠાણી રંભાને પતાવી દીધાં હશે? સરયૂ સાથે જગલો પરણીને હનીમૂન માટે ચાલ્યો ગયો હશે?’ હું વિચારતો મૂંઝવણ સાથે મારો ભય વધતો.

આ બધામાંથી છૂટકારો મેળવવાના વિચારે હું જગલાના ઘેર ગયો. જગલો લમણે હાથ દઈ પરસાળમાં ખાટલે બેઠો હતો. ઘરમાંએની ડોશી કશો બડબડાટ કરતી, એને ભાંડતી હતી. જગલાનાં દીદાર જોઈ મેં આંચકો અનુભવ્યો.

કાયમ નવાં લુગડામાં અપટુડેટ રહેતો જગલો સફેદ મેલા લેંઘા અને બાંય વગરની બનિયનમાં ગૂમસૂમ બેઠો હતો. દિવસોથી વધી ગયેલી દાઢીથી જગલો લાંબી બીમારીમાં હોય એવો લાગતો હતો. મને જોઈ એ માંદલું હસ્યો. એના આવકાર-બાવકારની રાહ જોયા વગર હું એની પાસે ખાટલામાં બેસી ગયો. ઘરમાં એની મા તરફ ઈશારો કરી એણે મને કંઈ ન બોલવા સમજાવ્યું.

‘શું થયું, તું કેમ આમ થઈ ગયો?’ મને જે સૂઝયું એ પૂછયું. પણ જવાબ આપવાના બદલે મોં પર આંગળી મૂકી મને ચૂપ રહેવા કહ્યું. પછી ઊભો થઈ પગરખાં ચઢાવી, પરસાળ ઉતર્યો. મનેય એની સાથે લીધો.

ખાસ અવરજવર ન હતી ત્યાં જગલો ઊભો રહ્યો. એટલે હું બોલ્યો ‘લ્યા! પેલા ઈમુને પૈસા આપ્યા? એ મારી પાસે ઊઘરાણી કરશે!’

જગલો તિરસ્કારભર્યું હસીને થૂંકયો. પછી આવેશમાં બોલ્યો, ‘શાના પૈસા? એણે તો મારી પથારી ફેરવી નાખી!’

‘શું ઉ ઉ...! શાની કેવી પથારી, કોણે ફેરવી?’

‘એ... સા... ઈમલાએ!’ જગલો ગુસ્સામાં બોલ્યો.

‘પણ શું થયું કહેતો ખરો? સરયૂ સાથે લ..ગન.’

હું બોલવાનું પૂરું કરું એ પહેલાં જગલાએ મને એની કરમ કહાણી સુણાવી, જે આ મુજબ હતી.

સરયૂ સાથે જગલો લગન કરવા માગતો હતો. પણ એની મા રંભા શેઠાણી આડાં આવતાં હતાં. આથી એમનો કાંટો કાઢી નાખવા જગલાએ ઈમુને સોપારી આપી.

પણ શેઠ કાળીદાસ સાથે ઈમુને ખૂબ જૂના સંબંધ હતા. ઈમુની બેનનાં લગ્ન વખતે શેઠે ઈમુને મદદ કરી હતી. આથી ઈમુ શેઠની અને એમના પરિવારની ઈજજત કરતો હતો. ઈમુના કારણે શેઠ એમનો પેટ્રોલ પંપ સલામત માનતા હતા. આ વાતની જગલાને ખબર હતી. છતાં સરયૂ સાથે લગ્નની લગનમાં એની બુદ્ધિ બહેર મારી ગઈ હતી.

બીજા દિવસે જગલો અજાણ્યો બની શેઠના ઘેર ગયો. એટલે શેઠે સરયૂને બોલાવી એની સાથે શેઠાણી રંભા પણ આવ્યા. જગલો સફેદ પૂણી જેવો થઈ ગયો. ‘છોકરી તારી ઈચ્છા આની સાથે લગ્ન કરવાની છે?’ જગલાને બતાવતાં શેઠે કરડાકીથી સરયૂને પૂછયું.

‘ના... રે...! કોણે કીધું?’ મને તો એવો વિચારેય આવ્યો નથી.’ સરયૂ બોલી.

‘અને તું મારી છોકરી સાથે લગ્ન કરવા આને મારી નાખવા ઊભો થયો છે?’ શેઠાણી તરફ ઈશારો કરતાં શેઠ બોલ્યા. જગલાની હાલત વાઢયો હોય તો લોહી ના નીકળે એવી થઈ ગઈ.

‘હ... રામી!’ જે ઘરમાં આશરો મળ્યો ત્યાં જ દેવતા મેલવા તૈયાર થયો? ચાલ્યો જા મારી આંખો આગળથી ફરી વખત મને તારું મો ના બતાવીશ. અને સલામતી ઈચ્છતા હોય તો ભૂલે ભટકેય આ તરફ ફકરતો નહીં.’ શેઠ ગુસ્સામાં બોલ્યા, ‘બામણાનું છોકરું જાણી દયા આવે છે નહીં તો હમણાં પોલીસને સોંપી દેત.’ શેઠ આગળ બોલ્યા અને જગલાએ જેવો પગ ઉપાડયો એ સાથે શેઠાણી એની પાસે ધસી આવ્યાં. કચકચાવીને બે તમાચા એના ગાલમાં ચોંડી દેતા ધ્રૂજતા અવાજે બોલ્યાં, ‘એમ આ નપાવટને ક્યાં જવા દો છો? મૂઆ મફતિયા દયા કરી મેં તારાં વાનાં પૂરાં કર્યાં. પેટ જણ્યા જેવાં હેત પ્રેમ આપી આખા પેટ્રોલ પંપનો વહીવટ તારા હાથમાં સોંપ્યો. ત્યારે મારી છોકરી સામે નજર બગાડી? મારાજ ઘરમાં ખાતર પડવા તૈયાર થયો? સારું જાણી અમે આપેલી બધી વસ્તુઓ હમણાં આપી જા.’ કહેતા એમણે જગલાના હાથમાંથી સ્કૂટરની ચાવી આંચકી લીધી.


સ્વભાવ પ્રમાણે સરયૂ જગલા સાથે હસતી વાતો કરતી આથી જગલા ભાઈને આકડે મધ લાગ્યું. પેટ્રોલ પંપના હિસાબમાં શેઠથી ગાપચી મારી ભેગા કરેલા બે લાખ રૂપિયા શેઠાણીની સોપારી માટે જગલાએ ઈમુને આપ્યા હતા.

અને ઈમુએ જગલાની જ સોપારી લઈ લીધી. ■

## વિશેષ

નરેન્દ્ર કુમાર

# એક દિવસ તો મિત્રતા અને હૂંફનો અંત આવે છેઃ જાવેદ અખ્તર





એક સમય એવો હતો જ્યારે જાવેદ અખ્તર અને સલીમ ખાનની મિત્રતા બોલીવૂડમાં ફેમસ હતી. બંને ઈન્ડસ્ટ્રીમાં સલીમ-જાવેદ તરીકે જાણીતા હતા. જાવેદ અખ્તર અને સલીમ ખાને સાથે મળીને ઘણી ફિલ્મો માટે બ્લોકબસ્ટર સ્ક્રિપ્ટ લખી છે.

અમિતાભ બચ્ચનની ‘શોલે’ અને ‘જંજીર’થી લઈને ‘દીવાર’ અને ‘ડોન’ સુધીની હિટ ફિલ્મો પણ સલીમ-જાવેદની જોડીએ લખી છે, પરંતુ થોડા સમય પછી આ સુંદર જોડી તૂટી ગઈ. તાજેતરમાં જ જાવેદ અખ્તર એક ઈન્ટરવ્યૂમાં સલીમ ખાનથી અલગ થવાનું સાચું કારણ જણાવતા જોવા મળ્યા હતા.

જ્યારે જાવેદ અખ્તરને પૂછવામાં આવ્યું કે શું તમે પૈસા અને ક્રેડિટના કારણે સલીમ ખાનથી અલગ થયા છો? આ સવાલના જવાબમાં જાવેદ અખ્તરે કહ્યું કે જુઓ, જ્યાં સુધી બે લોકો સાથે હોય છે ત્યાં સુધી તેઓ મિત્રો રહે છે, પરંતુ જેમ જેમ તેમની વચ્ચે ત્રીજી કે ચોથી વ્યક્તિ આવવા લાગે છે, મિત્રતાનો અંત આવવા લાગે છે.

અમે અમારી કારકિર્દીની શરૂઆત સાથે કરી હતી. અમે સાથે કામ કરતા, બહાર ફરવા જતા, સાથે બેસીને સમુદ્ર પર સૂર્યાસ્ત થતા જોતા. તે મારા ઘરે આવતો અને હું તેના ઘરે જતો. અમે મિત્રો હતા.

જાવેદ અખ્તરે આગળ કહ્યું કે સાચું કહું તો અમારી વચ્ચે ક્યારેય ઝઘડો થયો નથી. અમે ક્યારેય પૈસા અથવા ક્રેડિટ માટે દલીલ કરી નથી.

જ્યારે આપણે સફળ થવાનું શરૂ કરીએ છીએ, ત્યારે વિવિધ લાગણીઓ અને લોકો આપણા જીવનમાં આવવા લાગે છે. એક દિવસ બધું જ રહે છે પણ એ મિત્રતા અને હૂંફનો અંત આવે છે. અમને લાગે છે કે હવે પહેલાની જેમ મળતા નથી, સાથે નથી બેસતા. અમારી સાથે પણ એવું જ થયું.

ગયા વર્ષે સલીમ ખાનના પુત્ર અરબાઝ ખાને એક ઈન્ટરવ્યૂ દરમિયાન કહ્યું હતું કે હવે તેના પિતા અને જાવેદ અખ્તર વચ્ચે કોઈ દુશ્મની નથી.

એક દિવસ જાવેદ અખ્તરે પોતે તેમને ફોન કર્યો અને પૂછ્યું કે સલીમ ખાનની તબિયત કેવી છે. જાવેદ પણ કહે છે, હવે મારા મનમાં કોઈ દુશ્મની નથી. તે સમયની વાત હતી અને બીજું કંઈ નહીં. ■

## ટૂંકી વાર્તા

રમણ મેકવાન

# સોપારી



એનું નામ હતું જગદીશ. પણ મિત્રદાવે હું એને જગલો કહેતો.

જગલો, એના ઓળખીતા એક શેઠના પેટ્રોલ પંપની દેખરેખનું અને હિસાબ રાખવાનું કામ કરતો હતો. મારી ફેકટરીથી થોડે દૂર પેટ્રોલ પંપ હતો. દરરોજ સવારમાં સાઈકલ પર હું ફેકટરીએ જવા નીકળતો ત્યારે ચોક્કસ સમયે ચોક્કસ સ્થળે, મને એનો ભેટો થતો. દરરોજ નવા, નવીનવી ડિઝાઈનનાં લૂગડાં પહેરી રમરમાટીને જગલો સ્કૂટર પર ભાગતો, હું જોતો. મને એના માટે કુતૂહલ થતું.

એક દિવસ રસ્તાની ધારે સ્કૂટરને કીકો મારતો મેં એને જોયો. હું સાઈકલ પરથી ઊતરી એની પાસે ગયો. પરસેવે રેબજેબ જગલો હાંફી રહ્યો હતો. હાંફતા હાંફતા બોલ્યો, 'સા... બંધ પડી ગયું.'

ફેકટરીમાં ઘણાને એમના બંધ પડેલા સ્કૂટર ચાલુ કરતાં મેં જોયા હતા. એ રીતે મેં સ્કૂટરના અમુક ભાગોને દબાવ્યા. હલાવ્યા. એક વખત મારા સેકશનની હેડ સોનિયા મેડમનું બંધ પડેલું સ્કૂટર એક સુપરવાઈઝરે સ્કૂટરના પ્લગ સાફ કરી ચાલુ કરી આપ્યું હતું. ત્યારે હું ત્યાં હાજર હતો. મેં જગલા સામે જોઈ કહ્યું, 'એના પ્લગમાં કાર્બન જામી ગયો હશે. આજ કાલ પેટ્રોલ ભેળસેળવાળું આવે છે.' નારાજગી ભરી નજરે એણે મારી સામે જોયું અને સ્કૂટરનો પ્લગ કાઢયો. હું સાચો પડ્યો. પ્લગ પર ખુબ કાર્બન જામી ગયો હતો. એને સાફ કરી નાખ્યો. કીક મારી સ્કૂટર ચાલુ થયું. એ આભારની નજરે મારી સામે જોઈ હસ્યો અને ચાલ્યો ગયો.

એ પછી અમારો પરિચય વધ્યો અને અમારી વચ્ચે દોસ્તી થઈ.

હું ફેકટરીમાં નોકરી કરતો હતો. પગાર ટૂંકો હતો. મોંઘવારીમાં પત્ની, બે બાળકો અને બીજા ખર્ચમાં મને મળતો પગાર માત્ર પંદર દિવસ ચાલતો એ પછી અહીં તહીં ઉધાર-ઉછીના કરી ગાડું ગબડાવતો. એક વખત પાંચસો રૂપિયાની જરૂર ઊભી થઈ. મેં જગલાને વાત કરી. કશીજ પૂછપરછ વગર એણે એના પાકીટમાંથી પાંચસોની નોટ મને આપી. એનું પાકીટ જોઈ મારી નજર ફાટી ગઈ. પાંચસો હજારની નોટોથી એનું પાકીટ ખીચોખીચ હતું. એ પછી અવારનવાર હું એની પાસે હાથ લંબાવતો અને આનાકાની વગર એ મને માગું એટલા આપી દેતો.

પત્ની બીમાર પડી. એને દવાખાને લઈ જવાના પૈસા ન હતા. હું જગલાના ઘેર ગયો. તરત મને કહ્યા એટલા પૈસા આપ્યા. પૈસા આપ્યા પછી એણે મને પૂછયું, 'રવિવારે તારે રજા છે?'

'હા...અઆ! બોલને કંઈ કામ છે મારું?' અવારનવાર એ મારું કામ કાઢતો હતો, આથી એના અરથમાં આવવાના ઉત્સાહમાં હું હરખપદૂડો થઈ ગયો.

રવિવારે સવારમાં દશ વાગે સ્કૂટર લઈ એ મારે ત્યાં આવ્યો. પત્ની પાસે હાઈકલાસ ચા બનાવડાવી. ચા પીતાં એણે મને પૂછયું, 'પેલો ઈમુદાદો તને ઓળખે છે?' હું ચમકી ગયો. 'ઈમુદાદાનું આને શું કામ પડ્યું?' પ્રશ્ન થયો.

શહેરના 'દાદા'થી ઓળખાતા ઈમુની આખા શહેરમાં ધાક હતી. એની પાસે ખાસ્સી ગુંડા ટોળી હતી. ગમે એની ગમે ત્યારે હત્યા કરી નાખવાની એના ડાબા હાથની ગેમ હતી. 'તારે એનું શું કામ છે?'

'તું એને ઓળખે છે કે નહીં? એ કહેને?' સખત અવાજે એ બોલ્યો.

જગલાની નારાજગી વ્હોરી લેવી પોષાય એમ ન હતી. એટલે મારા મોંમાથી નીકળી ગયું, 'હા... આ... આ...'

'એનું ઘર ક્યાં આવ્યું, જોયું છે તે?' એણે પૂછયું. ઈમુ મારા બનેવીના કાકાના દીકરાનો સાળો થતો હતો. એક વખત મારા બનેવીને એનું કામ પડ્યું ત્યારે હું એમની સાથે ગયો હતો. બસ પછી કદી હું એને ત્યાં ગયો નથી, અને ઈમુને અમારી એ મુલાકાત યાદ હશે કે નહીં એમાં હું ચોક્કસ ન હતો. જવાબ માટે જગલો મારી સામે જોઈ રહ્યો હતો. મેં બોલ્યા વગર હકારમાં ડોકી હલાવી એટલે કપ ભોંયે મૂકી એકદમ એ ઊભો થઈ ગયો. 'ચાલ' એ બોલ્યો અને સ્કૂટર પાસે જઈને ઊભો રહ્યો.

હું ઘરમાં પત્નીને જાણ કરી બહાર આવ્યો. જગલાએ સ્કૂટર સ્ટાર્ટ કર્યું. પાછળ હું સવાર થઈ ગયો અને મેં બતાવ્યો એ રસ્તે જગલાએ ઈમુના ઘર તરફ સ્કૂટર હંકાર્યું.

ઈમુ એના ઘર આગળ ખુરશીમાં બેઠો હતો. જગલાને મેં બતાવ્યો, એણે બરાબર ઈમુ પાસે જ સ્કૂટર ખડું કરી દીધું. અમને એકદમ ધસી આવેલા જોઈ, બેબાકળો ઈમુ ઊભો થઈ ગયો. ત્વરિત એનો એક હાથ એના પેન્ટના ખિસ્સા પર સજજડ ચોંટી ગયો. 'કોણ છો કેમ આવ્યા. કોણે મોકલ્યા?' ઈમુએ કડક અવાજે પ્રશ્નોત્તરી કરી, અમે શિયાંવિયાં થઈ ગયા. જગલાએ મારી સામે જોયું એટલે હું બોલ્યો, 'ઈમુ ભાઈ એકવાર હું તમારે ઘરે આવ્યો હતો. યાદ છે?'

'તે એનું અત્યારે શું છે? આ કોણ છે? જગલા સામે કરડી આંખે જોતાં ઈમુ બોલ્યો.

'આ મારો મિત્ર જગદીશ છે. એને તમારું કામ છે.' થોથવાતા હું બોલ્યો.

'શું કામ છે?' ઈમુ બોલ્યો. મેં જગલા સામે જોયું, હોઠ પર જીભ ફેરવતાં જગલો લાચારી ભર્યું હસ્યો. 'મારે સોપારી આપવાની છે.'

'સો...પારી! શાની સોપારી? અને તમને કોણે કહ્યું હું સોપારી લઉં છું.' એક શ્વાસે ઈમુ બોલી ગયો. હું બાઘાની માફક બંને સામે વારાફરતી જોઈ રહ્યો. મને આમાં કશી સમજણ પડતી ન હતી. જગલો કંઈ બોલ્યો નહીં. એટલે થોડીવાર પછી ઈમુ બોલ્યો, 'કોની સપારી આપવા આવ્યા છો?'

હવે જગલામાં હામ આવી. એણે તકેદારી ભરી નજરે આસપાસમાં જોઈ લીધા પછી ઈમુ સામે જોયું. ઈમુ એની મનોસ્થિતિ સમજી ગયો. એટલે અમને ઘરમાં એક અંધારા ઓરડામાં લઈ ગયો.

ઓરડા વચ્ચે ટેબલ હતું. એની આસપાસ ચાર ખુરશી પડી હતી. એક ખુરશીમાં બેસતાં પહેલા ઈમુએ એના પેન્ટના ખિસ્સામાંથી રિવોલ્વર કાઢી. ટેબલ પર મૂકી રિવોલ્વર જોઈ હું અંદરથી થથરી ગયો.

ઈમુએ અમને બેસવાનો ઈશારો કર્યો. એટલે અમે એની સામે બેસી ગયા. 'બોલો કોની સોપાર આપવા આવ્યા છો?' ઈમુએ ટેબલ પર પડેલી રિવોલ્વર લઈ, હાથમાં રમાડતાં પૂછ્યું. મારી અને જગલાની બંનેની નજર ઈમુના હાથમાં રમતી રિવોલ્વર પર સ્થિર હતી. આથી અમે એને ઝટ જવાબ આપી ના શક્યા. થોડીવાર પછી ઈમુ કડકાઈથી બોલ્યો, 'બોલો! ઝટ કરો. મારે ઉતાવળ છે. બહાર જવાનું છે.' મેં જગલા સામે જોયું. જગલો મૂંઝવણમાં હોય એમ લાગ્યું. ઈમુ કરાંજ્યો. 'જુઓ સોપારીની વાત લઈ આવ્યા છો. આથી વાત કરીને જ અને સોપારીની કિંમત ચુકવીને જ અહીંથી જઈ શકશો.'

જગલો ભયભીત નજરે ઈમુ પાસે જોઈ રહ્યો. મારી નજર ઈમુના હાથમાં રમતી પિસ્તોલ પર હતી. ઈમુએ જગલા સામે જોયું. ગળામાં થૂંક ઉતારવાનો પ્રયત્ન કરતાં, જગલો દબાતે અવાજે બોલ્યો, 'મારી શેઠાણી રંભાની.'

મારા મન પર સન્નાટો છવાઈ ગયો. જગલાએ મને કહ્યું હતું એ પ્રમાણે રંભા શેઠાણી એટલે પેટ્રોલ પંપના માલિકની પત્ની.

જગલો - જગદીશ એની માને એકનો એક હતો. ભરયુવાનીમાં જગલાની મા વિધવા થઈ હતી. ત્યારથી પેટ્રોલપંપના માલિક કાળીદાશ શેઠને ત્યાં ઘરકામમાં જોતરાઈ હતી. શેઠાણી રંભા અને કાળીદાસ શેઠ ખૂબ ભલાં હતાં. જગલાની મા સાથે પરિવારના સભ્ય જેવો વ્યવહાર કરતાં. જગલો નાનાથી મોટો એમની નજર આગળ થયો હતો. દશમી પાસ થયો અને કાળીદાસ શેઠ ઉંમર અને ભારે શરીરને કારણે દોડાદોડ કરી શકે એમ ન હોવથી જગદીશને પેટ્રોલ પંપનો વહીવટ સોંપ્યો. સવાર સાંજ પેટ્રોલ પંપની દેખરેખ રાખવાની અને પેટ્રોલની જે કંઈ આવક થઈ હોય એણે લઈ આવવાની.

જગલા સાથે પરિચર વધ્યો. પછી એણે મને આ વાત કહી હતી. એણે એવું ય કહ્યું હતું કે 'શેઠને મારી ઉંમરની જ એક છોકરી છે. અમારી વચ્ચે પ્રેમ સંબંધ છે. હું એની સાથે લગ્ન કરવા માગુ છું. પણ વચ્ચે એની મા રંભા શેઠાણી આવે છે. એને હું એની છોકરી સરયૂ સાથે પરણું એ પસંદ નથી.'

'પણ સરયૂ તને ચાહે છે એને તારા માટે પ્રેમ છે, એની તને ખાતરી છે?' મેં પૂછયું હતું.

'હા... હા વળી હું ઊઠયો ઊઠયો થોડો એની સામે પ્રેમની વાત કરું છું. તું આવજે મારી સાથે. શેઠના ઘેર. ત્યારે તું જો જે એને મારા પ્રત્યે પ્રેમ છે કે નહીં?'

એ પછી જગલો મને એના શેઠના બંગલે લઈ ગયો હતો. શેઠ-શેઠાણી સ્વભાવનાં ખૂબ મીઠાં મળતાવડાં હતાં. જગલો જાણે એમના ઘરનો સભ્ય હોય એમ વર્તતો હતો. શેઠ-શેઠાણીનો એની સાથે દીકરા જેવો વ્યવહાર હતો અને સરયૂ જગલા સાથે હસતી બોલતી હતી. વાતવાતમાં જગલાને તાળી આપતી. મસ્તીમાં એના ખભે ધબ્બો મારતી. મારી હાજરીમાં જગલો વધારે ખીલ્યો લાગતો હતો. સરયૂ રૂપાળી નાજુક નમણી હતી એકવડી ઉજળી, કાળા ઘટ્ટ લાંબા માથાના વાળ. સરયૂને જોઈ, જગલાની એની સાથેના પ્રેમ સંબંધની વાત મને વધારે પડતી લાગી હતી. સરયૂ આગળ જગલાના ચણાય ના આવે. એવો જગલાનો દેખાવ હતો. હસમુખી અને વાતોડિયણ સરયૂ જગલા સાથે હસતી વાતો કરતી હશે એટલે જગલાભાઈને સરયૂ એને પ્રેમ કરે છે એવો ભ્રમ થયો હોય એવું મને લાગ્યું. હું કલાક એના ત્યાં રોકાયો ત્યારે મારી સાથેય એ છૂટથી હસતી બોલતી હતી. એક બે વાર મનેય વાતવાતમાં હસીને તાળી આપી હતી. આથી મારે એ મને ચાહે છે એવું માની લેવાનું?'

'કોણ રંભા શેઠાણી, ક્યાં રહે છે?' ઈમુએ કરડા અવાજે પૂછયું.

જગલાએ શેઠાણીની માહિતી આપી. થોડીવાર કંઈ વિચાર પછી ઈમુએ પૂછયું, 'કેમ, શેઠાણીની હત્યા કરવાનું કારણ?'

'હું એની છોકરી સાથે લગ્ન કરવા માગું છું. પણ એ આડી આવે છે.'

'પણ શેઠાણીને પતાવી દીધા પછી તમને ખાતરી છે, એની છોકરી તમારી સાથે લગ્ન કરશે?' ઈમુએ પૂછયું.

'હા... હા!' જગલો ઉત્સાહથી બોલ્યો. હવે એનાં મનનો ભય દૂર થઈ ગયો હતો. હું સામે હાથમાં રિવોલ્વર સાથે બેઠેલા જમજેવા ઈમલાને જોઈ ભયથી થીજી રહ્યો હતો. મોટા ઉપાડે મૈત્રીનું ઋણ ચુકવવાના ઉત્સાહમાં દોડી આવ્યો હતો. પણ અહીં આવવાનું કારણ જાણ્યા પછી મનોમન કોચવાતો હતો.

'સારું! કામ થઈ જશે. લાવો પૈસા કેટલા લાવ્યા છો?' ઈમુ સ્વસ્થતાથી બોલ્યો.

'કેટલા થશે?' શુષ્ક અવાજે જગલાએ પૂછયું.

'પાંચ પેટી' ઈમુ બોલ્યો 'અરધા

(જુઓ પાનું ૬) ▶▶

## સાંપ્રત

ડી. જે. નંદન

# ફિલ્મી હસ્તીઓની તેમના 'એક્સ' સાથેની મિત્રતા, પ્રેમ કે દંભ...!!

આ દિવસોમાં મિસ્ટર પરફેક્શનિસ્ટ એટલે કે ૫૯ વર્ષની ઉંમર વટાવી ચૂકેલા આમિર ખાન ઘણીવાર તેની 'એક્સ' પત્ની કિરણ રાવ સાથે મસ્તી કરતા જોવા મળે છે. ક્યારેક તે તેની સાથે પિકનિક પર જતી વખતે ગીત ગાતો હોય છે, ક્યારેક તે ૨૧ વર્ષના પ્રેમી પંખીડાની જેમ એક જ ગ્લાસમાંથી જ્યૂસ પીતા હોય છે, તો ક્યારેક બીજી કોઈ ફ્રેમમાં પ્રેમ અને મિત્રતા શેર કરી રહ્યો હોય છે. કંઈક, આવી જ હાલત રણબીર કપૂર માટે દીપિકા પાદુકોણની છે. રણબીર કપૂર સાથેના સંબંધોને સમાપ્ત કરતી વખતે તેણે એકવાર કહ્યું હતું કે જે વ્યક્તિ એક વાર નહીં, વારંવાર છેતરે છે, તેના માટે તમારી અંદરની બધી લાગણીઓ મરી જાય છે પરંતુ, જોવામાં આવી રહ્યું છે કે રણબીર કપૂરે ભલે દીપિકા માટે ક્યારેય કોઈ લાગણી ન દર્શાવી હોય, પરંતુ દીપિકા સાથે મિત્રતાની નજરે રણબીર આજે પણ પ્રોટેક્ટિવ અને પઝેસિવ છે.

જો કે, મલાઈકા અરોરા અને અરબાઝ ખાન બંને પોતપોતાના રસ્તે ખૂબ આગળ વધી ગયા છે.

અરબાઝ ખાને તો લગ્ન પણ કરી લીધા છે અને મલાઈકા અરોરા લાંબા સમયથી લગ્ન કર્યા વિના પરિણીત જીવન જીવી રહી હતી, પરંતુ જોવાની વાત એ છે કે આજે પણ અરબાઝ અને મલાઈકા ઘણીવાર સાથે સમય પસાર કરતા જોવા મળે છે. જોકે તેની પાસે આનું કારણ છે, બંનેનો એક યુવાન પુત્ર છે, જે અરબાઝ સાથે રહે છે. આથી બંનેને ક્યારેક મળવું એ એક પ્રકારની મજબૂરી છે. આમ એવા ઘણા સ્ટાર્સ છે, જે બ્રેકઅપ પછી પણ પોતાના એક્સ સાથે સંબંધ તોડી શક્યા નથી અને પોતાના મન અને મોટા દિલની ખુલીને વાત કરે છે.





આ લાઇનમાં સલમાન ખાન - કેટરિના કૈફ અને રિતિક રોશન - સુઝૈન ખાન પણ છે. આમિર ખાન, જે તેની બંને ભૂતપૂર્વ પત્નીઓ પ્રત્યે પ્રેમને દર્શાવવામાં સફળ રહ્યો છે, ત્યારે હૃતિક રોશન અને સુઝૅન ખાન, જેના છૂટાછેડા થયાને લગભગ એક દાયકો થવા આવ્યો છે, તે પણ આજકાલ ઘણી પાર્ટીઓ અને ઇવેન્ટ્સમાં સાથે જોવા મળે છે, જાણે છૂટાછેડા પછી, તેમની વચ્ચે વધુ પ્રેમ વિકસિત થયો હોય. સલમાન ખાન અને કેટરિના કૈફ વચ્ચે માત્ર અફેર જ ન હતું પરંતુ બંને લાંબા સમય સુધી કપલ તરીકે રહેતાં હતાં. પરંતુ જે રીતે સલમાને અન્ય હિરોઈન સાથે કર્યું, એવું જ કેટરીના સાથે પણ થયું, એટલે કે અફેર બરાબર છે, પણ સલમાન લગ્ન નથી કરતો. કેટરિના તેના લગ્ન પછી આગળ વધી ગઈ છે, પરંતુ આજે પણ બંને એકબીજા સાથે ઘણા પ્રસંગોએ આવા નજીકના મિત્રોની જેમ વર્તે છે, જાણે બ્રેકઅપે તેમની અંદર પ્રેમની લાગણીઓ વધુ પ્રબળ બનાવી દીધી હોય.

સવાલ એ છે કે, બોલીવૂડના તમામ સ્ટાર્સ દ્વારા તેમના એક્સ પાર્ટનર્સ માટે દર્શાવવામાં આવેલો પ્રેમ તે વાસ્તવિક છે કે પછી માત્ર દંભ છે? ભાવનાત્મક સંબંધોના નિષ્ણાત

મનોવૈજ્ઞાનિકો કહે છે કે જો તમે સાચા દિલથી કોઈના પ્રેમમાં હતા અને હવે તમારા બંને વચ્ચે બ્રેકઅપ થઈ ગયું છે, તો આ પ્રેમની ઈમાનદારી એમાં છે કે તમે બંને એકબીજાને ભૂલી જાઓ. કારણ કે જો તમારામાં હજી પણ પ્રેમ છે અને દંભ નથી, તો આ મિત્રતા મોટા સંકટમાં ફેરવાઈ શકે છે. કારણ કે વાસ્તવિકતા એ છે કે સ્ક્રીન પર અને પુસ્તકોમાં ભલે બ્રેકઅપ પછી પણ મિત્રતાને મોટા આદર્શ વાકયોથી શણગારવામાં આવે છે, પરંતુ વાસ્તવિકતા એ છે કે તમે જેની સાથે પ્રેમમાં પડ્યા છો તેની સાથે તમે જીવનમાં ક્યારેય બ્રેકઅપ સહન કરી શકતા નથી.

જો તમે માનસિક તર્ક-વિતર્કને કારણે બ્રેકઅપનો સ્વીકાર કરી પણ લો તો પણ, જ્યારે તમે એટીકેટ્સના નામે, દુનિયાદારીના નામે તેની સાથે મિત્રતા કરવાનો ડોળ કરશો, તો આ ઢોંગી મિત્રતા તમને હચમચાવી નાખશે.

સ્વાભાવિક છે કે, તમે બંનેએ અલગ રહેવાનું નક્કી કર્યું છે, તો તમારા બંને પાસે આનાં કારણો પણ હશે, નહીં તો એક બીજાને સરેંડર કરી દીધું હોત. હવે જો કોઈ નક્કર કારણ હોય, તો તેના આધારે બને તેટલું તમારા એક્સ પાર્ટનરથી દૂર રહો, નહીં તો તમારું બ્રેકઅપ એ સંબંધ કરતાં વધુ તણાવપૂર્ણ બની જશે. જે તણાવ તમને સંબંધને બચાવવા કે તોડવાના પ્રયાસમાં સહન કરવું પડ્યું હતું. કહેવું સહેલું હોઈ શકે, પરંતુ જો તમે લાંબા સમયથી કોઈના પ્રેમમાં છો, તો પછી બ્રેકઅપ પછી, તમારા હૃદયમાંથી તેના જૂના સ્થાનને સંપૂર્ણપણે ભૂંસી, તેના માટે સંપૂર્ણપણે નવી જગ્યા બનાવી શકતા નથી. વાસ્તવમાં દરેક સંબંધનું પોતાનું અસ્તિત્વ હોય છે અને કોઈ પ્રામાણિક સંબંધ એ કોઈ મશીનનો ભાગ નથી કે જેને તમે ઇચ્છો ત્યારે મૂકી શકો અને જ્યારે ઇચ્છો ત્યારે દૂર કરી શકો. આનાં કારણો છે. જ્યારે પણ તમે તમારા એક્સ સાથે ફરીથી મિત્રતા કરો છો, ત્યારે તે મિત્રતા માત્ર તમારા જૂનાં જખમોને ફરી તાજા જ નથી કરતી, જૂના વિસરાયેલા મુદ્દાઓને ફરી ઉખાડે છે, અને તમને એકાંતમાં વિચારવા માટે પણ મજબૂર કરે છે, આખરે આમાં વાંક કોનો હતો?

આ તો હજી ઠીક છે, પણ જો તમે બંને મિત્રતાના નામે ફરી એકબીજાની નજીક આવો છો, તો એકાંતમાં આ નિકટતા મિત્રતાની દરેક સીમાઓ એક જ ઝાટકે તોડી નાખે છે. કારણ કે તમે પહેલા સાથે હતા, તે આત્મીયતા જાળવવાનું ઢોંગ હવે તમે એકાંતમાં કરી શકતા નથી. તેથી, જે વ્યકિત સાથે તમે સુંદર ક્ષણો વિતાવી છે, એકાંતમાં તમે મર્યાદાના નામે તેનાથી દૂર રહી શકતા નથી. તેથી સારું એ જ રહેશે કે, નવી મિત્રતાનો દંભ ન કરવો. હા, દુશ્મની હોવી જરૂરી નથી, પરંતુ મિત્રતાના સામાજિક મનોવિજ્ઞાનને અવગણવું પણ શક્ય નથી. ■

## પ્રાસંગિક


કૈલાશ સિંહ

# આ બોલીવૂડ ફિલ્મોએ કર્યું મહિલાઓનું ખરું સશક્તિકરણ

### મહિલાઓને કેન્દ્રમાં રાખીને બનાવાયેલી ફિલ્મોથી યુવતીઓ લઇ રહી છે પ્રેરણા ▸ સેક્સિઝમ અને ભેદભાવઃ મહિલાઓ પર બનતી સ્પોર્ટ્સ ફિલ્મોનું કેન્દ્રબિંદુ






મોટા પડદો હોય કે નાનો પડદો, ટેલિવિઝન સિરીયલ હોય કે પછી ફિલ્મ, તેની અસર જનમાનસ ઉપર ઊંડી થાય છે અને અમુક ફિલ્મો ક્યારેય ન ભૂંસાય તેવી છાપ પણ લોકોના માનસ ઉપર છોડી જાય છે. યુવાનો અને ખાસ કરીને બાળકોના મગજ ઉપર તેની અસર ઘેરી થાય છે. આર્મી ઉપર બનેલી બૉર્ડર, એલઓસી કારગિલ, લક્ષ્ય જેવી ફિલ્મોથી પ્રેરિત થઇને અનેક યુવાનો ભારતીય સેનામાં જોડાયા હોવાના પણ અનેક દાખલા છે. જોકે, આવી જ રીતે સ્પોર્ટસ ઉપર બનતી ફિલ્મો ઉપરથી પ્રેરણા લઇને પણ લોકો એથ્લિટ બનવાના સપના સેવતા હોવાનું હાલમાં જ બનાવાયેલી ફિલ્મો ઉપરથી જણાય છે. તેમાં પણ વિશેષ કરીને મહિલાઓને કેન્દ્રમાં રાખીને બનાવવામાં આવેલી ફિલ્મો જે સ્પોર્ટ્સ ઉપર આધારિત ફિલ્મોએ નવો જ ચીલો ચાતર્યો છે.

પણ શું ખરેખર કોઇ રમતને કેન્દ્રમાં રાખીને બનાવવામાં આવેલી ફિલ્મો ઉપરથી યુવા પ્રેરણા લઇને જે તે સ્પોર્ટ્સમાં પોતાની કારકિર્દી બનાવવાનું વિચારી શકે? આ સવાલનો જવાબ આપતા અભિનેત્રી ઋતિકા સિંહ જણાવે છે કે જે સંખ્યામાં યુવાઓ મારી પાસે આવીને કહે છે કે તેમણે 'ઇરુધિ સૂત્ર' ફિલ્મ જોયા બાદ બોક્સિંગ કરવાનું શરૂ કર્યું. તો તેનાથી તો એવું જ લાગે છે કે ફિલ્મો ખરેખર લોકોને પ્રભાવિત કરે છે. મને ખરેખર ગર્વ થાય છે કે હું આ ફિલ્મનો એક ભાગ રહી. જે રિલીઝ થયાના આઠ વર્ષ બાદ પણ લોકો ઉપર પોતાનો પ્રભાવ પાડી રહી છે. મારી હાલની તેલુગુ ફિલ્મ 'વલારી' માટે મારે એક ફાઇટ સીન કરવા માટે સીલમબામ કરવાનું હતું. ભારતીય સ્પોર્ટ્સ અને આર્ટ ફોર્મ્સને પડદા ઉપર વધુ બતાવવામાં આવે તો મને આનંદ થશે.

૨૦૦૭માં જ્યારે શાહરુખ ખાનની ફિલ્મ 'ચક દે ઇન્ડિયા' રિલીઝ થઇ હતી ત્યારે મહિલા ખેલાડીઓ ઉપર બનાવાયેલી અત્યંત મુશ્કેલ ફિલ્મ માનવામાં આવી રહી હતી. ૧૬ વર્ષ બાદ પણ આ ફિલ્મને યાદ કરવામાં આવે છે. કારણ કે તેના કારણે ઊભરતી મહિલા હોકી ખેલાડીઓને સકારાત્મક દિશા મળી હતી અને તેમના જીવનમાં આ ફિલ્મનું એક મોટું યોગદાન તેને ગણાય. મહિલા હોકીમાં આ ફિલ્મ બાદ અત્યંત નાટકીય પરિવર્તન આવ્યું હતું. ત્યારબાદ ૨૦૧૬માં જ્યારે 'દંગલ' ફિલ્મ આવી તો મહિલા કુશ્તી ઉપર બધાનું ધ્યાન આકર્ષાયું હતું. આજે સાક્ષી મલિક કે ફોગાટ બહેનો મીડિયામાં સ્ટાર ગણાય છે તો તેમાં તેમની મહેનત અને ઉપલબ્ધિઓ ઉપરાંત આ ફિલ્મના યોગદાનને પણ નજરઅંદાજ ન કરી શકાય. ખાસ કરીને ભારતીય મીડિયાનું ફોકસ ક્રિકેટ અને આંતરરાષ્ટ્રીય ફૂટબોલ અને ટેનિસના સ્થાને અન્ય રમતો ઉપર પણ આવ્યું.

આ બંને ફિલ્મો અનેક યુવતીઓ માટે મશાલ બની અને તેમાં પણ ખાસ કરીને જે રાષ્ટ્રીય ખેલાડી બનવા માગતી હતી તેમ જ એ સપનું પૂરું કરવા માટે જે પોતાના કુટુંબ, બ્યુરોક્રસી અને સમાજ વિરુદ્ધ સંઘર્ષ કરીને એક મુકામે પહોંચી. જેમણે પડદા ઉપર પોતાના જીવનને પહેલી વખત એક કહાણીના રૂપમાં જોયું. હાલના વર્ષોમાં જાણીતી મહિલા ખેલાડીઓના જીવન ઉપર ફિલ્મો બની છે, જેમ કે મિથાલી રાજના જીવન ઉપરથી 'શાબાશ મીઠુ', જૂલન ગોસ્વામી ઉપરથી 'ચકદા એક્સપ્રેસ', સાઇના નહેવાલ ઉપરથી 'સાયના' જેવી ફિલ્મો બની. જોકે, 'ચક દે ઇન્ડિયા', 'દંગલ' અને 'મેરી કોમ' જેવી ફિલ્મોએ એ અનુભવ કરાવ્યો કે સ્પોર્ટ્સમાં મહિલા સ્ટાર્સ પણ છે. મેરી કોમ પાંચ વખત વિશ્વ વિજેતા રહી ચૂકી હતી, પરંતુ તેમના ઉપર ફિલ્મ બની તે પહેલા માત્ર ગણતરીના લોકો જ તેમને ઓળખતા હતા. ઉમંગ કુમારને મેરી કોમના આ જ તથ્યએ ફિલ્મ બનાવવા માટે પ્રેરણા આપી. 'ચક દે ઇન્ડિયા'થી જાણ થઇ કે રમત જગતમાં મહિલાઓને લોકો ગંભીરતાથી લે એ માટે તેમણે સિસ્ટમ અને સમાજ વિરુદ્ધ કેટલો સંઘર્ષ કરવો પડે છે.

અરુણરાજા કામરાજની ફિલ્મ 'કૌશલ્યા કૃષ્ણમૂર્તિ'માં ઐશ્વર્યા રાજેશને એક ખેડૂતની દીકરી દેખાડાઇ છે જે આંતરરાષ્ટ્રીય ક્રિકેટર બનવાનું સપનું ધરાવે છે અને એ માટે અથાગ પ્રયાસો કરે છે. પોતાનું સપનું સાકાર કરવા માટે તેને જે પડકારોનો સામનો કરવો પડે છે, તે લગભગ દરેક ભારતીય મહિલાના જીવનની કહાણી છે. આ ફિલ્મે અનેક મહિલાઓને ક્રિકેટના મેદાનમાં ઊતરવા માટે પ્રરિત કરી. જોકે, આ બધાનું કહેવું છે કે આ મામલે મહિલાઓનું સશક્તીકરણ ઘરથી જ શરૂ થવું જોઇએ. એ વાત સાચી છે કે ફિલ્મો જાગરૂકતા લાવી શકે, પરંતુ વાસ્તવિક સશક્તીકરણ ઘરથી જ શરૂ થવું જોઇએ અને દરરોજ લેવામાં આવતાં પગલાંઓથી જ શક્ય બની શકે. શિક્ષા અને રોજગાર પણ મહત્ત્વપૂર્ણ છે, પરંતુ ખરો પડકાર એ સુનિશ્ચિત કરવાનો છે કે મહિલાઓને વિશેષરૂપથી યુનિવર્સલ એક્સેસ આપવામાં આવે. 'ચક દે ઇન્ડિયા'ના લેખક જયદીપ સાહનીએ સમાચાર પત્રમાં વાંચ્યું હતું કે ભારતીય મહિલા હોકી ટીમે એક મોટી ચેમ્પિયનશીપ જીતી છે અને ત્યારે તેમને એ જાણ નહોતી કે ભારતમાં મહિલાઓની પણ હોકીની ટીમ છે. 'દંગલ' ફિલ્મના સહ-લેખક તેમ જ દિગ્દર્શક નિતેશ તિવારીનું કહેવું છે કે મહાવીર ફોગાટ અને તેમની દીકરીઓએ મને અનેક કારણોસર આકર્ષિત કર્યા, જેમાં મુખ્ય સંદેશ એ હતો કે છોકરીઓને જો યોગ્ય મોકો આપવામાં આવે, તો તે પણ ચમકી શકે છે.

(જુઓ પાનું ૬) ▶▶

હેન્રી શાસ્ત્રી

ફ્લેશ બેક

# બહેન હોય તો નંદા જેવી

## સંખ્યાબંધ હિટ ફિલ્મો, ટોચના હીરોની હીરોઈન અને ટોપકલાસ દિગ્દર્શકો સાથે કામ કર્યું હોવા છતાં કુશળ અભિનેત્રી હીરોઈન કરતાં હીરોની બહેન તરીકે વધુ સ્વીકાર્ય લાગી





બહેનના રોલમાં (ડાબે) અને હિરોઈન

પરિવારમાં લગ્ન પ્રસંગ હોવાથી ફરાક પહેરવાની ઉંમરે ૧૪ - ૧૫ વર્ષની મરાઠી મુલગી સાડી પહેરીને મેરેજ માણવા આવી હતી. એ પ્રસંગે છોકરીના કાકા અને જાણીતા ફિલ્મમેકર વી. શાંતારામ પણ ઉપસ્થિત હતા. કિશોર વયની કન્યાનું સૌંદર્ય ફિલ્મમેકરની આંખોમાં વસી ગયું. તરત એની મોટી બહેન પાસે ગયા અને કહેવા લાગ્યા કે 'આ ખૂબસૂરત છોકરી મારી આગામી ફિલ્મની હિરોઈન છે.' જોકે, મોટી બહેને વિનમ્રતાથી કાકાને ના પાડી અને કહ્યું કે એ હજી બહુ નાની છે અને હિન્દી ફિલ્મોની ટિપિકલ હિરોઈન તરીકે નહીં શોભે.' શાંતારામને કદાચ આ પ્રતિક્રિયા અપેક્ષિત હતી અને એટલે તેમણે ક્ષણનોય વિલંબ કર્યા વિના કહ્યું કે 'હા, હું જાણું છું, પણ હું ભાઈ - બહેનના સંબંધ પર ફિલ્મ બનાવી રહ્યો છું અને આ છોકરી બહેનના રોલ માટે એકદમ ફિટ છે.' એ ફિલ્મ હતી 'તૂફાન ઔર દિયા' અને કિશોરાવસ્થામાં એ સમયના અગ્રણી ફિલ્મમેકર વી. શાંતારામની પ્રોડક્શન કંપની રાજકમલ કલામંદિરના ચિત્રપટમાં ઝળકનાર અભિનેત્રી નંદા કર્ણાટકી. ૨૫ માર્ચે અભિનેત્રીની ૧૦મી પુણ્યતિથિ છે એ નિમિત્તે ટોચના હીરો અને ટોચના દિગ્દર્શકો સાથે કામ કરવા છતાં ક્યારેય ટોચની અભિનેત્રી નહીં ગણાયેલી નંદાની કારકિર્દીને સમજવાનો પ્રયાસ કરીએ.

શરમાળ સ્મિત અને ચહેરા પર માસૂમિયતનું સામ્રાજ્ય જેવી પ્રાથમિક ઓળખ ધરાવનારી બેબી નંદાનો જન્મ કોલ્હાપુરમાં ફિલ્મ ઈન્ડસ્ટ્રી સાથે ઘરોબો ધરાવતા પરિવારમાં થયો હતો. બાળકીના પિતાશ્રી માસ્ટર વિનાયક (વિનાયક દામોદર કર્ણાટકી) એમના સમયના જાણીતા અભિનેતા અને દિગ્દર્શક હતા. જોકે, ફિલ્મો કરતા તેમની વિશિષ્ટ પેહચાન એ છે કે તેમણે સૌપ્રથમ 'મંગળાગૌરી' ફિલ્મ દ્વારા લતા મંગેશકરનો પરિચય ફિલ્મ ઇન્ડસ્ટ્રીને કરાવ્યો. 'ફિલ્મ હી કર્મ હૈ, ફિલ્મ હી ધર્મ હૈ' એ રટણમાં વિશ્વાસ ધરાવતા માસ્ટર વિનાયકે પાંચ વર્ષની બેબી નંદાને ખુલ્લા મેદાનમાં રમવા મોકલવાને બદલે સ્ટુડિયોની ચાર દીવાલ વચ્ચે કેમેરા સામે ઊભી કરી 'મંદિર' નામની ફિલ્મમાં બાળ કલાકાર બનાવી દીધી. જોકે, આ પિક્ચર પૂરું થાય એ પહેલા જ માસ્ટર વિનાયક સ્વર્ગ સિધાવી ગયા. ભાઈ ભાંડુઓમાં નંદા સૌથી વયસ્ક હોવાથી ઘર ચલાવવાની જવાબદારી એના શિરે આવી પડી અને એ માટે જાણીતું કામ હતું ફિલ્મમાં અભિનય કરવાનું. નેશનલ એવોર્ડ વિજેતા મરાઠી ફિલ્મ 'શેવાગ્યાચ્યા શેંગા' માટે તેને ઘણી શાબાસી મળી. ત્યારબાદ કાકા વી. શાંતારામએ 'તૂફાન ઔર દિયા'માં બહેનના રોલમાં ચમકાવી અને બહેન હો તો નંદા જૈસી એવો ગણગણાટ ફિલ્મમેકરોમાં શરૂ થઈ ગયો. ત્યારબાદ 'ભાભી', 'છોટી બહન', 'કાલા બાઝાર' વગેરે ફિલ્મોમાં નંદા હીરોની પ્યારી બહેનના ચોકઠામાં ફિટ થઈ ગઈ.

ફિલ્મ ઇન્ડસ્ટ્રીમાં લેબલ લાગતા વાર નથી લાગતી, વાર લાગે છે એ ઉખાડી ફેંકતા. કારકિર્દીના પ્રારંભમાં જ હીરોની બહેન બની ગયેલી નંદાની હિરોઈન તરીકે બોલબાલા વધી 'જબ જબ ફૂલ ખિલે' ફિલ્મથી એવી માન્યતા છે. જોકે, નંદાએ સ્ટીરિયો ટાઇપ સિસ્ટરના રોલના બંધનમાંથી મુક્ત કરાવવાનો શ્રેય દેવ આનંદને આપ્યો હતો. એક ઈન્ટરવ્યૂમાં નંદાએ જણાવ્યું હતું કે 'મને હિરોઈન તરીકે તક સૌથી પહેલા દેવ આનંદએ આપી હતી. તેમની ફિલ્મ 'કાલા બાઝાર'માં મેં તેમની બહેનનો રોલ કર્યો હતો અને મારા અભિનયથી તેઓ એટલા ખુશ થયા હતા કે નવકેતનની આગામી ફિલ્મ 'હમ દોનો' (૧૯૬૧)માં મને હિરોઈન બનાવી દીધી. ફિલ્મને સારી સફળતા મળી અને હું લોકપ્રિય હિરોઈન બની ગઈ.'

૧૯૬૦નો દાયકો અભિનેત્રી નંદાની કારકિર્દીનો સુવર્ણકાળ હતો. એ સમયના ટોપના લગભગ દરેક એક્ટરની (દેવ આનંદ, સુનીલ દત્ત, મનોજ કુમાર, ધર્મેન્દ્ર, સંજીવ કુમાર, શશી કપૂર, સંજય ખાન, રાજેશ ખન્ના, જીતેન્દ્ર) હિરોઈન બની, ઘણી સફળ ફિલ્મો આપી અને એના સમયના દાદાસાહેબ ફાળકે એવોર્ડ વિજેતા દિગ્દર્શકો સાથે કામ કરી ઉત્કૃષ્ટ અભિનય કરવા છતાં નંદાની ગણતરી ક્યારેય ગ્રેટ હિરોઈન તરીકે ન થઈ એ હકીકત છે. આનું મુખ્ય કારણ કદાચ એ હતું કે એના ચહેરા પર ગજબનું ભોળપણ હતું, નરી નિર્દોષતા હતી. એક એવો ચહેરો જે હિરોઈન કરતાં હીરોની બહેન તરીકે વધુ સ્વીકાર્ય લાગતો હતો. એક ઇન્ટરવ્યૂમાં નંદાએ સ્પષ્ટતા કરતા જણાવ્યું હતું કે 'અમારા સમયમાં હિરોઈનો પર એક સિક્કો લાગી જતો હતો, એક છાપ પડી જતી હતી. વહિદા રેહમાનને સહન કરતા એવાં પાત્રો મળતાં જેને નૃત્ય કરતા સારું આવડતું હોય. માલા સિન્હાને ફાળે ગ્લેમરસ ભૂમિકા આવતી જ્યારે નિર્દોષ - ભોળી ભામિની જેવા પાત્ર મને ઓફર કરવામાં આવતા હતા. અભિનયનું કૌવત દેખાડવાની તક મળી એ 'ઉસને કહા થા', 'ચાર દીવારી' તેમજ 'આજ ઔર કલ' બોક્સ ઓફિસ પર ખાસ કંઈ ઉકાળી નહોતી શકી.' નંદાએ પોતાની ઈમેજથી સાવ વિપરીત પુરુષને આકર્ષી પોતાની જાળમાં ફસાવતી યુવતીનો રોલ રાજેશ ખન્ના સામે 'ઇત્તેફાક'માં કર્યો પણ ખરો. જોકે, મોટાભાગના પ્રેક્ષકોને એ નંદા પસંદ નહોતી પડી. એની કારકિર્દીની ઊડીને આંખે વળગે એવી વાત એ છે કે જ્યારે એના નામનું વજન પડતું હતું ત્યારે ૧૯૬૦થી ૧૯૬૫ દરમિયાન તે નૂતન પછી સેકન્ડ ચોઈસ હતી. ત્યારબાદ વહિદા રેહમાન અને સાધના પછી જ તેને ગણતરીમાં લેવામાં આવતી હતી. ૧૯૭૦ના દાયકામાં એનું આકર્ષણ ઓસરવા લાગ્યું હતું અને ૧૯૮૦ના દાયકામાં તેણે બે નોંધપાત્ર ફિલ્મ કરી રાજ કપૂરની 'પ્રેમ રોગ' અને દિલીપ કુમાર સાથે 'મઝદૂર' અને 'આહિસ્તા આહિસ્તા'માં પદ્મિની કોલ્હાપુરેની માતાનો રોલ કર્યો. ત્યારબાદ તેણે ફિલ્મ ઇન્ડસ્ટ્રીને અલવિદા કરી દીધું હતું. ■

### શશી કપૂરનો પુત્ર નંદાને પગે લાગ્યો

શશી કપૂર - જેનિફર કેન્ડલનો જ્યેષ્ઠ પુત્ર કુણાલ કપૂર કુણાલ કપૂર ફિલ્મી વાતાવરણમાં ઉછર્યો હોવાથી ચિત્રપટ પ્રત્યે ન આકર્ષાય તો જ નવાઈ લાગે એવું હતું. ઈન્ડો અમેરિકન ફિલ્મ 'સિદ્ધાર્થ'માં નાનકડા રોલ મારફત ઈન્ડસ્ટ્રીમાં એન્ટ્રી લેનારા કુણાલ કપૂરએ શ્યામ બેનેગલ સાથે 'જુનૂન'માં કામ કર્યું હતું. જોકે, કુણાલની પ્રથમ વ્યવસાયિક ફિલ્મ હતી ઈસ્માઈલ શ્રોફ દિગ્દર્શિત 'આહિસ્તા આહિસ્તા'. ફિલ્મમાં શશી કપૂર અને નંદા પણ હતા. ફિલ્મના શૂટિંગ દરમિયાનનો એક કિસ્સો નંદાનું શશી કપૂરની કારકિર્દીમાં શું સ્થાન હતું એના વિશે ઘણું કહી જાય છે. શૂટિંગ દરમિયાન જ્યારે કુણાલ કપૂરનો ભેટો પહેલી વાર નંદા સાથે થયો ત્યારે કુણાલનાં મમ્મી જેનિફર કેન્ડલ પણ હાજર હતાં. જેનિફર પુત્રને નંદા પાસે લઈ ગયા અને તેમને પગે લાગવા જણાવી કહ્યું કે 'આ એ મહિલા છે જેણે તારા પિતાશ્રીની કારકિર્દી ઘડવામાં મહત્ત્વનું યોગદાન આપ્યું છે.' વાત એમ હતી કે યશ ચોપડાની 'ધર્મપુત્ર'થી હીરો બની ગયેલા શશી કપૂરની કારકિર્દી હાલકડોલક અવસ્થામાં હતી. એક જોરદાર હિટની તલાશ હતી. એ સમયે 'જબ જબ ફૂલ ખિલે' નામની ફિલ્મમાં શશી કપૂરને હીરો તરીકે સાઈન કરવામાં આવ્યા હતા. જોકે, કોઈ હિરોઈન ફ્લોપ હીરો સાથે કામ કરવા તૈયાર નહોતી. એ સમયે નંદાનો સિતારો ચમકતો હતો અને તેણે કામ કરવા તૈયારી બતાવી હતી. 'જબ જબ ફૂલ ખિલે' હિટ ગઈ અને શશી કપૂરની હાલકડોલક નૌકા મોટી સ્ટીમર બની ગઈ અને સડસડાટ દોડવા લાગી. આ ઋણ શશી કપૂર અને જેનિફર કેન્ડલ ક્યારેય નહોતા ભૂલ્યા. જોડીની આ પહેલી સફળતા પછી શશી કપૂર - નંદાની જોડી આઠ ફિલ્મમાં રૂપેરી પડદે નજરે પડી.

શો-શરાબા

દિવ્યકાંત પંડ્યા


# બહુત હુઆ કેમેરા પે સમ્માન, અબ તો જી બોલેંગે હમ હી એક્શન

## આ કલાકારો વિશે પણ જાણો , જેમણે એક્ટિંગ ઉપરાંત ડિરેક્શનમાં પણ હાથ અજમાવ્યો છે !









(ભાગ-૨)

ઘણા એક્ટર્સ એક્ટિંગની સાથે-સાથે ફિલ્મ્સ પણ ડિરેક્ટ કરી ચૂક્યા છે, પણ લીડ એક્ટર્સ તરીકે નહીં. આપણે ચરિત્ર ભૂમિકા ભજવનારા કે દર્શકો માટે નામથી ઓછા પરિચિત કલાકારો કે જે ડિરેક્ટર બન્યા છે એમના વિશે વાત કરી રહ્યા હતા. ચાલો,

આ સપ્તાહે એમાં આગળ ધપાવીએ.

નંદિતા દાસ એટલે એવી જ એક અભિનેત્રી , જેણે પોતાની કારકિર્દીમાં દિગ્દર્શન પણ કર્યું છે. દીપા મહેતા દિગ્દર્શિત '૧૯૪૭ અર્થ' (૧૯૯૮)થી જાણીતી બનેલી નંદિતા દાસે ઈંગ્લીશ, તમિલ, બંગાળી અને ગુજરાતી સહિત ૧૦ ભાષાની ફિલ્મ્સમાં એક્ટિંગ કરી છે. એ ઉપરાંત ૨૦૦૮માં એમણે દિગ્દર્શનની શરૂઆત કરી હતી ફિલ્મ 'ફિરાક'થી. ૨૦૦૨ના ગુજરાતના લોહિયાળ દંગાઓ પર એ ફિલ્મ આધારિત હતી. એ ઉપરાંત ઉર્દૂ લેખક સઆદત હસન મંટો પરની મંટો' (૨૦૧૮) અને 'ઝવીગાટો' (૨૦૨૩) પણ એમણે ડિરેક્ટ કરી છે. 'મંટો' અતિ પ્રતિષ્ઠિત કાન (ના, કાન્સ નહીં ! ) ફિલ્મ 'ફેસ્ટિવલ'માં પ્રદર્શિત કરવામાં આવી હતી. 'ઝવીગાટો' પણ ટોરોન્ટો ઇન્ટરનેશનલ ફિલ્મ 'ફેસ્ટિવલ'માં રજૂ કરવામાં આવી હતી. નંદિતા દાસની દિગ્દર્શક તરીકેની ફિલ્મ્સ આટલા પ્રતિષ્ઠિત ફિલ્મ ફેસ્ટિવલ્સમાં રજૂ કરવામાં આવી. એટલું જ નહીં, કાન ફિલ્મ 'ફેસ્ટિવલ'માં બે વખત જ્યુરી તરીકેનું પણ સન્માન એમને મળ્યું છે.

બીજા અભિનેતા, જેમણે મુખ્ય ભૂમિકાઓ તો કરી જ છે.એ ઉપરાંત, ચરિત્ર ભૂમિકાઓમાં ટોચની યાદીમાં રહ્યા છે તે એટલે નસીરુદ્દીન શાહ. હા, એમનું નામ દર્શકો માટે પરિચિત છે જ, એમણે પણ ફિલ્મ ડિરેક્ટ કરી છે એ વાત બહુ ઓછાને ખબર હશે. નસીરુદ્દીન શાહ એટલે થિયેટર બેકગ્રાઉન્ડ ધરાવતા કલાકાર. થિયેટરમાં એક્ટિંગ ઉપરાંત ઘણાં નાટકો ડિરેક્ટ પણ કર્યા છે. જો કે એ એમને ગમતી અને સતત ચાલતી પ્રક્રિયા છે. મુંબઈના પ્રસિદ્ધ 'પૃથ્વી થિયેટર' સહિત દેશ-વિદેશના અનેક નામાંકિત થિયેટર્સમાં એમનાં નાટકોના શોઝ થતા રહેતા હોય છે, પણ નસીરુદ્દીને આજ સુધી ફિલ્મ માત્ર એક જ ડિરેક્ટ કરી છે અને એ એટલે- 'યૂં હોતા તો ક્યા હોતા' (૨૦૦૬). ફિલ્મ અમેરિકાના ૯/૧૧ના હુમલાની આસપાસ અમુક ભારતીય પાત્રોની વાર્તા પર આધારિત છે. ફિલ્મમાં અલગ-અલગ પાત્રોની ચાર કહાની અલગ-અલગ રીતે ચાલતી રહે છે અને પછી ૯/૧૧ની એ ગોઝારી ફ્લાઈટમાં સૌના રસ્તા મળે છે એ પ્રકારની વાર્તા છે. હજુ વધુ એક એવું જ રસપ્રદ નામ છે- દીપ્તિ નવલ. હા, આ નામથી કદાચ ઓછો પરિચય હશે, પણ એમનાં કામથી નહીં હોય એવું તો ન જ બને. જૂની પેઢીને તો જો કે નામથી પણ હશે, છતાં એમનાં અભિનેત્રી તરીકેના કામની ઓળખ કરીએ. શ્યામ બેનેગલની 'જુનૂન' (૧૯૭૮) એમની પહેલી ફિલ્મ. એ પછી ૧૯૮૦ના દોરમાં પેરેલલ સિનેમાની મુખ્ય અભિનેત્રી તરીકે એમણે 'ચશ્મે બદદુર', 'રંગ બિરંગી', 'ફાંસલે', 'સાથ સાથ' જેવી અનેક ફિલ્મમાં કામ કર્યું છે. એમની જ 'ચશ્મે બદદુર'ની ૨૦૧૩માં રી-મેક બનાવવામાં આવી હતી. ફારુક શેખ સાથે એમની ઓન સ્ક્રીન જોડી ઘણી સફળ રહી હતી. આજની પેઢીને વધુ પરિચય મળે એ માટે એમની આ સદીની ફિલ્મ્સમાંથી અમુક નોંધીએ તો અનુષ્કા શર્મા અભિનીત 'એનએચ૧૦'ની અમ્માજી અને અર્જુન કપૂર અભિનીત 'તેવર'માં એના કિરદારની મા એટલે દીપ્તિ નવલ.

દીપ્તિ નવલે- મનીષા કોઈરાલા અને રજિત કપૂર અભિનીત ફિલ્મ 'દો પૈસે કી ધૂપ, ચાર આને કી બારીશ' (૨૦૦૯)થી દિગ્દર્શનની શરૂઆત કરી હતી. આ ફિલ્મ પણ કાન ફિલ્મ ફેસ્ટિવલ'માં પ્રદર્શન પામી હતી. અને ન્યુ યોર્ક ઇન્ડિયન ફિલ્મ 'ફેસ્ટિવલ'માં એમની ફિલ્મને બેસ્ટ 'સ્ક્રીનપ્લે' એવોર્ડ પણ મળ્યો હતો. એમણે 'થોડા સા આસમાન' નામની એક ટીવી ધારાવાહિક પણ લખી અને ડિરેક્ટ કરી છે. એમણે ધ પાથ લેસ ટ્રાવેલ્ડ' નામના એક ટ્રાવેલ-શોનું પણ નિર્માણ કર્યું છે.

સીમા પાહવાનું નામ સાંભળ્યું છે? કદાચ નહીં સાંભળ્યું હોય. ચાલો એમનો પરિચય પણ જૂની અને નવી બંને પેઢીને એમની રીતે જ કરાવું. ૧૯૮૪ની દૂરદર્શનની પ્રચલિત ધારાવાહિક 'હમ લોગ'માં બડકીના પાત્રથી એમને ખૂબ જ ખ્યાતિ મળી હતી. એ પછી પણ એમણે ટીવીમાં ખૂબ કામ કર્યું. અને સાથે એ અરસામાં જ ફિલ્મ્સ મળી, પણ ઓછી, પણ જેમ નીના ગુપ્તાનો ફરી માની ભૂમિકાઓની ઉંમરે ફરી સિતારો ચમક્યો એમ જ સીમા પાહવાનું છે. જવાનીમાં ફિલ્મ્સ કરી એના કરતાં ક્યાંય ઘણી વધુ ફિલ્મ્સ એમણે હમણાનાં વર્ષોમાં કરી છે. 'દમ લગા કે હૈશા', 'આંખો દેખી', 'બરેલી કી બર્ફી', 'શુભ મંગલ સાવધાન', 'બાલા', વગેરે ફિલ્મ્સમાં તમે એમને જોયાં હશે. ટૂંકમાં ૨૦૧૪થી લઈને ૨૦૨૦ વચ્ચે જેટલી સ્મોલ ટાઉન ફેમિલી ડ્રામા ફિલ્મ્સ આવી એમાંથી મોટાભાગની ફિલ્મ્સમાં સીમા પાહવા તમને જોવા મળશે.

હવે વાત કરીએ એમના ડિરેક્શનની. ૨૦૨૧માં રામપ્રસાદ કી તેરવી' નામની ફિલ્મ એમણે ડિરેક્ટ કરી હતી. નસીરુદ્દીન શાહ, સુપ્રિયા પાઠક, કોંકણા સેન શર્મા, વિક્રાંત મેસ્સી, મનોજ પાહવા વગેરે અભિનીત આ ફિલ્મ પણ ફેમિલી ડ્રામા જ હતી. ફિલ્મ જો કે સૌ પ્રથમ પ્રદર્શિત થઈ હતી ૨૦૧૯માં મુંબઈ ફિલ્મ ફેસ્ટિવલમાં. આ ફિલ્મ માટે સીમા પાહવાને બેસ્ટ 'ડેબ્યુ ડિરેક્ટર' નો 'ફિલ્મફેર' એવોર્ડ પણ એનાયત કરવામાં આવ્યો હતો.

અનુપમ ખેર.... આ નામથી તો મોટાભાગના સિનેરસિકો પરિચિત હોવાના જ. જો કે, એમના કિસ્સામાં ખાસ વાત એ છે કે એમણે પણ ફિલ્મ દિગ્દર્શનમાં હાથ અજમાવ્યો એ વાતથી સૌ માહિતગાર નહીં હોય. નસીરુદ્દીન શાહ અને સીમા પાહવાની જેમ જો કે અનુપમ ખેરે પણ હજુ સુધી તો માત્ર એક જ ફિલ્મમાં દિગ્દર્શન કર્યું છે. એ ફિલ્મ એટલે ૨૦૦૨માં

રિલીઝ થયેલી અનિલ કપૂર, ફરદીન ખાન, અભિષેક બચ્ચન, મહિમા ચૌધરી, તારા શર્મા અને ઉર્મિલા માંતોડકર અભિનીત 'ઓમ જય જગદીશ'. આ ફેમિલી ડ્રામા ફિલ્મ કમાણીની દ્રષ્ટિએ સફળ રહી હતી. જો કે 'ઓમ જય જગદીશ'ના કાસ્ટિંગ સાથે એક રસપ્રદ વાત જોડાયેલી છે. અનુપમ ખેરની સૌ પ્રથમ વાતચીત ચાલતી હતી આ ફિલ્મ માટે 'યશરાજ ફિલ્મ્સ' સાથે. 'યશરાજે' એમને ફિલ્મ ડિરેક્ટ કરવા તો કહ્યું, પણ એ શરતે કે કાસ્ટ હોવી જોઈએ આમિર ખાન, સલમાન ખાન, શાહરુખ ખાન, કાજોલ, રાની મુખર્જી અને પ્રીતિ ઝિન્ટા. આ સૌએ તારીખના કારણસર ફિલ્મ માટે ના પાડી દીધી એટલે 'યશરાજ' આ પ્રોજેક્ટમાંથી હટી ગયા ને આખરે વાશુ ભગનાનીએ ફિલ્મ પ્રોડ્યુસ કરી અને અનુપમ ખેરે એનું દિગ્દર્શન કર્યું.

આ યાદીમાં તો હજુ રાહુલ બોસ, પંકજ કપૂર, મહેશ માંજરેકર, મકરંદ દેશપાંડે, કોંકણા સેન શર્મા જેવાં અનેક નામ અને એમની દિગ્દર્શિત ફિલ્મ્સ વિશે ઘણું જાણવા જેવું છે, પણ એમની વાત ફરી ક્યારેક... ■

# માય ડેન્જરસ વાઈફ ... રગ રગમાં રહસ્ય !

## ડગલે ને પગલે વિસ્ફારિત કરતી ટર્કિશ સિરીઝ




ફિલ્મનામા

નરેશ શાહ

દામ્પત્યજીવનને દોઝખ બનાવતી બેવફાઈની રહસ્યરંગી એક વેબસિરીઝની આજે આપણે વાત કરવાના છીએ...

ઈસ્તાંબુલમાં કાફે ચલાવતાં એલ્પરે શ્રીમંત યુવતી ડેરિન સાથે લગ્ન કર્યા છે, પણ પર્ફેક્શનની આગ્રહી અને પતિની અનેકાનેક નિષ્ફળતા જોઈ ચૂકેલી ડેરિન પ્રમાણમાં ચતુર છે. પત્નીના આધિપત્યથી પરેશાન પતિ એલ્પર એટલે જ નબળી ક્ષણે સેડાના સ્નેહમાં અટવાયો છે. આ સેડા એના કાફેની બિઝનેસ પાર્ટનર છે, પણ કાફે રૂપિયા રળી શકે એવું ચાલતું નથી.

એલ્પર પત્ની ડેરિનના બેન્ક બેલેન્સ (પાંચ મિલિયન) પર લોન લેવાની પ્રક્રિયા કરી રહ્યો હોય છે પણ...ત્યાં જ એને ખબર પડે છે કે બેન્ક ઓફિસરને ફોન કરીને પત્ની ડેરિને લોન-પ્રપોઝલ પાછી ખેંચી લીધી છે. આ જાણીને પતિ એલ્પર અને ગર્લફ્રેન્ડ સેડા ગિન્નાય છે. ફૂડ સાયન્ટિસ્ટ સેડા પોઈઝન આપીને એલ્પરને ઉશ્કેરે છે કે, આ ઝેર કોકટેલમાં ભેળવીને ડેરિનને આપી દે એટલે છુટકારો...પછી આપણે બન્ને સાથે જીવવાનું શરૂ કરીએ...

કમને પતિ એલ્પર કાફેમાં જ ઝેર ભેળવેલું કોકટેલ બનાવે છે પણ એ જ વખતે એનો સસ્પેન્ડ થયેલો પોલીસ અધિકારી બનેવી યમન આવી ચઢે છે. યમનને જેમ તેમ રવાના કરીને પતિ એલ્પર ઝેરીલા કોકટેલની બોટલ સાથે ઘરે પહોંચે છે , પણ ત્યારે ખબર પડે છે કે પત્ની ડેરિનનું તો અપહરણ થઈ ગયું છે....! પાંચ મિલિયનની ડિમાન્ડ સાથેની અપહરણકર્તાની નોટસમાં તાકીદ છે કે 'પોલીસને જાણ કરીશ તો ડેરિનને મારી નાખવામાં આવશે...'

તરત એલ્પર પોલીસને જાણ કરે છે. એ ઈચ્છે છે કે ઝેરીલા કોકટેલને બદલે અપહરણકર્તા જ પત્નીને મારી નાખે તો ટાઢા પાણીએ ખસ ...! જો કે, તપાસમાં આવેલા પોલીસ ઓફિસર ફિરાટને (સ્વાભાવિકપણે જ) શ્રીમંત પત્નીના અપહરણ માટે પતિ જ શંકાસ્પદ લાગે છે. એક વખત એના હાથમાં ઝેરીલા કોકટેલની બોટલ પણ આવી જાય છે , પરંતુ પતિ એલ્પર શિફતથી એને વોશ બેઝિનમાં ઢોળી દે છે અને ખાલી બોટલ બેડરૂમમાં જ રાખેલા ડસ્ટબીનમાં રાખી દે છે.

પતિ એલ્પર અને વર્કિંગ બિઝનેસ પાર્ટનર કમ ગર્લફ્રેન્ડ સેડા મનોમન હરખાઈ છે, પણ પોલીસની પૂછપરછ અને એકઠા થઈ ગયેલા મીડિયાના લોકોથી પતિ એલ્પર પરેશાન છે. પત્નીના અપહરણ માટે પોલીસ એને જવાબદાર ગણે છે એની અકળામણ એલ્પરને વધુ છે.

હા, એલ્પરને એ પણ યાદ આવે છે કે, એ રાતે ઘેર આવ્યો ત્યારે એક યુવાન એના ઘર પાસેથી નીકળ્યો હતો. એ જ યુવાન એનો પીછો કરતો હોવાનો ખ્યાલ આવે છે તેથી એલ્પર એને ઝડપી લે છે. એ યુવાન પાસેથી પતિ એલ્પરને જાણવા મળે છે કે એ પત્ની ડેરિનનો કોલેજકાળનો મિત્ર છે. એ મિત્ર જ એલ્પર સમક્ષ બોમ્બ ફોડે છે કે એલ્પર અને સેડાના અફેર થી એની પત્ની વાકેફ હતી અને પરેશાન પણ.પત્ની પોતાના અફેરથી વાકેફ હતી છતાં એણે ક્યાંય એ દેખાવા દીધું નથી એ જાણીને એલ્પરનો પ્રેમ પુનઃ જાગૃત થવા લાગે છે.

આ તરફ, અપહરણ કરનાર એની પત્નીનો ડિઝાઈનર નખ કાપીને મોકલે છે, પણ એ જોયા પછી એલ્પરનો પત્ની ડેરિન માટેનો પ્રેમ ફરી ફૂંફાડા મારવા લાગે છે. ગર્લફ્રેન્ડ સેડાથી તો આમ પણ પોલીસની નજરથી બચવા માટે એ દૂર રહેવા લાગ્યો છે, પણ...

.... પછી એવું બને છે કે ડેરિનને પામવા માટે એલ્પર (એની પત્નીના જ) પાંચ મિલિયન અપહરણકર્તાના આદેશ પ્રમાણે પહોંચાડે છે અને એનો પીછો કરી રહેલી પોલીસને પણ ચકમો આપે છે. દરમિયાન, ફિરૌતી ચૂક્વાયા પછી ઈજાગ્રસ્ત ડેરિનનો કબજા પોલીસને મળે છે, પરંતુ લુચ્ચો બનેવી યમન પોલીસના કાનમાં ફૂંક મારે છે કે, અપહરણની રાતે એલ્પર કાફેમાં એકલો કોકટેલ બનાવતો હતો...

... પણ એલ્પર (અને ગર્લફ્રેન્ડ સેડાને) ડર છે કે ફોરેન્સિક રિપોર્ટ આવતાં જ ડેરિનની હત્યાનું ષડયંત્ર કરવાના ગુનામાં સપડાઈને જેલમાં જવાના છે.....

ટર્કિશ ભાષામાં બનેલી માય ડેન્જરસ વાઈફ ( મૂળ નામ : તેલીકલી કરીમ) 'એમએક્સ પ્લેયર' પર હિન્દીમાં ઉપલબ્ધ છે (આ નામથી જ એક કોરિયન સિરીઝ નેટફલિક્સ' પર પણ છે). એમ છતાં, 'માય ડેન્જરસ વાઈફ' નો અલપ-ઝલપ સાર અહીં આપ્યો છે. સોળ એપિસોડ અને આશરે પંદર કલાક લાંબી ટીવી સિરીઝમાં ઘટનાઓ એક પછી એક એવી ધોધમાર બને છે કે દર્શકો દંગ રહી જાય... ઝેરિલાં કોકટેલની બોટલનો ફોરેન્સિક રિપોર્ટ તો નેગેટિવ આવે છે પરંતુ તેનું આશ્ચર્ય અને આનંદ ઝાઝાં ટકતાં નથી.

પેલી ઝેરીલાં કોકટેલની બોટલ તો પત્ની ડેરિને જ બદલાવી નાખી હતી તેની ખબર પડતાંની સાથે પતિ એલ્પર અને ગર્લફ્રેન્ડ સેડાને એ પણ ખબર છે કે પત્ની તો એ બન્નેના ફોનકોલ્સ સુધ્ધાં દિવસોથી રેકોર્ડ કરતી હતી અને બન્નેની દરેક હિલચાલ પર એની નજર હતી...

ધીમે ધીમે રહસ્યસ્ફોટનો પટારો ખૂલતો જાય છે. એ પછી શું થાય છે ? એ જાણવા માટે તમારે 'મેક્સ પ્લેયર' પર હિન્દીમાં રજૂ થયેલી આ ટર્કિશ ટીવી જોવી પડે.

- અને ન જોવાના હો તો એટલું પણ જાણી લો કે અંત આપણી કલ્પનાથી અલગ છે...! ■

# કચ્છના ખાવડા પાસે સૂર્ય અને પવન ઊર્જા આધારિત ક્લીન એનર્જી પ્લાન્ટ પેરિસથી પાંચ ગણો મોટો બનશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજ: દેશમાં જયારે 'ક્લીન એનર્જી'નું ઉત્પાદન વધારવા પર ભાર મૂકવામાં આવી રહ્યો છે ત્યારે ભારત-પાકિસ્તાનની ભૂમિ સરહદ પાસે આવેલા ખાવડાથી માત્ર ૧૨ કિલોમીટર દૂર દુનિયાનો સૌથી મોટો, સૂર્ય અને પવન ઊર્જા આધારિત ખાવડા રિન્યુએબલ એનર્જી પાર્ક તબક્કાવાર તૈયાર થઇ રહ્યો છે અને આ પ્લાન્ટ ફ્રાન્સના પાટનગર પેરિસ કરતાં પાંચ ગણો મોટો છે અને તે અવકાશમાંથી પણ જોઈ શકાશે. અદાણી ગ્રીન એનર્જી લિમિટેડ દ્વારા સૂર્ય ઊર્જા અને પવન ઊર્જા આધારિત આ પ્લાન્ટ બનાવાઈ રહ્યો છે અને તેમાંથી આખા સ્વીત્ઝર્લેન્ડ જેટલા દેશને વીજળી પૂરી પડી શકાય તેટલું વીજ ઉત્પાદન થઇ શકશે.

ખાવડા રિન્યુએબલ એનર્જી પાર્કનું કાર્ય ઝડપભેર ચાલી રહ્યું છે અને તે આગામી પાંચ વર્ષમાં સંપૂર્ણપણે તૈયાર થઇ જશે અને તે ૨૦૦ સ્કવેર માઈલના વિસ્તારમાં ફેલાયેલો છે. અદાણી ગ્રીન એનર્જી લિમિટેડના એક્ઝિક્યુટિવ ડાયરેક્ટર સાગર અદાણીએ જણાવ્યું છે કે, ભારત જયારે વિશ્વના અન્ય દેશોની સાથે પર્યાવરણને લગતા કેટલાક મહત્વના લક્ષ્યાંકો સિદ્ધ કરવા મથી રહ્યું છે ત્યારે આ સૂર્ય અને પવન ઊર્જા આધારિત દુનિયાનો સૌથી મોટો ક્લીન એનર્જી પ્લાન્ટ તેમાં મહત્ત્વનું યોગદાન આપી શકશે.છેલ્લા બે દાયકામાં ભારતમાં એનર્જીની જરૂરિયાત બમણી થઇ જવા પામી છે અને આગામી ત્રણ દાયકામાં ભારત એનર્જીનો દુનિયાનો સૌથી મોટો વપરાશકાર દેશ બની રહેશે. ■

# અમદાવાદમાં ટ્રાફિક-મનપાના નિયમ ભંગ કરનારાને એ.આઇ. ટેકનોલૉજીથી ઈ-મેમો મળશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: ગુજરાતના મેગાસિટી અમદાવાદમાં હવે મનપા દ્વારા આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ (એ.આઇ.) ટેક્નોલોજીનો ઉપયોગ કરીને ખાસ સોફ્ટવેર તૈયાર કરવામાં આવ્યુ છે. પાંચ હજારથી વધુ સી.સી.ટી.વી. કૅમેરાની મદદથી પોલીસ અને મ્યુનિસિપલ કોર્પોરેશનની મળી ત્રીસથી વધુ બાબતના નિયમભંગ બદલ ઈ-મેમો આપવામાં આવશે. આગામી બે મહિનામાં અમલ કરવાની દિશામાં ચક્રો ગતિમાન કરાયા છે. અમદાવાદમાં આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ ટૅક્નોલૉજીની મદદથી તૈયાર કરવામા આવેલા ખાસ પ્રકારના સોફ્ટવેર સાથે વિવિધ વિસ્તારમાં લગાવવામાં આવેલી સી.સી.ટી.વી.કેમેરાને કંટ્રોલરુમ સાથે જોડી દેવામાં આવશે. જેથી નિયમનો ભંગ કરનારા પકડાઈ જશે. નિયમભંગ કરવા બદલ પકડાયેલા લોકોને ઈ-મેમો આપવામાં આવશે. અત્યાર સુધી ટ્રાફિક પોલીસ પૂરતું જ મોનિટરીંગ થતું હતું, પરંતુ હવે પોલીસ અને અમદાવાદ મનપા એમ બન્નેની લોકો પર નજર રહેશે. આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સની મદદથી સોફ્ટવેર તૈયાર કરવામાં આવેલા આ સોફ્ટવેર જાહેર સ્થળો અને જાહેર માર્ગો પરથી લોકો અને વાહનચાલકોની દરેક ગતિવિધિ પર નજર રાખશે. શહેરમાં જગ્યા જગ્યાએ લગાવવામાં આવેલાં સીસીટીવી કૅમેરાની મદદથી આ વોચ રાખવામાં આવશે. ■

**સુરત મહિલા પોલીસકર્મીના આપઘાતનો કેસ**

# ૧૦ દિવસથી પ્રેમી સાથે વાત ન થતાં ડિપ્રેશનમાં હતા

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: સુરતના સિંગણપોર પોલીસ મથકમાં ફરજ બજાવતા મહિલા પોલીસકર્મી હર્ષનાબેન ચૌધરીએ ઘરમાં ગળેફાંસો ખાઈને આપઘાત કરી લીધો હતો. પોલીસની તપાસમાં તેઓ સાયબર ક્રાઈમ સેલમાં ફરજ બજાવતા પ્રશાંત ભોંયે સાથે પ્રેમ સબંધ હોવાનું બહાર આવ્યું હતું. બંને લગ્ન પણ કરવાના હતા અને બંનેના પરિવારને જાણ પણ હતી. જો કે છેલ્લા ૧૦ દિવસથી પ્રશાંત સાથે સંપર્ક ન થઇ શકતા ડીપ્રેશનમાં હર્ષનાબેને આ પગલું ભર્યું હોવાનું જાણવા મળ્યું હતું.

ડીસીપી પીનાકીન પરમારે જણાવ્યું હતું કે સિંગણપોર પોલીસ મથકમાં ફરજ બજાવતા હર્ષનાબેનનો સાયબર ક્રાઈમ પોલીસ મથકમાં ફરજ બજાવતા પ્રશાંત ભોંયે સાથે પ્રેમ સબંધ હતો. પ્રશાંતની પૂછપરછ કરીને સ્ટેટમેન્ટ રેકોર્ડ કરવામાં આવ્યું છે. જેમાં પ્રાથમિક તબક્કે એવું ધ્યાને આવ્યું છે કે બંને વચ્ચે છેલ્લા ૩ વર્ષથી પ્રેમ સબંધ હતો અને બંને લગ્ન પણ કરવાના હતા અને આ અંગે બંનેના પરિવારને જાણ પણ હતી. પ્રશાંત ભોંયે મૂળ ડાંગ જિલ્લાના વતની છે અને તે છેલ્લા ૧૦ દિવસથી તે વતનમાં હતો અને ત્યાં કવરેજ ન હોવાને લીધે બંને વચ્ચે સંપર્ક રહેતો ન હતો. જેથી હર્ષનાબેન થોડા ડીપ્રેશનમાં હતા અને ડાંગમાં ગયા પછી પ્રશાંત ભોંયેની બાઈક સ્લીપ થઇ ગઇ હોવાથી તેનું એકસીડેન્ટ પણ થયું હતું જેથી તે હર્ષનાબેનના સંપર્કમાં ન હતો. જેથી પ્રાથમિક તબક્કે બંને વચ્ચે છેલ્લા ૧૦ દિવસથી કોન્ટેક ઓછો હોવાથી હર્ષનાબેને આ પગલું ભરી લીધું હોય શકે, આ ઉપરાંત નજીકના મિત્રોની પૂછપરછ કરતા ૧ વર્ષ પહેલા પણ હર્ષનાબેને આપઘાતનો પ્રયાસ કર્યો હોવાનું જાણવા મળ્યું હતું.

બીજું બાજું પ્રશાંત જલદી લગ્ન કરવાના પ્રયત્નમાં હતો જયારે જયારે હર્ષનાબેનને થોડો સમય જોઈતો હતો આ અનુસંધાને બંને વચ્ચે નાના મોટા ઝઘડાઓ પણ થતા હતા અને હર્ષનાબેનને મગજમાં એમ હતું કે પ્રશાંતને લગ્નની ઉતાવળ છે. તો બીજા કોઈ જોડે લગ્ન કરી લે તો અનુસંધાને બંને વચ્ચે નાના મોટા ઝઘડાઓ થતા હતા. ■

# લોકસભાની મહેસાણા બેઠક પરથી ત્રણ મહિલાઓ સાંસદ બની ચૂકી છે

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: મહેસાણા લોકસભા સીટ આમ તો ભાજપનો ગઢ માનવામાં આવે છે. વર્ષ ૧૯૮૪માં યોજાયેલી લોકસભા ચૂંટણીમાં સમગ્ર દેશમાં જયારે ભાજપની લોકસભામાં બે સીટ આવી હતી. તેમાંથી એક સીટ મહેસાણા લોકસભા સીટ હતી. મહેસાણા લોકસભા સીટ પરથી એ.કે પટેલે ભાજપને પ્રથમ જીત અપાવી હતી. એ.કે પટેલ મહેસાણા સીટ પરથી પાંચ વાર ચૂંટણી જીત્યા હતા. આ ઉપરાંત આ સીટ પરથી ત્રણ મહિલાઓ પણ સાંસદ બની છે.

મહેસાણા લોકસભા સીટમાં ઊંઝા, વિસનગર, બેચરાજી, કડી, મહેસાણા, વિજાપુર અને માણસા વિધાનસભા સીટનો સમાવેશ થાય છે.

મહેસાણા જિલ્લો પશુપાલન અને ખેતી પર નિર્ભર છે. મહેસાણા જિલ્લો ઉત્તર ગુજરાતના રાજકારણનું એપી સેન્ટર માનવામાં આવે છે. મહેસાણા જિલ્લાના લોકસભા સીટના પરિણામો પાટીદાર અને ઠોકોર ક્ષત્રિય મતદારો નક્કી કરે છે. મહેસાણ લોકસભામાં એ.કે. પટેલ સૌથી વધુ વાર જીત મેળવનાર સાંસદ હતા.

વર્ષ ૧૯૮૪માં યોજાયેલી લોકસભા ચૂંટણીમાં ભારતીય જનતા પાર્ટીને બે સીટ પર વિજય થયો હતો. આ બે સીટમાં ગુજરાતની મહેસાણા અને આંધ્ર પ્રદેશની હનમકોડા લોકસભા સીટ હતી. ગુજરાતની મહેસાણા લોકસભા સીટ પરથી એ.કે પટેલ જીત મેળવી હતી. જયારે આંધ્રપ્રદેશની હનમકોડા સીટ પરથી ચંદ્રપટલા રેડ્ડી જીત મેળવી હતી. વર્ષ ૧૯૮૪ બાદ મહેસાણા સીટ ભાજપ સતત પાંચ લોકસભા ચૂંટણીમાં જીત મેળવી હતી. આ સીટ પરથી એ.કે પટેલ પાંચ વાર સાંસદ તરીકે ચૂંટાયા હતા.

જો કે, વર્ષ ૧૯૯૯ની ચૂંટણીમાં કોંગ્રેસના ઉમેદવાર અમરતભાઇ મગનભાઇ પટેલે ભાજપના ઉમેદવાર એ.કે પટેલને હરાવ્યા હતા, પરંતુ ભાજપનું લોકસભામાં ખાતું ખોલવામાં મહેસાણા લોકસભા સીટનો અહમ ફાળો રહ્યો છે. મહેસાણા લોકસભા સીટ પર વર્ષ ૧૯૭૭માં બીએલડી પક્ષમાંથી પટેલ મણીબેન વલ્લભભાઇ ચૂંટણી લડ્યા હતા. આ ચૂંટણીમાં કોંગ્રેસના ઉમેદવાર નટવરલાલ અમરતલાલ પટેલને હરાવીને મણિબેન પટેલ સાંસદ બન્યા હતા. તેઓ મહેસાણા સીટના પ્રથમ મહિલા સાંસદ હતા.

આ ઉપરાંત ૨૦૦૯ની લોકસભા ચૂંટણીમાં ભારતીય જનતા પાર્ટીએ મહેસાણા સીટ પર મહિલા ઉમેદવાર જયશ્રીબેનને ટિકિટ ફાળવી હતી. આ ચૂંટણીમાં જયશ્રીબેને કોંગ્રેસના ઉમેદવાર પટેલ જીવાભાઇ અંબાલાલને હરાવીને જીત મેળવી હતી. તેઓ ૨૦૧૪ની લોકસભા ચૂંટણીમાં પણ વિજેતા બન્યા હતાં.

ત્રીજા મહિલા સાંસદ તરીકે શારદાબેન પટેલ વર્ષ ૨૦૧૯ની લોકસભા ચૂંટણીમાં ભાજપમાંથી ઉમેદવારી નોધાવી હતી. તેમણે કોંગ્રેસના ઉમેદવાર એ.જે પટેલને હરાવીને મહેસાણા લોકસભા સીટ પરથી સાંસદ બન્યા હતા. મહેસાણા લોકસભા સીટ પર પ્રથમ લોકસભા ચૂંટણી વર્ષ ૧૯૫૭માં થઇ હતી. આ લોકસભા ચૂંટણીમાં અપક્ષ ઉમેદવારે જીત મેળવી હતી.

આ ચૂંટણીમાં પટેલ પુરષોત્તમદાસ રણછોડભાઇએ અપક્ષ ઉમદવારી નોધાવી હતી. તેમને સામે સક્ષમ ઉમેદવાર તરીકે કોંગ્રેસમાંથી મહેતા વાડીલાલ લલ્લુભાઇ હતા. મહેસાણા લોકસભા સીટની પ્રથમ ચૂંટણીમાં પટેલ પુરષોત્તમદાસ રણછોડદાસનો અપક્ષ ઉમેદવાર તરીકે વિજય થયો. આમ મહેસાણા લોકસભા સીટના પ્રથમ સાંસદ પટેલ પુરષોત્તમદાસ બન્યા હતા. મહેસાણા લોકસભા સીટ પર કોંગ્રેસ ત્રણ વાર જીત મેળવી શક્યુ છે.

મહેસાણા લોકસભા સીટ પર કોંગ્રેસની વર્ષ ૧૯૬૨માં પ્રથમ વાર જીત થઇ હતી. કોંગ્રેસના ઉમેદવાર માનસિંહ પૃથ્વીરાજ પટેલે કોંગ્રેસમાંથી ચૂંટણી લડ્યા હતા અને વિજેતા બન્યા હતા. ત્યાર બાદ વર્ષ ૧૯૯૯માં કોંગ્રેસની જીત થઇ હતી.

વર્ષ ૧૯૯૯ની ચૂંટણીમાં કોંગ્રેસમાંથી પટેલ અમરતભાઇ મગનભાઇ ચૂંટણી લડ્યા અને ભાજપના દિગ્ગજ નેતા અને સીટીંગ સાંસદ એ.કે પટેલને હારાવ્યા હતા. છેલ્લા ૨૦૧૪ની લોકસભા ચૂંટણીમાં કોંગ્રેસના ઉમેદવાર પટેલ જીવાભાઇ અંબાલાલ મહેસાણા સીટ પરથી જીત મેળવી સાંસદ બન્યા હતા. ■

# નરોડામાં ચોરી કરીને ભાગેલી મહિલા પાંચ વર્ષે પકડાઇ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: શહેરમાં પોલીસે નજર ચૂકવી ચોરી કરી ફૂટપાથ પર જ સૂઇ જનાર અનોખી મહિલા ચોરને ઝડપી લીધી હતી. પોલીસે આરોપી મહિલા પાસેથી ૧.૧૬ લાખનો મુદામાલ જપ્ત કર્યો હતો. આ મુદામાલ તેણે પાંચ વર્ષ પહેલાં અને ગત વર્ષે નરોડાના જ્વેલર્સમાંથી ચોરી કર્યો હોવાની કબૂલાત કરી હતી. પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી હતી. અમદાવાદ શહેર પોલીસ બાતમી મળી હતી કે, જ્વેલર્સમાં ચોરી કરનારી મહિલા તેમના વિસ્તારમાં આવી છે. જેથી વોચ ગોઠવી હતી અને મહિલાને ઝડપી લીધી હતી. ત્યારબાદ મહિલા પોલીસ બોલાવી તેનું ચેકિંગ કરતા તેની પાસેથી સોનાની બંગડી સહિત ૧.૧૬ લાખનો મુદ્દામાલ મળી આવ્યો હતો. આ મુદ્દામાલ તેણે વર્ષ ૨૦૧૯ અને ૨૦૨૩માં નરોડાના બે જ્વેલર્સની દુકાનમાંથી નજર ચૂકવી ચોરી કર્યો હોવાનું કબૂલ કર્યું હતું. ઉપરાંત મહિલાએ જણાવ્યું હતું કે, અમુક જગ્યાએ ચોરી કર્યા બાદ તે ફૂટપાથ પર ભિખારીની જેમ સૂઇ જતી હતી જેથી કોઇને તેની પર શંકા પણ જતી ન હતી. આ મામલે નરોડા પોલીસે મહિલાની ધરપકડ કરી બીજા કયાં કયાં ગુના કર્યા છે તે સહિતના મુદ્દે પોલીસે વધુ તપાસ હાથ ધરી હતી. ■

# કેટલાક લોકો કૂદકા મારે છે તેને શાંત પાડવાના છે: સી.આર.પાટીલ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: આપણે લોકસભાની દરેક બેઠક પાંચ લાખથી વધુ લીડથી જીતવાની છે અને છોટાઉદેપુર પાસે વિશેષ અપેક્ષા પણ છે. અહીં કેટલાક લોકો કૂદકા મારે છે તેને શાંત પાડવાના છે. ભરૂચ લોકસભા માટે પાંચ લાખ નહીં છ લાખનો ટાર્ગેટ રાખવાનો છે એવું ભાજપના પ્રદેશ પ્રમુખ સી આર પાટીલે જણાવ્યું હતું. નર્મદા જિલ્લાના નવનિર્મિત શ્રી કમલમ કાર્યાલયનું રાજપીપળા ખાતે ઉદ્‌ઘાટન કરતી વેળા કાર્યકર્તાઓને સંબોધન કરતા જણાવ્યું હતું કે, નરેન્દ્રભાઈ ક્યારેય ખોટા વચનો આપતા નથી, રાજકારણીઓ ખોટા વચનો આપી ભરમાવે છે. નરેન્દ્રભાઈ જે કહે છે તેના કરતા વધારે કરે છે. આવો દેશના વિકાસમા સૌ સાથે મળી નરેન્દ્રભાઈનો વિશ્વાસ દ્રઢ કરીએ. નરેન્દ્ર મોદી વડા પ્રધાન બન્યા પછી અને ભાજપના પૂર્વ રાષ્ટ્રીય અધ્યક્ષ અને દેશના ગૃહમંત્રીએ દેશના તમામ જિલ્લામાં કાર્યાલય બનાવવા સંકલ્પ કર્યો હતો તે સંકલ્પને સાકાર આપણે કરી રહ્યા છે જેમા ગુજરાતમા દરેક જિલ્લામાં કાર્યાલય બની રહ્યા છે અને ટૂંક સમયમા જિલ્લાનાં કાર્યાલયનું નિર્માણ પૂર્ણ થઇ જશે. વડા પ્રધાન વિકાસના કાર્યો થકી એક ઇતિહાસ રચી રહ્યા છે. આખા વિશ્વમાં સૌથી મોટી પ્રતિમા સરદાર સાહેબની બનાવી છે અને મોટી સંખ્યામા પર્યટકો સ્ટેચ્યૂ ઑફ યુનિટી આવે છે. દેશને આઝાદ કરીને દેશને એક કરવામા જેમનો મોટો ફાળો છે તેવા સરદાર સાહેબનું મહત્ત્વ અને યોગદાન સૌ જાણે તે માટે સૌથી મોટી પ્રતિમા બનાવી છે. મહાત્મા ગાંધીજીએ દાંડીયાત્રા કરી નવસારીમા મહાત્મા ગાંધીજીની મોટી પ્રતિમા બનાવી છે.

સત્યાગ્રહમાં જોડાયેલા તમામ લોકોની પ્રતિમા ફક્ત નવસારી દાંડીમા બની છે. અમદાવાદમા સાબરમતી આશ્રામ ૫૫ એકરમાં નિર્માણ થવાનું છે. ■

# સુરતમાં પાંચ ઝોનમાં પાણીકાપ: ૨૦ લાખ લોકોને અસર

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: સુરતમાં ગુરુવારથી એકસાથે પાંચ ઝોનમાં પાણીકાપ આપવામાં આવ્યો છે. પાણીની લાઇનનું જોડાણ કરવાને લઇ પાણીકાપ આપવામાં આવ્યો હતો. શુક્રવારે ઓછા પ્રેશરથી પાણી આવશે. પાણીકાપથી ૨૦ લાખ લોકોને અસર થશે. સીમાડામાં મેટ્રો કામગીરીમાં શિફ્ટ કરાયેલી લાઇનનું જોડાણ કરાશે. પ્રાપ્ત માહિતી અનુસાર સુરત શહેરના સરથાણા, વરાછા, સેન્ટ્રલ ઝોન પ્રભાવિત થશે તથા લિંબાયત, કતારગામ ઝોન પણ પ્રભાવિત થશે. સીમાડામાં મેટ્રો કામગીરીમાં શિફ્ટ કરાયેલી લાઇનનું જોડાણ કરાશે. સીમાડા નાકા જંકશન પાસે મેટ્રો કામગીરીમાં નડતરરૂપ લાઇનને શિફ્ટિંગ કરાઈ હતી. જેના જોડાણની કામગીરી હાથ ધરાનાર હોય અડધા શહેરમાં પાણી પુરવઠો ખોરવાશે. ■

# દ્વારકા જઈ રહેલા ૫૦થી વધુ પદયાત્રીઓને ફૂડ પોઈઝનિંગ: મંદિરમાં નાસ્તા બાદ તબિયત લથડી

અમદાવાદ: હોળીના ઉત્સવના પગલે દૂર દૂરથી લાખો લોકો પદયાત્રા કરી દ્વારકા પહોંચી રહ્યાં છે. ફૂલડોલ ઉત્સવને લઈ લોકોમાં અનેરો ઉત્સાહ છે. ભગવાન દ્વારકાધીશ સાથે હોળી રમવા લાખો ભક્તો દ્વારકા આવી રહ્યાં છે. દ્વારકા જતા ૫૦થી વધુ પદયાત્રીઓને એકસાથે ફૂડ પોઈઝનિંગ થયું હતું. સાંજના ભોજન બાદ પદયાત્રીઓની તબિયત લથડી હતી. જેથી તમામને હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. પ્રાપ્ત માહિતી અનુસાર દ્વારકા જતા પદયાત્રીઓને ફૂડ પોઈઝનિંગની અસર થઈ હતી. ખંભાળિયા નજીક પગપાળા જતા સંઘના ૫૦ થી ૭૦ જેટલા પદયાત્રીઓને ફૂડ પોઈઝનિંગ થયું હતું. બુધવારે મોડી સાંજે જમ્યા બાદ પદયાત્રીઓને ઝાડા ઉલટી થયા હતા જે બાદ તમામ દર્દીઓને તાત્કાલિક ખંભાળિયાની જનરલ હૉસ્પિટલ ખાતે ખસેડાયા હતા. રાત્રિના સમયે એકસાથે ફૂડ પોઇઝનિંગના દર્દીઓ આવી જતા હોસ્પિટલ ઉભરાઈ હતી. જેથી ફરજ પરના તબીબ દ્વારા તુરંત હૉસ્પિટલના વડાને જાણ કરાઈ હતી. હોસ્પિટલના સુપ્રિન્ટેન્ડેન્ટ, આઇએમઓ, સહિત ડોક્ટરો, મેડિકલ સ્ટાફ દોડી આવ્યો હતો. તમામ દર્દીઓને હોસ્પિટલમાં સારવાર આપવામાં આવી હતી. રાજકોટમાં ૪૦ પ્રવાસીઓને ફૂડ પોઈઝનિંગની અસર થઈ હતી. ગોંડલથી વીરપુર આવતા સમયે પ્રવાસીઓની તબિયત લથડી હતી. આ તમામ લોકોએ ગોંડલ સ્વામિનારાયણ મંદિરમાં સવારે નાસ્તો કર્યો હતો. બાદમાં તમામને સારવાર આપવામાં આવી હતી. ■

# વડોદરા બાદ હવે સાબરકાંઠાના ભાજપના ઉમેદવાર વિરુદ્ધ પત્રિકાઓ ફરતી થઇ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: સાબરકાંઠા-અરવલ્લી લોકસભા બેઠકના ઉમેદવાર તરીકે ભાજપે નામ જાહેર કર્યા બાદ સ્થાનિક કાર્યકર્તાઓ તેમજ ટિકિટવાંચ્છુ ઉમેદવારોના પેટમાં તેલ રેડાયું હોય તેમ ભાજપના મોવડી મંડળ સમક્ષ ઉમેદવારને બદલવાની માગ પણ કરી હતી. તલોદ માર્કેટયાર્ડના દરવાજા પાસે લોકસભા બેઠકના ભાજપે જાહેર કરેલા ઉમેદવારની જાતિ અને બદનામ કરતી પત્રિકાઓ મોડી રાત્રે નાખીને ભાગી જનારને ઝડપી લીધા હતા. જોકે સ્થાનિક નેતાઓની સમગ્ર પત્રિકા મામલે સંડોવણી બહાર આવતા સમગ્ર મામલો રફેદફે કરવા માટેનાં ચક્રો ગતિમાન થયાં છે.

સાબરકાંઠા-અરવલ્લી જિલ્લાના સાંસદ તરીકે ભાજપના ઉમેદવાર તરીકે ભીખાજી ઠાકોરનું નામ જાહેર થતાં જ ભાજપના જ કેટલાક ટિકિટવાંચ્છુ ઉમેદવારોના પેટમાં તેલ રેડાયું હતું અને મુખ્ય પ્રધાન ભૂપેન્દ્ર પટેલ તેમજ મોવડી મંડળ સમક્ષ ઉમેદવારની જાતિ અંગેના સવાલો ઊભા કરી રજૂઆતો કરી હતી. જોકે ત્યારબાદ પણ સોશિયલ મીડિયામાં ભાજપના ઉમેદવારને બદલવાની માંગણી કરતા તથા જાતિ સંદર્ભેના મેસેજ વાયરલ થયા હતા. દરમિયાન તલોદ માર્કેટયાર્ડના દરવાજા પાસે કેટલાક લોકોએ ભાજપના ઉમેદવાર ભીખાજી ઠાકોરની જાતિ અને વ્યકિતગત બદનામી થાય તેવી જથ્થાબંધ પત્રિકાઓ નાખીને રફુચક્કર થયા હતા. જોકે કેટલાક લોકોએ કારમાં આવેલા લોકોની હિલચાલ શંકાસ્પદ જણાતાં હરસોલ ચોકડી સુધી પીછો કરીને કારને રોકી હતી. જેમાં એક મહિલા અને ત્રણ પુરુષ હોવાનું જણાતા તેમની પૂછપરછ કરાઈ હતી. સમગ્ર ઘટનામાં ષડયંત્ર રચનાર ભાજપના મોટા ગજાના નેતાઓનો દોરી સંચાર હોવાનું માલૂમ પડતાં સમગ્ર મામલો રફેદફે કરવાનો પ્રયાસ કરાયો હતો.

અત્રે ઉલ્લેખનીય છે કે, શિસ્તબદ્ધ ગણાતી ભારતીય જનતા પાર્ટીના શિસ્તના લીરેલીરા ઉડાડનાર જિલ્લાના જ ટિકિટવાંચ્છુકોના જ નામો પ્રકાશમાં આવતાં પ્રદેશ મોવડી મંડળ ચોંકી ઉઠ્યું છે. ■

# હિંમતનગરમાં ₹ ૪૯.૪૦ લાખની લૂંટના ચાર આરોપી પકડાયા: ૧૧.૨૨ લાખનો મુદ્દામાલ જપ્ત

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: હિંમતનગરના મુખ્ય બસ સ્ટેન્ડ પાસેની ગલીમાંથી થોડાકા દિવસ અગાઉ આંગડિયા કર્મચારીનું અપહરણ કરી રૂ. ૪૯.૪૦ લાખના સોના-ચાંદીના પાર્સલની લૂંટ થઈ હતી પોલીસે નવ પૈકી ચાર જણાને ઝડપી લઈ રૂ. ૧૧.૨૨ લાખનો મુદ્દામાલ જપ્ત કર્યો હતો.

પોલીસના જણાવ્યા અનુસાર હિંમતનગરના બસ સ્ટેન્ડ પાસેની ગલીમાંથી ગત તા.૧૨ માર્ચે આંગડિયા પેઢીના કર્મચારી કમલેશ મીર અમદાવાદથી સોના-ચાંદી કિં. રૂ. ૪૯.૪૦ લાખ લઇને હિંમતનગર આવ્યા હતા. તેઓ બસ સ્ટેન્ડની બહાર આવી રેલવે સ્ટેશન જવાના રોડ પર બાઇક પર બેસીને બગીચા વિસ્તારમાં આવેલી એક ખાનગી આંગડિયા પેઢીમાં જઇ રહ્યો હતો તે દરમિયાન નંબર વગરની કારમાં આવેલી કેટલીક વ્યકિતઓએ કમલેશને માર મારી પોલીસ હોવાની ખોટી ઓળખ આપી કારમાં અપહરણ કરીને વિજાપુર તરફ લઇ ગયા હતા. જોકે મહેતાપુરા પાસે કારમાંથી ઉતારી સોના-ચાંદીના દાગીના ભરેલો પાર્સલવાળો થેલો પડાવી લીધો હતો. આ અંગે હિંમતનગર બી ડિવિઝન પોલીસ સ્ટેશને ફરિયાદ નોંધાતાં સાબરકાંઠા એલસીબીએ તપાસ હાથ ધરી હતી, જેમાં લૂંટને અંજામ આપનાર ગેંગના માણસો કાર ખેરાલુથી ઇડર તરફ આવી રહી હોવાની બાતમીને આધારે ઇડરના વલાસણા નજીક વાહન ચેકિંગ શરૂ કર્યું હતું. જોકે પોલીસે કારમાં બેઠેલી વ્યકિતઓની પૂછપરછ કરતા અને કારની તપાસ કરતા સીટ નીચેથી સોના-ચાંદીના દાગીના ભરેલો થેલો મળી આવ્યો હતો. પોલીસને શક જતાં આ ચારેય વ્યકિતઓની સખ્તાઇપૂર્વકની તપાસ કરતાં લૂંટ અને અપહરણની ઘટનાનો પર્દાફાશ થયો હતો અને પોલીસે અંદાજે રૂ. ૬.૫૧ લાખના સોના-ચાંદીના દાગીના, રૂ. ૨૦ હજારના ચાર મોબાઇલ, રૂ. ૯૫૦ રોકડ અને ઇકો કે જેની કિં. રૂ. ૪.૫૦ લાખની થાય છે. તે મળી અંદાજે રૂ. ૧૧.૨૨ લાખનો મુદ્દામાલ કબજે લેવાયો હતો. ■

# અમદાવાદ એરપોર્ટ પરથી દાણચોરીના પાંચ કિલો સોના સાથે બે મુસાફરોની અટકાયત

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: શહેરના ઇન્ટરનેશનલ એરપોર્ટ પર અખાતી દેશમાંથી આવતા બે મુસાફરો પાસેથી કસ્ટમના અધિકારીઓએ દાણચોરીનું પાંચ કિલો સોનું કબજે કર્યું હતું. ચાલાક મુસાફરોએ દાણચોરી માટે નવી મોડેસ ઓપરેન્ડી અપનાવી હતી. તેમણે સોનાનો ભૂકો કરી તેના કણ પ્લાસ્ટિકની ડીશની વચમાં ચોંટાડી દીધા હતા. એરપોર્ટ પર કસ્ટમના અધિકારીઓએ શંકા જતા ડીશ તોડી અને તેમાંથી સોનાના કણ ચમક્યા. આ સોનું કોના માટે લાવવામાં આવ્યું હતું અને તેમાં કોની સંડોવણી છે જે અંગેની તપાસ હાથ ધરી હતી. પ્રાથમિક તપાસમાં અમદાવાદ ઇન્ટરનેશનલ એરપોર્ટ પર જે રીતે મુસાફરોની સંખ્યામાં દિવસે દિવસે વધારો થઈ રહ્યો છે તેવી જ રીતે દેશભરના દાણચોરો પણ સોનાની દાણચોરી કરવા માટે અમદાવાદ ઇન્ટરનેશનલ એરપોર્ટની પસંદગી કરતા હોવાથી દાણચોરીનું પ્રમાણ વધ્યું હોવાનું જાણવા મળ્યું છે. પ્રાપ્ત માહિતી અનુસાર અમદાવાદ ઇન્ટરનેશનલ એરપોર્ટ પર રાત્રે વિદેશથી આવેલું વિમાન લેન્ડ થયું અને મુસાફરો કસ્ટમ્સ ક્લિયરન્સ કરાવી રહ્યા હતા. એર ઇન્ટેલિજન્સના અધિકારીઓને માહિતી મળી હતી કે કેટલાક મુસાફરો મોટા પ્રમાણમાં સોનું લઈને આવ્યા છે. જેને પગલે કસ્ટમ્સ અને એર ઇન્ટેલિજન્સના અધિકારીઓએ તમામ મુસાફરોની અને તેમના માલ સામાનની ચકાસણી શરૂ કરી દીધી હતી. શંકાસ્પદ મુસાફર પાસેની બેગમાંથી કેટલીક પ્લાસ્ટિકની ડીશ મળી હતી. પ્લાસ્ટિકની ડીશનું વજન સામાન્ય કરતા વધારે જણાતું હતું. એને પગલે અધિકારીઓ દ્વારા મુસાફરોની પૂછપરછ કરવામાં આવી હતી પરંતુ સંતોષકારક જવાબ નહીં મળતા અધિકારીઓએ પ્લાસ્ટિકની ડીશ તોડી. જેવી પ્લાસ્ટિકની ડીશ તૂટી કે અંદરથી સોનાના કણો ચમકવા લાગ્યા. તમામ ડીશ પરથી પાંચ કિલો સોનાનો ભૂકો મળી આવ્યો હતો. અધિકારીઓએ દાણચોરીના પાંચ કિલો સોના સાથે બે મુસાફરોની અટકાયત કરી હતી. હવે આ દાણચોરીનું સોનું કોના માટે લાવવામાં આવી રહ્યું હતું અને આ સ્મગલર સિન્ડિકેટના સભ્યો કોણ છે તે અંગેની તપાસ હાથ ધરી હતી. ■

# અમને પાકિસ્તાન જેલમાંથી છોડાવો: ૨૭૦ ખલાસી જેલમાં સબડે છે

(અમારા પ્રતિનિધિ તરફથી)

ઊના: દરીયામાં માછીમારી કરવાં જતાં સૌરાષ્ટ્રનાં મછીયારા સરહદ ઓળંગી જતાં હોવાનાં કારણે પાકિસ્તાનની નેવીનાં હાથે પકડાય છે ત્યાર બાદ લાંબા સમય સુધી માછીમારો જેલ હવાલે રહેતાં હોવાનાં કારણે બિમારીઓનો ભોગ બનતાં હોવાનાં કારણે મુત્યુ થતાં હોવાનાં ઘણાં કિસ્સા બહાર આવવા છતાં બન્ને દેશોનાં કાયદા મુજબ વહેલી તકે માછીમારો છુટે તેવી સમજૂતી થતી નથી.

પાકિસ્તાન ની કરાંચી ખાતે આવેલી લાડી જેલમાં ૨૮ માસથી રહેલાં ઊનાનાં પાલડી ગામે રહેતા ભુપતભાઇ બાબુભાઈ સોલંકીનો તેનાં પરીવારજનોને દર્દનાક પત્ર આવ્યો છે કે હાલ પાકિસ્તાનમાં રદહય હુમલામાં લોકો ટપોટપ મૃત્યુ પામી રહ્યા છે અને સમય સર સારવાર નહીં મળતા નવસારી તાલુકાના વિનોદ ભાઈ નામનાં માછીમારનું ૧૭ માર્ચ ૨૦૨૪નાં મૃત્યુ બીમારીનાં કારણે થયું છે અને ભુપતભાઇ બાબુભાઈ સોલંકી પોતાને પણ હ્દય રોગનો હુમલો આવતાં સારવાર પૂરતી નહીં મળતી હોવાથી પોતાનાં પરીવાર સાથે મિલન થશે કે નહીં? અહીં મોત આવે તે પહેલાં ભારત સરકારનાં મત્સ્યોદ્યોગ પ્રધાન અને લાગતાં વળગતા સરકારી અધિકારીઓ રાજકિય અગ્રણી અને સમાજનાં લોકો પાકિસ્તાન જેલ હવાલે રહેલાં ૨૭૦ માછીમારોને છોડાવવા રજૂઆત કરવા પત્રમાં ભારપૂર્વક દર્દનાક રીતે જણાવતાં બાબુભાઈ સોલંકીનાં સંગાસંબંધી કુટુંબીજનો પાલડી ગામે તાલુકા પંચાયતનાં સભ્ય કમલેશભાઈ સોલંકી સમક્ષ રજૂ કરીને પાકિસ્તાન જેલમાં રહેલાં ઊના તાલુકાના તેમજ અન્ય સૌરાષ્ટ્રનાં માછીમારને મદદ કરવાં જણાવતાં આ બાબતે ઊના ખાતે મીડિયા સમક્ષ આ પત્ર મોકલી સરકાર વહેલી તકે પાકિસ્તાનની કરાંચી ખાતે આવેલ લાડી જેલ માં રહેલાં બિમાર માછીમારો દર્દનાક બીબમારીનો ભોગ બને તે પહેલાં તાત્કાલિક છોડાવવા પ્રયત્ન કરે તેવી માંગણી કરી છે.

હાલ જેલમાં બીમાર એવાં ભુપતભાઇ બાબુભાઈએ તેનાં પરિવારનાં વનરાજ ભાઈને પત્ર દ્વારા જાણ કરેલ તેમાં સ્પષ્ટતા સાથે જણાવ્યું કે કે હૃદય રોગના હુમલાના બનાવો વધી રહ્યા છે અને સમયસર સારવાર નહીં મળતી હોવાનાં કારણે લોકો ટપોટપ મુત્યુ પામી રહ્યા છે ત્યારે જેલમાં બંદીવાન માછીમારો જિંદગી અને મોતનાં ભય હેઠળ જીવી રહ્યા છે તેમનાં નાનાં બાળકો પરિવારનાં સભ્યો સાથે મળી શકશે કે કેમ તેની ચિંતા હેઠળ ૨૮ માસથી જેલ વાસ ભોગવી રહ્યા છે પરંતુ બોટ માલિક દ્વારા માછીમારોને છોડાવવા ની ચિંતા નહીં કરતાં હોવાનાં કારણે લાંબા સમયથી માછીમારો યાતનાઓ ભોગવી રહ્યા છે. ■




# ચૅમ્પિયન ચેન્નઈ વિરુદ્ધ 'બદનસીબ' બૅન્ગલોર

## પાંચ ટ્રોફીના વિજેતા સીએસકે અને ત્રણ વાર ટ્રોફીથી વંચિત આરસીબી વચ્ચે આજે પ્રથમ જંગ

ચેન્નઈ: આજે આઇપીએલની ૧૭મી સીઝનની પહેલી મૅચ (રાતે ૮.૦૦ વાગ્યાથી) ચેન્નઈ અને બૅન્ગલોર વચ્ચે રમાશે. એમએસ ધોનીની ટીમ પાંચ ટાઇટલ જીતી ચૂકી છે અને ડિફેન્ડિંગ ચૅમ્પિયન પણ છે. જોકે ફૅફ ડુ પ્લેસીની કૅપ્ટન્સીમાં રમનાર આરસીબીની ટીમ ત્રણ વાર (૨૦૦૯, ૨૦૧૧, ૨૦૧૬) રનર-અપ રહી છે.



ધોનીએ કૅપ્ટન્સીના સૂત્રો પુણેના ઋતુરાજ ગાયકવાડને સોંપ્યા છે એટલે હવે પહેલી જ મૅચમાં તેની (ગાયકવાડની) બૅટિંગની તેમ જ કૅપ્ટન્સીની કસોટી થશે.

બીજી તરફ, ધોની સ્ટમ્પ્સની પાછળથી ગાયકવાડને માર્ગદર્શન આપતો જરૂર જોવા મળશે, પરંતુ પોતે સુકાનીના બોજમાંથી મુક્ત થઈ રહ્યો હોવાથી તેની કેટલીક ધમાકેદાર ઇનિંગ્સ જોવા મળશે તો નવાઈ નહીં લાગે.

ધોનીની આ લગભગ છેલ્લી આઇપીએલ છે. આઇપીએલની આ સીઝનની હજી માત્ર ૨૧ મૅચનું શેડ્યૂલ જાહેર કરાયું છે. ■

### ચેન્નઈની ટીમમાં કોણ?

ઋતુરાજ ગાયકવાડ (કૅપ્ટન), ધોની (વિકેટકીપર), રહાણે, સમીર રિઝવી, જાડેજા, રાચિન રવીન્દ્ર, મોઇન, શિવમ દુબે, હંગારગેકર, ડેરિલ મિચલ, અરાવેલી અવાનિશ, શેખ રાશીદ, કૉન્વે (ઈજાગ્રસ્ત), અજય મોંડલ, નિશાંત સિંધુ, દીપક ચાહર, તુષાર દેશપાંડે, મુકેશ ચૌધરી, મુસ્તફિઝુર રહમાન, મથીશા પથિરાના (ઈજાગ્રસ્ત), સિમરનજિત સિંહ, શાર્દુલ ઠાકુર, પ્રશાંત સોલંકી, માહીશ થીકશાના.

### બૅન્ગલોરમાં અનેક સ્ટાર ખેલાડીઓ

ફૅફ ડુ પ્લેસી (કૅપ્ટન), વિરાટ કોહલી, રજત પાટીદાર, દિનેશ કાર્તિક (વિકેટકીપર), અનુજ રાવત (વિકેટકીપર), સૌરવ ચૌહાણ, આકાશ દીપ, મનોજ ભંડાગે, ટૉમ કરૅન, કૅમેરન ગ્રીન, મહિપાલ લૉમરોર, વિલ જૅક્સ, ગ્લેન મૅક્સવેલ, સૂયશ પ્રભુદેસાઈ, મયંક ડાગર, લૉકી ફર્ગ્યુસન, મોહમ્મદ સિરાજ, અલ્ઝારી જોસેફ, રાજન કુમાર, હિમાંશુ શર્મા, કર્ણ શર્મા, સ્વપ્નિલ સિંહ, રીસ ટૉપ્લી, વિજયકુમાર વૈશાક, યશ દયાલ.



**આઈપીએલ-૨૦૨૪ના કૅપ્ટનો શો-ટાઈમ માટે તૈયાર:** ચેન્નઈ: આઈપીએલની ૧૭મી સીઝનની શુક્રવારે ધમાકેદાર શરૂઆત થાય એ પહેલાં એના કૅપ્ટનોએ ફોટો માટે સાથે ઊભા રહીને પોઝ આપ્યો હતો. આ સુકાનીઓમાં હાર્દિક પંડ્યા (મુંબઈ), ઋતુરાજ ગાયકવાડ (ચેન્નઈ), ફૅફ ડુ પ્લેસી (બૅન્ગલોર), કેએલ રાહુલ (લખનઊ), રિષભ પંત (દિલ્હી), શુભમન ગિલ (ગુજરાત), સંજુ સૅમસન (રાજસ્થાન), શ્રેયસ ઐયર (કોલકાતા), પૅટ કમિન્સ (હૈદરાબાદ)નો સમાવેશ હતો. પંજાબ કિંગ્સના સુકાની શિખર ધવનના સ્થાને વાઇસ-કૅપ્ટન જિતેશ શર્મા હાજર હતો.

## આજે આઈપીએલની આતશબાજી પહેલાં બૉલીવૂડનો જલસો

ચેન્નઈ: શુક્રવાર, બાવીસમી માર્ચે આઇપીએલની ૧૭મી સીઝન શરૂ થઈ રહી છે જેની પ્રથમ મૅચ રાત્રે ૮.૦૦ વાગ્યે શરૂ થશે, પણ એ પહેલાં સાંજે ૬.૩૦ વાગ્યાથી એ જ સ્થળે (ચેન્નઈના ચેપૉક સ્ટેડિયમમાં) આઇપીએલનું આગવી સ્ટાઇલમાં ઓપનિંગ થશે. આ પ્રારંભિક સમારોહમાં બૉલીવૂડના સિતારાઓ ધૂમ મચાવતા જોવા મળશે.

પહેલી મૅચમાં ખેલાડીઓ રણસંગ્રામમાં રનોત્સવનો આરંભ કરે એ પહેલાં ઍક્ટર્સ અને ઍક્ટ્રેસીસની સ્ટેજ પર ધમાલ જોવા મળશે. અભિનેતાઓમાં ખાસ કરીને અક્ષય કુમાર (અક્કી) અને ટાઇગર શ્રોફના પર્ફોર્મન્સીસ જોવા મળશે. જાણીતો સિંગર સોનુ નિગમ યાદગાર ગીતોથી મંત્રમુગ્ધ કરશે, જ્યારે તે ખ્યાતનામ સંગીતકાર એ. આર. રહમાન સાથે મળીને દેશભક્તિ ગીત પણ ગાશે.■

# આઈપીએલના નવા કરોડપતિઓ પર એક નજર

**(૧) રાચિન રવીન્દ્ર (ચેન્નઈ):** ૧.૮૦ કરોડ રૂપિયામાં ખરીદવામાં આવેલા ન્યૂ ઝીલૅન્ડના આ ઑલરાઉન્ડરે તાજેતરના વન-ડે વર્લ્ડ કપમાં તેના જ દેશના પીઢ ખેલાડી કેન વિલિયમસન જેટલા વિક્રમજનક રન (૫૭૮) બનાવીને સૌ કોઈને વિચારતા કરી દીધા હતા. ઊલટાનું, વિલિયમસનની બે સેન્ચુરી સામે રાચિનની ત્રણ હતી. આઇપીએલમાં તેને પોતાના જ દેશના આક્રમક ઓપનર ડેવૉન કૉન્વેના સ્થાને ચેન્નઈના ફ્રેન્ચાઇઝીએ સ્ક્વૉડમાં સમાવ્યો છે. રાચિન પાવર-હિટર નથી, પણ ઓપનિંગમાં પોતાની કુશળતાથી ઋતુરાજ ગાયકવાડને બહુ સારો સાથ આપી શકશે. ચેન્નઈને રાચિનના લેફ્ટ-આર્મ ફિંગરસ્પિનનો પણ સારો સપોર્ટ મળશે.

**(૨) સમીર રિઝવી (ચેન્નઈ):** ૮.૪૦ કરોડ રૂપિયામાં મેળવવામાં આવેલો આ હાર્ડ-હિટર 'રાઇટ-હૅન્ડ રૈના' તરીકે જાણીતો છે. ચેન્નઈ સુપર કિંગ્સને સામાન્ય રીતે આંતરરાષ્ટ્રીય ફલક પર શરૂઆત ન કરનાર ઓછા ખેલાડીઓને પોતાની સ્ક્વૉડમાં સમાવવાની આદત નથી, પણ ફક્ત સાત ફર્સ્ટ-ક્લાસ મૅચ રમનાર ઉત્તર પ્રદેશના આક્રમક બૅટર રિઝવીને ઑક્શનમાં તોતિંગ ભાવે ખરીદીને એણે બધાને ચોંકાવી દીધા હતા. ઑક્ટોબરમાં તેણે દેહરાદૂનમાં સૈયદ મુશ્તાક અલી ટ્રોફીમાં તામિલનાડુ સામે પાંચ સિક્સર અને છ ફોરની મદદથી અણનમ ૭૫ રન બનાવીને ઉત્તર પ્રદેશને એકલા હાથે વિજય અપાવીને સનસનાટી મચાવી દીધી હતી. એક ટૂર્નામેન્ટમાં કાનપુરની ટીમ વતી સૌથી વધુ સિક્સર, સીકે નાયુડુ ટ્રોફીમાં ટ્રિપલ સેન્ચુરી તેની તાજેતરની બે સિદ્ધિઓ છે.

**(૩) જેરાલ્ડ કોએટ્ઝી (મુંબઈ):** ૫.૦૦ કરોડ રૂપિયામાં ખરીદવામાં આવેલા આ સાઉથ આફ્રિકન ફાસ્ટ બોલરને ૨૦૨૧માં કોરોનાની મહામારીના સમયકાળ દરમ્યાન રાજસ્થાન વતી રમવાની તક મળતાં-મળતાં રહી ગઈ હતી. કલાકે ૧૫૦ કિલોમીટરની ઝડપે બૉલ ફેંકી શકતા કોએટ્ઝીએ ઑક્ટોબરના વર્લ્ડ કપમાં આઠ મૅચમાં ૨૦ વિકેટનો દમદાર પર્ફોર્મન્સ બતાવ્યો હતો. લેગકટર સહિતના વૅરિએશન્સ સાથે બોલિંગ કરવામાં કાબેલ આ રાઇટ-આર્મ ફાસ્ટ બોલર થોડાઘણા રન પણ બનાવી શકે છે. ૨૦૨૩ની સાઉથ આફ્રિકા ટી-૨૦ લીગમાં કોએટ્ઝીને જોબર્ગ સુપર કિંગ્સે ઓપનિંગના પિંચ-હિટર તરીકે ઉપયોગમાં લીધો હતા.

**(૪) નુવાન થુશારા (મુંબઈ):** ૪.૮૦ કરોડ રૂપિયામાં ખરીદવામાં આવેલા આ રાઇટ-હૅન્ડ ફાસ્ટ બોલરની બોલિંગ ઍક્શન તેના જ દેશના લેજન્ડરી બોલર લસિથ મલિન્ગા જેવી છે. મલિન્ગા બોલિંગ ઍક્શન 'સ્લિંગ' તરીકે ઓળખાતી હતી જેનાથી તેણે ભલભલા બૅટર્સને મુસીબતમાં મૂકી દીધા હતા. હવે ડગઆઉટમાં બેસનાર મલિન્ગાના જ આશીર્વાદ સાથે થુશારા મુંબઈ વતી એ જવાબદારી સંભાળશે. તેણે તાજેતરમાં જ બંગલાદેશ સામેની ટી-૨૦માં હૅટ-ટ્રિક સહિત પાંચ વિકેટ લઈને શ્રીલંકાને જિતાડ્યું હતું. એક તરફ ચેન્નઈની ટીમ 'સ્લિંગ' ફાસ્ટ બોલર મથીશા પથિરાનાની ઈજાથી ચિંતિત છે ત્યાં બીજી બાજુ મુંબઈને થુશારાના 'સ્લિંગ' બૉલનો સારો લાભ મળશે.

### ૧૦ યુવાનોમાંથી કોણ-કોણ આકર્ષણ જમાવશે?

(૧) અભિષેક શર્મા, હૈદરાબાદ, ૬.૫૦ કરોડ રૂપિયા, સ્પિન બોલિંગ ઑલરાઉન્ડર
(૨) કુમાર કુશાગ્ર, દિલ્હી, ૭.૨૦ કરોડ રૂપિયા, વિકેટકીપર-બૅટર
(૩) મોહસિન ખાન, લખનઊ, ૨૦ લાખ રૂપિયા, લેફ્ટ-આર્મ ફાસ્ટ બોલર
(૪) રમણદીપ સિંહ, કોલકાત્તા, ૨૦ લાખ રૂપિયા, રાઇટ-આર્મ પેસ બોલર
(૫) રિયાન પરાગ, રાજસ્થાન, ૩.૮૦ કરોડ રૂપિયા, ટૉપ-ઑર્ડર બૅટિંગ ઑલરાઉન્ડર
(૬) રૉબિન મિન્ઝ, ગુજરાત, ૩.૬૦ કરોડ રૂપિયા, વિકેટકીપર, બૅટર, લેફ્ટ-આર્મ સ્પિનર
(૭) સમીર રિઝવી, ચેન્નઈ, ૮.૪૦ કરોડ રૂપિયા, આક્રમક બૅટર
(૮) શાહરુખ ખાન, ગુજરાત, ૭.૪૦ કરોડ રૂપિયા, બૅટર, ઑફ-સ્પિનર
(૯) સુયશ શર્મા, કોલકાત્તા, ૨૦ લાખ રૂપિયા, લેગ-સ્પિનર
(૧૦) યશ દયાલ, બૅન્ગલોર, ૫.૦૦ કરોડ રૂપિયા, લેફ્ટ-આર્મ પેસ બોલર

### આઈપીએલ-૨૦૨૪નું આંશિક ટાઈમટેબલ


| મૅચ | વાર/તારીખ | સ્થળ | સમય |
|---|---|---|---|
| ચેન્નઈ-બૅન્ગલોર | શુક્ર/૨૨ માર્ચ | ચેન્નઈ | રાત્રે ૮.૦૦ |
| પંજાબ-દિલ્હી | શનિ/૨૩ માર્ચ | મોહાલી | બપોરે ૩.૩૦ |
| કોલકાતા-હૈદરાબાદ | શનિ/૨૩ માર્ચ | કોલકાતા | સાંજે ૭.૩૦ |
| રાજસ્થાન-લખનઊ | રવિ/૨૪ માર્ચ | જયપુર | બપોરે ૩.૩૦ |
| મુંબઈ-ગુજરાત | રવિ/૨૪ માર્ચ | અમદાવાદ | સાંજે ૭.૩૦ |
| બૅન્ગલોર-પંજાબ | સોમ/૨૫ માર્ચ | બેન્ગલૂરુ | સાંજે ૭.૩૦ |
| ગુજરાત-ચેન્નઈ | મંગળ/૨૬ માર્ચ | ચેન્નઈ | સાંજે ૭.૩૦ |
| મુંબઈ/હૈદરાબાદ | બુધ/૨૭ માર્ચ | હૈદરાબાદ | સાંજે ૭.૩૦ |
| રાજસ્થાન/દિલ્હી | ગુરુ/૨૮ માર્ચ | જયપુર | સાંજે ૭.૩૦ |
| બૅન્ગલોર/કોલકાતા | શુક્ર/૨૯ માર્ચ | બેન્ગલૂરુ | સાંજે ૭.૩૦ |
| લખનઊ-પંજાબ | શનિ/૩૦ માર્ચ | લખનઊ | સાંજે ૭.૩૦ |
| ગુજરાત-હૈદરાબાદ | રવિ/૩૧ માર્ચ | અમદાવાદ | બપોરે ૩.૩૦ |
| દિલ્હી-ચેન્નઈ | રવિ/૩૧ માર્ચ | વિશાખાપટ્ટનમ | સાંજે ૭.૩૦ |
| મુંબઈ-રાજસ્થાન | સોમ/૧ એપ્રિલ | મુંબઈ | સાંજે ૭.૩૦ |
| બૅન્ગલોર/લખનઊ | મંગળ/૨ એપ્રિલ | બેન્ગલૂરુ | સાંજે ૭.૩૦ |
| દિલ્હી/કોલકાતા | બુધ/૩ એપ્રિલ | વિશાખાપટ્ટનમ | સાંજે ૭.૩૦ |
| ગુજરાત-પંજાબ | ગુરુ/૪ એપ્રિલ | અમદાવાદ | સાંજે ૭.૩૦ |
| હૈદરાબાદ-ચેન્નઈ | શુક્ર/૫ એપ્રિલ | હૈદરાબાદ | સાંજે ૭.૩૦ |
| રાજસ્થાન-બૅન્ગલોર | શનિ/૬ એપ્રિલ | જયપુર | સાંજે ૭.૩૦ |
| મુંબઈ-દિલ્હી | રવિ/૭ એપ્રિલ | મુંબઈ | બપોરે ૩.૩૦ |
| ગુજરાત-લખનઊ | રવિ/૭ એપ્રિલ | લખનઊ | સાંજે ૭.૩૦ |

**(૫) અઝમતુલ્લા ઓમરઝાઈ (ગુજરાત):** માત્ર ૫૦ લાખ રૂપિયાની મૂળ કિંમતે ખરીદવામાં આવેલો આ ઑલરાઉન્ડર 'અફઘાનિસ્તાનના હાર્દિક પંડ્યા' તરીકે ઓળખાય છે, કારણકે તે નવા બૉલથી પેસ બોલિંગ આક્રમણ શરૂ કરવા ઉપરાંત નીચલા ક્રમે સારી બૅટિંગ પણ કરી શકે છે. ઑક્ટોબરના વર્લ્ડ કપમાં સચિન તેન્ડુલકર તેની રિસ્ટ પૉઝિશનથી ખૂબ પ્રભાવિત થયો હતો અને ત્યારે તેની સરખામણી ભુવનેશ્વર કુમાર અને પ્રવીણ કુમાર સાથે થતી હતી. વિશ્વ કપમાં વાનખેડેમાં ઓમરઝાઈએ વૉર્નરને ઇનસ્વિંગરથી આઉટ કર્યા બાદ જૉશ ઇંગ્લિસનો આઉટસ્વિંગરથી શિકાર કર્યો હતો, પણ મૅક્સવેલે હૅટ-ટ્રિક ટાળીને અણનમ ડબલ સેન્ચુરી (૨૦૧) સાથે ઑસ્ટ્રેલિયાને જિતાડ્યું હતું. તાજેતરમાં પેશાવરની ટીમમાં બાબર આઝમ પાસેથી ઘણું નવું શીખી ચૂક્યો છે. ૨૩ વર્ષનો ઓમરઝાઈ આ વખતે સારું રમીને આવતા વર્ષની આઇપીએલમાં કરોડો રૂપિયા કમાઈ શકશે.

**(૬) સ્પેન્સર જૉન્સન (ગુજરાત):** ૧૦ કરોડ રૂપિયામાં ખરીદવામાં આવેલા આ લેફ્ટ-આર્મ ફાસ્ટ બોલરની હાલમાં વિશ્વભરની ટી-૨૦ સર્કિટમાં ખૂબ ડિમાન્ડ છે. બે વર્ષ પહેલાં તેની પાસે ઑસ્ટ્રેલિયન ક્રિકેટ બોર્ડનો કોઈ કૉન્ટ્રેક્ટ નહોતો ત્યારે તે લૅન્ડસ્કેપ ગાર્ડન, ગૉલ્ફ કોર્સ તથા ગાર્ડનની સારસંભાળ રાખવા સહિતના કામમાં વ્યસ્ત હતો. છ ફૂટ ચાર ઇંચ ઊંચો આ બોલરના એક્સ્ટ્રા-બાઉન્સના બૉલ એવા ઍન્ગલવાળા હોય છે જેમાં બૅટર માટે મોટી મુસીબત ઊભી થઈ શકે છે. ગુજરાતને ઈજાગ્રસ્ત મોહમ્મદ શમીની મદદ નહીં મળે એટલે કૅપ્ટન ગિલ અને કોચ નેહરાને સ્પેન્સર ઘણો કામ લાગશે.

**(૭) કુમાર કુશાગ્ર (દિલ્હી):** હરાજીમાં ૭.૨૦ કરોડ રૂપિયાના તોતિંગ ભાવે ખરીદવામાં આવેલો ઝારખંડનો આ ૧૯ વર્ષીય વિકેટકીપર આક્રમક બૅટિંગ પણ કરે છે. તેણે પ્રથમ કક્ષાના સ્તરે ૫૦ જેટલી મૅચમાં કુલ ૫૦-પ્લસ સિક્સર અને ૨૦૦ જેટલી ફોર ફટકારી હતી. રિષભ પંત જો વિકેટકીપિંગ નહીં કરી શકે તો દિલ્હીને કુશાગ્ર ખૂબ કામ લાગશે. દિલ્હીના ફ્રેન્ચાઇઝીનો ડિરેક્ટર સૌરવ ગાંગુલી કુશાગ્રના ફર્સ્ટ-ક્લાસ પર્ફોર્મન્સથી ખૂબ પ્રભાવિત થયો છે.■

## શમીના સ્થાને વૉરિયર



અમદાવાદ: ગુજરાત ટાઇટન્સ (જીટી)ને ૨૦૨૨માં ટાઇટલ અપાવવામાં તેમ જ ૨૦૨૩માં રનર-અપ બનાવવામાં મોટું યોગદાન આપનાર મોહમ્મદ શમી ઈજાને કારણે આ વખતની આઇપીએલમાં નથી રમવાનો. તેના સ્થાને પેસ બોલર સંદીપ વૉરિયરને જીટીની ટીમમાં સમાવવામાં આવ્યો છે. વૉરિયર અગાઉ કેકેઆર વતી રમ્યો હતો. ■

## કોણ ટાઇટલ માટે ફેવરિટ?

ચેન્નઈ: ચેન્નઈ સુપર કિંગ્સ આ વર્ષની આઇપીએલ જીતવા પણ ફેવરિટ છે. એવું થશે તો ધોનીને તેની સંભવત અંતિમ આઇપીએલમાં પણ ટ્રોફીની ભેટ તેના સાથીઓ અપાવશે. નવા કૅપ્ટન ઋતુરાજ ગાયકવાડના માથે ટાઇટલ-વિજયની મોટી જવાબદારી છે. હાર્દિક પંડ્યા મુંબઈનો નવો કૅપ્ટન બન્યો છે અને તેની ટીમ પણ ટાઇટલ મેળવવા ફેવરિટ છે. એ મુંબઈનું છઠ્ઠું ટાઇટલ કહેવાશે. રોહિત શર્મા માત્ર બૅટર તરીકેના રોલમાં જોવા મળશે. સૂર્યકુમાર યાદવ, ઇશાન કિશન, બુમરાહ તેમ જ પીયૂષ ચાવલા અને શ્રેયસ ગોપાલ સહિતના બીજા ખેલાડીઓ હાર્દિકને ટ્રોફી અપાવવામાં મહત્ત્વનું યોગદાન આપી શકે. રાજસ્થાન રૉયલ્સ આ વખતે થર્ડ-ફેવરિટ મનાય છે. કૅપ્ટન સૅમસનને એ માટે યશસ્વી, બટલર, હેટમાયર, ધ્રુવ જુરેલ, રિયાન પરાગ, અશ્વિન, ચહલની ખાસ મદદ મળી શકે. હૈદરાબાદને ઘણા ઓછા લોકો ફેવરિટ માનતા હશે, પણ યાદ રહે એનો કૅપ્ટન પૅટ કમિન્સ આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાં ૨૦૨૩ અને ૨૦૨૪નો સૌથી સફળ સુકાની સાબિત થયો છે. ત્યાર પછીના ક્રમે બૅન્ગલોર, ગુજરાત, લખનઊ, દિલ્હી, કોલકતા અને પંજાબ ફેવરિટ છે. ■

## સીએસકેમાં ધોનીના શાસનનો અંત, ગાયકવાડ નવો કૅપ્ટન



આજના હરીફ સુકાની ગાયકવાડ અને ડુ પ્લેસી

ચેન્નઈ: ૨૦૦૮માં ઇન્ડિયન પ્રીમિયર લીગ (આઇપીએલ)ની શરૂઆત થઈ ત્યારથી માંડીને અત્યાર સુધી ચેન્નઈ સુપર કિંગ્સ (સીએસકે)ની કૅપ્ટન્સી મહેન્દ્રસિંહ ધોનીને સોંપવામાં આવી હતી, પરંતુ હવે તેના સ્થાને ઋતુરાજ ગાયકવાડને સીએસકેનો નવો કૅપ્ટન બનાવવામાં આવ્યો છે.

૨૭ વર્ષનો પુણેનો ગાયકવાડ ઓપનિંગ બૅટર છે. તે ભારત વતી પચીસ ઇન્ટરનૅશનલ મૅચ રમવા ઉપરાંત આઇપીએલ સહિતની ટી-૨૦ ટૂર્નામેન્ટોમાં કુલ ૧૨૨ મૅચ રમ્યો છે. સીએસકેના ફ્રેન્ચાઇઝી પાસેથી ધોનીને આઇપીએલની એક સીઝન રમવાના ૧૨ કરોડ રૂપિયા મળે છે, જ્યારે ગાયકવાડને તેનાથી અડધી કિંમત (છ કરોડ રૂપિયા) મળે છે. એમએસ ધોનીએ સીએસકેની કૅપ્ટન્સીના સૂત્રો ઋતુરાજ ગાયકવાડને સોંપી દીધા છે. ધોનીની મોટા ભાગે આ છેલ્લી આઇપીએલ છે. ગયા વર્ષે તેણે આઇપીએલ પછી તરત જ મુંબઈમાં ઘૂંટણની સર્જરી કરાવી હતી. આ વખતે તે તમામ મૅચો રમશે કે કેમ એ પણ ચોક્કસપણે ન કહી શકાય. એ બધુ જોતાં નેતૃત્વની જવાબદારી ગાયકવાડને સોંપવામાં આવી છે. સીએસકેનું ફ્રેન્ચાઇઝી ઇચ્છે છે કે ધોનીની હાજરીમાં જ ટીમને આસાનીથી પરિવર્તનના તબક્કામાં લઈ જઈ શકાય એ હેતુથી ફેરફાર કરાયો છે. ■


## ક્લાસિફાઈડ

### ૧૦. મહિલાઓ માટે

**કાન**
૩૮ વર્ષોના અનુભવી - દવાથી સિવરાવવા ૯૮૬૯૪૧૬૪૮૧. ઘાટકોપર - અંધેરી - દાદર - વાલકેશ્વર - ચૌપાટી - સેન્ડહર્સ્ટ રોડ. (બી-૧૩૮૪૩)

### ૧૨. યાત્રા સહેલગાહ

■ આશિષ હોલિડેઝ આયોજિત ચારધામ યાત્રા કોઈપણ ગ્રુપ/ ફેમિલી ગ્રુપ માટે VIP ડીલક્સ, સુપર ડીલક્સ યાત્રા હેલીકોપ્ટર સાથે/વગર: નરેન 9820095299. (બી-૧૩૮૭૪)

### ૧૪. નોકરી ખાલી છે

WANTED
MEDICAL SUPERINTENDENT (M.B.B.S. or M.D.)
for Sheth K. C. Parikh General Hospital, J.V.P.D. Scheme, Vile Parle (W), (80 bedded Multi-Specialty Hospital expanding to 120 Beds).
Minimum 5 years experience as Medical Superintendent or Medical Director.
Please apply immediately on
Email: hr@arogyanidhihospital.com
Website: www.arogyanidhi.com
(B-13955)

### ૧૭. જગ્યા આપવી છે

**તારદેવ**
2 બેડરૂમ 675 કાર્પેટ એરીયા નિગોશીયેબલ તારદેવ સર્કલ ચંદ્રકાંત 9322290459. (૧૭૦)

રાયગઢ જિલ્લામાં માનગાંવ/ઈન્દાપુર
હાઈવે રોડ/રેલ્વે સ્ટેશન રોડ નજીક વેચાણ/ વિકાસ માટે/લીઝ માટે આપવાનું છે
9820519612
7499009841
(બી-૧૪૦૨૦)

### ૧૯. ફેક્ટરી વર્કશોપ

**વસઈ - કામણ**
**સાતીવલી- વાલીવ- હાઇવે- સિરસાડ- પોમણ- બાપાને- સસુનવઘર- ઇન્ડસ્ટ્રીયલ- ગાળા- શેડ- યુનિટ- પ્લોટ- લેવા-વેચવા-ભાડેથી - ગોપીભાઈ - 9326472399 જીતેન્દ્રભાઈ - 9320404145. (૧૩૮૦૮-એ)**

### ૨૦. ધંધાદારી જગ્યા

**દુકાનો-શોરૂમ**
નાની મોટી દુકાનો/શોરૂમ-ભાડેથી-વેચાણ લેવા/વેચવા પદ્‌માવતી એસ્ટેટ વેલજીભાઈ દાદર વેસ્ટ 9820553072/ 9322296555. (બી-૧૩૫૮૮)

**મસ્જિદ બંદર**
કાઝી સૈયદ સ્ટ્રીટ, નરસી નાથા સ્ટ્રીટ, સેમ્યુલ સ્ટ્રીટ, નાગદેવી, ઓફિસ, ગોડાઉન લેવા - વેચવા/ ભાડેથી. ''લક્ષ્મીકાંત ભટ્ટ'' (યુઈ) 9821307262, 9321244191. (૧૪૧૭૮-એ)

### ૩૩. ધંધાદારી

**ડિસ્ટ્રીબ્યુટર - (દુકાન)**
મુંબઈના દરેક પરામાં સીંગ/ તલ/ કોપરેલ/ રાઈ/ એરંડીયું/ બદામ સનફલાવર કચ્છીઘાણીનું (ફિલ્ટર વગરનું કોલ પ્રેસ) તેલ માટે નીમવાના. રવજીભાઈ 9820000473, શૈલેશ 9327755577. (૧૪૨૭૬-એ)

**''પ્રતાપ પેકર્સ - મુવર્સ''**
48 વર્ષથી ઓફિસ/ ઘરસામાન, ફેરવવા - ૯૮૨૧૦૭૦૩૨૦, ૯૮૨૧૫૪૩૮૧૬, ૨૩૪૮૧૬૪૭. લલિતભાઈ ઠક્કર. (એસએ/૪૬૮૮-એ)

■ દર મહિને 6%-7% કમાઓ. પોતાના ટ્રેડિંગ એકાઉન્ટમાં પારદર્શક વ્યવહાર, અનુભવી બિઝનેસ પ્રોફેશનલ ટીમ ડેમો ફ્રી. ડૂ પ્રાયિમ- 9768546546. (બી-૧૩૯૫૮)

### ૪૪. પેસ્ટ કન્ટ્રોલ

**એસ પેસ્ટીસાઈડ**
(૧૯૯૩થી) ઉધઈ, વાંદા, માંકડ. કાંદિવલી: 9833523290, 9220789533, ચીરાબજાર: 9029181030. (૧૪૨૭૮-સી)

■ ''એસ પેસ્ટકંટ્રોલ'' ઉધઈ, વાંદા, માંકડ (હર્બલ). 9773226675 / 9821195720 (કાંદિવલી). (૧૪૨૨૨-સી)

### ૫૨. કુરીઅર્સ

**એડબ્લ્યુસીસી પ્રા. લિ.**
આંતરરાષ્ટ્રીય પાર્સલ સર્વિસ યુએઈ, યુકે, યુએસએ, ઓસ્ટ્રેલિયા માટે ભરોસાપાત્ર, વ્યાજબી સર્વિસ 9892323723 / 02242764276. (બી-૧૩૯૭૬)

**ફોરેન પાર્સલ**
લંડન, અમેરીકા, કેનેડા, દુબઈ, ઓસ્ટ્રેલિયા વ્યાજબી વિશ્વસનીય રમેશભાઈ - 9702251438 / 9224320626. (એસડીબી-૧૬૪૬)

**મુંબઈ સમાચાર**
વાચકોને આથી ભલામણ કરવાની કે આ પ્રકાશનમાં પ્રસિદ્ધ થતી કોઈપણ જાહેરખબરના સંદર્ભમાં પૈસા મોકલતા અગાઉ કે તબીબી ભલામણના આધારે થતા ખર્ચ અથવા તો તેવા જ પ્રકારની કોઇપણ વચનપૂર્તિ કરતા અગાઉ અધિકૃત પૂછપરછ અને સલાહ લેવી. મુંબઈ સમાચાર જૂથ જાહેરાતની કોઈપણ સેવા કે ઉત્પાદનો અંગે કોઈ જ દાવાની ચકાસણી કરતું નથી. પ્રીન્ટર, પબ્લિશર, તંત્રી, મુંબઈ સમાચાર જૂથ પબ્લિકેશનનાં માલિકો તેનાથી ઉપસ્થિત થતાં કોઈપણ પરિણામ કે દાવા જો જાહેરાતકારો નકારે તો તેની જવાબદારી લેશે નહીં.
email id for advertisement: samacharadvt@gmail.com

# અમેરિકન કરંટથી તેજીનો ચમકારોઃ નિફ્ટી ફરી ૨૨,૦૦૦ની ઉપર, રોકાણકારોની સંપત્તિમાં ₹ ૫.૭૨ લાખ કરોડનો ઉમેરો

## મિડકેપ અને સ્મોલ કૅપ શૅરોમાં ફરીથી જોરદાર તેજીનો સળવળાટ, તમામ ક્ષેત્રીય ઈન્ડેક્સ પોઝિટિવ ઝોનમાં

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ અમેરિકાની કેન્દ્રીય બેન્ક, ફેડરલ રિઝર્વના વ્યાજદરમાં કપાતને લગતા વલણના અકંબધ રાખવાના સંકેત સાથે ઇક્વિટી માર્કેટના સેન્ટિમેન્ટને મળેલા અમેરિકન કરંટને કારણે સ્થાનિક શેરબજારમાં ગુરુવારના સત્રમાં તેજીનો સારો ઉછાળો જોવા મળ્યો છે, અલબત્ત સત્રના અંત સુધીમાં ઘણોખરો સુધારો ધોવાઈ ગયો છે, પરંતુ બજારનો અંડર ટોન મજબૂત જણાઈ રહ્યો છે. મિડકેપ અને સ્મોલ કેપ શેરોમાં સારો છાલો નોંધાયો હતો.

સત્રને અંતે સેન્સેક્સ ૫૩૯.૫૦ પોઈન્ટ અથવા ૦.૭૫ ટકા ઉછળીને ૭૨,૬૪૧.૧૯ પર સેટલ થયો હતો. દિવસ દરમિયાન બેન્ચમાર્ક ૭૮૦.૭૭ પોઈન્ટ અથવા ૧.૦૮ ટકા વધીને ૭૨,૮૮૨.૪૬ની ઊંચી સપાટીને અથડાયો હતો. આ સુધારા સાથે રોકાણકારોની સંપત્તિમાં રૂ. ૫.૭૨ લાખ કરોડનો ઉમેરો થયો છે. જ્યારે એનએસઇનો બેન્ચમાર્ક નિફ્ટી ઇન્ડેક્સ ૧૭૨.૮૫ પોઈન્ટ અથવા ૦.૭૯ ટકા વધીને ૨૨,૦૧૧.૯૫ પોઇન્ટની સપાટી પર સ્થિર થયો હતો.

એક તરફ સેબીની ચેતવણી અને ફંડોની સ્ટ્રેસ ટેસ્ટ બાદ રિડેમ્પશનના દબાણને કારણે નાના શેરોમાં વેચવાલી વધતી રહેવાની શક્યતા વચ્ચે મિડ અને સ્મોલકેપ શેરઆંકો પર દબાણ રહેવાની સંભાવનાની ચર્ચા વચ્ચે ગુરુવારના સત્રમાં મિડકેપ અને સ્મોલકેપ બેન્ચમાર્ક ઇન્ડેક્સમાં જોરદાર ઉછાળો જોવા મળ્યો હતો. બીએસઇ મિડકેપ બેન્ચમાર્ક ઇન્ડેક્સ ૮૯૦.૨૯ પોઇન્ટ અથવા તો ૨.૩૬ ટકાના જોરદાર ઉછાળા સાથે ૩૮,૬૫૨.૪૨ પોઇન્ટની ઊંચી સપાટીએ પહોંચ્યો હતો. જ્યારે બીએસઇ સ્મોલ કેપ બેન્ચમાર્ક ઇન્ડેક્સ ૮૩૪.૮૫ પોઇન્ટ અથવા તો ૨.૦૧ ટકાના જોરદાર ઉછાળા સાથે ૪૨,૩૨૧.૯૯ પોઇન્ટની ઊંચી સપાટીએ પહોંચ્યો હતો. જ્યારે

વિશ્વબજારમાં સુધારાનો સંકેત મળવાને કારણે સુધરેલા સેન્ટિમેન્ટ વચ્ચે ગુરૂવારના સત્રમાં આઇટી શેરોની આગેવાનીએ સ્થાનિક બેન્ચમાર્ક ઇન્ડેક્સ સેન્સેક્સ અને નિફ્ટીમાં તેજીનો ઉછાળો જોવા મળ્યો હતો.

પ્રારંભિક સત્રમાં સેન્સેકસમાં ૭૦૦ પોઇન્ટથી મોટો ઉછાળો જોવા મળ્યો હતો અને નિફ્ટી પણ ૨૨,૦૦૦ની સપાટી વટાવી ગયો હતો. જોકે ઊંચે મથાળે વેચવાલી આવતા સુધારો પચાસેક ટકા ધોવાઈ ગયો હતો અને ફરી લેવાલીનો ટેકો મળતા બંને બેન્ચમાર્ક પોઝિટીવ ઝોનમાં ફરી આગળ વધ્યા હતા.

નોંધવા જેવી બાબત એ રહી હતી કે સાર્વત્રિક લેવાલીને કારણે એક્સચેન્જના તમામ સેકટરલ ઇન્ડેક્સ પોઝિટિવ ઝોનમાં આગળ વધ્યા હતા, જે પાછલા સતત બે સત્રથી નેગેટિવ ઝોનમાં બંધ થયા છે. યુ.એસ. ફેડરલ રિઝર્વે આ વર્ષે ત્રણ તબક્કામાં વ્યાજ દરોમાં કાપ મૂકવાના તેના અંદાજને જાળવી રાખ્યા પછી વૈશ્વિક શેરબજારોમાં મજબૂત તેજીનો પવન ફૂંકાવાથી પણ સ્થાનિક બજારના સેન્ટિમેન્ટને ટેકો મળ્યો હતો.

તમામ ક્ષેત્રીય ઇન્ડેક્સ તેજીમાં જોડાયા હતા, જેમાં નિફ્ટી મેટલમાં બે ટકાથી વધુનો ઉછાળો જોવા મળ્યો હતો, જ્યારે અસ્થિરતા સૂચક ભારત વીઆઇએક્સ ઇન્ડેક્સ તે દરમિયાન ત્રણ ટકાથી વધુ ઘટ્યો હતો.

બજારના નિષ્ણાત અનુસાર વોલ સ્ટ્રીટના નવી વિક્રમી સપાટીએ પહોંચવા સાથે અને ફેડરલના વ્યાજદરમાં ઘટાડો કરવા સંદર્ભના સકારાત્મક વલણથી પ્રોત્સાહિત વિશ્વબજારને જોતા લાગે છે કે, નિફ્ટી નોંધપાત્ર આગેકૂચ કરી શકે છે.

સેન્સેક્સ બાસ્કેટમાંથી એનટીપીસી, પાવર ગ્રીડ, ઇન્ડસઇન્ડ બેન્ક, ટાટા સ્ટીલ, ટાટા મોટર્સ, જેએસડબલ્યુ સ્ટીલ, ટેક મહિન્દ્રા અને લાર્સન એન્ડ ટુબ્રોના શેર સૌથી વધુ ઉછાળો નોંધાવનાર ટોપ ગેઇનર્સ શેરોની યાદીમાં રહ્યાં હતાં. જ્યારે ભારતી એરટેલ, મારુતિ, આઇસીઆઇસીઆઇ બેંક અને એશિયન પેઈન્ટ્સ સૌથી વધુ ઘટનારા મુખ્ય શેરોની યાદીમાં હતા.

વૈશ્વિનક સ્તરે એશિયન બજારોમાં, સિઓલ, ટોક્યો અને હોંગકોંગ નોંધપાત્ર રીતે ઊંચી સપાટીએ સ્થિર થયા હતા જ્યારે શાંઘાઈ ઇન્ડેક્સ નેગેટીવ ઝોનમાં સરકયો હતો. યુરોપિયન બજારો ખૂલતા સત્રમા સકારાત્મક ક્ષેત્રમાં ટ્રેડ થઈ રહ્યા હતા. જ્યારે વોલ સ્ટ્રીટ બુધવારે નોંધપાત્ર ઉછાળા સાથે વિક્રમી સપાટી પહોંચ્યું હતું. એસએન્ડપી ૫૦૦ ઇન્ડેક્સ સર્વકાલીન ઉચ્ચ સ્તરે પહોંચ્યો હતો. ડાઉ જોન્સ ઇન્ડસ્ટ્રિયલ એવરેજ અને નાસ્ડેક કમ્પોઝિટ પણ રેકોર્ડ-ઉચ્ચ સ્તરે પહોંચ્યા હતા.

અગ્રણી એએમસીના રિસર્ચ હેડે જણાવ્યું હતું કે, ફેડરલ રિઝર્વે આ વર્ષે ત્રણ વ્યાજ દરમાં કાપ મૂકવાનો સંકેત આપ્યો હોવાથી સ્થાનિક બજાર વૈશ્વિક બજારના આશાવાદને પ્રતિસાદ આપી રહ્યું છે.

દરમિયાન વૈશ્વિક ઓઈલ બેન્ચમાર્ક બ્રેન્ટ ક્રૂડ ૦.૦૮ ટકા ઘટીને ૮૫.૮૮ ડોલર પ્રતિ બેરલની સપાટીએ પહોંચ્યું છે. એક્સચેન્જ ડેટા અનુસાર બુધવારે વિદેશી સંસ્થાકીય રોકાણકારોએ રૂ. ૨,૫૯૯.૧૯ કરોડની ઇક્વિટીનું વેચાણ કર્યું હતું.

બજારના અગ્રણી ચાર્ટ નિષ્ણાતે કહ્યું હતું કે, અમેરિકામાં વ્યાજ દરો સ્થિર રહેવા સાથે વૈશ્વિક ઇક્વિટી માર્કેટમાં જોવા મળેલા સુધારા સાથે સ્થાનિક અર્થતંત્રની મજબૂતી જોતાં નિફ્ટીના તાત્કાલિક લક્ષ્યાંકો ૨૨,૦૦૦ પોઇન્ટ અને ૨૨,૫૨૭ પોઇન્ટનું સ્તર છે, જ્યારે નકારાત્મક જોખમો મર્યાદિત છે.

બજારના સાધનોએ જણાવ્યું હતું કે, શેરબજારમાં વૈશ્વિક પરિબળો સાથે સ્થાનિક સ્તરે ઇલેકશનની જાહેરાતને પગલે સાવચેતીના માહોલ વચ્ચે ઉથલપાથલ અને અફડાતફડીનો દોર જારી રહેવાની સંભાવના છે. હાલ ઉછાળે વેચવાલી અને ઘટાડે લેવાલીનો તાલ જોવા મળે છે, એટલે ચોક્કસ ટ્રેન્ડ પકડાતો નથી. બજારના સાધનો અનુસાર રોકાણકારોનું ધ્યાન આગામી લોકસભાની ચૂંટણીઓ તરફ પણ જઈ રહ્યું છે, જે ૧૯ એપ્રિલે શરૂ થશે અને ચોથી જૂને પૂર્ણ થશે.

માર્કેટ રેગ્યુલેટર ધી સિક્યુરિટીઝ એન્ડ એક્સચેન્જ બોર્ડ ઓફ ઇન્ડિયા (સેબી) દ્વારા એસએમઇ આઇપીઓ, સ્મોલ કેપ અને મિડકેપના વેલ્યુએશન્સ સહિત બજારના એકથી વધુ સેગમેન્ટ અંગે જાહેર કરાયેલી આશંકા, મ્યુચ્યુઅલ ફંડ્સના તણાવ પરીક્ષણના પરિણામો, ફરજિયાત રિડેમ્પશન જેવા પરિબળો બજાર પર સંભવતઃ દબાણ લાવી શકે છે.

અગ્રણી ટેકનિકલ એનાલિસ્ટ કહે છે કે, નિફ્ટી માટે ૨૧,૫૩૦ પોઇન્ટના સ્તર પર મુખ્ય સપોર્ટ સાથે, ઇન્ટ્રાડે સપોર્ટ લેવલ ૨૧,૮૬૧ની સપાટી પર છે. જ્યારે તાત્કાલિક પ્રતિકાર સપાટી ૨૨,૨૫૦ પોઇન્ટના સ્તર પર છે. પ્રવર્તમાન અનિશ્ચિતતાઓ વચ્ચે રોકાણકારોએ સાવચેત રહેવું આવશ્યક છે.

બુધવારે ૩૦ શેરો ધરાવતો બીએસઇ બેન્ચમાર્ક ૮૯.૬૪ પોઈન્ટ અથવા ૦.૧૨ ટકા વધીને ૭૨,૧૦૧.૬૯ પર સેટલ થયો હતો.

એનએસઇ નિફ્ટી ૨૧.૬૫ પોઈન્ટ અથવા ૦.૧૦ ટકા વધીને ૨૧,૮૩૯.૧૦ પર પહોંચ્યો હતો.

# ડૉલર સામે રૂપિયામાં છ પૈસાનો સુધારો

મુંબઈઃ વૈશ્વિક વિનિમય બજારમાં ડૉલર ઈન્ડેક્સમાં નરમાઈનું વલણ અને સ્થાનિક ઈક્વિટી માર્કેટમાં સુધારાતરફી વલણ રહ્યું હોવાથી આજે સ્થાનિક ફોરેક્સ માર્કેટમાં ડૉલર સામે રૂપિયાએ એક તબક્કે ૧૫ પૈસાનો સુધારો દર્શાવ્યા બાદ અંતે ગઈકાલના બંધ સામે છ પૈસાના સુધારા સાથે ૮૩.૧૩ની સપાટીએ બંધ રહ્યો હતો. આજે સ્થાનિકમાં ડૉલર સામે રૂપિયો ગઈકાલના ૮૩.૧૯ના બંધ સામે સુધારાના અન્ડરટોને ૮૩.૦૭ના મથાળે ખૂલ્યા બાદ સત્ર દરમિયાન નીચામાં ૮૩.૧૬ અને ઉપરમાં ૮૩.૦૪ની રેન્જમાં અથડાઈને અંતે ગઈકાલના બંધ સામે છ પૈસા વધીને ૮૩.૧૩ના મથાળે બંધ રહ્યો હતો.

અમેરિકી ફેડરલ રિઝર્વે ગઈકાલે બે દિવસીય નીતિવિષયક બેઠકના અંતે વ્યાજદર ૫.૨૫થી ૫.૫૦ ટકાની સપાટીએ જાળવી રાખ્યા હોવા છતાં ફેડરલના અધ્યક્ષ જૅરોમ પૉવેલે વર્ષ ૨૦૨૪માં ત્રણ વખત વ્યાજદરમાં કાપ મૂકવાના સંકેત આપવાની સાથે વર્ષ ૨૦૨૪માં આર્થિક વૃદ્ધિદરનો અંદાજ જે અગાઉ ૧.૮ ટકા મૂક્યો હતો તે વધારીને ૨.૧ ટકા મૂક્યો હોવાથી ડૉલર ઈન્ડેક્સ જે વધીને ૧૦૪ના સ્તર સુધી પહોંચ્યો હતો તે પાછો ફર્યો હતો અને ગઈકાલના બંધ સામે ૦.૧૫ ટકાના સુધારા સાથે ૧૦૩.૫૪ આસપાસ ક્વૉટ થઈ રહ્યો હોવાથી રૂપિયાના સુધારાને ટેકો મળ્યો હોવાનું બીએનપી પારિબાસના વિશ્લેષક અનુજ ચૌધરીએ જણાવ્યું હતું. વિશ્વ બજારનાં બ્રેન્ટ ક્રૂડતેલના વાયદામાં ભાવ ગઈકાલના બંધ સામે ૦.૨૦ ટકા ઘટીને બેરલદીઠ ૮૫.૭૮ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યા હોવાથી સ્થાનિક ઈક્વિટી માર્કેટમાં બીએસઈ બૅન્ચમાર્ક સેન્સેક્સ અને એએનએસઈ બૅન્ચમાર્ક નિફ્ટીમાં અનુક્રમે ૫૩૯.૫૦ પૉઈન્ટનો અને ૧૭૨.૮૫ પૉઈન્ટનો સુધારો આવ્યો હોવાથી રૂપિયાના સુધારાને ટેકો મળ્યો હોવાનું બજારનાં સાધનોએ જણાવ્યું હતું.

# મથકો પાછળ ખાંડમાં નાકા ડિલિવરી ધોરણે ₹ ૧૦ ઘટ્યા

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

નવી મુંબઈઃ સ્થાનિક જથ્થાબંધ ખાંડ બજારમાં આજે સ્ટોકિસ્ટોની નવી લેવાલીનો અભાવ છતાં રિટેલ સ્તરની એકંદરે માગ જળવાઈ રહી હોવાથી હાજરમાં સ્મોલ તથા મિડિયમ ગ્રેડની ખાંડમાં ટકેલું વલણ રહ્યું હતું. જોકે, ગઈકાલે મહારાષ્ટ્રના મથકો પર સ્થાનિક તથા દેશાવરોની માગ છૂટીછવાઈ રહેતાં સ્મોલ ગ્રેડની ખાંડના ટેન્ડરોમાં વેપાર ક્વિન્ટલે રૂ. ૨૦ના ઘટાડા સાથે રૂ. ૩૪૩૦થી ૩૪૮૦ આસપાસના મથાળે થયાના નિરુત્સાહી અહેવાલ તેમ જ ઔદ્યોગિક વપરાશકારો તથા સ્થાનિક ડીલરોની લેવાલી નિરસ રહેતાં નાકા ડિલિવરી ધોરણે ખાંડના ભાવમાં ક્વિન્ટલે રૂ. ૧૦નો ઘટાડો આવ્યો હતો. આજે સ્થાનિક જથ્થાબંધ ખાંડ બજારમાં આજે અંદાજે ૨૮થી ૨૯ ટ્રકની આવક સામે સ્ટોકિસ્ટોની નવી લેવાલીનો અભાવ હતો, પરંતુ રિટેલ સ્તરની માગને ટેકે આવક સામે ઉપાડ જળવાઈ રહ્યો હતો. તેમ જ હાજરમાં સ્મોલ ગ્રેડની ખાંડના વેપાર ક્વિન્ટલે રૂ. ૩૫૪૨થી ૩૬૭૨માં અને મિડિયમ ગ્રેડની ખાંડના વેપાર ક્વિન્ટલે રૂ. ૩૬૭૨થી ૩૭૫૨માં ગુણવત્તાનુસાર ટકેલા ધોરણે થયા હતા.

જોકે, આજે નાકા ડિલિવરી ધોરણે ઔદ્યોગિક વપરાશકારો તથા સ્થાનિક ડીલરોની માગ જળવાઈ રહી હોવા છતાં મથકો પર ગઈકાલે ભાવમાં નરમાઈનું વલણ રહ્યું હોવાથી સ્થાનિકમાં પણ ભાવ ક્વિન્ટલે રૂ. ૧૦ ઘટી આવ્યા હતા, જેમાં સ્મોલ ગ્રેડની ખાંડના વેપાર ક્વિન્ટલે રૂ. ૩૫૨૦થી ૩૫૭૦માં અને મિડિયમ ગ્રેડની ખાંડના વેપાર ક્વિન્ટલે રૂ. ૩૬૨૦થી ૩૬૭૦માં થયા હોવાનું સૂત્રોએ ઉમેર્યું હતું.

### વર્ષ ૨૦૨૪માં ત્રણ વખત વ્યાજ કપાતનો ફેડરલનો ઈરાદોઃ વૈશ્વિક સોનું વિક્રમ સપાટીએ

# સ્થાનિક સોનામાં ₹ ૧૨૨૫નો અને ચાંદીમાં ₹ ૧૧૫૯નો ઉછાળો

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ અમેરિકી ફેડરલ રિઝર્વે બે દિવસીય નીતિવિષય બેઠકના અંતે ગઈકાલે બજારની અપેક્ષાનુસાર વ્યાજદર યથાવત્ જાળવી રાખ્યા હતા. તેમ જ ફેડરલ રિઝર્વના અધ્યક્ષ જૅરૉમ પૉવૅલે તેના નિવેદનમાં જણાવ્યું હતું કે તાજેતરમાં ગત ફેબ્રુઆરી મહિનાના ફુગાવામાં વધારો થયો હોવા છતાં એકંદરે અર્થતંત્રમાં મજબૂત વલણ જળવાઈ રહ્યું હોવાથી વર્ષ ૨૦૨૪માં ત્રણ વખત વ્યાજદરમાં કપાત અંગેના અમારા નિર્ણયમાં કોઈ ફેર નથી પડ્યો. આમ વ્યાજદરમાં ઘટાડાનો આશાવાદ જળવાઈ રહેતાં ગઈકાલે ડૉલર ઈન્ડેક્સની નરમાઈ સાથે ન્યૂ યોર્ક મર્કન્ટાઈલ એક્સચેન્જ ખાતે એક તબક્કે સોનાના ભાવ વધીને ઔંસદીઠ ૨૨૨૨.૩૯ ડૉલરની સપાટી સુધી પહોંચીને પાછા ફર્યા હતા.

વધુમાં આજે પણ આંતરરાષ્ટ્રીય બજારમાં ડૉલર ઈન્ડેક્સ અને અમેરિકી ૧૦ વર્ષીય બૉન્ડની યિલ્ડમાં નરમાઈ જળવાઈ રહેતાં લંડન ખાતે સત્રના આરંભે હાજરમાં સોનાના ભાવમાં ઘટ્યા મથાળેથી ૧.૧ ટકા અને વાયદામાં ભાવ ૨.૪ ટકા વધીને ક્વૉટ થઈ રહ્યા હતા. જોકે, ચાંદીના ભાવમાં વધ્યા મથાળેથી સાધારણ ૦.૪ ટકાનો ઘટીને ક્વૉટ થઈ રહ્યા હતા. આમ વૈશ્વિક પ્રોત્સાહક અહેવાલ સાથે સ્થાનિક ઝવેરી બજારમાં પણ સોનાના ભાવમાં ૧૦ ગ્રામદીઠ રૂ. ૧૨૨૦થી ૧૨૨૫નો ઉછાળો આવ્યો હતો અને ભાવ રૂ. ૬૬,૦૦૦ની સપાટી કુદાવી ગયા હતા. વધુમાં આજે ચાંદીમાં પણ વૈશ્વિક પ્રોત્સાહક અહેવાલે સટ્ટાકીય આકર્ષણ વધતાં ભાવ કિલોદીઠ રૂ. ૧૧૫૯ના ઉછાળા સાથે રૂ. ૭૫,૦૦૦ની સપાટી કુદાવી ગયા હતા.

આજે સ્થાનિકમાં ખાસ કરીને સોનામાં વૈશ્વિક પ્રોત્સાહક અહેવાલે ભાવમાં સુધારાતરફી વલણ રહ્યું હતું. જેમાં ૯૯.૫ ટચ સ્ટાન્ડર્ડ સોનાના ભાવ ૧૦ ગ્રામદીઠ રૂ. ૧૨૨૦ વધીને રૂ. ૬૬,૬૪૬ અને ૯૯.૯ ટચ સ્ટાન્ડર્ડ સોનાના રૂ. ૧૨૨૫ વધીને રૂ. ૬૬,૯૧૪ના મથાળે રહ્યા હતા. જોકે, ઊંચા મથાળેથી જ્વેલરી ઉત્પાદકો, સ્ટોકિસ્ટો અને રોકાણકારોની લેવાલી છૂટીછવાઈ રહી હતી તેમ જ પ્રવર્તમાન હોળાષ્ટકને કારણે રિટેલ સ્તરની માગ પણ નિરસ રહી હતી. વધુમાં આજે .૯૯૯ ટચ ચાંદીમાં વૈશ્વિક પ્રોત્સાહક અહેવાલે સ્ટોકિસ્ટોની સટ્ટાકીય લેવાલી ઉપરાંત ઔદ્યોગિક વપરાશકારો તથા જ્વેલરી ઉત્પાદકોની છૂટીછવાઈ માગને ટેકે ભાવ કિલોદીઠ રૂ. ૧૧૫૯ની તેજી સાથે રૂ. ૭૫,૦૪૫ના મથાળે રહ્યા હતા.

ગઈકાલે ફેડરલ રિઝર્વે વ્યાજદર યથાવત્ રાખવાની સાથે વર્ષ ૨૦૨૪માં વ્યાજદરમાં ત્રણ વખત ૨૫ બેસિસ પૉઈન્ટના ઘટાડાની શક્યતા જાળવી રાખતાં ન્યૂ યોર્ક ખાતે એક તબક્કે હાજરમાં સોનાના ભાવ વધીને ઔંસદીઠ ૨૨૨૨.૩૯ ડૉલરની વિક્રમ સપાટી સુધી પહોંચીને પાછા ફર્યા હતા.

તેમ જ આજે લંડન ખાતે સત્રના આરંભે હાજરમાં ભાવ ગઈકાલના બંધ સામે વધુ ૧.૧ ટકા ઉછળીને ઔંસદીઠ ૨૨૦૯.૬૫ ડૉલર અને વાયદામાં ભાવ ૨.૪ ટકા ઉછળીને ઔંસદીઠ ૨૨૧૨.૪૦ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યા હતા.

જ્યારે ચાંદીના ભાવ વધ્યા મથાળેથી ૦.૪ ટકા ઘટીને ઔંસદીઠ ૨૫.૫૧ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યા હતા. ફેડરલ રિઝર્વના અધ્યક્ષ જૅરૉમ પૉવૅલે ગત ફેબ્રુઆરી મહિનામાં ફુગાવામાં જોવા મળેલા વધારા છતાં વર્ષ ૨૦૨૪માં વ્યાજદરમાં કપાતની શક્યતા જાળવી રાખતાં સોનાની તેજીને ટેકો મળ્યો હોવાનું કેપિટલ ડૉટ કૉમનાં ફાઈનાન્સિયલ માર્કેટ એનાલિસ્ટ કયેલ રોડ્ડાએ જણાવતાં ઉમેર્યું હતું કે ફેડરલનાં હળવી નાણાનીતિના સંકેતે સોના-ચાંદીના વાયદામાં વેચાણ કપાવાને કારણે તેજીને પ્રેરક બળ પૂરું પાડ્યું છે.

ફેડરલની બેઠક પશ્ચાત્ ગઈકાલે વ્યાજદરમાં વધારા-ઘટાડાની શક્યતા દર્શાવતા સીએમઈ ગ્રૂપનાં ફેડવૉચ ટૂલ પર હવે ફેડરલ રિઝર્વ આગામી જૂન મહિનાથી વ્યાજદરમાં કાપ મૂકવાની શરૂઆત કરે તેવી ૭૫ ટકા બજાર વર્તુળો શક્યતા વ્યક્ત કરી રહ્યા છે, જ્યારે અગાઉ ૫૯ ટકા શક્યતા દર્શાવાઈ રહી હતી. જોકે, રૉઈટર્સનાં ટેક્નિકલ એનાલિસ્ટ વૉંગ તાઉના મતે આગામી ટૂંકા સમયગાળામાં વૈશ્વિક સોના માટે ઔંસદીઠ ૨૨૨૨ ડૉલરની સપાટી મહત્ત્વની પ્રતિકારક સપાટી પુરવાર થશે અને જો ભાવ આ સપાટી વટાવે તો ભાવ વધીને ઔંસદીઠ ૨૨૨૮થી ૨૨૩૪ ડૉલર આસપાસની રેન્જમાં રહે તેવી શક્યતા તેમણે વ્યક્ત કરી હતી.

# ડૉલર નબળો પડતાં વૈશ્વિક પ્રોત્સાહક અહેવાલે ધાતુમાં સુધારો

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ અમેરિકી ફેડરલ રિઝર્વે ગઈકાલે પૂરી થયેલી બે દિવસીય નીતિવિષયક બેઠકના અંતે બજારની અપેક્ષાનુસાર વ્યાજદર યથાવત્ રાખવાની સાથે બેઠકના અંતે ફેડરલના અધ્યક્ષ જૅરૉમ પૉવૅલે વર્ષ ૨૦૨૪માં ત્રણ વખત વ્યાજદરમાં કપાતની શક્યતા વ્યક્ત કરતાં વિશ્વ બજારમાં ડૉલર ઈન્ડેક્સમાં નરમાઈનું વલણ રહ્યું હતું. આમ ડૉલર ઈન્ડેક્સ નબળો પડતાં આજે લંડન ખાતે સત્રના આરંભે કોપર સહિતની ચોક્કસ ધાતુઓના ભાવમાં સુધારાતરફી વલણ રહ્યું હોવાથી સ્થાનિક જથ્થાબંધ ધાતુ બજારમાં પણ એક માત્ર નિકલમાં જોવા મળેલા કિલોદીઠ રૂ. પાંચના ઘટાડા અને લીડ ઈન્ગોટ્સમાં રહેલા ટકેલા વલણને બાદ કરતાં વિવિધ ધાતુઓના ભાવમાં કિલોદીઠ રૂ. એકથી ૧૯નો સુધારો આવ્યો હતો.

બજારનાં સાધનોના જણાવ્યાનુસાર આજે સ્થાનિકમાં વૈશ્વિક પ્રોત્સાહક અહેવાલે સ્ટોકિસ્ટોની આક્રમક લેવાલી ઉપરાંત ઔદ્યોગિક વપરાશકારો તથા સ્થાનિક ડીલરોની માગને ટેકે ટીનના ભાવ કિલોદીઠ રૂ. ૧૯ વધીને રૂ. ૨૫૦૬ અને એલ્યુમિનિયમ યુટેન્સિલ્સ સ્ક્રેપ તથા કોપર વાયરબારના ભાવ કિલોદીઠ રૂ. ચાર વધીને અનુક્રમે રૂ. ૧૭૦ અને રૂ. ૮૦૧ના મથાળે રહ્યા હતા.

વધુમાં અન્ય ધાતુઓ જેમાં સ્ટોકિસ્ટોની છૂટીછવાઈ લેવાલી ઉપરાંત સાર્વત્રિક સ્તરેથી માગ જળવાઈ રહેતાં ભાવમાં સુધારાતરફી વલણ રહ્યું હતું તેમાં એલ્યુમિનિયમ ઈન્ગોટ્સ અને ઝિન્ક સ્લેબના ભાવ કિલોદીઠ રૂ. ત્રણ વધીને અનુક્રમે રૂ. ૨૧૧ અને રૂ. ૨૨૩, કોપર કેબલ સ્ક્રેપ, કોપર સ્ક્રેપ હેવી, બ્રાસ શીટ કટિંગ્સ અને બ્રાસ યુટેન્સિલ્સ સ્ક્રેપના ભાવ કિલોદીઠ રૂ. બે વધીને અનુક્રમે રૂ. ૭૫૫, રૂ. ૭૪૭, રૂ. ૫૩૭ અને રૂ. ૫૦૦ તથા કોપર આર્મિચર અને કોપર યુટેન્સિલ્સ સ્ક્રેપના ભાવ કિલોદીઠ રૂ. એક વધીને અનુક્રમે રૂ. ૭૪૧ અને રૂ. ૬૯૩ના મથાળે રહ્યા હતા.

આજે એકમાત્ર નિકલમાં સતત પાંચમાં સત્રમાં સ્ટોકિસ્ટોની વેચવાલીનું દબાણ જળવાઈ રહેવાની સાથે વપરાશકાર ઉદ્યોગની માગ પણ નિરસ રહેતાં ભાવ કિલોદીઠ રૂ. પાંચ ઘટીને રૂ. ૧૪૯૦ના મથાળે રહ્યા હતા.

PUBLIC NOTICE પબ્લિક નોટીસ

**પશ્ચિમ રેલવે**

**રીપેર, રીકંડશનીંગ અને વિવિધ કામો**

ડે. ચીફ ઈલેક. એન્જી. (W), પ. રે., કેરીએજ રીપેર વર્કશોપ, એન. એમ. જોશી માર્ગ, લોઅર પરેલ, મુંબઈ-૧૩. ઈ-ટે. નો. નં. EL/WA/PL/૨૦૨૩-૨૪/૪૭, તા. ૧૮/૩/૨૪ માટે ઈ-ટેન્ડરીંગ પદ્ધતિ દ્વારા ઈ-બીડસ મંગાવે છે. સ્થળ સાથે કામનું નામ જથ્થાઃ ૨૬૪ નં. માટે કેરીએજ રીપેર વર્કશોપ, લોઅર પરેલના AC કોચેસના ૦.૫ HP ૩ ફેઝ ૪૧૫ V, ૫૦ Hz સેલ્ફ-પ્રાઈમીંગ મોનો-બ્લોક પંપનું રીપેર, રીકંડીશનીંગ અને કંપલીટ POH. સ્થળઃ ઉપરોક્ત દર્શાવેલા સરનામે. કામની અંદા. કિંમતઃ ₹ ૪,૬૭,૭૩૬.૭૨. જમા કરાનાર બાના રકમઃ ₹ ૯,૪૦૦/-. ટેન્ડરની સુપ્રતિ માટે છેલ્લી તા. અને સમય અને ટેન્ડર ખુલશેઃ ટેન્ડરની સુપ્રતિ ૮/૪/૨૪ના કે પહેલાં ૧૨ ક. સુધી. ટેન્ડર ખુલશેઃ ૮/૪/૨૪ના ૧૨.૩૦ ક. વેબસાઈટ વિગતોઃ www.ireps.gov.in ટેન્ડરરોએ ખાતરી કરી લેવી કે વેબસાઈટ પર પાછળથી સુધારા અપલોડ કરાશે તો ટેન્ડર ઓનલાઈન સુપ્રતિ અગાઉ તેમની દ્વારા સંભાળ લેવામાં આવશે. 1285

અમને ફોલો કરોઃ twitter.com/WesternRly

# ક્રૂડ પામતેલ સિવાય આયાતી તેલમાં પીછેહઠ, વેપાર નિરસ

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ શિકાગો ખાતે ગઈકાલે સોયાતેલના વાયદામાં ૮૬ સેન્ટનો સુધારો આવ્યો હતો, જ્યારે આ અહેવાલ લખાઈ રહ્યો છે ત્યારે વાયદાના પ્રોજેક્શનમાં ૨૫ પૉઈન્ટનો ઘટાડો દર્શાવાઈ રહ્યો હોવાથી તેમ જ મલયેશિયાના બુર્સા મલયેશિયા ડેરિવેટીવ્સ એક્સચેન્જ ખાતે ક્રૂડ પામતેલના વાયદામાં ૨૩ રિંગિટનો ઘટાડો આવ્યો હતો. આમ એકંદરે વૈશ્વિક બજારના મિશ્ર અહેવાલે સ્થાનિક જથ્થાબંધ ખાદ્યતેલ બજારમાં પણ એકમાત્ર ક્રૂડ પામતેલના ભાવમાં જોવા મળેલા ૧૦ કિલોદીઠ રૂ. પાંચના સુધારા અને સન રિફાઈન્ડમાં રહેલા ટકેલા વલણને બાદ કરતાં સન ક્રૂડના ભાવમાં રૂ. ૧૫નો, સોયા રિફાઈન્ડ અને સોયા ડિગમમાં રૂ. પાંચનો અને આરબીડી પામોલિનમાં રૂ. ચારનો ઘટાડો આગળ ધપ્યો હતો.

વધુમાં આજે ગુજરાતના મથકો પર ભાવ સાંકડી વધઘટે અથડાઈ જતાં સ્થાનિકમાં દેશી તેલના ભાવમાં ટકેલું વલણ રહ્યું હતું. જોકે, આજે હાજર, ડાયરેક્ટ ડિલિવરી તેમ જ સેલરિસેલ ધોરણે વેપાર અત્યંત નિરસ રહ્યા હતા.

બજારનાં સાધનોના જણઆવ્યાનુસાર આજે સ્થાનિકમાં ડાયરેક્ટ ડિલિવરી શરતે આરબીડી પામોલિનના ૧૦ કિલોદીઠ ભાવમાં રૂચીના આગામી ૫થી ૩૦ એપ્રિલ ડિલિવરી શરતે રૂ. ૯૭૦ અને એએનએ તથા ગ્લેન્ટેકના રૂ. ૯૭૦ ક્વૉટ થઈ રહ્યા હતા, જ્યારે ગોલ્ડન એગ્રીના કંડલા, જેએનપીટી અને મેંગ્લોરથી ડિલિવરી શરતે અનુક્રમે રૂ. ૯૬૫, રૂ. ૯૭૦ અને રૂ. ૯૬૦ ક્વૉટ થઈ રહ્યા હતા, જ્યારે લિબર્ટીના સોયા રિફાઈન્ડના આગામી ૨૫ એપ્રિલથી ૧૦ મે ડિલિવરી શરતે રૂ. ૯૯૫ અને સન રિફાઈન્ડના આગામી પહેલી મેથી ૧૦મી મે સુધી ડિલિવરી શરતે રૂ. ૯૮૫ ક્વૉટ થઈ રહ્યા હતા, પરંતુ વેપારનો અભાવ હતો. જોકે, આજે માત્ર સેલરિસેલ ધોરણે ૫૦થી ૧૦૦ ટન આરબીડી પામોલિનના છૂટાછવાયા વેપાર ૧૦ કિલોદીઠ રૂ. ૯૫૮થી ૯૬૦માં થયા હતા.

આજે હાજરમાં વિવિધ દેશી-આયાતી ખાદ્યતેલના ૧૦ કિલોદીઠ ભાવમાં આરબીડી પામોલિનના રૂ. ૯૫૮, ક્રૂડ પામતેલના રૂ. ૯૩૫, સોયા રિફાઈન્ડના રૂ. ૧૦૦૦, સોયા ડિગમના રૂ. ૯૬૫, સન રિફાઈન્ડના રૂ. ૯૭૫, સન ક્રૂડના રૂ. ૯૧૦, સિંગતેલના રૂ. ૧૫૧૦, કપાસિયા રિફાઈન્ડના રૂ. ૧૦૦૦ અને સરસવના રૂ. ૧૦૩૦ના મથાળે રહ્યા હતા. વધુમાં આજે ગુજરાતનાં મથકો પર સિંગતેલમાં તેલિયા ટીનના વેપાર ૧૫ કિલોદીઠ રૂ. ૨૩૩૦થી ૨૩૫૦માં અને લૂઝના ૧૦ કિલોદીઠ રૂ. ૧૪૫૦થી ૧૪૭૫માં અને કપાસિયા રિફાઈન્ડના વેપાર ૧૦ કિલોદીઠ રૂ. ૯૩૫માં થયાના અહેવાલ હતા.

વધુમાં આજે મધ્યપ્રદેશનાં મથકો પર સોયાસીડની બે લાખ ગૂણીની આવક સામે મંડીમાં વેપાર ક્વિન્ટલે રૂ. ૪૪૫૦થી ૪૬૦૦માં અને પ્લાન્ટ ડિલિવરી શરતે રૂ. ૪૬૨૫થી ૪૭૦૦માં થયા હતા, જ્યારે ઈન્દોર ખાતે હાજરમાં સોયા રિફાઈન્ડના વેપાર ૧૦ કિલોદીઠ રૂ. ૯૮૫થી ૯૯૦માં થયા હતા. આ સિવાય આજે રાજસ્થાનના મથકો પર અંદાજે આઠ લાખ ગૂણી સરસવની આવક સામે જયપુરની મંડીમાં વેપાર ક્વિન્ટલે રૂ. ૫૪૭૫થી ૫૫૦૦માં થયા હતા, જ્યારે સન એક્સપેલરના વેપાર ૧૦ કિલોદીઠ રૂ. ૧૦૪૦માં અને કચ્ચી ઘાણીના વેપાર રૂ. ૧૦૫૦માં અને સરસવ ખોળના વેપાર ક્વિન્ટલે રૂ. ૨૪૮૫થી ૨૪૯૦માં થયા હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું.

# બે સત્રની પછડાટ બાદ સાર્વત્રિક લેવાલી વચ્ચે બીએસઇના તમામ સેક્ટરલ ઇન્ડેક્સમાં સુધારો

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઇઃ શેરબજારમાં સતત બે દિવસ બધાજ ક્ષેત્રીય શેરઆંકો નેગેટીવ જોનમાં બંધ થયા બાદ ગુરુવારે સાર્વત્રિક લેવાલી વચ્ચે બીએસઇના તમામ સેકટરલ ઇન્ડેક્સ પોઝિટીવ ઝોનમાં બંધ રહ્યાં હતાં. પાછલા સત્રમાં બુધવારે તો બેન્ચમાર્ક ઇન્ડેક્સમાં સાધારણ સુધારા છતાં તમામ સેકટરલ ઇન્ડેક્સ નેગેટીવ ઝોનમાં ધકેલાયા હતા. જોકે, આ સત્રમાં બધા સેક્ટરલ ઈન્ડાયસીસ વધ્યા હતા.

બીએસઈ સેન્સેક્સ ગુરૂવારે ગઈ કાલના ૭૨,૧૦૧.૬૯ના બંધથી ૫૩૯.૫૦ પોઈન્ટ્સ (૦.૭૫ ટકા) વધ્યો હતો. સેન્સેક્સ ૭૨,૫૦૭.૩૬ ખૂલી, ઉપરમાં ૭૨,૮૮૨.૪૬ સુધી, નીચામાં ૭૨,૪૧૬.૦૩ સુધી જઈ અંતે ૭૨,૬૪૧.૧૯ પર બંધ રહ્યો હતો. સેન્સેક્સની ૨૬ કંપનીઓ વધી અને ચાર કંપનીઓ ઘટી હતી. માર્કેટ કેપ રૂ.૩૭૯.૮૯ લાખ કરોડ રહ્યું હતું. આઈપીઓ ઈન્ડેક્સ ૧.૮૫ ટકા અને એસએમઈ આઈપીઓ ૨.૨૭ ટકા વધ્યા હતા. બ્રોડ બેઝ્ડ ઈન્ડાયસીસમાં સેન્સેક્સ ૫૦ ઈન્ડેક્સ ૦.૮૩ ટકા, બીએસઈ ૧૦૦ ઈન્ડેક્સ ૧.૦૬ ટકા, બીએસઈ મીડ કેપ ૨.૩૬ ટકા, બીએસઈ સ્મોલ કેપ ૨.૦૧ ટકા, બીએસઈ ૨૦૦ ઈન્ડેક્સ ૧.૨૪ ટકા, બીએસઈ ૫૦૦ ઈન્ડેક્સ ૧.૩૨ ટકા, બીએસઈ ઓલ કેપ ૧.૩૭ ટકા અને બીએસઈ લાર્જ કેપ ૧.૦૧ ટકા વધ્યા હતા.

સેક્ટરલ ઈન્ડાયસીસમાં કોમોડિટીઝ ૧.૯૮ ટકા, કન્ઝ્યુમર ડિસ્ક્રીશનરી ૧.૬૭ ટકા, એનર્જી ૧.૪૪ ટકા, એફએમસીજી ૦.૭૬ ટકા, ફાઈનાન્શિયલ સર્વિસીસ ૧.૦૯ ટકા, હેલ્થકેર ૦.૯૪ ટકા, ઈન્ડસ્ટ્રીયલ્સ ૨.૮૧ ટકા, આઈટી ૦.૮૪ ટકા, ટેલિકોમ્યુનિકેશન ૦.૨૫ ટકા, યુટિલિટીઝ ૨.૭૦ ટકા, ઓટો ૧.૪૨ ટકા, બેન્કેક્સ ૦.૬૮ ટકા, કેપિટલ ગુડ્સ ૨.૭૭ ટકા, કન્ઝ્યુમર ડ્યુરેબલ્સ ૧.૩૯ ટકા, મેટલ ૨.૭૩ ટકા, ઓઈલ એન્ડ ગેસ ૧.૪૧ ટકા, પાવર ૩.૦૬ ટકા, રિયલ્ટી ૨.૯૬ ટકા, ટેક ૦.૩૩ ટકા અને સર્વિસીસ ૧.૯૯ ટકા વધ્યા હતા.

સેન્સેક્સમાં એનટીપીસી ૩.૫૫ ટકા, પાવર ગ્રીડ કોર્પોરેશન ઓફ ઈન્ડિયા ૩.૪૦ ટકા, ટાટા સ્ટીલ ૨.૯૯ ટકા, ઈન્ડસઈન્ડ બેન્ક ૨.૯૩ ટકા અને ટાટા મોટર્સ ૨.૫૭ ટકા વધ્યા હતા.

**પબ્લિક નોટીસ**

**આથી ખબર આપવામાં આવે છે કે અમે** (૧)(એ) શ્રી. રાજીવ જનાર્દન ભટ્ટ, (બી) Ms. જીજ્ઞા જનાર્દન ભટ્ટ, (૨) શ્રી જયંત કાંતિલાલ ભટ્ટ, (૩) શ્રીમતી દેવયાની ભક્તિપ્રસાદ ભટ્ટ nee' દેવયાની કાંતિલાલ ભટ્ટ, (૪) (એ) શ્રી ભરત ભગીરથ શાસ્ત્રી, (બી) શ્રીમતી નીપા પ્રકાશ મહેતા nee' નીપા ભગીરથ શાસ્ત્રી, (સી) શ્રીમતી લોપા જીગ્નેશ જાની nee' લોપા ભગીરથ શાસ્ત્રી, (૫) શ્રી હર્ષિત કાંતિલાલ શાહ અને (૬) શ્રીમતી ભાવના કીર્તિ શાહ nee ભાવના કાંતિલાલ ભટ્ટ (''**માલિકો**'') નીચે દર્શાવેલ મિલકત (તેના પર ઉભેલ ''મુક્તિ નિવાસ'' તરીકે ઓળખાતા પ્લોટ અને મકાન સહિત)ના માલિકો હોઈ, ''**મુક્તિ નિવાસ**'' તરીકે ઓળખાતી બિલ્ડીંગમાં ફલેટના અમુક ભોગવટો કરતા ભાડૂતોના અધિકારોને આધિન, તમામ બોજાથી મુક્ત, અમારા અસીલોને નીચે દર્શાવેલ મિલકતના વેચાણ માટે અમારી સાથે વાટાઘાટોને પાકી કરેલ છે. માલિકોએ અમારા અસીલોને જણાવ્યું છે કે તેઓ સ્વ. કાંતિલાલ રામેશ્વર ભટ્ટના એકમાત્ર હયાત વારસદારો છે, જેઓ પ્રથમ ભાગના વિક્રેતાઓ તરીકે ડેનિસ ડોમીનિક બ્રાઝ ક્રેસ્ટો, બીજા ભાગના કન્ફર્મિંગ પાર્ટી તરીકે ઠાકેરલાલ સી. ઠાકોર અને ત્રીજા ભાગના ખરીદનાર તરીકે કાંતિલાલ રામેશ્વર ભટ્ટની વચ્ચે કરાયેલ અક્ર. નં. BND/૯૮૮/૧૯૫૦ હેઠળ બાંદ્રાના સબ-રજીસ્ટ્રાર ઓફ એસ્યોરન્સ સાથે નોંધાયેલ તારીખ ૧૩મી ઑક્ટોબર, ૧૯૫૦ના ડીડ ઓફ કન્વેયન્સ દ્વારા તેમની દ્વારા ખરીદાયેલ, અહીં નીચે વર્ણવેલ પ્લોટ અને બિલ્ડીંગના માલિક હતા. તારીખ ૧૩મી ઓક્ટોબર ૧૯૫૦ના સદર ડીડ ઓફ કન્વેયન્સ ગુમ થયેલ છે અથવા ગેરવલ્લે થયેલ છે અને તે મળતા નથી અને તે માલિકો દ્વારા અથવા તેમના પ્રિડેસેસર્સ-ઈન-ટાઈટલ દ્વારા કોઈપણ લોન અથવા ગીરો અથવા ચાર્જની સુરક્ષા તરીકે મૂકવામાં આવેલ નથી.

**મિલકતનું વર્ણન**

વર્ષ ૧૯૬૧માં બંધાયેલ ભાડૂતો દ્વારા અંશતઃ રીતે ઓકયુપાઈડ અને માલિકોમાંના એકના અંશતઃ રીતે કબજામાં હોઈ, ગ્રાઉન્ડ વત્તા બે ઉપરના માળાના બનેલ તેના ઉપર ઉભેલ '**મુક્તિ નિવાસ**' તરીકે ઓળખાતી બિલ્ડીંગ સાથે એસ. નં. ૧૦૯(સી), હિસ્સા નં. ૨ ધરાવતી જમીનનો ભાગ રચતા, મુંબઈ પરા જિલ્લામાં ગામ અંધેરી, તાલુકા અંધેરીના સિટિ સર્વે નં. ૪૦૩, ૪૦૩/૧થી ૪૦૩/૭ ધરાવતી, વિઠ્ઠલવાડી પટેલ રોડ, અંધેરી (પશ્ચિમ), મુંબઈ ૪૦૦૦૫૮ ખાતે આવેલ, ભરતમાં ૨૩૬ ચો. વાર, પેસેજ (પ્લોટ નં. ૪ ધરાવતા)માં ૧/૩મો હિસ્સો વત્તા ભરતમાં ૬૭૩ ચો. વાર અથવા તેની સમકક્ષ પ્રાઈવેટ લેઆઉટનો પ્લોટ નં. ૧ અને નીચે પ્રમાણે ઘેરાયેલ છેઃ- ઉત્તરે કે તે તરફઃ વિઠ્ઠલભાઈ પટેલ રોડ દ્વારા; પશ્ચિમે કે તે તરફઃ CTS નં. ૪૦૨ ધરાવતા પ્લોટ દ્વારા; દક્ષિણે કે તે તરફઃ CTS નં. ૪૦૪ ધરાવતા પ્લોટ દ્વારા; અને પૂર્વે કે તે તરફઃ CTS નં. ૪૦૬ ધરાવતા પ્લોટ દ્વારા.

કોઈપણ બેંક(ઓ), નાણાંકીય સંસ્થા(ઓ) અને/કે બિન-બેકિંગ નાણાકીય કંપનીઓ સહિત તમામ શખ્સ(ઓ), એન્ટીટી, એન્ટીટીઝ, જેઓ, ઉપરોક્ત વર્ણવેલ મિલકત અથવા તેના કોઈપણ હિસ્સા સામે અથવા તેની બાબતમાં વેચાણ, ટ્રાન્સફર, એસાઈનમેન્ટ, અદલાબદલી, ફાળવણીના પત્રો, મેમોરેન્ડમ ઓફ અન્ડરસ્ટેન્ડિંગ્સ, કરારો, ટર્મ શીટ, લખાણો, અન્ડરટેકિંગ, ઈન્ડેમ્નીટી, સિકયોરિટી દસ્તાવેજો / વ્યવસ્થા, લીઝ, સબ-લીઝ, ટેનાન્સી, સબ-ટેનાન્સી, લાયસન્સ, લીયન, ગીરો, ચાર્જ, બોજો, કોવેનન્ટ, ટ્રસ્ટ, ઈઝમેન્ટ, ભેટ, વારસો, બિકવેસ્ટ, જાળવણી, ઓક્યૂપેશન, કબજો, વિકાસ હક્કો, રાઈટ ઓફ વે, આરક્ષણ, કુટુંબ વ્યવસ્થા/પતાવટ, કરારો, લિસ્પેન્ડન્સ, પ્રિસ્ક્રિપ્શનનો અથવા પ્રી-એમ્પ્શનનો અધિકાર અથવા અન્ય ડીસ્પોઝીશન અથવા કોઈપણ કોર્ટ દ્વારા પસાર કરાયેલ કોઈપણ સૂટ, ડીક્રી કે ઈજંકશન, જપ્તીનો હુકમ અથવા એવોર્ડ અથવા બીજી કોઈ રીતે હિસ્સો, હક, ટાઈટલ, હિત, દાવો, માંગણી કે બેનીફિટ ધરાવતા હોય તો. આથી વિનંતી કરવામાં આવે છે કે તેઓ સદરની જાણ આ નોટીસ છપાયાની તારીખથી ૧૪ દિવસમાં G-૧૬ વિરેશ્વર ધારા, ૧૧૭-A બજાજ રોડ, વિલેપાર્લે (પ), મુંબઈ-૪૦૦૦૫૬ ખાતે તેમની ઓફિસમાં નીચે સહી કરનારને સંપૂર્ણ દસ્તાવેજી પુરાવા સાથે લેખિતમાં જાણ કરે, જેના નિષ્ફળ જવા પર, અમારા અસિલની તરફેણમાં વેચાણ પૂર્ણ કરવામાં આવશે અને એવું માનવામાં આવશે કે આવો કોઈ દાવો અસ્તિત્વમાં નથી અને જો તે અસ્તિત્વમાં છે, તો એવું માની લેવામાં આવશે કે દાવેદારે આવા દાવા રીલીન્કવીશ કરેલ છે અને/અથવા જતા કરેલ છે અને સદર માલિકો અને/અથવા અમારા અસીલો પર બંધનકર્તા રહેશે નહિ જેઓ સદર જમીન અને બીલ્ડીંગ ખરીદવા માટેનો ઈરાદો ધરાવે છે (માલિકોના ભાડૂતો દ્વારા તેના પાર્ટ ભોગવટાને આધીન)

**આજ તારીખ ૨૧મી માર્ચ, ૨૦૨૪.**

સહી/-
શ્રીમતી માહિમતુરા એન્ડ કાં. (સબર્બન)
એડવોકેટ્સ એન્ડ સોલિસિટર્સ

# મનસેની 'વાઈલ્ડ કાર્ડ' એન્ટ્રી લગભગ નક્કી

## ફડણવીસ, રાજ ઠાકરે અને શિંદે વચ્ચે અઢી કલાક બેઠક

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: લોકસભાની ચૂંટણીમાં દેશમાં ૪૦૦ અને મહારાષ્ટ્રમાં ૪૫ બેઠકો જીતવાનું પોતાનું લક્ષ્ય પૂરું કરવા માટે ભાજપ અને સાથી પક્ષો કોઇપણ ભોગ આપવા તૈયાર હોવાનું જણાઇ રહ્યું છે. આ માટે મહારાષ્ટ્રમાં મનસેનું મહાયુતિમાં સ્વાગત જોરશોરથી કરવા માટેની તૈયારી લગભગ પૂરી કરી ચૂકી (જુઓ પાનું ૪)

### શિંદે શિવસેના અસ્વસ્થ

થાણા: રાજ ઠાકરેની મહારાષ્ટ્ર નવનિર્માણ સેના (મનસે)નો મહાયુતિમાં વિધિવત પ્રવેશ થઈ ગયો છે. આ સાથે અનેક અટકળો પર પૂર્ણવિરામ આવી ગયું છે અને મહાયુતિમાં હવે ચોથો પક્ષ સામેલ થયો છે. મનસેની એન્ટ્રીને કારણે થાણા તેમજ કલ્યાણમાં શિંદે શિવસેનાના અનેક નેતા અસ્વસ્થ થઈ ગયા હોવાનું કહેવાય છે. ગઈ વિધાનસભા ચૂંટણીમાં થાણાના (જુઓ પાનું ૪)

# કૉંગ્રેસની ત્રીજી યાદી: મહારાષ્ટ્રનાં સાત ઉમેદવારોનાં નામ જાહેર

## શાહુ શહાજી છત્રપતિ, પ્રણિતી શિંદેનો સમાવેશ

મુંબઈ: કૉંગ્રેસે પોતાના મહારાષ્ટ્રના સાત ઉમેદવારોની યાદી ગુરુવારે રાતે જાહેર કરી હતી. કૉંગ્રેસે પોતાની ત્રીજી યાદી જાહેર કરી ત્યારે તેમાં મહારાષ્ટ્રના સાત ઉમેદવારોના નામ જાહેર (જુઓ પાનું ૪)

### ગુજરાતનાં ઉમેદવારો

ગુજરાત રાજ્યમાં પાટણમાં ચંદનજી ઠાકોર, સાબરકાંઠામાં ડૉક્ટર તુષાર ચૌધરી, ગાંધીનગરમાં સોનલબેન પટેલ, (જુઓ પાનું ૪)




# લોકસભા ચૂંટણી સંગ્રામ

### શરદ પવારના પક્ષે ઉત્તર પૂર્વ મુંબઈ પર ડોળો નાખ્યો

મુંબઈ: ચૂંટણીની શરણાઇઓ વાગી ગઇ છે છતાં મૂરતિયા હજી તૈયાર ન થયા હોવાનું ચિત્ર મહારાષ્ટ્રના રાજકારણમાં ઊભું થયું છે. મહાયુતિએ મહારાષ્ટ્રના અમુક (જુઓ પાનું ૪)

### પૂનમ મહાજન પણ ઉમેદવારી ગુમાવે તેવી શક્યતા

મુંબઈ: ભાજપ દ્વારા લોકસભાની ચૂંટણી માટે ત્રણ યાદી જાહેર કરવામાં આવી અને તેમાં હાલ સાંસદ હોય તેવા અનેક નેતાઓનું પત્તુ કાપવામાં આવ્યું હોવાનું સ્પષ્ટ થયું (જુઓ પાનું ૪)

### વડા પ્રધાનને ઔરંગઝેબ કહેવા એ દેશદ્રોહ: શિંદે વિફર્યા

મુંબઈ: પોતાના વિવાદિત નિવેદનો માટે જાણીતા ઉદ્ધવ ઠાકરે જૂથના રાજ્યસભા સાંસદ સંજય રાઉતે વડા પ્રધાન નરેન્દ્ર મોદીને ઔરંગઝેબ સાથે સરખાવતું નિવેદન આપ્યું (જુઓ પાનું ૪)




# દિવંગત પિતાની પીએફની ફાઈલ ક્લિયર કરવા પુત્રી પાસે શરીરસુખની માગણી: મેનેજર સામે ગુનો

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: દિવંગત પિતાની એમ્પ્લોયી પ્રોવિડન્ટ ફન્ડ (ઈપીએફ)ની ફાઈલ ક્લિયર કરવા માટે પુત્રી પાસે શરીરસુખની માગણી કરવા બદલ પોલીસે દક્ષિણ મુંબઈની ખાનગી કંપનીના મૅનેજર વિરુદ્ધ ગુનો નોંધ્યો હતો. ખેરવાડી પોલીસના જણાવ્યા મુજબ ૨૪ વર્ષની ફરિયાદીના પિતા મઝગાંવની કંપનીમાં ૨૦૦૯થી ૨૦૧૫ દરમિયાન નોકરી કરતા હતા. ૨૦૧૫માં (જુઓ પાનું ૪)













"MUMBAI SAMACHAR" Newspaper (Periodicity-Daily) Owners The Bombay Samachar Pvt. Ltd. Publisher and Printer Meherwanji Rustomji Cama, Printed at their Press "Mumbai Samachar" at Red House, S. A. Brelvi Road, Horniman Circle, Fort, Mumbai 400 001 & Dangat Media PVT. LTD., Plot No. 22, Digha, MIDC, TTC Industrial Area, Vishnu Nagar, Digha, Navi Mumbai-400708 and Published from Red House, S. A. Brelvi Road, Horniman Circle, Fort, Mumbai 400 001. Editor * Nilesh Mahendra Dave (*Responsible for selection of news under the PRB Act.). Email: samachar.bombay@gmail.com Tel. Nos. 022-22045531-33. **RNI Registration No. 1563/1957.** ''મુંબઈ સમાચાર'' પત્ર રેડ હાઉસ, સૈયદ અબ્દુલ્લા બ્રેલવી રોડ, ફોર્ટ, મુંબઈ અને દાંગટ મીડિયા પ્રા. લિ., પ્લોટ ક્ર. ૨૨, દિઘા, એમઆઈડીસી, ટીટીસી ઈન્ડસ્ટ્રિયલ એરિયા, વિષ્ણુનગર, નવી મુંબઈ-૪૦૦૭૦૮ ખાતે તેના માલિકો ધી બોમ્બે સમાચાર પ્રા. લિ. માટે તેઓના ''મુંબઈ સમાચાર'' પ્રેસમાં મહેરવાનજી રૂસ્તમજી કામાએ છાપ્યું અને પ્રગટ કર્યું છે. તંત્રી: *નીલેશ મહેન્દ્ર દવે (*પીઆરબી એક્ટ હેઠળ સમાચારોની પસંદગી માટે જવાબદાર). ઈ-મેઈલ: **samachar.bombay@gmail.com** ટેલિફોન: ૨૨૦૪૫૫૩૧-૩૩. **R.N.I. No. 1563/1957.**